

મુંબઇ ઇલાકાની કેળવણી ખાતાએ
મંજુર કર્યું છે.

કિ સા ન

—:તંત્રીઓ:—
લી. લા. દેશાઇ.
શં. છ. રાવલ.

: પુસ્તક ૪ થું :
: અંક-૨ જો :
ઓગસ્ટ ૧૯૩૯.

વાર્ષિક લવાજમ રૂ. ૨-૮-૦
જાહેર સંસ્થા રૂ. ૨-૦-૦



આબોહવામાં ફેર ફા૨.

ગુજરાતની આબોહવાનું પુનર્વિધાન થતું જણાય છે અને એ પુનર્વિધાનના પરિણામે ગુજરાતની આર્થિક સ્થિતિને નુકશાન થશે એવું જણાય છે. ગુજરાતના પાકનું કેકાણું નથી; તેને વરસાદનો અભાવ, વરસાદની હેલી, હીમ વિગેરે નડે છે. ગુજરાતનો ખેડુત પહેલાં હૃષ્ટપુષ્ટ હતો. આજે એની કાયા ઉપર કરચલી આવી ગઇ છે. એનું તેજહીન મોં આજે ચિંતા ઉત્પન્ન કરાવે છે. આજ સુધી એ કુદરતને ખોળે બેસી રહેતો અને અને કુદરત એને નિભાવ્યા કરતી. આજે કુદરત વિફરી હોય એવું જણાય છે. કુદરત પણ આપણા વેપારીઓ માફક સટોરિઆ વૃત્તિ ધારણ કરીને બેઠી છે. આના પરિણામે એક વખતનું રળીઆમણું ગુજરાત જેની લીલોતરીથી બધાં પ્રફુલ્લીત થતાં તેનું રણમાં રૂપાંતર થતું લાગે છે. દિવસે તાપ, રાત્રે ઠંડી, બપોરે આંધી અને સુસવાતા પવનો એ બધાં એનાં સૂચનો છે. દશ-પંદર વર્ષ આ સ્થિતી ચાલુ રહે તો ગુજરાતનું શું થશે એ કલ્પી શકાતું નથી. ગુજરાતની આર્થિક સ્થિતીનો મહાન પ્રશ્ન તેના ઉપર અવલંબે છે. એ પ્રશ્નનો નીકાલ નહીં થાય તો ધનાઢય ગણાતા ગુજરાત પ્રાંતમાં ગરીબાઇમાં સડતો ખેડુત વધુ સડતો જશે અને ભૂખનરો વ્યાપી રહે તો નવાઇ નહિ સરકાર સાથે હજી તો મોટું અહિંસક યુધ્ધ લડવાનું છે, તેમાં ખેડુતો આપણું પાયદળ છે. એ પાયદળને સાચવી લેવાનો મોટો પ્રશ્ન મહાસભા સમક્ષ ઉભો છે. એ ખેડુત દુર્બળ થશે તો આપણી લડતને હાની પહોંચશે. એવા પ્રશ્ન દુર્ભંજ બનશે અને એ રીતે અંતિમ પરીણામને અસર પહોંચશે. એ અસર થાય નહિ, એ સાવચેતી રાખવાની દરેક રાષ્ટ્રપ્રેમીની ફરજ છે. એ વિષય તેથી બારીક તપાસ માંગે છે. જેવી રીતે મુંબઇ સરકારે કેળવણીના પ્રશ્નની તપાસ ઝીણવટથી ઉપાડી છે, શારીરિક તાલીમનો પ્રશ્ન તપાસ સમિતિને સોંપ્યો છે, તેવી રીતે ગુજરાતની આબોહવામાં થતાં પરિવર્તનોનો અભ્યાસ કરવા તપાસ સમિતિ નીમવાની જરૂર છે. આ પ્રશ્ન આર્થિક હોવાથી અને સમસ્ત ગુજરાતની સ્થિતિ સાથે સંકળાયેલો હોવાથી તાત્કાલિક તપાસ માંગે છે.

રા૦ હકોરલાલ શ્રીપતરાય હકાર

એકલ ગાન

(ઢાળ : હું તો મહારવુ રે ગેકુન ગામની)

ઊભી ગામડિયણ કો' આઘે ખેતરમાં
ધીમું ધીમું ગુંજતી એ ગાન
ગામડિયણ કો' દીસે એકલડી.

ઉંચેરા વ્યોમમાં રે કે ઝળકે દિવાકર
નેનું નથી લગારે ભાન
ગામડિયણ કો' દીસે એકલડી.

ચારે દિશામાં રે કે વાગે ભણકારા
ઘેરી નિર્જનતા ના વાસ
ગામડિયણ કો' દીસે એકલડી.

તોયે ગામડિયણ એ નિમગ્ન નિજ કાર્યમાં
હઈ એ ના ભીતિ—સંસાર
ગામડિયણ કો' દીસે એકલડી.

થોભે ઘડીક રે એ કે ધીમેથી ચાલતી
લણતી ને ગુંજતી એ ગાન
ગામડિયણ કો' દીસે એકલડી.

પડઘા એ ગીતના રે કે દિશદિશ ધુમતા
ધુમે — અનિલથી લહેરાય
ગામડિયણ કો' દીસે એકલડી.

કોકિલાનાં કુંજન રે કે ઘડીભર ભુલવે
એવો સુન્દર એ અવાજ
ગામડિયણ કો' દીસે એકલડી.

પુછવુ કોણને રે કે કેવાં એ ગીતડાં !
સઘળે નિર્જન તાના વાસ
ગામડિયણ કો' દીસે એકલડી.

જુનું એ ગીતડું કો' હશે પુરાણું
ભીંતડા સરેરે ગવાય
ગામડિયણ કો' દીસે એકલડી.

સર્જન નુતનતાનાં કે સહેજ ના જાણતી
સમજે ના તાલ—પ્રમાણ
ગામડિયણ કો' દીસે એકલડી.

હોયે ઘપાવે રે કાર્ય એ હોંસથી
મુખથી સરે એ ગાન
ગામડિયણ કો' દીસે એકલડી

ઊંચી કો ટેકરીથી કે દીઠી ગામડિયણ
એકલ ગુંજતી એ ગાન
ગામડિયણ કો' દીઠી એકલડી.

ભુલે ભુલાય ના રે કે હૃયે અંકિત એ
સુણેલું એકલ ગાન
ગામડિયણ કો' દીઠી એકલડી.

[ચન્દ્રિક]

———(o)———

બાબર

વડોદરા રાજ્યના જુદા જુદા ગૃહઉદ્યોગોને ઉત્તેજન મળે તે માટે વંગર વ્યાજે અને સહેલા હપ્તાથી ધીરધાર કરવા માટે સરકારે ૨૮ લાખની રકમ મંજુર કરી છે.

**

વડોદરા, પેટલાદ, સિહોર, નવસારી, મહેસાણા, દહેગામ, અમરેલી વગેરે પુરોહિત વર્ગ શરૂ થયા છે.

**

આ રાજ્યના ભણેલાં બેકારોને નોકરી—ધંધે લગાડવાને એક સમાતી નીમી છે.

જયપુરમા ઢોરને માટે એક સરખા બોલી છે, જયાં ઢોરની બોલાદ સુધારવા માટે બખતરા કરવામાં આવશે.

**

કરાંચીમાં આરોગ્ય સુધારણાની યોજના અમલમાં મુકી છે, એને માટે રાત્રીશાળા, ચોખ્ખા પાણીની સવડ, સાદા ઉપચારો અને સુંદર રહેઠાણ વિ૰ ની વ્યવસ્થા કરી છે.

**

વડોદરામાં સોંધા દરથી વીજળી બળ પુરૂ પાડવા માટે મી વિલિયમ સ્ટેમ્પ નામના માણસને રોકયો છે. તેઓએ બેરીંગનું કામ શરૂ કર્યું છે. એમાં જો સારી સફળતા મળશે તો તેઓ મોટા પાયા પર ગામડાને વીજળી પુરૂ પાડવાનું શરૂ કરશે.

તંત્રીસ્થાનેથી

ગુજરાતનું નંદનવન

ગયા અંકમાં દુકાળ પડવાની અંદેશત મિત્રે અમે ઉચ્ચારી કરી ગયા હતા આપણા દુર્ભાગ્યે એ અંદેશત સાચી પડી છે અને આપણા સમસ્ત ગુજરાતમાં-કચ્છ કાઠીયાવાડ દુકાળના રાક્ષસે દેખાવ દીધો છે ચોમાસામાં અષાડ ને શ્રાવણ માસના બે માસના ગાળામાં આજે તો ભરચક લીલાછમ પાકોથી આપણા ખેતરોને શોભારી રહ્યા હોત ઢોર ઝેકુતો તેમનો બાળબચ્ચા સહુ કલ્પોન્ત કરી રહ્યા હોત મહુનોની તે સાથે વેપારીઓની અને આખા દેશની આશાઓ ધૂળ મળી ગઇ છે છેલ્લા અહેવાલ પ્રમાણે અર્ધાએક ઢોર મરણ શરણ થઇ ગયાં માણસો પણ બીચારા દુઃખના માર્યા મરી ગયા ઘાસ ચારો પણી ધાન્ય નહી અને સદાના ધામા નાખી પડેલી ગરીબાઇ તો ચાલુ છે અને એટલામાં તો દુકાળનો રાક્ષસ આપણા બંધુઓનું સુકાઇ ગયેલું ખોડી પીવા વળી ખડો થઇ ગયો! ગુજરાતના નંદનવનમાં આજે સ્મશાનપણું પડ્યા છે આપણા ધન માલ ઢોર માણસ ભુખ્યા ને મરણને મુખ હોમાવા લાગ્યા છે પ્રભુ-કુદરત શા માટે આપણા ગુજરાત પર અવકૃપાવાર ગુસ્સે થઇ જાય છે? શું આમ ધીમધીમે એ આપણા નંદનવનનો નાશ કરવા ઇચ્છે છે? કુદરત પાણી લાવે છે, પાણીને સુકવી તેની વરાળ બનાવે છે ને ચોમાસુ બેસતા પવનો તેને ગુજરાત ઉપર વરસાદ મરી ટાળે છે આજે એ ચોમાસુ પવનોએ આપણા વરસાદને કોણ જાણે કયા માટે દુકાળ દુઃખ મરી વિમેરી નાખ્યો ને વરસાદને કયા ને કયા બસડી ગયા? આભ ફાટે ત્યારે થીંગડું દેવાય? બીચારા એ તો શું કરે?

આપણી મહાસભા સરકારે પણ હવે જાહેરાત કરી છે કે દુકાળ પડી ગયો છે ઘાસ, ધાન્ય ઉપર અંકુશ મૂકાયા છે કે તેઓ બહાર ન જાય પણ ચોમાસામાં ખેડુતોને ત્યાં એની ઘાસચારાની ને અનાજની કીંમતજ ક્યાં હોય છે? ગુજરાતના સુભટ સેવક સરદાર વલ્લભભાઇ ગામેગામ નીકળી પડ્યા છે એમના ગુજરાતના દુઃખ રડતા હૃદયને બંધે ફરના મારી ધા વાગશે ન એમના અહેવાલ ને સૂચનાથી આપણી લોકપ્રિય મહાસભા સરકાર દુકાળના અનામત નાણામાંથી નવી લોનો લઇને કે નવા પૈસાને નોંધ પાડીને અમે ઇચ્છીએ છીએ કે પાણી અનાજ ઘાસચારો વેળાસર પુરો પાડી જ્યાં ને ત્યાં ખેડુતોને તેમના બાળબચ્ચાંને ઢોરને જે સહુ મરણમુખમાં હોમાઇ જવા પુર્વે વેળાસર બચાવી લેશે સારી સરકારની આ હમેશની ફરજ છે ને તે ફરજ અદા કરવામાં અમે વીનતી કરીએ છીએ કે સરમુ ને સંસ્કારના સેવકો—ખડા જોતા લોકોના આ મેળકો જાવે, વિલંબ નહી કરે

શંકરપ્રસાદ રાવલ.

છેલ્લા ખબર.

ગુજરાતમાં ઠેર ઠેર વરસાદ પડવાથી લોકોને વરસાદની આવેલી આશા.

મરઘા ઉછેર

(એકુતનો ફાલતુ વખતનો ધંધો)

લેખક—શ્રી. મગનલાલ ગજજર

(ગયા અંકથી ચાલુ)

મરઘાં પાળવા તો ધંધો દેખીતી રીતે એટલો મુશ્કેલ દેખાય છે કે, તે તરફ કદાચજ કોઇનું લક્ષ જાય. પણ હિન્દુસ્તાનની વસ્તીના આહારમાં એ મોટો ભાગ ભજવે છે. તેનો ખ્યાલ ઘણાંને નહિ હશે હિન્દી વસ્તી આપણે રોઢીની વસતી જાતી કરતાં, અત્યારે ૨૭ કરોડની ગણીએ, તો તેમાં ૪૬ લાખ ૬૨ હજારની સંખ્યા શાકાહારી છે. એમ છેલ્લા વસતી પત્રકપરથી જણાય છે. છે. તે પૈકી ૨૬૫૪૬૮૩૪ લોક મરઘાં ખાય છે. આ જાણીને તો આ ધંધા તરફ કોઇનું આકર્ષણ થયા વિના ન રહે.

નજર સમક્ષ આવા આંકડા પડયા પછી આપણે તપાસશું તો માલમ પડશે કે મરઘાં ઉછેર માટે હિન્દમાં વિસ્તીર્ણ ક્ષેત્ર છે. વાસ્તવિક રીતે આ ધંધો હિન્દમાં નવો ન કહી શકાય. પૂર્વાપરથી ચાલુ અપેક્ષો મરઘા પૈકી એક ધંધો છે. પણ તેને મુશ્કેલ ધંધામાં ગણી લેવામાં આવ્યો છે, વળી ધાર્મિક બંધન નડતાં હોવાથી આજ સુધી અણઘડ લોક તથા નાનાં છોકરાં કે ઘરના બૈરાના હાથ નીચે આ ધંધો પડયો રહ્યો હોવાથી તેને મહત્વનું રૂપ ન અપાયું, અને આજ નિકૃષ્ટ સ્વરૂપમાં તે જનતા સમક્ષ પડયો છે.

ઉદ્ભવ અસો વરસથી પરદેશી પ્રજાનું આવાગમન હિન્દમાં વધતું જાય છે, તેમ મરઘાં, તેનાં ઈંડાં અને બચ્ચાંનો ખપ વધતો જાય છે. ત્યારે આપણો એકુતવર્ગ પોતાની પુરસદની વેળાએ પણ ધંધા તરીકે આ વસ્તુ ખીલવે તો વધુ ઉત્પન્ન મેળવે એવો ભાસ રપષ્ટ થાય છે.

ઉત્તર હિન્દમાં બ્રાહ્મણો મરઘાંને નાપાક ગણે છે, પણ મહારાષ્ટ્ર, તામીલનાડ અને છેક દક્ષિણમાં બ્રાહ્મણો પણ મરઘાં પાળે છે. અને તે પર એક જાતનો ધંધો ચલાવે રાખે છે. પણ તેની શાસ્ત્રીય ઉછેર અને પૃષ્ઠિ તરફ નિષ્કાળજી પણું વારસામાં જ લેતા આવે છે. એ સમજથી મરઘાંની એક અને નિર્ભેળ જાતિ, પેદી, ઓલાદ ઇત્યાદીમાં પ્રથમ પંક્તિ ન રહી. સંકરઅવસ્થા પ્રાપ્ત થઇ, નહિ તો ફ્રેન્ચીન પ્રાંતના મરઘાં જે હજી વખણાય છે તે વધુ વખણાત અને અન્ય પ્રાંતની ઓલાદ પણ એ રીતે પ્રશંસા પામત.

આજે ફ્રેન્ચીનના મરઘાંમાં પણ એકજાતિ પણું રહ્યું નથી. અને એવા પ્રાણીની ઓલાદ બેડોળ, કમકૂવત, માંસમાં બેસ્વાદદાર નાનાં તેમજ થોડી સંખ્યામાં ઈંડા મુકનાર ઇત્યાદી દોષથી ભરપુર છે. આવી પરીસ્થિતીમાં ત્યાં આ ધંધો ચલાવી ઇમારત બાંધવાના ખ્યાલ સેવવા કેવળ નિષ્ફળ છે. જેને કોઇને આ ધંધો ખીલવવો હોય, તેનું પ્રથમ કર્તવ્ય એ છે કે ઉત્કૃષ્ટ જાતીના મરઘાં (નર) અને પ્રથમ જાતીની માદા મેળવવી. અને રહેતે રહેતે પોતાની જરૂરીઆત પ્રમાણે ધંધામાં વધતા જવું.

ગુજરાતમા કોચીનના મરઘાની પ્રશંસા કરવાથી કા ને પણ ગાત લાગશે પણ ગુજરાતમા ઉત્તમ જાતના મરઘાની ઓલાદ શુદ્ધ ગુજરાતી નસીબ પ્રાપ્ત થવી મુશ્કેલ છે ગુજરાતી મરઘામા કયા અને કયા મરઘા વિશે પ્રમાણમા છે તે જાણવુ મુશ્કેલ ? એમ હવાથી હુ કોચીન મરઘાનુ વર્ણન કરીશ ને અમને ન ગણાશે

કોચીન જાતીના (નર) મરઘાની છાતીનો ભાગ માંસલ નથી વળી તની ચરબીનો રંગ પીળો છે પણ તેની પાંખનો ભાગ સ્વાદિષ્ટ હોવાથી તે કાંઇક ગૌણ જાતીમા ગણી શકાય તેને રંગ ભરમને મળતો છે ખરો વળી પીળો તરવારીઆ કે સફેદ રંગ પણ હોય છે બંનેના મરઘા પણ કોચીન જાતિને ઘણો મળતો આવે છે દેખાવમા મોટું જાત રૂપુટ ડોળાવાર છે. માદા પુષ્કળ ઇંડા મુકે છે પણ આ જાતિની માતા ઇંડા સેવવાની પાંખી રાખતી નથી રમતા ગાતા પણ ચરતા ચરતુ મૂકી ખસી જાય છે બચ્ચા પીવા તરફ પણ ના પાંખી મને અટને ઉછેરનારે અસલ ઇંડા મેળવવા માટે બીજી જાતની ઉપમાતા તરીકે એક મરઘી રાખવી પડે છે અથવા ઇનકયુબેટરનો ઉપયોગ કરવો પડે છે અને બચ્ચા ઉછેર માટે સમય કાંઇ અને ખર્ચનો વ્યય કરવો પડે છે પીંજા વળી જતા અમુક મુદતે તેમાંથી કાંઈ કાંઇ વેચી દેવાથી ફાયદો મળે છે મા ા બહુ સંતતિ ાક હોવથી, તેનો ઉપયોગ ખાવાના મામમા વધારે થાય છે

આ પક્ષીના પીંજા ઉચ્ચ કોટીના સૂચવાયા હોવાથી તે બીજાઓ જાતથી વેચી શકાય ? ઇંડાનુ વજન સરાસરી રા ઔંસ હોય છે નરનુ વજન નવ રતલ સુધીનુ થવા જાય છે ત્યારે માદા કેવળ સાત સાડાસાત રતલની હોય છે મરઘા ઉછેરનારે પોતાની દેશી મરઘીઆ બળા ઓળખવા આશુ પાખી મે માદા અને એક નર રાખી પોતાનો ધંધો શરૂ કરવા ભલામણ કરી શકાય કોચીનના હવા પાખી ગુજરાતથી ઘણા નિકળ્યા નથી એમ કોચીન મરઘાં ગુજરાતમા હવા માફક આવે છે, અને તે સારી રીતે ઉછરી શકે છે પરી આવા નર મા ફને દેશી મરઘીમા થી સકર જાતિ પેદા કરતા જઇ પોતની જાત પણ સુધારી ના ા છે

હિણ ગુજરાતમા નવખારીમા એ પરસી ગૃહસ્થ ને ત્યા તેમજ બીજ બીજ ઠેકાણાના બળી ચામા આ ઓલાદ જાતના મળી શકે છે તેમજ ત્યાથી ખરીદી પણ શકાય છે.

કોચીન જાતના મરઘાના ગુણધર્મ વાંચ ા, ત્યારે પરદેશી અને શ્રેષ્ઠ ગણાતી બીજી જાતીના ગુણધર્મ જાણવા પણ જરૂરી છે જેથી તુલના કરી ઉછેરનારે પોતાની શંકિત પ્રમાણે તે જાતિનુ સમુદ્ધ –ોક નર અને બે માદા–પ્રથમ બે ાંધી દેવી ઇએ સાત મા ામા બેળા ઉછેરવા અમારી ભલામણ છે કેટલીક પરદેશી જાતના ગુણધર્મ નીચે આપવા કોચીન કરવામાં આવે છે

ડાર્કીંગ કાઉલ:—

આ પક્ષી ઘેરાવામા ભરાઉ આકારમા લાંબુ ઉંચી બાંધ ગરદનવાળુ ગુનાની ્સધરાવાળુ છે દેખાવે સમૃધ્ધ પણ સફેદ રંગના છે સર્વ સાધે ગુનબારેખવાળુ છે પગની આંગળી માંસલ અને પુષ્ટ છે કોળાવાર છે આનુ સાધારણ સ્વરૂપનુ છે પણ તેનુ માસ સફેદ રંગનુ હોય છે એના ઇંડા મોટા અને રૂચીકર હોય છે તેથી જાત ને લીધે પણ તેનો ઉપાડ થાય છે ઇંડાનુ વજન અજમાયશે પોણાત્રણ ઔંસનુ બચ્ચુ નરનુ વજન આઠ રતલનુ તારે માદા સાત રતલની હોય છે માદા પ્રમાણમા થોડા ઇંડા મૂકનારી છે ઉપરાંત વરસા અને ઠંડીની મોસમમા તેના પીળીઆ—બચ્ચા ઉછેરવા જરા જોખમ ભરેલુ છે

થોડાક અભિપ્રાયો.

દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઇએ, એટલું જ નહિ પરંતુ તે વિષેના વિચાર એવી પેઢીની માંગણી થવી જોઇએ

"પુસ્તકાલય" માસિક (વડોદરા)

આવા પ્રશ્ન ઉપયોગી પુસ્તક આજે અને ઉપયોગના પ્રયાસ માટે ઉની ચર્ચાની સંખ્યાબંધ ઉંડાણજન આવી ગ્રામજીવન રેખાઓ સજીવન કરવામાં સાથે અંત સુધી આવવો જોઇએ

'ગ્રામજીવન સહકાર્ય અને ખેતી" માસિક (વડોદરા)

વરસ દુ હુન્નરોના આ જાતના પુસ્તકો આપણે ત્યાં બહુ જ બહાર પડયા છે અને હજુ ઘણે તેની જરૂરીયાતના મોકળા સારે બહાર પડશે પરંતુ આ પુસ્તકની વિષયના તમામ મૂકેલા પ્રયોગોજ માત્ર નથી પણ જુદા જુદા વિષયોના સાંગ અને અનુભવી લખાયા પામેલ માવેના જોડાને સંપૂર્ણ આ પુસ્તકને વિશિષ્ટતા બનું બનાવવામાં આ કુ કે?

"રવીવાર" સાપ્તાહિક (મુંબઇ)

મેદારોને માટે આમા નિતીપૂરકના પગલેવાની જેમની રાખવાનું માર્ગદર્શન છે

"જન્મભૂમિ" દૈનિક (મુંબઇ)

ગુજરાતના ખેડુ આમાંથી અઢ નરનો અખતરો કરી જીવનભર સુખી જીવંતી ગાળી શકે એવા ઉપયોગી આ પુસ્તકમાં બતાવવા માં આવ્યા છે

"મહાગુજરાત" સાપ્તાહિક (કરાંચી)

શ્રી મૂળજી મનજી ચાવડાએ 'નફા કારક હુન્નરો' નો પહેલો ભાગ ગુજરાતીમાં બહાર પાડી ગુજરાતી સાહિત્યની તો ટીક પણ ગુજરાતના અનેક બેકારોની રાજ વગર ખેડુના પુનાની સુંદર સેવા બજાવી છે

"દેશી વેપારી ચોપડ" માસિક (મુંબઇ)

આવા ગાર્હસ્થ્ય પુસ્તક મે રૂપિયાની કિંમતે મળે એ ખરેખર સસ્તુ જ લેખાય

"કમર" માસિક (સુરત)

'દેશના છોકરા અને છોકરીઓને પ્રથમ પેટ ભરવાનો રસ્તા બતાવી આપવો જોઇએ'

શ્રી. કાકાસાહેબ કાલેલકર

મુંબઇ સરકારના કેળવણીખાતાએ અને વડોદરા રાજ્યે પુસ્તક-વાંચવા માટે મંજુર કર્યું છે

ઘેર બેઠાં પૈસા કમાવા માંગો!

શ્રી કચ્છ વેપારી મંડળના પ્રમુખ, શ્રી કુંવરજી ધરમશી સપટના 'અમૃત' સાર

નફાકારક હુન્નરો.

—ભાગ પહેલો—

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલ

વિવિધ હુન્નરોથી ભરપુર પુસ્તક

જેના વિષે દેશી વેપારી ચોપડ Industrial India વિજ્ઞાન, કમર યુવક, ઊભી પુસ્તકાલય બુધપ્રકાશ ચિત્રમય જગત, ગ્રામસેવા વિજ્ઞાન ખેતીવાડી વિજ્ઞાન સાજવન માન સદેશ સિધસેવક મહાગુજરાત, The Industrial News પુલમાન ગામજીવન મુંબઇ સમાચાર જય કચ્છ દાડીઓ પ્રતાપ, લોકવાણી વગેરે પત્રોએ ઉત્તમ અભિપ્રાય આપ્યા છે

સવા ઉમદા કાગળ આકર્ષક સુંદર છપાઇ ૭૫૦ કિંમત માત્ર બે રૂપિયા ટપાલ ખર્ચ માટે

મંગાવવા માટે લખો:—

વ્યવસ્થાપક:

શ્રી૦ લક્ષ્મી પુસ્તક ભાળા

પોસ્ટ સીનગુરા (અંતર કચ્છ)

પડતર જમીન

—શ્રી શંકરપ્રસાદ રાવલ—

આપણાં દેશમાં ખેડુતના નિર્વાહનો પ્રશ્ન ઉપસ્થિત થતાં એને માટે પડતર જમીન પુષ્કળ છે. અને જ્યાં ને ત્યાં તે છે એ દલીલ વર્ષોથી કરવામાં આવે છે. ખેડુતના નિર્વાહના આપણા દેશમાં સાંસા છે એ જેટલું સત્ય છે તેટલું જ સત્ય દેશમાં જ્યાં ત્યાં પુષ્કળ પડતર જમીન છે એ પણ છે જ. પણ જમીન છે તથા ભુખ્યો બેકાર ખેડુત પણ છે, છતાં એ એનો યોગ્ય નથી ત્યાં સુધી ખેડુતનો ભૂખમરો તેમજ પડતર જમીનનું પડતરપણું નાબુદ થાય એમ જણાતું નથી. હજી કયાં સુધી આ અસહ્ય સ્થિતિ ચાલુ રહેશે એ માટે ભવિષ્યવાણી ઉચ્ચારવી અશક્ય છે.

પડતર જમીન રહેવાનું પહેલું કારણ તો એ છે કે જેનું વાવેતર કરી શકાય તેવા જમીન ગામે ગામ અને ગામથી દુર પુષ્કળ જ છે. ખેડુતની વર્ષો વર્ષ થતી પડતીમાં આવી પડતર જમીન વધારે ને વધારે કાજલ પડતી રહી છે. પોતાની થોડીક કે જમીનદારની સાથે, અડધે કે કોઇ શરતે લીધેલી જમીન પોતાની દેવાદાર સ્થિતીમાં, બળદ, બી, હળાદિ સાધનોની ખેંચમાં ગાડાં કે આતર વગેરેની જોગવાઇની ગેરહાજરીમાં ખેડુત સંતોષપૂર્વક પૂરેપૂરી ખેડી શકતો જ નથી. સાધનહીનતાને લીધે ખેડુતની મહેનતના ને કાળજીના પગ પણ ઢીલા ઢીલા થઇ જાય છે. આવી સ્થિતિમાં જે થયું તે ખરૂ એમ માની સંતોષ-અસંતોષ સેવતો ખેડુત પોતાનું રગશિયું ખેતીનું ગાડું હાંકે રાખે છે કે તેમ થતાં પણ અટકે તો ખેતી ખેડવી બંધ કરી તે મજુર બની રહે છે. જમીનદાર શાહુકારોમાંથી જેઓ પોતે ખેતી કરાવતા નથી પણ જમીનને સાથે છે તેઓને ખેડુત સાથ, અર્ધ કે શરત પ્રમાણે વસુલ ન આવે તો તેઓ પણ ખેડુતને જમીન આપવાની બંધ કરી પડતર રહેવા દે છે. આમ જમીનદાર ને ખેડુત બંન્ને જમીનને પડતર રાખવામાં તેમની પડતીના સાથે સાથે કુચ કરે જાય છે. આ સ્થિતિ હમણાં હમણાંની તો અટકી નથી

વળી 'ઉત્તમ ખેતી' એ સાચું કે ખોટું સૂત્ર પણ ખેડુતે વર્ષો થયા અજમાવી જોયું પણ બે દનો ખેતી કરતાં એની ખાતરી થઇ ગઇ કે એમ તો લાભ નથીજ પણ ઉલટું દેવાદાર થવાય છે ને મહેનત બરબાદ જાય છે. એટલે પણ ખેતીને યોગ્ય જમીનના પડતરપણામાં વૃદ્ધિ થતી જાય છે. ઉપજતો કાચો માલ બજારમાં જતાં સસ્તે વેચાઇ જાય તો પણ ખેડુતનો શ્રમ જીવનના અને તેની હિંમતના પગ ભાંગે છે. આમ વર્ષો વર્ષ જમીન વધારે ને વધારે પણ ખેડાયલી રહે છે

વળી દેશના વિસ્તૃત ક્ષેત્રફળના પ્રમાણમાં ઘણીએક જમીન ઉજ્જડ પડી રહી છે આવી કુમારી જમીન ઘણેાએક પાક આપી શકે, પણ ત્યાં ખેડુત શી રીતે નજર ઠેરાવે ? દેશના રાજા રજવાડાની સરકારે કે બ્રિટિશ સરકારના ચોપડા-એ વધતી જતી પડતર જમીન કે આવી સદાની અણખેડાતી ને અણવપરાતી જમીન જણાય છે. પણ જ્યાં સુધી આ સરકારો ખેડુતોને આશ્વાસન આપી, જોઇતું ઉત્તેજન આપી, સાધન સામગ્રી આપી એમની વહારે ધાઇને અન્ન વસ્ત્ર જોગા કરવા તૈયાર ન થાય ત્યાં સુધી આ જમીન અનુત્પાદક જ રહે નહીં તો બીજું શું થાય ? આવી યોજના કે આવા યોજકો કયાં છે ?

કેટલાક ગામોમાં ખેડુત ને ખેતીવાડીના સારા

થોડાક અભિપ્રાયો

દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઈએ, એટલું જ નહિ પરંતુ તે વિશેષ વાંચવા એવી ખાસ ભલામણ કરીએ છીએ

"પુસ્તકાલય" માસિક (વડોદરા)

આવા પ્રશ્ન ઉપયોગી પુસ્તક માટે અને ઉપયોગના પ્રયત્ન માટે ઉત્તેજન આપી ગ્રામજીવન સમૃદ્ધ કરવામાં સાથ આપવો જોઈએ

'ગ્રામજીવન સહકાર્ય અને ખેતી" માસિક (વડોદરા)

ઘરગથ્થુ હુન્નરોના અનેક જાતના ઉપયોગી પુસ્તકો આપણી ત્યાં બહુ ઓછાં પડ્યાં છે અને હજારો ગમે તેવી જાહેરાતોના ખોટા સાદે ભરાઈ પડશે પરંતુ આ પુસ્તકની વિશાળતા તેમાં મૂકેલા ભોગ માગી પણ જુદા જુદા વિષયોના સારા અને અનુભવી લેખકો પાસે લખાવેલા નવીન સંગ્રહીને આ પુસ્તકને વિશિષ્ટતા બક્ષવામાં આવી છે

"રવીવાર" સાપ્તાહિક (મુંબઈ)

મેહરોને માટે આવા નિર્દોષ પુસ્તકોની ઘણી જરૂરીયાત રહેલી છે

"જન્મભૂમિ" દૈનિક (મુંબઈ)

ગુજરાતના ઘરોઘરમાંથી ઘણા નરનારીઓ અખતરો કરી જીવનભર સુખી જીવનની ગાડી ચલાવી શકે એવા ઉદ્યોગો આ પુસ્તકમાં બતાવવામાં આવ્યા છે

"મહાગુજરાત" સાપ્તાહિક (કરાંચી)

શ્રી મૂળજી માનજી ચાવડાએ 'નકામા હુન્નરો' નો પહેલો ભાગ ગુજરાતીમાં મોટી પાડી ગુજરાતી સાહિત્યની તોલીક પણ ગુજરાતના અનેક મેકારોની રાજી વગર બહુના પુરાનોની સુંદર સેવા કરી છે

"દેશી વેપારી ચોપડાનું માસિક" (મુંબઈ)

આવું ગાગરમાં પુસ્તક મે રૂપિયાની કિંમતે મળે ત્યારે સસ્તું જ લેખાય

"કુમાર" માસિક (સુરત)

દેશના છોકરા અને છોકરીઓને પ્રથમ પેટ ભરવાનો રસ્તો બતાવી આપવો જોઈએ

શ્રી. કાકાસાહેબ કાલેલકર

મુંબઈ સરકારના કેળવણીખાતાએ અને વડોદરા રાજ્યે પુસ્તકાલયો માટે મંજુર કર્યું છે

ઘેર બેઠાં પૈસા કમાવા મંગાવો !

શ્રી કચ્છ વેપારી મંડળના પ્રમુખ, શ્રી ગુજરાતી ધરમાળી સપ્તાહના 'પ્રમુખ' સાથે

નકામા હુન્નરો.

—ભાગ પહેલો—

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા વિવિધ હુન્નરોથી ભરપુર પુસ્તક

જેના વિષે દેશી વેપારી ચોપડાનું માસિક Industrial India વિજ્ઞાન, કુમાર હુન્નર, ઊભી પુસ્તકાલય બુદ્ધપ્રકાશ ચિત્રમય જગત, ગ્રામસેવા કિસાન ખેતીવાડી વિજ્ઞાન સાર્વજનિક દેશ સિધસેવક મહાગુજરાત, The Financial News પુનમાં ગામજીવન મુંબઈ સમાચાર જય કચ્છ દાદીઓ પ્રતાપ, લેજવાણી વગેરે પત્રોએ ઉત્તમ અભિપ્રાય આપ્યા છે

સવા ઉમદા અરીસા મોટા સુંદર કપડાં છાપા કિંમત માત્ર બે રૂપિયા પોસ્ટ ખર્ચ માફ

મંગાવવા માટે લખો:—

નિયામક

શ્રી૦ લક્ષ્મી પુસ્તક ભાળા

ભોમ્ સીનગુરા (અંતર ૨૦૭)

પડતર જમીન.

—શ્રી શંકરપ્રસાદ રાવલ—

આપણાં દેશમાં ખેડુતના નિર્વાહનો પ્રશ્ન ઉપસ્થિત થતાં એને માટે પડતર જમીન પુષ્કળ છે, અને જ્યાં ને ત્યાં તે છે એ દલીલ વર્ષોથી કરવામાં આવે છે. ખેડુતના નિર્વાહના આપણા દેશમાં સાંસા છે એ જેટલું સત્ય છે તેટલું જ સત્ય દેશમાં જ્યાં ત્યાં પુષ્કળ પડતર જમીન છે એ પણ છે જ. પણ જમીન છે તથા ભુખ્યો બેકાર ખેડુત પણ છે, છતાં એ એનો યોગ્ય ન્યાય ત્યાં સુધી ખેડુતનો ભુખમરો તેમજ પડતર જમીનનું પડતરપણું નાબુદ થાય એમ જણાતું નથી. હજી કયાં સુધી આ અસહ્ય સ્થિતિ ચાલુ રહેશે એ માટે ભવિષ્યવાણી ઉચ્ચારવા અમે અશક્ત છીએ.

પડતર જમીન રહેવાનું પહેલું કારણ તો એ છે કે જેનું વાવેતર કરી શકાય તેવા જમીન ગામે ગામ અને ગામથી દુર પુષ્કળ જ છે. ખેડુતની વર્ષો વર્ષ થતી પડતીમાં આવી પડતર જમીન વધારે ને વધારે ફાજલ પડતી રહી છે. પોતાની થોડીક કે જમીનદારની સાથે, અડધે કે ત્રીજે શરતે લીધેલી જમીન પોતાની દેવાદાર સ્થિતીમાં, બળદ, બી, ઇત્યાદિ સાધનોની ખેંચમાં ગાડાં કે ખાતર વગેરેની જોગવાઇની ગેરહાજરીમાં ખેડુત સંતોષપૂર્વક પૂરેપૂરી ખેડી શકતો જ નથી. સાધનહીનતાને લીધે ખેડુતની મહેનતના ને કાબેલના પગ પણ ઢીલા ઢીલા થઇ જાય છે. આવી સ્થિતિમાં જે થવું તે ખરું એમ માત્ર સંતોષ-અસંતોષ સેવતો ખેડુત પોતાનું રગશિયું ખેતીનું ગાડું હાંકે રાખે છે કે તેમ થતાં પણ અટકે તો ખેતી બેડવી બંધ કરી તે મજુર બની રહે છે. જમીનદાર શાહુકારોમાંથી જેઓ પોતે ખેતી કરાવતા નથી પણ જમીનને સાંધે છે તેઓને ખેડુત સાંધ, અર્ધ કે શરત પ્રમાણે વસુલ ન આવે તો તેઓ પણ ખેડુતને જમીન આપવાની બંધ કરી પડતર રહેવા દે છે. આમ જમીનદાર ને ખેડુત બંન્ને જમીનને પડતર રાખવામાં તેમની પડતીની સાથે સાથે કુચ કરે જાય છે. આ સ્થિતિ હમણાં હમણાંની તો અટપટી નથી

વળી 'ઉત્તમ ખેતી' એ સાધું કે બોલું સૂત્ર પણ ખેડુતે વર્ષો થયા અજમાવી જોયું પણ એ દ્વારા ખેતી કરતાં એની ખાતરી થઇ ગઇ કે એમ તો લાભ નથીજ પણ ઉલટું દેવાદાર થવાય છે ને મહેનત બરબાદ જાય છે. એટલે પણ ખેતીને યોગ્ય જમીનના પડતરપણામાં વૃદ્ધિ થતી જાય છે. ઉપજતો કાંઇ માલ બજારમાં જતાં સસ્તે વેચાઇ જાય તો પણ ખેડુતનો જીવનના અને તેની હિમતના પગ ભાંગે છે. આમ વર્ષો વર્ષ જમીન વધારે ને વધારે પણ ખેડાયલી રહે છે

વળી દેશના વિસ્તૃત ક્ષેત્રફળના પ્રમાણમાં ઘણીએક જમીન ઉજ્જડ પડી રહી છે આવી કુમારી જમીન ઘણીએક પાક આપી શકે, પણ ત્યાં ખેડુત કઇ રીતે નજર દોડાવે ! દેશના રાજ્ય રજવાડાંની સરકારે કે બ્રિટિશ સરકારના ચોપડા-એ વધતી જતી પડતર જમીન કે આવી સઘળી અણખેડાતી ને અણવપરાતી જમીન જણાય છે. પણ જ્યાં સુધી આ સરકારો ખેડુતોને આશ્વાસન આપી, જોઇતું ઉત્તેજન આપી, સાધન સામગ્રી આપી એમની વહારે ધાઇને અન્ન વસ્ત્ર ભેગા કરવા તૈયાર ન થાય ત્યાં સુધી આ જમીન અનુત્પાદક જ રહે નહીં તો બીજું શું થાય ! આવી યોજના કે આવા યોજકો કયાં છે !

કેટલાક સામોમાં ખેડુત ને ખેતીવાડીના સારા

વિસ્તારમા જૂજ દોર કે માણુસોને ઉભા પા ન રહેવાય એટલી ઓછી જમીન પડતર રહેતી આવા વખતોના ખેડુતોને પોતાની પ્રિય વતન છોડી બીજી દુરની જમીન ખેડવા જવાની ઈચ્છા ન હોતી થતી દેશની વસ્તિના પ્રમાણમા ઉત્પન્ન આપે એટલી ખેડવા યોગ્ય જમીન આવી સ્થિતિમા આપણા દેશમાં વધારે ને વધારે ફાજલ પડતી રહી છે એવો નથી ખેડુતને માટે પડ્યું કે નથી રાજ્યની તીજોરીમા કશું જમે કરાવ્યું. રાજ્ય તો પોતાનો ભારભાર કે ખરચે આવકના મોજુદ સાધનોથી ગમે તેમ પૂરો કરે પણ માત્ર જમીન ઉપર જ કામ કરી શકે તેવો બેવાલ ખેડુત તો ભુખે મર્યા વગર બીજું શું કરી શકે? આમ ખેડુતની જરૂરીઆતની દરેક વસ્તુ પુરી પાડતી અક્ષયપાત્ર જેવી ખેતી લંબા સમાન થઈ પડી છે એ ખેતી જમીન પર ન થાય તો ખેતી પણ વધ્યાની જ સ્થિતીમા વધતી જ જાય. અને વધ્યાનો વિસ્તાર એટલે શું?

આવી પડતર જમીન પર જંગલી ઘાસ થાય, ઝાડઝાડવા થાય પણ તે ખડાતી જમીન જેટલ જીવન માટેનુ ઉત્પન્ન ન જ આપી શકે ઘાસ થોડા વખતમા ખેડુતોના કે રબારી જેવા ઢોરા ઢોર થોડાજ વખતમા ખુંગાડી દે ઝાડના લાખડા નધણીઆતા હોય તો ગમે તે આવી કાપી જાય ને બાળવા, વેચવાસાટવાના કે તેને બાળી તેના ક્ષારસા કરવામા તેનો ઉપયોગ થાય આમ પડતર અને ખેડાતી થોડી જમીનની ઉત્પન્ન શક્તિ હીણાય છે, એમાથી જે કંઈ ઉત્પન્ન થાય છે તે ઓછુ જ થાય છે ને તે પણ જૂજ લાભ આપી વહેલું ખુટી જાય છે.

પડતર જમીન આમ પોતે વધ્યા રહે છે એટલુ જ નહીં પણ ખેડાતી જમીન પર એના વંધ્યાવસ્થાના વિનાશનું કાર્ય કરવાનું શરૂ કરે છે

ત્યારે હિન્દમા હજારો તો નહીં પણ લાખો વીઘાની સખ્યામા રહેતી આવી પડતર જમીનનું ભવિષ્ય શું? શુ એ પડતર જ રહેવા સરજાયથી કે? શું એના વાજિબા વિસ્તારમા વધારો જ થવાનો છે? શુ સરકારો, શાહુકારો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, દેરાભ તો આપણી વહાલી વસુધરાને હંમેશા વાંઝણીજ રાખશે? આ જમીન જીવતા ખેડુતને હાથ ક્યારે જશે? કયારે એના પર ભરચક પાકો ઉતરાશે? કયારે એના ઉપર ઉપાદક વનસ્પતિઓ ને ગોની ઘટા મે ઘનઘોર થશે? શું કુદરતનું નહી તો નહેરો કે પતાળ કુવાઓનું પાણી એને કદી પગ જમાવી રેલ મજેલ નહી જ કરે? એના પર સાગાયત શું કદી ફોરમ નહી ફોરી રહે? શું વહાલા વતને હિન્દનુ લાલું રત્ન ચેરાન થશે કે રહેશે?

જગતની અન્નપૂર્ણા જેવી પ્રિય હિન્દની પ્રિય વસતી માતા! શું તારે માથે હજી વર્ષો સુધી વધ્યાજ રહેવાનુ છે? તુ કયારે રસકસ-ભરી થઈ ફુલશે ને ફળશે? તારા ઉભરાતા મેદાનોથી મારે હિન્દની ધાવની ક્યારીઓ ઉભરાશે કયારે તારા ઉભરાતા ગોળ ફુલફળથી લચી લચી ઝુકી પડશે? તારાં વૃક્ષે વૃક્ષે ને છોડે છોડે તો સુંદર ફુલફળ ને મધ ટપકતા હતા તે ફરીથી કયારે ટપકશે તારા વૃક્ષોના પાદડે પાદડે વિદ્યુત બની રહી છે તે આપણા વૈજ્ઞાનિકો કયારે ભેગી કરશે? હિન્દભૂમિ! તું વધ્યા-પડતર જીરી ફળદ્રુપ થા. માના ખેડુતસપુત્રોના જીવનના ધાવણ તારી ફળદ્રુપતામા જ છે ખેડુત, એના પ્રિય માગકડા, એના ઢોર. આ સહુ તારા વધ્યત્વથી ટળવળી ભુખે મરે છે, એમને તુ ફળદ્રુપ થઈને રહીને જીવનાને આનંદ લૂંટતા કર! તથાસ્તુ!

ખેતી વિકાસ

(ખેતી વીનુ માસિક)

લવાજમ રૂા દોઢ.

ગાંગાજળા : અલીઆબાડા

(કાઠીઆવાડ)

સહકારી સંસ્થાન

સરકારી ધોરણે માલની ઉત્પન્ન તથા વેચાણ કરવા માટે સરકારી પ્રયત્નો થઇ રહ્યા છે સામાન્ય ધોરણે સરકારી માલની યોજના કેવી કરવી જોઇએ તેનો વિચાર આ લેખમાં આપ્યો છે.

૧

સિદ્ધાંત અને હેતુ.

શિક્ષિત હિન્દી નવજવાનોની કાનૂન બેકારીનો સવાલ દિન બ દિન વેગ લઇ રહ્યો છે. તેમનું શિક્ષિત માનસ, કમનસીબે ખેતી વા ઉદ્યોગને છોડી નોકરીના ક્ષેત્રમાં ખુંચવાઇ ગયું છે આજની કહેવાતી આબાદ—ધપતી હિંદની કુદરતીના પ્રતાપ કંઇક એવા અનેરા છે કે જવાનીના ખૂન અને જોમ તથા જુસ્સા છતાં વ્યવહારૂ રીતે તેઓ સાવ બોદા થઇ જાય છે અને પરિણામે વેપારી સાહસ બેડી ૧૦૦ યા ૨૫૦ રૂપિયા મેળવવાની ઉમદા તમન્ને તે ૪૦ યા ૫૦ રૂપીઆની કારકુની માટે તરછોડી દે છે.

એક તરફ જવાનોની આ હાલત છે તો બીજી તરફ ગામડાંઓની સ્થિતિ પણ બગડતી જાય છે. રહ્યા સહ્યા ધંધા પડી ભાંગ્યા છે. ખેતીમાં કસ જેવું રહ્યું નથી અને તેથી પ્રતિદિન વધુ અને વધુ કંગાલિયત પોતાના પગદંડા જમાવતી જાય છે. વળી દેશની વસ્તીનો મોટો ભાગ ગામડાનો વતની હોઇ, એ ગામડાનાજ જવાનો ઉચ્ચ શિક્ષણને માટે શહેરમાં મોકલાતાં, શહેરી વાતાવરણ અને આજની બેકારી કેળવણીથી ભણ્યા છતાં ભણ્યા નહિ જેવા થઇ જાય છે બી. એ. થએલો પુત્ર, ગામડાને નકામું ગણતો, તિરસ્કારવા પણ મંડી જાય છે. પરિણામે, ગામડિયો બાપ પુત્રને ભણાવી, ઉંચી આકૃત માથે હોરે છે. એ શિક્ષિત જવાનને ગામડામાં ગોઠતું નથી. ને શહેરમાં રહે છે ત્યાં નોકરી મળતી નથી, તેથી પેટ પુરવા માટે જોઇતા નાણા માટે બાપ પર નજર નાખે છે અને બાપ ગમે તેમ કરીનેય એ બેકાર બેટાની માંગણી પુરી કરતો જાય છે. એમ ગામડાની દોલત રોજ રોજ શહેરમાં ખેંચાતી જાય છે અને તેને પરિણામે ગામડાં વધુ અને વધુ ભાંગતા જાય છે. પણ જે દેશમાં સાત સાત લાખ ગામડાં હોય તેને આ નાશની નોબત કયાં સુધી જરી ? તારાજીને પંથેજ ને ! તેથી, એ તરફ બેદરકાર રહેવું પાલવે એમ નથી. ગામડાના શિક્ષિત જવાનોને ગામડાંમાં રહેવા લલચાવવા ઉપરાંત ગામડાંને પડી ભાંગતા અટકાવવા વિના છુટકો નથી. આ યોજના એજ સિદ્ધાન્તને યોગ્યજ છે. તે શિક્ષિત નવજવાનોને મનપસંદ એવું ગામ વાતાવરણ ઉભું કરી, તેમને પોતા પ્રત્યે આકર્ષે પણ અને સાથે સાથે તેમની શક્તિયોનો સદુપયોગ કરી, તેમનું પેટ પુરતું કમાતા આપવા ઉપરાંત દેશની દોલત પણ વધારશે.


૨

યોજના

યોજના એ છે કે દેશભરમાં એવી નવીન ઢબની સહકારી સંસ્થા સ્થાપવા, જે ખેતી ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રો ધરાવતા હોય. એટલુંજ નહિ પણ એક હદ લગી આ સંસ્થાનો સ્વાશ્રયી હોય-પોતાની જરૂરતો માટે બહારના મુદલાજ

ન હોય વળી બની શકે તો નિકાસ-વેપાર હાથ ધરી બારના વિદેશમાંથી મળી શકતો લાભ લઈ શકાય.

આવા સંસ્થાનની રૂપરેખા કંઈક આ પ્રમાણે થશે —



સંસ્થાનનો નકશો

દરેક સંસ્થાનનો વિસ્તાર લગભગ ૧૦૧ ચોરસ માઈલ રહેશે એના ચાર વિભાગ થશે જે દરેક વિભાગમાં ૨૪ ગામડાં બનશે અને એમાંના મધ્યમાં એક નાનું શહેર દરેક સંસ્થાનમાં ચારે વિભાગની મધ્યમાં અને મોટું શહેર બનશે જે આ સંસ્થાની રાજધાની રહેશે. (જુઓ ઉપરનો નકશો) દરેક વિભાગનો વિસ્તાર એક ચોરસ માઈલ દરેક ગામમાં આઠ ખેતર રહેશે જેનો દરેકનો વિસ્તાર ૭૫ એકર થશે. એ બે નાનાં શહેર ખેતી-ગૃહો લેબોરેટરીઓ વગેરે કે જ્યાં ખેતીના ઉત્પન્ન વધારવાના તથા ગ્રામોદ્યોગના કેન્દ્રો રહેશે જ્યારે વચલું શહેર આદર્શિક શહેર બનશે જેમાં ખેતીની પેદાશના મધ્યસ્થ કેન્દ્રો ઉપરાંત દરેક પ્રકારના નાના મોટા ઉદ્યોગો કારખાનાં સ્થાપવામાં આવશે.

૩

ગામડાંની રચના

પુરા સંસ્થાની સ્થાપના એકી વેળા કરવી શક્ય નથી સાધ્યતા નાના પાયા પર કરવા આવશ્યક છે કે શરૂઆતમાં એક યા બે નાના ગામો (જેનો વિસ્તાર અનંત એકર યા સંભવિત હોય) બનાવવા અને દરેક ગામમાં ૮૦૦ થી ૧૦૦૦ એકરના બબ્બે અઠંગ મંતર બનાવવા અને એ દરેક ખેત અકસ્માત મેનેજમેન્ટ જવાબદારી સાથે પાંચ સાત માણસોને રાખી ખેતી કરી શકશે અનંત તે ખેતરના નાના નાના ભાગ કરી શકશે નહિ તેમજ કોઈને મેકાર આપી શકશે નહિ તેણે પોતાની દેખરેખ હેઠળ આ ખેતર ખેડવું અને ચલાવી રાખવું જોઈએ.

આ રીતે આ ખેતરના પાંચસો ૬૦૦ એકર જમીન જંગલ માટે રહેવી ૪૦ એકર જમીન માટે ૨૫ એકર જેટલી જમીન હોવાના માણસો જુદી રાખવી અને ૧૫ એકર જમીન રસ્તા બનાવવા માટે વાપરવી.

દરેક ગામમાં આઠ ખેતરોમાં ખેતીના પ્રકારની આવી રીતે સહકારી ધોરણથી કરવામાં આવશે કે જેથી ગામને માટે જોઈતું અનાજ, દૂધ ભાજી ઘાસ વગેરે ત્યાંથી મળી રહે.

૨ ગામ માટે ખેતીના આધુનિક સાધનો વસાવવામાં આવશે આ આઠે ખેતરવાળા ભેગા મળી સહકારી ધોરણે આ લાભ લેશે.

દરેક ગામમાં એક નાની, એક પ્રાથમિક શાળા, નાની લાયબ્રેરી અને એક નહાનું દવાખાનું બનાવવામાં આવશે રહેવાના મકાનો ઉપરાંત એક નાનો બગીચો પણ દરેક ગામમાં

હોવાજ જોઇશે. તંબાકુ, અફીણ, ગાંજા કે દારૂ તાડીની દુકાનો કોઇ પણ સંજોગોમાં આખા સંસ્થાનમાં કયાંય ખોલી શકાશે નહી

દરેક ગામડાની વસ્તી સરેરાસ ૩૨૦ ની રહેશે.

૪

નહાના શહેરો

નહાના શહેરો, ૨૪ ગામોની વચ્ચોવચ્ચ હોય, ગામ—કેન્દ્ર લખાશે, એમાં ખેતીની ઉત્પન્ન વેચાણ–ખરીદ માટે સહકારી મંડલીની એક બાંચ ઉપરાંત યોગ્ય એવા ગૃહઉપયોગોના નહાના નહાના કેન્દ્રસ્થળો પણ હશે, એ સિવાય માધ્યમિક શાળા, ખેતીશાળા. ટપાલ ઓફિસ, કલબ, હોસ્પિટલ, લાયબ્રેરી, બેન્ક શાખા, ઉમદા ડેરી ફાર્મ વિ. હશે. ટુંકમાં એક શહેરની બધી સુરવિયાતો અને ખુસુસીયતો તેમાં હશે—અલબત, નહાના પ્રમાણમાં.

આ નહાના શહેરો અને ૨૪ ગામડા વચ્ચે ઉમદા સડકો બનાવવામાં આવશે, અને મોટર બસની નીયમિત સર્વીસની ગોઠવણ કરવામાં આવશે.

આ શહેરોની વસ્તી લગભગ ૩૦૦૦ શખ્સોની થશે.

૫

મ્હોટું શહેર

મ્હોટું શહેર એટલે સંસ્થાનનું કેન્દ્ર. એ, સંસ્થાનના ચાર વિભાગો એટલે, ૯૬ ગામ અને ૪ નહાના શહેરોની વચ્ચે સ્થપાશે, જેથી સંસ્થાનનો દરેક ભાગ એનો સરખો લાભ લઇ સકે.

આ શહેરના વિસ્તારને બે વિભાગમાં ઉંચી નાખવામાં આવશેઃ (૧) રહેવાનો વિસ્તાર. (૨) કારખાનાનો વિસ્તાર. પહેલા વિસ્તારમાં રહેવાના મકાન, ટેકનિકલ કોલેજ, સંશોધન ખાતું, મ્યુઝિયમ, લાયબ્રેરી, શાળાઓ, હોસ્પિટલ, કલબ બેન્ક, વીમા કમ્પની, રેલ્વે સ્ટેશન વિ. રહેશે.

કારખાનાના વિસ્તારમાં વિજળીક બળ પુરૂં પાડનાર કારખાનાથી લઇને બધા નહાના મ્હોટા ઔદ્યોગિક કારખાના સ્થાપવામાં આવશે. એમાં લોટ દળવાની ઘંટી, બરફ બનાવવાનું કારખાનું, કપડા વણવા મીલો, હોઝિયરીફાર્મ અને શેતરંજી સુથવા તથા સાબુ બનાવવાના કારખાના, છાપખાના અને બીજા ડઝનબંધ પ્રકારના માલ બનાવવાના કારખાના હશે, જે બધા બેશક વિજળીક બળથી ચલાવવામાં આવશે.

આ શહેરની વસ્તી ૧૦,૦૦૦ શખ્સોની હશે.

૬

વસ્તી

આ સંસ્થાનની યોજના અને રચના શિક્ષિત જનોને હામ પાડવાનો મુખ્ય હેતુ ધરાવે છે, તેને લક્ષમાં લઇ, પ્રથમ લાભ એવા જનોને આપવામાં આવશે.

સામટે સરવાળે જોતાં, ખેતર દીઠ એક માલિક, બે મદદનીશો તથા ૫ મજદુરો હોય તો ખેતર દીઠ ૮ શખ્સો થશે હવે જો દરેક શખ્સના કુટુમ્બમાં સરેરાસ ચાર યા પાંચ શખ્સો હોય એમ ગણીએ તો ખેતર દીઠ ૩૨ થી ૪૦ શખ્સો થશે. વળી દરેક ગામમાં ૮ ખેતરો હશે, એની ગણત્રી કરતાં કુલ વસ્તી ૩૨૦ શખ્સોની થશે એમ પુરા સંસ્થાનની વસ્તી આ પ્રમાણે થશેઃ—

ગામ ૯૬ × ૩૨૦ સખ્શો = ૩૦,૧૨૦
નહાનાં શહેર ૪ × ૩,૦૦૦ ,, = ૧૨,૦૦૦
મ્હોટું શેહેર ૧ × ૧૦,૦૦૦ ,, = ૧૦,૦૦૦

સંસ્થાનથી કુલ વસ્તી ૫૨,૧૨૦

(શક્યતાને ધોરણે ગણત્રી કરીએ તો—

ઉચ્ચ તાલીમ પામેલા	૧૨૦
ગ્રેજ્યુએટો	૧૦૦૦
મેટ્રીકયુલેટો	૪૦૦૦
બીજા થોડુ ભણેલાઓ	૧૫,૦૦૦
કુટુમ્બીઓ	૩૨,૦૦૦
	૫૨૧૨૦

આમ ચોરસ માઈલ દીઠ વસ્તી ૪૧૭ સખ્યાની થાય છે. જે મુબઇ જેવા શહેરની ચોરસ માઈલ દીઠ ૬૫૦ સખ્યાની વસ્તીની દ્રષ્ટિએ ૩૩ ઓછી છે છતા સજોગો પ્રમાણે તે હજી ઓછી કરી શકાશે

૭
પુંજી અને આવક

દરેક સામાન્ય કામ શરૂ કરવા માટે પુંજી જોઇએ, તો પછી આવુ મોટુ કામ ઉપાડવા

બાગ બગીચાવાલાઓને ખાસ ઉપયોગી

સુંદર પાકને જંતુઓથી બચાવનાર એ ફિ સો લ જીવાત માટેની પહેલ વહેલી દવા

સુંદર પાક ખેતરમાં ઉભરાવનો હોય સેં ગ રા લ ખાતરનો ઉપયોગ કરો

અમારૂં પ્રાઇસલીસ્ટ મંગાવો

—: લખો યા મળો :—

ધી બોમ્બે સીડસ સપ્લાઇ કું.

બીયાંનાં વેપારી

રાણીના બાગ સામે, ભાયકલા, મુંબઇ

માટે તે કેમ ન જોઈએ ? પશુ આ માટે એકલી પુંજીજ નહિ, માનવ-પગનોય ખપ છે. એકલી દોલત એવું સંસ્થાન સર્જી ભલે શકે. નભાવી નહિજ શકે.

સહકારી દ્રષ્ટિએ પુજી મેળવવાની યોજના એ છે કે સસ્થાનમાં વસવા ચાહતા અને ખેતર લેવા માગતા તથા તેમાં મદદનીશ તથા મજદુરો પ્રમાણે કામ કરવા ઇચ્છતા દરેક પાસેથી અમુક પ્રમાણમા પૈસા લેવાય, એટલુજ નહિ બલ્કે આગળ જતા સંસ્થાનના વિકાસમાં પૈસાનો સવાલ આડે ન આવે તે માટે દરેક કમાતો શખસ પોતાની કમાણીનો અમુક ટકા ભાગ સંસ્થાનને ભરતો જાય એ રકમ દ્વારા સંસ્થાન વિકસતુ જાય અને તે દ્વારા દરેક શખસ અને તેના કુટુબને બની શકે તેટલા વધુ લાભો પહોચાડે

પુંજીનો અંદાઝ

૧૨૦ ઉચ્ચ તાલીમ પામેના દીઠ ૨૫૦૦ રૂપીયા લેખે	૩૦૦,૦૦૦
૧૦૦૦ ગ્રેજ્યુએટો દીઠ રૂપીયા ૧૦૦૦ લેખે	૧૦,૦૦,૦૦૦
૪૦૦૦ મેટ્રીકયુલેટો દીઠ ૨૫૦ રૂપિયા લેખે	૧૦,૦૦,૦૦૦
૧૫,૦૦૦ બીજા થોડુક ભણેલાઓ દીઠ ૧૦૦ રૂપિયા લેખે	૧૫૦૦,૦૦૦
મુળ પુજી રૂપિયા	૩૮,૦૦,૦૦૦

આમ મૂળ પુંજી રૂા. ૩૮,૦૦,૦૦૦ થાય એ સિવાય સંસ્થાનના વસનારાઓ જે કમાતા જાય તેમાથી અમુક ભાગ સંસ્થાનને આપતા જાય તો ચાલુ આવક થતી રહે અને સંસ્થાનના વિકાસમાં નડતર નડે નહિ દાખલા રૂપે—

૧૨૦ ઉચ્ચ તાલીમ પામેના માસિક રૂા. ૨૫૦ કમાવે તો	૩૦,૦૦૦

૧૦૦૦ ગ્રેજ્યુએટો માસિક રૂા

૧૦૦ કમાવે તો રૂા. ૧,૦૦,૦૦૦

૪૦૦૦ મેટ્રીકયુલેટો માસિક રૂા.

૫૦ કમાવે તો રૂા. ૨,૦૦,૦૦૦

૧૫,૦૦૦ થોડુક ભણેલાઓમાંથી

૪૦૦૦ જણ માસિક રૂા. ૨૫

કમાવે તો રૂા. ૧,૦૦,૦૦૦

૫૦૦૦ જણ માસિક રૂા. ૨૦

કમાવે તો રૂા. ૧,૦૦,૦૦૦

૬૦૦૦ જણ માસિક રૂા. ૧૭

કમાવે તો રૂા. ૧,૦૨ ૦૦૦

કુલ માસિક આવક રૂા. ૬,૩૨,૦૦૦

આમ માસિક આવક રૂા. ૬,૩૨,૦૦૦ લેખે વાર્ષિક આવક રૂા. ૭૫,૮૪,૦૦૦ થાય. હવે એ આવકમાંથી—

રૂા ૬૩ ૨૫ ટકા સંસ્થાનને અપાય તો રૂ. ૧,૮૯ ૬૦૦

„ ૫ „ „ „ રૂા. ૩,૭૯,૨૦૦

„ ૭૫ „ „ „ રૂા. ૫,૬૮,૮૦૦

„ ૧૦ „ „ „ રૂા ૭,૫૮,૪૦૦

„ ૧૨૫ „ „ „ રૂા. ૯,૪૮,૦૦૦

સંસ્થાનને મળી રહે અને જેવા નાના મોટા પાયા પર કામ કરવું હોય તેમ કરી શકાય.

રૂા. ૬,૩૨,૦૦૦ની માસિક આવકને સંસ્થાનની ૫૨,૧૨૦ની વસ્તીના માથા દીઠ ફાલરીએ તો માથા દીઠ માસિક આવક રૂા ૧૨ થશે, જે આપણા હિન્દની ગરીબાઇને લક્ષમાં રાખતાં મુનાસિબ છે. જો કે આગળ જતાં તે રૂા ૧૫ યા ૧૬ જેટલી વધી શકે છે.

૮

શરૂઆત અને વહીવટ

આ સંસ્થાનનો વહીવટ સંસ્થાન નિવાસીઓના ચુંટેલા પ્રતિનીધિઓ દ્વારા થશે, જો કે આખા સંસ્થાનનો એક કાયમ પ્રમુખ રહેશે, જેથી સંસ્થાનના વિકાસ કાર્યમાં વારંવાર બદલાતા પ્રમુખો અને તેમની યોજનાઓ દ્વારા અંતરાયો ન નડે.

શરૂઆત નાના પર એક ગામથી થાય તો તેને માટે—

૮ ગ્રેજ્યુએટો

૩૨ મેટ્રીકયુલેટો

૧૨૦ બીજા થોડુંક ભણેલાઓ

મળી કુલ ૧૬૦ જણ જોઇએ. (કુટુંબીઓ જુદા) તેથી, શરૂઆતની પુંજી આટલી થવા જશે:-

આજના વિજ્ઞાનના જમાનામાં શું હજુ તમે વિમો નથી ઉતરાવ્યો?

★

લાગવગવાળા અને પ્રમાણીક એજન્ટોને નફાકારક શરતો મળે છે.

★

આજજ તમારો વિમો ઉતરાવો.

જીંદગીના વીમાની સધ્ધર સ્વદેશી કંપની

ઇસ્ટ એન્ડ વેસ્ટ

ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડ.

(સ્થાપના ૧૯૧૩)

હેડ ઓફીસ } ઇસ્ટ એન્ડ વેસ્ટ બિલ્ડીંગ એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ

ગ્રેજ્યુએટો ૮ × ૩। ૧૦૦૦ ૩। ૮૦૦૦
મેટ્રીકયુલેટો ૩૨ × ૩। ૨૫૦ ૩। ૮૦૦૦
બીનઓ ૧૨૦ × ૩। ૧૦૦ ૩। ૧૨૦૦૦

૩। ૨૮૦૦૦

અને એમની માસિક આવકની ગણત્રી કરીએ તો–

૮	ગ્રેજ્યુએટો	×	૩। ૧૦૦	૩। ૮૦૦૦
૩૨	મેટ્રીકયુલેટો	×	૩। ૫૦	૩। ૮૦૦
૧૨૦	બીનઓ	×	સવૈયારા	
			૩। ૨૦	૩। ૨૪૦૦

૩। ૩૨૦૦

આમ માસિક ૩ ૩૨૦૦ એટલે વર્ષના ૩ ૩૮,૪૦૦ થાય એ આવકમાથી સસ્થાન–ફાળાનો હિસાબ કાઢીએ તો—

૨॥	ટકા	લેખે	૩।	૮૦૦
૫	,,	,,	,,	૧,૯૨૦
૭॥	,,	,	,,	૨,૮૮૦
૧૦	,,	,,	,,	૩૮૪૦
૧૨॥	,,		,,	૪,૮૦૦

થાય આ ફાળો આકરો લાગે તો ૮ ટકાવારી વધારીને યા ઓછુ વધતુ કમાનારાઓ પાસથી ઓછા વધતા હિસાબે ફાળો લઈને તેમા હજુ થોડોક વધારો કરી શકાય છે

૯
ઉપસંહાર

આ યોજના સહકારી યોજના છે. કાગળ પર તે ભલે ખૂબ નફાવત ન લાગે, સહકારી દ્રષ્ટિએ કેવળ નફાવત નહિ, મેકારી નિવારણનો અકસીર ઇલાજ ધરાવે છે

સસ્થાન માટેની જમીન સરકાર પાસેથી મુફત મેળવવી જોઇશે સાથે વાર્ષિક આ ૮ પણ મેળવી શકાશે, જો પુરતી મદિશ કરાય તો.

બેતરો સંસ્થાનવાસીઓને ભાડે આપાશે વેચાતા નહિજ. તેમને તેમની ઉપન્નના પ્રમાણમા મહસૂલ આપવું જોઇશે, પણ શરૂઆતના બે ત્રણ–ચાર વધારેમા વધારે પાચ વર્ષ લગી મહસૂલ માફ કરી શકાશે, જેથી તેમને પગ ભર થવાની તક મળે

સસ્થાન માટે જોઇતા પૈસા પુછી રૂપે, વાર્ષિક યા માસિક ફાળા રૂપે તેમજ જરૂરત હોય તો વ્યાજ વિનાની યા તો નજીવા વ્યાજની લોન રૂપે લઇ શકાશે

સંસ્થાનની રચનાના કામમા સસ્થાનવાસીઓનો સહકાર લેવો શે બેતરના ક્યારા પાડવા, મકાન અને રસ્તા બાધવા, મકાનનો બંદોબસ્ત વિગેરે કામોમા દરેક સંસ્થાનવાસીએ સહકાર આપવો પડશે એમ સાધનરૂપ પરજ આ સંસ્થાનનો પાયો નખાશે.

સસ્થાન માટે દાન તરીકે રકમો મળે તેમ ઇચ્છવું શકાશે બાગા, હોસ્પીટલ વિગેરે માટે ખાટો પણ વેચી જોઇશે

સસ્થાનમા જાયકના રહેવાણની પરવાનગી આ સહકારી યોજનામા શામિલ થનારાઓનેજ અપાશે. બીનઓ પ્રેક્ષક તરીકે આવી અમુક મુદત રહી જોઇ શકશે કાયમી વસવાટ નહિં કરી શકે

સસ્થાનમા રાજકીય યા બીજી ચળવળોને છેડવામા નહિ આવે. કેવળ સંસ્થાનિક વિકાસ અને ઔદ્યોગિક હેતુ રહેશે.

—કમર—

સાત હજાર માઇલ લાંબી અને બાર માઇલ ઉંડી— દુનિયામાં સૌથી મ્હોટી ગણાતી નહેરનો પરિચય

આપણા દેશમાં પણ કેટલીએ એવી આશ્ચર્યભરી વસ્તુઓ પડી છે કે તેનો આપણને પોતાને ભાગ્યેજ ખ્યાલ હોય છે. ગંગા નહેર દુનીયામાં સઉથી મ્હોટી નહેર છે. આ નહેરની અપૂર્વ ઇજનેરી રચનાનો ખ્યાલ આ લેખમાં આપવામાં આવ્યો છે તે હિન્દની એક અનોખી નહેરનો સરસ પરિચય છે.

———:(o):———

બંને બાજુની ગીરીમાળાથી ઘેરાએલી ગંગા નદી જે સ્થળે પર્વતમાળા છોડીને નીચે મેદાનમાં મંથર નદિ મજવની વહે છે, તે સ્થળનું દ્રશ્ય દુનીયામાં સઉથી શ્રેષ્ઠ છે. આ જળ માનવીને શુધ્ધ કરે છે એમ ભકતો માને છે. આ નવજીવન દાતા છે એમ એકુતો જાણે છે.

આ સ્થળેથી રચાએલી બે ગંગા નહેરો દુનીયાભરમાં સઉથી મોટી નહેર છે. ઉપરની નહેર અને નીચેની નહેર એવા તેનાં બે ભાગ પાડેલા છે. આ નહેરની લંબાઇ ૬૬૬૬ માઇલની છે તથા ૨૫,૦૦,૦૦૦ એકર જમીનને તે જળ પુરૂ પાડે છે આ નહેરો બાંધતાં ૮ કરોડ ને ૬૭ લાખ રૂપીયા ખચ થયું હતું ને તે નહેરને પરીણામે ખર્ચ તથા વ્યાજ બાદ જતાં વધેલી આવક ૧૫ કરોડ ૪૦ લાખની થવા જાય છે.

એક સેકંડમાં

ઉત્તર હીંદમાં પહેલવહેલી એ માનવકૃત નહેર છે ને તે નહેરનું પાણી હરદ્વાર ખાતેની ગંગામાંથી મેળવામાં આવે છે. આ સ્થળે ગંગા પર્વતો વટીને મેદાનમાં વહે છે. પહેલાં તો આ નહેર દર સેકંડે ૬૭૫૦ ઘનફીટ પાણી લઇ જાય તેવી યોજના થઇ હતી, પણ તેની પ૮૦૦૦ ઘનફીટ પાણી લઇ જવાની શકતી છે. મથાળે તેની પહોળાઇ ૨૦૦ ફીટ છે તથા ઉંડાઇ ૧૧ ફીટ છે.

જ્યારે ઉપરની નહેર પ્રથમ રચાઇ હતી ત્યારે ગંગાનાં જળ તેમાં વાળવા માટે કોઇ કાયમી બંધ બાંધવામાં આવ્યો નહતો. નદીના પાણી બાજુએ હરદ્વાર શહેરની સામેથી એક કુદરતી નહેર હતી ને કામચલાઉ અડચણો ઉભી કરીને આખા શીયાળાનાં પાણીઓ નહેરમાં લઇ જવાનું શકય હતું.

જુની પધ્ધતિ

નદીમાં જે બંધ બંધાતો તેનો લાકડાના પાટીયાઓ ને કટકાઓ વચ્ચે પત્થરો મુકીને તેની આગળ ઘાસ તથા સાદડીઓ ગોઠવાતી. ૫૦ વર્ષ સુધી પાણી વાળવા માટે આજ પધ્ધતી અમલમાં હતી.

આવા બંધો બાંધવા માટે હરદ્વારમાં બધી જાતની સગવડ હતી. કારણકે ત્યાં પત્થરો ને લાકડું પુષ્કળ મળતું, તથા આ કામ માટે રોકેલા માણસો તેવા કામમાં નીષ્ણાત હતા. આ જાતનો બંધ બાંધવાનું કામ કાંઇ જેવુ તેવું ન હતું. કારણ કે લગભગ પા માઇલ લાંબા આ બંધ ૧૮ થી ૨૦ ફીટ ઉંડા ને જોશબંધ વહેતા પાણીમાં બાંધવા પડતા હતા. પરંતુ આ જાતની

ગેરવણો સામે ગંભીર વાંધા હતા કારણકે દર વર્ષે પુર આવતા આ બધ ધોવાઈ જતા ને તેથી દર વખતે તેને નવાને નવા બાંધવા પડતા ને સપ્ટેમ્બરમા નદીનાં પાણી નીચા ઉતરે ત્યા સુધી નવો બંધ બાંધવાનુ કામ શરૂ થઇ શકતુ નહી તથા આવો બંધ બાંધતા છ અઠવાડીયા તો તો નીકળી જતા એટલે શીયાળાના પ્રારંભમા એવો પણ સમય આવતો કે જયારે નહેરને પાણીની જરૂર હોય છતાં તેને પાણી મળે તેવા સંજોગ થઇ શકે નહી ને આમ રીતે બંધ બંધાઇ ગયા પછી પણ તેમા ભંગાણ પડવાનો ભય રહેતો ને જ્યારે બંધ નહેતા પાણી સામે એ ભાગવા બંધને સુધારવાનુ કાર્ય તો ખૂબજ મુશ્કેલી ભર્યું હતુ વળી કોઇ વખતે અચાનક વહેતા પુર આવતા બધા બંધો ધોવાઇ જતા ને પાણી નકામુ જતુ ને જેમ જેમ ગંગા નહેરના પાણીની માગણી વધવા લાગી તમ તેમ તે પાણી વળી શકે તેવી મોટી યોજનાની જરૂરીયાત ખુબ જણાવા લાગી

નવો બંધ

હવે અગે જુની પધ્ધતી દુર કરેલ છે ને નવા કાયમી બંધો બંધાયા છે નવો બંધ ૧૮૦૦ ફીટ લાંબો છે આ બંધમા છ ફીટ ઉંચા બારણાંઓ ને માગ નીચે નાનકડી છ બારીઓ છે ઉપર એક પુલ છે જેની ૨૦ ફીટ લાંબી એક એવા ૨૩ કમાનો છે તે ઉપરાંત નદીના જમણા કાંઠે નવ માઇલની લંબાઇમા પત્થરની ગોઠવણ છે

જે સ્થળેથી આ નહેર નદીથી જુદી પડે છે ત્યાંથી ૨૦ માઇલ સુધીની રચના દુનીયાભરમા સહુથી શ્રેષ્ઠ ઇજનેરી કળા ગણાય છે આ માર્ગમા કેટલેક સ્થળે નહેર આસપાસના પ્રદેશ કરતા નીચી છે ને કેટલાક સ્થળે ઉંચી છે આ માર્ગમા ચાર મોટા ઝરણાઓ તેને ચટાડવા પડે છે જ્યારે કેટલાક નદીના ઝરણાઓને તે ભેળવી દેવામા આવ્યા છે ને અહી જમીન ઓછમ ગોઠવવાની હોઇને ૨૦ માઈલની લંબાઇ નહેરને ૩૦ ફીટ નીચી લઇ જવી પડે છે

નહેર પરથી નદી

૧૨ માઈલ સુધી નહેર ઉંડી છે છઠ્ઠે મા નહેરને રાનીપુરની નદી મળે છે ને તે નહેરની ઉપર પાકુ બાંધકામ કરીને ઘસડવા આવે છે તેની પહોળાઇ ૨૦૦ ફીટ છે ત ઉંડાઇ ૧૪ ફીટ છે ને આ સ્થળે નહેરને ૮૬ ઉંડી ઉતારવામા આવે છે આઠમા માઈલ પણ આવીજ ગોઠવણ છે ને દશમા માઇલ પાથરી નદીને નહેરની ઉપર થઇને લઇ જવામા આવે છે તેની પહોળાઇ ૩૦૦ ફીટની છે ઉંડાઇ ૧૪ ફીટની છે આ નદીઓમા ભા પુર આવે છે ત્યારે ભારે દબાણનો સામને કરવો પડે છે ૧૩મા માઇલ પર શનમા નદીને નહેરમા ભેળવી દેવામા આવે છે અ સામેના કાંઠેથી પુન આગળ વહેવ દેવામા આવે છે આ માટે ૧૦ ફીટની લંબાઇવાળા ૫૦ કમાનોનો એક પુલ છે અને ત્યા ઉંડાઇવાશ થઇ શકે તેમા બારણા છે. ને જ્યારે પુર આવ્યુ હોય ત્યારે વધારાનુ પાણી નહેરમા ન જાય તે માટે ૨૦ ફીટ લંબાઇની ૧૦ કમાનોવાળો એક બંધ પાણીને અટકાવે છે

અદ્‌ભુત જળમાર્ગ

૧૮ મા માઇલે આલોનીનો જળમાર્ગ આવે છે જે આખી નહેરમા સહુથી મુશ્કેલ છે આ જળમાર્ગ દરેક ૫૦ ફીટ લાંબી એવી ૧૧ કમાનોનો બનેલો છે ને જમીથી પથરના થાભલા પર તેને ટેકવવામા આવેલ છે સોનાની નદીની ઉપર થઇને આ નહેરને લઇ જવામા આવી છે નદી પર નહેરને લઈ જનાર બાંધકામ ૧૦ ફીટ

ઉંડુ ને ૧૬૪ ફીટ પહોળું છે તે ઉપરંત તેની બંને બાજુ જવા આવવાના માર્ગો છે. અહીંથી આગળ ખીણમાં જતી નહેરની બન્ને બાજુ ૩૬ ફીટ ઉંચાઇના સવા બે માઇલ સુધીના મારીના કોટ બાંધેલા છે. જ્યારે નહેરના પાણીની બન્ને બાજુ પત્થરનું બાંધકામ પણ માઇલ સુધીનું લંબાઇનું છે. આજની ઇજનેરી સીધ્ધીઓ લક્ષમાં લઇએ તો પણ શોલાનાનો બંધ દુનીયામાં રચાએલ કોઇપણ નહેરમાં સહુથી અદભુત છે.

પરંતુ ગંગા નહેરની રચના બધી રીતે સંપુર્ણ છે એમ કહી શકાય છે જ્યારે તે પહેલ વહેલી સરજાઇ ત્યારે જણાયુ હતું કે તેમાં કટલી ગંભીર ભુલો છે. કટલેક સ્થળે નીચેનો ઢોળાવ વધુ પડતો હતો ને તેથી જળનો ધોધ વધુ ગતીમાં પડતો હોઇને નહેરના કાંઠા તથા નીચેની જમીનને ખૂબ નુકશાન થતું. તે ઉપરાંત મુખ્ય નહેરની સાથે જોડાયલી શાખાઓની યોજના પણ આજની આધુનીક યોજનાઓ કરતાં ઉતરતી પંકતીની હતી. આ દોષો નીવારતા પહેલાં ઘણો ફેરફાર જરૂરી હતો, પરંતુ બીજી બાબતોમાં તો આ નહેર પહેલાંના જેવી છે.

એ યાદ રાખવામાં આવે કે જ્યારે આ નહેર રચાઇ ત્યારે કૃત્રીમ નહેરો બનાવવાનો અનુભવ કોઇને હતો નહિં. તે જોતાં જે ભુલ થઇ તે નજીવી હતી. ત્યારે એ વખતના જ્ઞાનની રહીતી જોતાં આવી નહેરની રચના અદભુત હતી.

૧૮૦ વર્ષ પહેલાં

આ નહેરની કલ્પના કર્નલ પ્રોવીલ થોમસ નામના માણસે કરી હતી ૧૮૩૬ ની સાલમાં તેની પ્રાથમીક સર્વે થઇ હતી ૧૮૪૦ માં પહેલી યોજના રજુ થઇ ને ૧૮૪૨ માં ખોદકામ શરૂ થયું, પરતુ તે વખતે ચાલતાં યુધ્ધોને કારણે આનું બાંધકામ ઢીલમાં પડયું, પરતુ અંતે ૧૮૫૯ માં આ નહેર પહેલવહેલી શરૂ થઇ. જો કે તે વખતે પણ તેની શાખાઓનું ઘણું કામ બાકી હતુ. ૧૮૬૧-૬૨ માં નહેરનું કાર્ય પુરૂં થયું ને તે વખતના દુષ્કાળમાં આ નહેર તેની પુર્ણ શકતી જેટલું પાણી પુરૂં પાડયુ હતું. તે પછીથી આજ સુધીમાં ઘણા સુધારા વધારા થયા છે.

૧૮૭૮ માં નીચલી ગંગાનહેર ખુલ્લી મુકવામાં આવી હતી તે ગંગા જમુના વચ્ચેનાં પ્રદેશને પાણી પુરૂં પાડવા રચી હતી. આ નીચલી નહેર ઉપલી નહેરની બે શાખા ઉઠાવતા તથા કાનપુર શાખાઓને જોડીને જતી હતી.

સહુથી મોટી

ઉપલી મુખ્ય નહેર ૫૬૮ માઇલ લાંબી છે ને તેની શાખાઓની લંબાઇ ૩૯૫૪ માઇલ છે. ૧૯૩૧ માં આ નહેર દ્વારા ૧૪,૨૦,૦૦૦ એકર જમીનને પાણી મળ્યું હતું ને ૪ કરોડ ૪૬ લાખની રોકાએલી મુડી પર ૧૨.૭૫ ટકાનું વળતર મળ્યું હતું.

વહીવટ કાર્ય માટે ઉપલી અને નીચલી ગંગા નહેરો તદન જુદી ગણાય છે. છતાં ખરી રીતે તો એ યોજના તે આખી એકજ છે. આજે આ નહેરો દુનીયામાં સહુથી મોટી છે ને તે પછી બંધાએલી ઘણી નહેરોને અનુકરણરૂપ થઇ પડેલ છે.

(જન્મભુમિ)

તમોને નહિ તો તમારા પાડોશીઓને જરૂરી ઉપયોગી.

જરાયત અને બાગાયતના પુસ્તકો.

ગુજરાતી

૧ બાગબગીચા	૧-૮-૦
૨ ખેતીવાડી પાઠમાળા ભાગ ૧ તથા ૨ જો	૨-૦-૦
૩ ગુલાબનો બગીચો	૦-૪-૦
૪ રેવન્યુ અને ખેતીવાડીની આબાદી	૧-૪-૦
૫ ખેતીના ધંધામાંથી પૈસા કમાવાની કુંચી	૧-૮-૦
૬ ગાય-ભેંસ-ઘોડા, ઉછેરવાની રીત	૧-૮-૦
૭ હિન્દની જગાયત ખેતી	૨-૦-૦
૮ બગીચાનું પુસ્તક	૨-૮-૦
૯ માળીનો ભોમીયો	૨-૦-૦
૧૦ કપાસ ૧ લો ભાગ	૧-૦-૦
૧૧ ,, ભાગ ૨ જો	૧-૪-૦
૧૨ ફળવાડીની ખીલવણી	૦-૧૨-૦
૧૩ ગૌ સંવર્ધન	૨-૦-૦
૧૪ ઢોરોનો વૈદ	૧-૦-૦
૧૫ દ્રાક્ષનુ વાવેતર	૦-૧૦-૦
૧૬ વનસ્પતિની વાતો	૦-૬-૦
૧૭ ગુજરાતનો ફુલબાગ	૦-૮-૦
૧૮ ખેતીવાડીના મુળતત્વો.	૦-૬-૦
૧૯ ફુલવાડીની ખીલવણી	૦-૧૨-૦
૨૦ સોયાબીન્સ	૩-૦-૦

હિન્દી

૧ કૃષિ-કૌમુદી	૧-૪-૦
૨ ભારતીય કૃષિવિકાશ	૨-૪-૦
૩ ખાદ	૧-૪-૦
૪ ખાદનો ઉપયોગ	૦-૧૫-૦
૫ ઘરના બાગવન	૦-૮-૦
૬ કીસાનકી કામધેનું	૦-૫-૦
૭ કૃષિ-મિત્ર	૦-૫-૦

મરાઠી

૧ અમચી શેતી	૩-૦-૦
૨ ખેતી સંબંધી ઉપયોગી માહિતી	૩-૦-૦
૩ કૃષિશાસ્ત્ર	૦-૧૦-૦
૪ કોબીચી લાગવડ	૦-૬-૦
૫ ગોબી ફ્લાવરચી લાગવડ	૦-૬-૦
૬ ટોમેટાચી લાગવડ	૦-૮-૦
૭ શાકભાજ્યા બેણા	૧-૦-૦

આ શિવાય બીજા કોઈપણ પુસ્તકની જરૂરીઆત હોય તો લખો. અમો તપાસ કરી તમને જણાવીશું યા મોકલી આપશું.

xxxxx xxxxx xxxxx

ઉપરના દરેક માટે લખો:-

આર રોય એન્ડ કું.

પબ્લિશર્સ અને કમીશન એજન્ટસ

૨૦૮-૧૦, ખેતવાડી મેઇનરોડ, મુંબઇ ૪.

" ભારતનો ઉધ્ધાર નિચલા થરને હાથેજ છે. દારૂના દૈત્યને જલાવી દીધા સીવાય દેશની ઉન્નતી નથી—નથીજ..."

ના૦ મુનશીની મક્કમ ઘોષણા

ભારતના મુઠીભર વિરોધીઓને અમદાવાદના અને મુબઇના કામદારોના રહેકાણ અને નવ-જીવનમાં ડોકાઉં કરવાની જરૂર છે.....

વંદન હો ના૦ ગીલ્ડરને

પ્રજાને નિર્જીવ અને નિર્માલ્ય બનાવી દેવાને માટે જગતના માણસોએ ચિનને અફીણ આપ્યું, જ્યારે ભારત વર્ષને દારૂ આપ્યો, પીઓ–ધરાઇને પીઓ–બાકીનું અમો સંભાળી લઇશું, એ હિસાબે આજે ભારતના એક ખૂણાથી બીજા ખુણા સુધી દારૂનાં પીઠાં ઉભાં થયા છે, અને તેનો લાભ–અલાભ–ભારતનાં કચરાએલાં મનુષ્યો લઇ રહ્યાં છે. ભારતનો યા તો જગતનો ઉધ્ધાર ઉપલા વર્ગમાંથી નહિ પણ નીચલા વર્ગમાંથી થવાનો છે. જગત સમક્ષ આજે એજ પ્રશ્ન ઉભો છે. જગતમાં જ્યાં જુઓ ત્યાં તે લક્ષે પક્ષી ગમે તેવો જબ્બર દેશ હોય પણ તેનો મુખ્ય આધાર નિચલા વર્ગ પર છે, ધારો કે આવતી કાલે યુધ્ધની નોબતો ગડગડે, સાવધાન! તૈયારનાં રણશિંગડાં–ભુંગળો ફુકાય, ત્યારે માલેતુજારો, મહા–અધિકારીઓ ઉભા નહી થવાના પણ સૈનીકોજ અગ્ર ભાગ ભજવવાના! પણ એ સૈનિકો કોણ છે? એ પોતાના રાષ્ટ્ર માટે માથાં કપાવનાર, પોતાનાં લોહીની નદીઓ વહેવરાવનાર અને એક મનુષ્ય હોવા છતાં સામે તેના જેવોજ યા જેવાજ મનુષ્યોનાં લોહીની નદીઓ વહેવરાવનાર સૈનીકો પણ નિચલા થરના મનુષ્યો છે. આ નીચલા થરના મનુષ્યો પર સારાએ રાષ્ટ્રનો આધાર છે, એટલેજ રાજ કરવા માટે યા તો પોતાના સ્વાર્થ પુરો પાડવા માટે માણસને એકાદ વ્યસન લગાડવાની જરૂર છે જ. અને એ હિસાબે હિન્દને દારૂની નવાજેશ આપવામાં આવી હતી, આજે કેટલાકો એમ કહે છે કે દારૂ–યા–તાડી યા એવું કોઇ વ્યસની પીણું પીવાથી થાકેલા માણસોનો થાક ઉતરી જાય છે ને એટલા માટેજ કામદારો, કારીગરો વિગેરેને એના સિવાય ચાલતુંજ નથી. આ બધી વાતો વાહિયાત છે, ટેવ પાડો તેવી પડે છે. વ્યસનીઓ જ્યારે પોતાની જાતનો ઉધ્ધાર કરી શકતા નથી, ત્યારે રાષ્ટ્રનો તો ઉધ્ધાર કયાંથી અને કેવી રીતે કરવાના હતા? એટલે આ બદી જલ્દી જ જોઇએ, અને એ મહાન આશયને ધ્યાનમાં લઇને મહાસભાવાદી સરકાર બને તેટલા પ્રમાણમાં આ દારૂના દૈત્યને ભારતમાંથી હાંકી કાઢવા માગે છે, જનતા સમજે છે કે આ મુજબ થવુંજ જોઇએ. મુઠીભર મનુષ્યો કે જેઓનો સ્વાર્થ ખોરવાઇ જાય છે, તેવાઓ વિરોધ કરતા હોવાથી આ શુભ કામ અટકી જવાનું નથી કેટલાક શંકા કરે છે જે કાર્ય અમેરિકાથી ન બની શકયું તે હિન્દમાં કેવી રીતે બનશે, તો તેનો જવાબ ફકત એટલજ છે, તે એજ કે અમેરિકનોને તો ત્યાંની આબોહવાના હિસાબે દારૂ પીવાની જરૂર છે. જે હિન્દને નથી, તેઓ તેના સિવાય ચલાવી શકે નહિ ત્યારે હિન્દ તેના સિવાય જરૂર ચલાવી શકે; તેઓને આ વ્યસન વારસામાં મળ્યું છે, જ્યારે હિન્દના

માથા પર તો મારી હોકાને હસાવી દેવામાં આવેલ છે, એટલે આ હિસાબે હિન્દની અંદર દારૂના બહિષ્કાર સફળ થવાનો, મુંબઇ સરકારના માનિય પ્રધાનો ના. મુનશી, ના મોરારજીભાઇ ના લાડકે અને ના ગીલ્ડરના હીમ્મતભર્યા પ્રયાસને વધાવી લેવાનો આવશ્યકતા નથી જણાતી વદન હો એવા એ વિરલાઓને, એઓની ખરી મકકમતાને, એઓના મકકમ શબ્દોને અમારા મસ્તક નમે છે, અને જો આજ મુજબ વિરોધ–કે જે બહુજ નાના પ્રમાણમા છે તેનો–ના નગણકારતા આગળ ચલાવે રાખવામા આવશે તો જરૂર સફળતા સામી દેખાય છે "કોઇ પણ જાતનો મોટો વિરોધ, કોઇ પણ જાતના મોટા દેખાવો, કોઈ પણ જાતની મોટી દમદાટી અમોને અમારા કાર્યમાંથી ચલિત નહી કરે, અમો કોઇ પણ હિસાબે અને જોખમે અમારૂ કાર્ય પાર પાડીશું અમારા જાન સુધ્ધાત ખપી જશે તેની પરવા નહિ પણ હાથમા લીધેલ આ શુભ કાર્ય અમો પ્રાણાન્તે પણ મુકી દેવાના નથી. તે નથીજ" આ મકકમ શબ્દો કાર્યની સફળતા શું નથી બતાવતા? તપાસ કરો અમદાવાદમા, જ્યા મિલ વિસ્તારમા મોટો તો મારો, આ શુભ કાર્યના મોટા વિરોધીઓ જે જગ્યા ખાવા ધાતી હતી ત્યા આજે નદનવન લાગે છે, જ્યા જતા નાક આગળ રૂમાલ ધરવો પડતો હતો ત્યા આજે પહેલા જેવી દુર્ગંધ નથી આવતી કામદારો હાડપીંજર જેવા દેખાતા હતા તેનામા આજે કાંઇક લાલી આવી છે કામદારોના ઘરમા હાલ્લા કુસ્તી કરતા હતા ત્યા આજે મારીના નહિ પણ ત્રાંબા–પીત્તળના વાસણો આયના જેવા ઝગઝગાટ મારતા તેમની નાની ઉપવનવાડીકામા નજરે ચઢે છે. કામદારોના અંગ પરના જે ભુતડાગમા કાળી શાહી જેવા કાળા અને ફાટલા તુટના હતા તેની જગ્યા એને સફેદ, સ્વચ્છ અને શરીરના શણગાર રૂપ પોશાક કામદારના અંગ પર નજરે ચઢે છે, જ્યા જે ચાલીઓમા કામદાર તેની એ રતબ્રાવ બચ્ચાઓ દારૂ–તાડી પીને કલેશ કંકાશ કરતો હતો, એવી એક પણ રાત્રી નહિ વિતાવી હોય કે તેઓની ચાલીઓમા, ખોલીઓમા કલેશનું વાતાવરણ નહિ જન્મ્યું હોય ! ત્યા આજે શાન્તીનુ સામ્રાજ્ય સ્થાપાઇ ગયુ છે. અમદાવાદના નાના વેપારીઓને પુછો કે ગઇ કાલના કરતા કેટલા વધુ પ્રમાણમા તમારે ત્યા કામદારે ઘરાકો આવે છે, આ છે દારૂબંધીના ચોખ્ખા ફળો. આ છે તેની ઉજ્જવળા આ છે તેના લાભો, હિન્દને પરતંત્રતાની ઝુંસરીમા જકડી રાખનાર એ દારૂના દૂષણને હાકી કાઢવાના પ્રયત્નો કરનાર મહાનુભાવોને માગ લક્ષમણના વદન હો ! વદન હજો ! એ મહાનુભાવોને કે, જેઓ પોતાના દેશબંધુઓને આ વ્યસનથી છોડાવી શકયા છે

મુંબઇની વિરાટ માનવ મેદનીએ સાથ આપી તા ૧લી ઓગષ્ટના રોજે બતાવી આપ્યુ હતું કે તે વિરાટ માનવ મેદની દારૂબંધીના શુભ કાર્યમા પોતાનો પુરો સાથ આપે છે

મફત

કિસાન માસિક મફત મેળવવાની યોજના વાંચો અને તમારા મિત્રોને વંચાવો

★

દશ રૂપિયાનો માલ

ફકત ખાતર, બીયાં વિગેરે

કોઇ પણ જાતનો

રૂા. ૧૦નો માલ ખરિદનારને "કિસાન માસિક" એક વર્ષ માટે મફત મોકલી આપવામાં આવશે નોંધીલ્યો —

આજેજ લખો

ખેડુત મિન્ટરી

૨૨ મી ઝવેરી

મુંબઇ ૪.

વરસાદનાં રીસામણાં-મનામણાં

(લેખકઃ—શ્રી૦ પદ્મનાભ શાસ્ત્રી)

—(૦)—

ઇંદ્રપૂજા બંધ કરી ગોવર્ધન પૂજનનો આરંભ કર્યો ત્યારે ઇંદ્રરાજાએ રીસામણાં લીધાં અને મૂસળધાર વરસાદ મોકલી ગોકુળને બોળી દેવા જબરદસ્ત પ્રયત્ન આરંભ્યો. પરંતુ ગોકુળવાસીઓનો પક્ષ લેવા એ સમયે નોધારાનો આધાર ગોકુળમાં હાજર હતો. તેથી ટચલી આંગળી વતી ગોવર્ધન તોળી ૪૮ રાજાના કોપથી દેશ ઉપર ઉતરેલો એ જળપ્રલય નિષ્ફળ ગયો અને ગોકુળ એ પ્રલયમાંથી બચી જવા પામ્યું.

વરસાદની ખેંચ હોય અને મેઘ રાજા રીસાઇ બેઠા હોય ત્યારે કોઇ નોધારાનો આધાર શોધી કાઢવો મુશ્કેલ થઇ પડે છે. મેઘરાજા સામાન્ય સામનોથી સંતોષાતા નથી. તેને માટે તો અનેક મનથાગની જરૂર પડે છે. માત્ર મનુષ્યનાં મનામણાંથી માની જાય તેવા મેઘરાજા નથી. તેને મનાવવા જગતભરના રાજા તથા પ્રજા અનેક પ્રયત્નો કરે છે, છતાં જ્યારે મેઘરાજા હઠે ચઢે છે ત્યારે તો પ્રાણીમાત્ર એ રાજાને આંતરડીના ઉકળતા આશીર્વાદ દેવા મંડી જાય છે.

ચાલુ ચોમાસામાં મેઘરાજાએ કોઇ ભારે અડગ હઠ પકડી જણાય છે. લોકોના કાલાવાલા તરફ હસી બે છાંટા નાંખી એકદમ પોતાની સ્વારી જ્યારે કોઇ અગમ્ય દેશ તરફ ઉપાડી મૂકે છે ત્યારે ક્ષણભર લોકોને ઉપલી કોર્ટમાં અપીલ કરવાનું મન થઇ જાય છે. અપીલનું નામ સાંભળી બે છાંટા નાખી લોકોનું મન રીઝાવી પાછી લાંબી બેતેર દીવસની કુચ આરંભી દે છે, એટલે ટોરદાંખર—લોક સર્વ પાછાં અકળાવા માટે અને પોતાનો દાવો વરિષ્ઠ કોર્ટમાં ત્રિમૂર્તિ પાસે દાખલ કરી દે છે.

દેશભરમાં મેઘરાજા સામે દાવા વરિષ્ઠ કોર્ટમાં નોંધાવા લાગ્યા છે, પણ એ દાવા નોંધવાનો દીવસ ગુરૂવારનો હતો એ સ્મરણમાં નહીં રહેવાથી મેઘ રાજાએ નાદારી નોંધાવી દીધી હોય તેમ જણાય છે મોપનું વાહન મેઘરાજાના ભાગ્યે આવ્યું છે. તેથી નાદારીમાં તે ફસાની જવાની દરેક વધી છે એમ પૃથ્વી માતાના આહ્વોથ ધારાશાસ્ત્રીએ શોધી કાઢયું છે. તેથી દુબે મેઘરાજાની સામે નાદારી માટે મનાઇ હુકમ કઢાવવાના દરેક વિભાગમાં જોરશોરથી પ્રયત્નો થવા લાગ્યા છે.

મુંબઇ વીભાગમાં દારૂને દેશવટો મળવાથી એ દારૂ બધો સામટો ઓર્ડર આપી મેઘરાજાના એક આડતીઆએ ખરીદી લીધો છે અને એ આડતીઆને મુંબઇ—બંધ આપી અથવા ન માને તો તેની ખુશામત કરીને પણ મેઘરાજાના પેટમાં એ દારૂનાં સામટાં પીપ ખાલી કરી તેને ગાંડાતૂર બનાવી પૃથ્વી ઉપર હડસેલી મૂકવાની તજવીજ પાકે પાયે થઇ રહી છે. શિવમંદીરોમાં કૃત્રિમ જળપ્રલય કરી ૮૪દેવને પાણીમાં જળ સમાધી કરાવી ગુંગળાવી નાખવાના પ્રયત્નો થાય છે, ત્યાં બીજા લોકોએ સાધુસંન્યાસીઓએ નકોરડા ઉપવાસ આદર્યા છે. ભાવીક રાજાઓએ પણ એ કાર્યમાં કચવાઇને પોતાનો સહકાર આપ્યો છે. પ્રજાનું દુઃખ રાજાઓથી જોઇ શકાતું નથી. કોઇ ભાવીક જનોએ મેઘરાજાને મનાવવા કે અકળાવવા અખંડ ધુન ચાલુ કરી છે. ત્રિમૂર્તિમાં દુશ્મનને પણ વરદાન દેવા માટે એક ભોળો ધારાશાસ્ત્રી દાખલ થઇ શક્યો છે. અને એ ભોગા અને ત્યાગી ન્યાયાધીશને મુંઝવવા અને યશોગાનથી રીઝવવાના સામટા પ્રયત્નો લુચ્ચો રૂપી વકીલોએ આદરી દીધા છે. આમ

ગે ભૂદેવોને પોતાનો સક્રિય સાથ આપી રહી છે હજી પણ મેવરાજાને પોતાની ભૂલ સમજાય તો સારું છે, કારણ કે પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર પહેલી તકે આપી દેવાનો યુગ મંડાઇ ચુક્યો છે સર્વભૌમ સત્તા તરફથી પ્રજાવર્ગની લડતમાં આડે નહીં આવવાની જાહેર રાત બધે વખત થઈ ગઇ છે, માટે અમે આશા રાખીએ છીએ કે મેવરાજા આમ જનતાની આ વ્યાજબી માગણી હવે ઠોકરે મારવાનું મૂકી દઇ પ્રજાનું મન મનાવી લેવાનો એક સારો એવો પ્રયત્ન વગર દીને કરશે હજુ પણ જો મમત છોડશે નહિ તો એ ગાદી તેમના હાથમાં રહેવી મુસ્કેલ થઇ પડશે વિધુતપ્રવાહરૂપી એક બીજો હકદાર શોધી કાઢવામાં આવ્યો છે જે લોકોને જ્યારે જરૂર પડે ત્યારે અને જે પ્રદેશમાં જરૂર પડે ત્યાં વૃષ્ટિ કરવાના મોગદનામાં ઉપર સહી કરવા તૈયાર છે ત્રિમૂર્તિના ફેસના વિરૂધ્ધ જઇને કોઇ કદી સુખે રાજ્ય કરી શકયો છે ? અમારૂ માનવું છે કે વાણીઆ મુછ નીચી તો કહે સાત વાર નીચી, એ ન્યાયને અનુસરીને પણ મેવરાજા પોતાની તરફેણમાં ફેસનો નોધારી પ્રજાવર્ગને વિમુખ નહિ કરતા તુરત પોતાના પક્ષમાં લઇ લેશે

P S પત્ર ઉપર જતા નીચે મુજબ તારથી સમાચાર મળે છે કે–

૧ મેઘરાજાની નાકારીનો દાવો કાઢી નાખવામાં આવ્યો છે.

૨ ત્રિમૂર્તિની વરિષ્ટ કોર્ટમાં ફરીઆદી પક્ષનો જબરો ધસારો

૩ કારીઆવાડની ઉપેક્ષાના કારણે પોરબંદરમાં વરસાદ ન આવે તો આત્મબલિદાન આપવાનું કોઇ સન્યાસીએ પણ લીધું સંભળાય છે સરા દીઆમાં વરસાદ પડે તે સિવાય પાણી પણ નહિ લેવાની એક સજ્જને આજે તેર દિવસથી હઠ પકડી છે

૪ નવાબી રાજ્ય જુનાગઢમાંથી ખબર આપે છે કે—

૧ શ્રી માગનાથજીને જળસમાધિ અપાઇ છે, તા૦ ૨૪-૭-૩૯ થી ત્યાં દર્શન વગેરે શરૂ થશે

૨ સીયારામ ધુનમંડળીએ તા૦ ૨૯-૭-૩૯ ની સવારથી ૭ વાગ્યાથી અખંડ ધુન શ્રી સાત સ્વરૂપની હવેલીમાં ચાલુ કરી હતી હજારો લોકોની ભીડ જામી હતી પ્રસાદના દંગ થયા હતા. ઉત્સાહ ઘણો હતો

૩ શ્રી હાટકેશ્વર કીર્તન મંડળના સંચા લકોએ સુપ્રસિધ્ધ હરિકથાકાર જનક મહારાજના ઉપદેશથી તા૦ ૨૪—૭—૩૯ થી જપ યજ્ઞ શરૂ કર્યો છે.

૪ આવા ચોતરફના સામટા ધસારાથી મેવરાજા ગભરાઇ ગયા જણાય છે,

૫ સામટા સામુદાયિક ધસારાથી ગભરાઇને ગાદીત્યાગના ભયથી ખંડવૃષ્ટિ ચાલુ આવડીઆમાં આપવાનું કબુલ રાખ્યું છે અને આજના અને બધાના સ્વર્ગ સમયે સારી વૃષ્ટિ કરવાનો વિચાર એક અસાધારણ સભા બોલાવીને કરવા માગે છે.

૬ કારીયાવાડ ઉપર કરડી દૃષ્ટિ રાખનાર મેવરાજાની સભાના એક હોમ મેમ્બરે જાહેર નિવેદન બહાર પાડયું છે, જેમાં તેઓ જણાવે છે કે લોકોએ હોમહવન બંધ કરીને મેઘરાજા ને નમતા પાડી દીધા છે, કારણે પશ્ચાત્ અવતિ પર્જન્ય એ શ્રી ભગવદ્કૃપાથી મેઘરાજાનું બળ પત્ર સિવાય પુરૂ થતું નથી. માટે આ વખતે તો લોકોની ફરીઆદ સામે નમતું મુકી વૃષ્ટિ કરવામાં આવશે પરંતું ભવિષ્યમાં લોકો હોમહવન તરફ બેદરકારી સેવશે તો તેમની અરજી ઉપર બીનકુન ધ્યાન આપવામાં આવશે નહિ. માટે યોગ્ય સમરે હોમહવન સામુદાયિક ધોરણે પુનઃ ચાલુ કરવા

વસુંધરા, અધિક શ્રાવણ-૧૯૮૫

મેઘરાજા સભામંડળના હોમ મેમ્બરની વતી પર્જન્યપ્રસાદિ સવાદક

(ગુજરાતીમાંથી—)

નરવી પ્રાંતીય ભાવના હોય છે અને હંમેશ રહેવાની. જુદા જુદા પ્રાંતો વચ્ચે નરવા પણ મતભેદ ન હોય તો જુદા પ્રાંતો કરવામાં પણ કશો અર્થ નથી રહેતો. પણ આપણી પ્રાંતીય ભાવના સાંકડી કે બીજાઓને અવગણનારી ન હોવી જોઇએ. પ્રાંતો જે દેશના અંગ છે તે તેના હીતનાં પોષક હોવાં જોઈએ. પ્રાંતો મોટી નદીને મળનારી નાની નદીઓ જેવા હોવા જોઇએ. નાની નદીઓ મુખ્ય નદીના મહિમાને તથા સામર્થ્યને વધારનારી હોય છે. તેમનાં સામર્થ્ય અને નિર્મળતા મુખ્ય નદીના પ્રવાહમાં પ્રતિબિંબિત થાય છે તેવું જ પ્રાંતોનું હોવું જોઇએ. પ્રાંતો જે જે કંઇ કરે તે બધું આખા દેશનો પ્રભાવ વધારનારું હોવું જોઇએ એક બીજા જોડે લડનારા અને પોતાપૂરતો જ વિચાર કરીને બીજાને ભોગે જીવવા માગનારા ક્ષુદ્રજીવી દેશોના રૂપમાં ભારતવર્ષની વાટકાપ કરીને તેનો અગ્નિચ્છેદ ન કરવો હોય તો પ્રાંતપ્રાંત વચ્ચે ઇર્ષ્યા, અદેખાઇ કે વાડાની ભાવનાને સ્થાન જ નથી. આવી આફત દેશને માથે ઉતરે તો કોંગ્રેસનું જીવવું વ્યર્થ ઠરે. ભારતવર્ષના આવા ખંડ પાડવાના એકએક પ્રયત્નનો વિરોધ થવો જોઇએ. ભારતવર્ષનું ભાવિ એક સઘળા સ્વતંત્ર રાષ્ટ્ર બનીને જગતની પ્રગતિમાં પોતાનો ફાળો આપવાનું છે. આપણી રાષ્ટ્રભાવનામાં કયાંએ એકલપેટાપણું કે બીજાની અવગણના નથી. જગતનાં બીજાં રાષ્ટ્રોને ભોગે સમૃદ્ધ થવાની આપણી આકાંક્ષા નથી. એવો સમય આવશે જ આવશે જ્યારે આપણે કહી શકીશું કે અમે ભારતવર્ષના છીએ તેટલા જ દુનિયાના નાગરિક છીએ ! પણ જો આઝાદ હિંદના નાગરિક બનવાની કળા હજી શીખીએ તો એ સમય કદિ આવવાનો નથી. સાચું રાષ્ટ્રીયજીવન જીવતાં વ્યક્તિથી જ શરૂઆત કરીને શીખાય છે. આપણે બળવાન અને આઝાદ એટલા સારૂ થવા માગીએ છીએ કે આપણે પોતે જ નહિ પણ આપણા પાડોશી પણ આપણાં બળ અને સ્વતંત્રતાથી લાભ મેળવે ને સુખી થાય. વ્યક્તિ તરીકે અગર તો પ્રાંત તરીકે આપણે આપણા પુરૂષાર્થની કીંમતીમાં કીમતી ફળ આપણી માતૃભૂમિને ચરણે ધરવાનાં છે.



પ્રાન્તિક સ્વાયત્તતા કે પ્રાન્તિક ઇર્ષ્યા ?



—મહાત્મા ગાંધીજી—

ગ્રામજીવન

.....સહકાર્ય...અને....ખેતી.....

લવાજમ રૂા ૨–૦–૦

લખો.— કાર્યાલય માંડવી વડોદરા.

ગ્રામ સેવા

લવાજમ ફકત રૂા. ૧ જ્યે | આજ્ઞક ગ્રાહક બનો

ઠે૦ સેવા આશ્રમ

મુ૦ ઉનાવા (થાણા) કલોલ

ઔદ્યોગીક . આબાદી.. અન . આઝાદી માટે

એકમુજ સાચત્ર માસીક

કુમ ૨

વાર્ષિક લવાજમ હિન્દમાં રૂપીઆ ત્રણ બ્રિટિશ ૬ શિલીંગ

લખો —કુમર ઓફીસ : સોદાગરવાડ સુરત

ખેતીવાડી વિજ્ઞાન

વાર્ષીક લવાજમઃ—રૂા. ૨–૮–૦

લખો —કાર્યાલય લીબડી (કાઠીઆવાડ)

ખેડુતોનુ માસીક

જગતાત

લવાજમઃ–રૂા. ૨–૦–૦

..... લખો —આર્ય પ્રેસ ....

રાજકોટ, (કાઠીઆવાડ)

ગુજરાતી (માસીક)

ખેડુત–ખેતી

અને સહકાર

લવાજમઃ—રૂા. ૨–૦–૦

લખો —કણપીઠ બઝાર, સુરત

સ્થાપના ૧૮૬૪



ચોખ્ખા હીરાની કુડા જોડી

રૂા. ૯૭ અને વધારે

ચોખ્ખા હીરાની નાકની સળી

રૂા. ૧૨૬ અને વધારે

નરોતમદાસ ભાઉ જ્વેલર્સ

એમીરટન રોડ	તારનું સીરનામુ	શેખમેમણ સ્ટ્રીટ
મુંબઇ ૪	Dasnarotam	મુંબઇ ૨.
ટેલીફોન ૪૨૪૩૩		ટેલીફોન ૨૦૧૬૫

ટુંક સમયમાં પ્રગટ થશે. **તરવીર** (માસીક)

છુટક ૧ આનો

વાર્ષીક લવાજમ રૂા. ૧

જાહેરાત અને એજન્સી માટે લખોઃ— ખેડુત પ્રિન્ટરી ૧૨ મી ખેતવાડી, મુંબઇ ૪.

ચર્ચાપત્ર

સારી સરકારની ફરજો.

આ વર્ષે પણ ગુજરાત ઉપર દુકાળની આફતનાં વાદળાં તુટી પડયાં છે. કોણ જાણે કેમ ગુજરાતને રેસી નાંખ્યું હોય તેમ આવી કટલીયે આસમાની સુલતાની અમારા ખેડુતબંધુઓને વર્ષે વર્ષે પડતા ઉપર પાટુ મારી રહી છે ? હું મારી, મારા પાસેના મારા બંધુઓની આખાએ ગુજરાતના ખેડુતોની હાલની અવદશા જોઇ કંપી રહ્યો છું. સાહેબ, કયાં સુધી આવી આફતો અમારા ઉપર પડયાજ કરશે અને અમારે ચોધાર આંસુએ રડી રડી મરી જવું પડશે. આજે અસમાન તો અમારા ઉપર કોપ્યું છે પણ સુલતાની તો અમારા દેશ પર આજે પોતાની જ—આપણી અમારી મહાસભા સરકારનાં હાથમાં છે. એ સરકાર સારી છે એ શું અમારાં દુઃખ જાણે છે ? એ શું આપણા ઉધ્યોગપતિઓને સમઝાવી ગુજરાતની મહા નદીઓનાં—નર્મદા, તાપી, મહી, સાબરમતી વગેરેનાં પાણીને રોકી નહેરો વાટે અમને ન આપે ? અમે મરી ચાલ્યા. અમારાં ગામડાં ઢીંઢ નથી પુરતાં. તળાવો, નથી કુવા, નથી નહેરો ત્યાં અમે શું કરીએ ? અમારાં આગલાં દુઃખોને અમે આજે નહીં સંભારીએ. અમે વર્તમાનનાં જ દુઃખને રડીએ તો સરકાર સાંભળશે ને ?

(૧) બેચાર વર્ષનાં અનાજ પાણી, ઘાસચારો અમારી પાસે ચાલુ રહેવાં જોઇએ.

(૨) ખેડુતનાં સાથેસાથે બેતરો થાય ને તેમાં કુવા હોય જ એ પણ હવે સરકારે વિચારવું જ જોઇએ.

(૩) અમારાં સાધન-ઢોર, બીજ, ખરચી, અન્નવસ્ત્ર માટે ચાલુ ખેડુતમેં કા ધીરનારી થવા જ જોઇએ.

(૪) ગૃહઉધ્યોગો જલદીથી ગામે ગામ દાખલ થવા જ જોઇએ.

(૫) સરકારે તગાવી, ધીર, જેમને આપી માયાળુ લોકસેવકો (સરકારી નોકરો) મારફત ઉદારતાથી ને ઝડપથી આપવી જોઇએ.

(૬) અમારાં ઝાડ ન કપાય ને તેઓ વરસાદને આકર્ષે તેવો પાકો બંદોબસ્ત થવા જોઇએ.

(૭) લડાઇના વખતમાં યુરોપની પ્રજા જો તાત્કાલિક ઘાસચારો, ધાન્ય ઉગાડે છે તેમ અમારા ખેડુતબંધુઓને કેળવણી આપી તે તૈયાર કરાવવાં જોઇએ.

આથી સરકાર શું આટલું તરતજ અમારે માટે માટે નહી કરી શકે.

લિ. મારાં બંધુઓના
અને મારાં દુઃખે દુઃખી
ગુજરાતી કીસાન.

---

* આ માસથી અમે 'ચર્ચાપત્ર' એ કોલમ ઉઘાડ્યું છે. અમારા કિસાનબંધુઓ પોતાનાં દુઃખ તેમજ બીજી ઉપયોગી માહીતી આપશે તો તેની યોગ્યતાનુંસાર તે સ્થાન પામશે.

તંત્રીઓ

Phone No 24929 Telegrams : HONEYDEY

HONEYDEY

Merchants & Agents

Taj Building
210 HORNBY ROAD
BOMBAY

DEPARTMENTS

- ☆ The J. B. L. Cascade
- ☆ Health Food Remedies
- ☆ American Xmas Cards
- ☆ Rota Height Appliance
- ☆ Practical Books

on
Health-Sex
Psychology
Mysticism

આ માસિક રણછોડજી એમ દેશાઇએ એકુત પ્રિન્ટરી, ૧૨ મી ગલી ખેતવાડી, મુંબઈ ૪. માં છાપી આગ. રોય એન્ડ કંપની માટે ૨૦૮–૨૧૦ ખેતવાડી મેઇન રોડ, મુંબઈ નં. ૪ એ ઠેકાણેથી પ્રગટ કર્યું છે

મુંબઇ ઇલાકાની કેળવણી
ખાતાએ મંજુર કરેલું છે.

કિસાન

—:તંત્રીઓ:—
લી. લા. દેશાઇ.
શં. છ. રાવલ.

:: પુસ્તક ૩ જું ::
:: અંક-૧૧-૧૨ ::
મે-જુન ૧૯૩૯

વાર્ષિક લવાજમ રૂ ૨-૮-૦
જાહેર સંસ્થા રૂા. બે.

જમીન પર
કિસાનોનો માલિકી હક્ક

—(૦)—

મહાત્મા ગાંધીજી કીસાનોની આ માગણી વ્યાજબી ગણે છે.

—(*)—

"પોતાની ઇચ્છીત વસ્તુ વિના વિલંબે મેળવી લેવાની દરેકને ઇચ્છા થાય એ સ્વભાવિક છે. અને તેથી કીસાનો જમીનદારો પાસેથી જમીન પાછી મેળવવાની ઇચ્છા કરી રહ્યા છે કીસાનો જે જમીન ખેડે છે તે પર તેમની માલિકી હોવી જોઇએ, એવો કીસાનોનો દાવો તેમને સ્વીકાર્ય હોવા છતાં તેઓ બળ અને હિંસા વાપરીને પોતાનો દાવો સિધ્ધ ન કરી શકે માત્ર શાંતિભર્યા ઉપાયો અને અહિંસા વડેજ તેઓ તેમના ધ્યેયમાં સફળતા મેળવી શકે."

"તેમણે તેમના શુભેચ્છક આગેવાનોને મળીને તેમની માગણીઓ મેળવવામાં મદદ કરવા માટે સુચના કરવી જોઇએ. જેઓ હાલમાં પ્રાંતનો વહિવટ ચલાવી રહ્યા છે, તેઓ બેદુતોના મિત્રો છે, અને યોગ્ય સહાય આપવા માટે તેમણે મહાસભાવાદી સરકાર સમક્ષ પોતાની માગણીઓ રજુ કરવી જોઇએ. ગરિબોને માટે અનાદી કાળ સુધી અહિંસાનું શસ્ત્ર ઉપયોગી રહેશે, અને જો તેનો યોગ્ય ઉપયોગ થાય તો હંમેશાં સફળજ નિવડશે.

—મહાત્મા ગાંધીજી—



"ક્રિસાનો" ને સહુથી વધુ "અક્ષરજ્ઞાન" ની જરૂરીઆત છે.

મહાસભાવાદી સરકારજ ક્રિસાનોની બેલી છે.

ક્રિસાનોની ખરી ઉધ્ધારક મહાસભાવાદી સરકારજ છે

બુઝાઇ જતા દિપકને-

પ્રજાને અભણ અને અજ્ઞાન રાખીને રાજ્ય કરવાના જમાના હવે ચાલી ગયા છે, ક્રીસાનોને અભણ રાખીને રકત ચુસી લેવાના શાહુકારોના દિવસો હવે ભગાઇ ચુકયા છે. આજે સમગ્ર દેશ જાગૃતિના જુવાળે ચઢયો છે વર્ષો અગાઉ વડોદરાના સ્વ૦ મહારાજા સર સયાજીરાવે પોતાની પ્રજા અભણ અને અજ્ઞાન ન રહે એટલા માટે ફરજીયાત કેળવણી દાખલ કરી હતી. જેના આજે મીઠા ફળ વડોદરાની પ્રજા ભોગવી રહી છે, (અમો આશા રાખીએ છીએ કે દાદાજીને પગલે ચાલીને હાલના ગુજરાત મડલેશ્વર' **શ્રીમંત મહારાજા પ્રતાપસિંહરાવ** પોતાની પ્રજાને જ્ઞાન શાળી બનાવી સુખી કરશે) ક્રિસાનોને સહુથી પહેલી તેની અભણતા, અજ્ઞાનતા અને વહેમતાથી દુર કરવાની જરૂર છે. જો ક્રિસાન ભણેલો હશે, લખી વાંચી શકતો હશે, તો પછી તે કોઇનાથીએ છેતરાશે નહી, કબલ વ્યાજ આપવું નહિ કે, કરજના બોજામાં વધુ કચડાતો નહિ જાય, ક્રીસાન-ભોળો-અભણ-અજ્ઞાન-વ્હેવારમાં ઉભો રહેનાર-સત્યવાદી-ઇશ્વરથી ડરનાર ક્રીસાન ચોપડો રાખતો નથી. લેવડદેવડ આંગળીના વેઢા પર યા ભીતપર હોય છે, કયારે પૈસા લીધા, કયારે ભરાયા, વ્યાજ કેટલું ભરાયું, કેટલું બાકી છે, તેની તેને સમજ નથી પડતી. આ બધાનો લાભ લઇને ક્રીસાનને નિચોવનારે બરાબર નિચોવા લીધો છે. અઢી વરસે એક વખત અધીક માસ આવે છે પણ ભલા ક્રીસાનના નસીબે તો તે ૧૨ કેટલાક શાહુકારોને તો દર વર્ષે અધિક માસ આવે છે, ક્રીસાનને ક્રિસાનમાં ભુખમરો આપવી તે તો તેના મનની રમત વાત છે. વર્ષના બાર મહિનાને બદલે તેર ચૈદ મહિના પણ થઈ જાય છે. વ્યાજ આપ્યું હોય તો જમા કરવાનું રહી પણ જાય છે. ક્રિસાનનો બે બાજુએથી મરો છે, ને તેથી તેને બધાની પાસે હા હા હા ભણવી પડે છે, એકજ દાખલો, ક્રીસાન જો ભણેલો હોય તો, " **સત્તર પંચા પચાણું બે મુકયા ખુટના, લાવો પટેલ સોમાં બે રૂપીઆ ઓછા** " આવી કહેવત ન પડી હોત, વળી વ્યાજ ગણતી વખતે કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, હોળી, ચૈત્ર વૈશાખ વિગેરે ગણી બારને બદલે ૧૪ મહિના બતાવનાર માણસને ભણેલો ક્રીસાન બતાવી આપત કે એવી રીતે ખોટા પૈસા કેમ ને કેવી રીતે લેવાય છે. ક્રીસાનને ' **અક્ષર જ્ઞાન** ' ની આજે ખાસ જરૂર છે.

આજની મહાસભાવાદી સરકારે અક્ષરજ્ઞાન આપવાની યોજના ઉપાડી લીધી છે, આવાં લાખ્ખો લોકોનાં જીવન ઉજ્જવળ કરવા ભગિરથ પ્રયત્ન કર્યો છે જે યોજનાના પાંચ વર્ષ પછી એવાં મીઠાં ફળ આવશે કે જેથી આજનો ક્રિસાન તે વખતે વધુ ઉજળો અને વધુ સાહસીક હશે. અને જગતના કોઇ પણ મનુષ્યથી ડર્યા વિના પોતાનો " **જીવન રથ** " સુગમતાથી ચલાવશે. ખરેખર મહાસભાવાદી સરકાર અને મહાત્મા ગાંધીજીને ક્રિસાનોના બુઝાઇ જતા દિપકને જલતો રાખ્યો છે.

આવતી સાલ કેવી થશે ?

'શકરની' ની આ વર્ષની આગાહિમા '૬ ની સાલ માટે ઉપર મુજબ લખ્યુ છે તેનો ભાવાર્થ એવો છે કે

'૮૬' ની સાલ સુગાળ થાશે ઘેર ઘેર આનદ થાશે વર્ષનો રાજા મગળ છે વૈશાખ પુનમનુ ચદ્રગ્રહણ છે તે આઠ ઘડી છે ઋતુનિના પુષો ઉધડશે અને એકદર ૮૬ ની સાલ સુગાળી ગણારો

સુભિક્ષ હોરો છન્નવે ઘેર ઘર અતિ આનદ
ભોમ વર્ષકારાભૂપતિ રાજ રાજ વિકેગા કદ
રાજ વિકેગા કદ ચદ્ર વશાખી શાસે
અષ્ટ ઘડી અનુમાન નવાતે નખતા થાને
કહે શુ શકર સત્ય પ્રમુન અમલી વિસ્સે
ચાવીસે વિકૃતિ હોય છ નવો હોશે સુભિક્ષે

હવે આપણે કરેલા અનોમ્નો તપારીએ

ટા ની શરૂઆત કાર્તકી પૂર્ણિમા પૅડી થઇ એ માગશર માસમા ટાઢ નાહે જેવી પડી માગશરમા ત્રણ વખત માવઠાનો આકર થયો અને ત્રણે વખત છાટા પડયા ફકત પોષ મહિનામા ટાઢ સારી પડી અને લાગો સમરો ચાની મહા મહીનાનુ બીજુ પખવાડીયુ ગભ યુકત હતુ ફાગણ સુદમા મેઘાડમ્બર હતો ફાગણ વદ ૫ અને ૬ ના રોજ મારહુ થયુ હતુ હુતાસની પ્રગટતી વખતો પવન વાયવ ખુણાનો હતો ચૈત્રી પાચમનો ચદ્ર કૃતિકા સાથે આથમ્યો છે પાચમનુ હવામાન શુધ્ધ હતુ રામનવમીને દિવસે ઘણી જગ્યાએ મારહુ થયુ હતુ અને તોફાની પવન વાયો હતો ચૈત્ર મહી નામા લુ ઝરી નથી ચૈત્ર વદ આઠમ અને ચૌદસના દનીયાં સાધારણ રીતે ચોકખા હતા

અખાત્રીજનો પવન નૈરૂત્ય ખુણાનો અને ગતી ઇશાનમા હતી અખાત્રીજનો ચદ્ર રોહીણીથી ઉત્તરમા લગોલગ કે ના તારા સાથે આથમ્યો છે રૂ પરિવેષનુ માપ જોતા સૂર્યથી ચદ્ર ઉત્તરમા ૪૪ આગળ છેટે આથમ્યો તે માપ ગઇ સાલ કરતા ૬ આગળ વધારે છે

ખગોળનો તાર અખાત્રીજથી પડવો શરૂ થયો છે ઝાડનુ પોષણમાન સારૂ છે બીજા હાર અથાર નવાર સારો આવતો રહે છે વાવણીયા પણ ઠીક વાર છે

હવે જોવાનો સાર જોઇએ —

એકાદ સારો વરસાદ મે મહિનાના છેલ્લા અઠવાડીયામા એટલે બીમઅગિયારસના અરસામા થઇ જશે, અમે ધારીએ છીએ કે એ વરસાદ ઘણી જગ્યાએ વાવણી કરાવશે શરૂઆતની ટાઢ થોડી પડી હોવાથી અને માગશરમા માવઠા થવાથી અમે નીચે છીએ કે અષાઢ અને અધિક માસમા મન માનતો વરસાદ કદાચ ન વરસે પાછતરી ટાઢ સારી છ હીમ પણ નથી કસ જોતા છે આ બધુ જોતાં પાછતરા વરસાદ વધુ સારા થવાની નીશાની છે ગઇસાલ કરતા આ સાલ ચોકકસ રીતે સારી નીપજશે.

શ્રી૦ રામજી ઘે ઠકીયા

તંત્રી સ્થાનેથી

દેશની એકતા અને કિસાનોનો ઉદ્ધાર.

આપણા હિન્દ જેવા વિશાળ દેશમાં — પ્રાંતોથી અને ભાષાઓથી અલગ પડી ગયેલા ખેડુતોથી ભરપુર દેશમાં– ખેડુતના ઉધ્ધારની ચર્ચા રોજબરોજ કહીં ને કહીં થાય છે. પણ દેશની એકતા જ્યાં સુધી પ્રત્યેક ખેડુતને એનો અંતરનાદ સંભળાતી ન થાય અને તે સુણી ખેડુત સચેતન ન થાય ત્યાં સુધી એ માટે થતા પ્રયત્નો બહુ સફળ થઇ શકે નહી. દેશના પ્રાંતો જેટલા એકબીજાના અતિસહવાસમાં નથી, દેશની વિશિષ્ટ ભાષા હજી પૂરેપૂરી વ્યાપક રીતે પહોંચી વળી શકી નથી ત્યાં સુધી પણ આ પ્રયત્નો બહુ સફળ થઇ શકે નહી આ પ્રશ્ન વખતનો છે અને એ વખત આવે ત્યાં સુધી વસ્તુસ્થિતિથી આપણે સંતોષ માની જે કંઇ આગળ પધાય તેમ પધવું જોઇએ. આપણા ખેડુત બંધુઓ હિન્દુ મરી, ઇસ્લામ કે પારસી મરી હિન્દી છે એટલો ખ્યાલ રાખે તો નેતાઓની વચ્ચે જે બે દીલા દવાતી ખોગની રહી તેના ભાંટા ખેડુતજીવનને ન ઊડે. ખેડુતતો ગમે તે કોમ હોય, એને તો ધરતીના ક્ષેત્ર ઉપર પોતાના નિર્વાહ જે વસ્ત્ર માટે જ ઝઝુમવાનું છે. ભણેલા ખેડુતો પોતાના અજ્ઞાન ખેડુતબંધુઓને આ સત્ય સમજાવી શકે. કોમ પછી રાજકીય પ્રવૃત્તિઓને નિયમતાને કુલાવતા આપણા નેતાઓ બહુમતીવાળી મહાસભા હિન્દીના નેતાઓ દ્વારા દેશ સામે સમસ્ત ખેડુત વર્ગનું હિત કર્યા છે વિચારી રહ્યા છે તો આ બહુમતીના પક્ષને પોતાનો ગણી ખેડુત વર્ગે બીજા પક્ષ સાથે ભળી કે બીજા પક્ષના મંતવ્યોથી રંગાઇ પોતાના હિતને ન બગાડે એ એણે જોવું જ જોઇએ. આપણા દેશના આ પક્ષો મહાસભાવાદી હોય કે પ્રગતિવાદી, પક્ષવાદી હોય ખેડુતને જે ખોયી પર કાંકરી પડી ત્યારે માસ મજુરી જ કરવાની હોય છે. પોતાના જીવનક્ષેત્ર ખેતરોમાં જ એને તો મજુરી કરી પોતાની જરૂરીઆતનો થોડાંક અંશ કમાઇ લેવાનો છે. આ ગોડી એ પક્ષાપક્ષીમાં પેસે એ પોતાનું ધ્યેય ચૂકી કર્તવ્ય ભ્રષ્ટ થાય તો એની જરીબરાબર એ વધારે તીવ્ર કરનો જશે. દેશમાં એકતા છે, હિન્દી કે બ્રિટિશ હિન્દના દેશમાં વસતા ખેડુતનું એકજ ધ્યેય છે એ પણ એણે યાદ રાખવાનું છે. દેશની એકતાનો આ દૃષ્ટિએ વિચાર કરી ખેડુત પોતાની પ્રગતિ કરશે તો

(૧) સમસ્ત દેશના ખેડુતનું એ એક મંડળ ભાવિ માટે રચી શકશે
(૨) આખાએ દેશના ખેડુતજીવનને એક મત ને દીશથી પોતાની પ્રગતિ સાધવાનું શક્ય થશે.
(૩) એ વર્ગ ઓછું પોષણ આપતી ખેતીને બીજવી વધુ ઉત્પન્ન કરી શકશે.
(૪) ખેતી ઉપરાંત ગૃહોદ્યોગોને એ વધારતો જશે.
(૫) ઋણમાંથી એ મુક્તિ મેળવી જમીનના મહેસુલમાં યોગ્ય ઘટાડો કરાવી શકશે
(૬) એનાં સાધનો — બળદો, ઓજારો, ખાતરો ને એ પોતાની સાથે સુધારતો જશે; અને
(૭) છેલ્લું દેશમાં રહેવા અટકી કાચા માલ માટે એ સ્થાનિક ઉદ્યોગો બીજવવામાં, વધારે પડતાને પરદેશ મોકલી તેના નાણાં કરવામાં અને એકંદરે પોતાની ખોવેલી આંટ વધારવામા એ સાબ્દ થશે.

દેશની આવી એકતા આપણે ખેડુતો જો સમજીએ તો આપણે આપણી ઉન્નતિ જરૂર કમે કમે સાધતા જ જઇએ. આવી એકતા ઉપર જ આપણા ઉધ્ધારનો આધાર છે.

શંકર પ્રસાદ રાવલ.

ફળોની બાગ

વૃક્ષોનું સ્થાન નિર્માણ

અનુ૦ કુસુમકુમારી

ફળઝાડોને સાધારણ રીતે ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે. જે ઝાડો પચીસ ફુટથી ચાલીસ પચાસ ફુટ અથવા તેનાથી પણ વધારે ઉંચા હોય છે અને જેમની ડાળીઓ થડ ઉપર ચાર પાંચ ફુટ ઉંચે ફુટે છે, તેઓને પહેલા વર્ગમાં ગણવામાં આવે છે આવા ઝાડોની નીચે બગીચાને કંઈપણ નુકશાન કર્યા વગર હરીફરી શકે છે અથવા તેમના છાયામાં વિશ્રામ કરી શકે છે આવા પ્રકારના વૃક્ષોની નીચે પશુઓ વિશ્રામ કરે એ એક રીતે લાભપ્રદ હોય છે તેમનું મળ મૂત્ર ઝાડો નીચે પડે છે તે ખાતરમાં મળી જાય અર્થે માટે ઝાડ નીચેની જમીન ગોડ કરી રાખવી જોઈએ એમ કરવાથી તે વૃક્ષોને પૂરતું ખાતર વગર પૈસે મળી જાય છે આવા વૃક્ષો સંપૂર્ણ રીતે મોટા થયા પછી તેમને પાણી પીવડાવી શકાય તો સારું જ છે, નહિ તો વગર પાણીએ પણ વરસાદના પાણીના આધારે તેઓ પોતાની પ્રમાનુસાર ફૂલતા રહેશે આંબો જાંબુ ચંપો અને બદામ વૃક્ષોની ગણતરી આ શ્રેણીમાં થઈ શકે છે

જે ઝાડો પંદરથી વીસ ફુટ ઉંચા હોય અને જેમની ડાળીઓ જમીનથી થોડી ઉંચેથી ફુટી નીકળે છે. તેઓ બીજા વિભાગમાં આવે છે આવા વૃક્ષો નીચે ગાય, ભેંશ જેવા મોટા પશુઓ તો નહિ પણ બકરા ઘેટા જેવા નાના જનવરો ઝાડને નુકશાન કર્યા વગર વિશ્રામ કરી શકે છે અને તેમના મળમૂત્રથી ઝાડ નીચેની જમીનનો કસ વધી જાય છે આવા વૃક્ષોને શિયાળા અને ઉનાળાની બંને મોસમોમાં જોઈ ન બની શકે તો ઉનાળામાં તો અવશ્ય પાણી આપવું પડે છે આ વર્ગમાં આંબુ જાંબુ સતાળુ આલુબુખારા, સંતરા સીતાફળ, જામફળ વગરે ઝાડોને સ્થાન આપી શકાય છે. આવા વૃક્ષો બગીચાની કરતાની બંને બાજુએ પણ રોપી શકાય છે

જે વૃક્ષો બહુજ નાના હોય અને જેને અપ્રૌઢ ઝાડ કહેવા ઝાડ ઝીણી ઝીણી ડાળવાળા ઝાડો ત્રીજા વિભાગમાં આવે છે દાખલા તરીકે અનેનાથ સ્ટ્રોબેરી અને ખરબુજા કાકડી પપૈયા દિવસદ્દ વિગેરેના વેલાઓ પણ ગણાય છે આ છોડોને બહુજ પાસે પાસે રોપવામાં આવે છે, અને આવા રોડવાઓના બગીચામાં પડૂશ્રા છુટા મૂકવામાં આવતા નથી પણ જગલી જનવરોથી તેમનું રક્ષણ કરવા માટે વાડ કરવી પડે છે આ છોડોને પૂરતા પ્રમાણમાં ખાતર આપવું પડે છે અને પાણીનો અવશ્ય આપવાની જરૂરજ હોય છે

ત્રીજા વિભાગના ફળઝાડોને એવી જગાએ રોપવા જોઈએ કે જ્યાં પાણી નજીક હોય અને જ્યાં દૃષ્યરેખ સારી રીતે થઈ શકે આ છોડવા એથી દુર મોટા વર્ગના ઝાડો અને તેમનાથી પણ વધારે છેટે પડેલી શ્રેણીના વૃક્ષો રોપવા જોઈએ

પ્રથમ વિભાગના વૃક્ષો બગીચાની ચારે બાજુએ રોપવા ઠીક પડે છે, આનાથી પવનને પણ રોકી શકાય છે. કિલ્લામાં ધણીએ સ્થળોએ

પવન અમુક ચોક્કસ દિશાએથી વાય છે. જેમ કે ગુજરાતમાં દક્ષિણ અને પશ્ચિમ એટલે હંમેશાં જે દિશાએથી પવન વાતો હોય એ બાજુએ આંબો મોટાં ઝાડ રોપવા જોઈએ. આમાં પણ વૃક્ષની ફેલાવાની અને તેમનાથી મળતી ઉપજનો વિચાર કરવો જોઈએ. આંબલી, જાંબુ, વિગેરે બહુજ ઓછી ઉપજ મળવાનો સંભવ હોય છે. એવા ઝાડોને છેવટની હારમાં રોપવા જોઈએ. તેમની બાજુમાં થોડું જેવા ઝાડો અને ચીકુની બાજુમાં આંબા જેવા વૃક્ષો રોપવા જોઈએ.

કેટલી જાતના ઝાડોને તડકાની જરૂર હોય છે. ચિત્રણામાં સૂર્ય દક્ષિણાયનમાં રહે છે એટલે બની શકે તો મોટાં વૃક્ષો દક્ષિણ તરફ રોપવા નહિ. કદાચ રોપવાં પડે તો એટલે છેટે હોવાં જોઈએ કે, તેમનો છાંયડો બીજા ઝાડો માટે અપ્રિતકારી ન થાય.


ઘણા માણસો જાતજાતના ઝાડો જોયાં રોપે છે, પરંતુ એવું ન કરવું જોઈએ એક સ્થાન ઉપર એકજ જાતના ઝાડો રોપવા રોપવા ઉત્તમ હોય છે. આમ કરવાથી ઝાડો સારી રીતે વધી શકે છે અને તેમની દેખરેખને સિંચાઇ વગેરે ક્રિયાઓ પણ સારી રીતે થઇ શકે છે. જ્યારે ઝાડ ફળવા માંડે છે, ત્યારે પક્ષીઓ તેને નુકશાન કર્યા વગર રહેતાં નથી. આવી સ્થિતીમાં જો એકજ સ્થાન ઉપર એકજ જાતિના વૃક્ષો હોય, તો પક્ષીઓથી તેમનું રક્ષણ રહેલાઇથી થઇ શકે છે. હા, એટલું અવશ્ય થઇ શકે છે કે અધિક ઉપરનો ઝાડોની વચમાં શરૂઆતમાં ઓછી ઉપજવાળાં ઝાડો રોપી શકાય. જેમકે આંબાની વચમાં પપૈયાનાં છોડ રોપવામાં આવે છે. જ્યાંસુધી આંબાનાં ઝાડ ફળ આપવાની ઉંમર સુધી પહોંચે છે, ત્યાં તો પપૈયાની ઉંમર પૂરી થઇ જાય છે; એટલે પપૈયાનાં ઝાડ કાપી નાખવામાં આવે છે. અને માત્ર તે જગ્યાએ આંબા વૃક્ષોજ રહે છે. જો પપૈયા જેવાં ઝાડો વચમાં રોપવામાં ન આવે, તો સ્ટ્રોબેરી, કાકડી, પપૈયા વિગેરે ફળ પણ વાપી શકાય છે.

ખેતરોમાં ફળઝાડો કેટલીયે રીતોથી રોપી શકાય છે, પરની નીચે લખેલી ત્રણ યુક્તિઓ વિશેષ ઉપયોગી લાગે છે.

(૧) વર્ગાકાર—ચોકડીએ

(૨) ત્રિકોણાકાર અથવા ષટકોણાકાર

(૩) પંચવટી (વર્ગાકાર પરાંક દરેક ચોકસની વચમાં પણ એક ઝાડ રોપવું આ પ્રકારને પહેલા અને બીજાનો સેળ સમજવો જોઇએ.




ચિત્ર નં. ૧

ઝાડ રોપવાની વર્ગાકાર રીત

ઉપરની ત્રણ રીતોમાંથી પહેલી રીત બહુજ વપરાશમાં આવે છે, પરંતુ જેમજેમ ઝાડો વચમાનું છેટું વધતું જાય છે. તેમતેમ ચાર ઝાડોની વચમાંની જમીન બહુજ છુટી થાય છે. એટલે જેમજેમ અંતર વધતુ જાય તેમતેમ બીજી અને ત્રીજી યુક્તી વાપરવી જોઈએ. આથી જમીનનો પણ પુરેપુરો ઉપયોગ થાય અને દર એકરે ઝાડોની સંખ્યા પણ વધે. દસ ફુટના અંતર સુધી પહેલી, દસથી વીસ ફુટ સુધી

બીજી અને વીસથી વધારે છેટું રાખવું હોય તો ત્રીજી રીત અમલમાં મૂકવી જોઈએ. માનો કે તમારા એક ખેતર એક એકરનું ને ચોરસ છે. તો ખેતરની દરેક બાજુ ૨૦૮-૭૧ ફુટ અર્થાત ૨૦૯ ફુટ થઇ. હવે જો આપણે ૧૫ ફુટના



ચિત્ર નં. ૨
ત્રિકોણાકાર અથવા ષટકોણાકાર રીત.

અંતરે ઝાડો રોપવા હોય તો સહુથી પહેલાં ખેતરની ચારે તરફ ઝાડોના અંતરનું અડધું એટલે સાત કે સાડાસાત ફુટ જમીન છોડી દેવી જોઇએ. એમ કરવાથી આપણા ચોરસ ખેતરની બાજુની લંબાઇ (૨૦૯-૧૪) ૧૯૫ ફુટ થઇ. આ બાજુ ઉપર ૧૫ ફુટના અંતરે વૃક્ષો રોપવાથી ૧૪ ઝાડો આવે છે અને એક એકરમાં ૧૯૫ ઝાડ આવે છે. (ચિત્ર નં. ૧) આમાંજે તરફથી જોવામા આવશે, તે ૮૨૬ ઝાડોની ૧૪ હાર દેખાશે.

હવે જો આપણે ત્રિકોણાકાર રૂપમાં ઝાડો રોપીશું, તો ચિત્ર નં. ૨ મા બતાવ્યું છે તે પ્રમાણે હાર ૧૪×૧૪ ઝાડોની આવશે, અને ૮ હાર ૧૩×૧૩ ઝાડોની થશે એટલે કુલ ૨૧૬ ઝાડો એક એકર જમીનમાં આવશે. મત ઝાડોની ચારે બાજુએ બરાબર જગ્યા હોતાંએ આ રીતથી ૨૦ ઝાડ વધારે રોપી

ત્રિકોણાકારની રીતમા જો આપણે બાજુવાળા ત્રિકોણ બનાવીએ તો ઝાડોનું ષટકોણ આકારનું થઇ જશે.

ત્રીજી રીતમાં ચાર ચાર ઝાડોની એક ઝાડ બીજી જાતનું અને ઓછા ફેલાવા રોપવામાં આવે છે; એમને વચ્ચેની જમી પણ લાભ લઇ શકાય આ રીત એ ઉપયોગમાં લાવી શકાય છે કે જ્યારે જાતના ઝાડો અધિક ઉમરનાં થાય ત્યારે હોય અથવા જ્યારે ઝાડો વચ્ચેનું અંતર ફુટથી અધિક હોય

ઉપરની ગણતરી એક એકરનુ ચોરસ હોય એમ ધારી ને કરી છે, પણ ઘણા ખેતરો હમેશાં સરખા માપના હોતા એટલે વાંચકોએ પોતાના ખેતરના આકાર ઝાડોનું સ્થાન નક્કી કરી લેવું જોઇએ.

પહેલી અને ત્રીજી રીતથી ઝાડ રોપવા સહુથી પહેલા પોતાનાં ખેતરની એક બાજુ અમુક ચોક્કસ અંતરે ખુંટીઓ ખોસી અને પછી દરેક ખુંટી ઉપર કાટખુણો કાટખુણાના માપ પ્રમાણે બીજા ઝાડોની ખુંટીઓ નાખવી જોઇએ. બીજી રીતમાં બાજુ ઉપર ખૂંટીઓ નાખી, જો કોણ માપ ઓજાર હોય તો દરેક ખુંટી ઉપર કાટખુણ સાથે ૩૦ અંશનો કોણ બનાવી, કોણ બનાવ રેખા ઉપર યોગ્ય અંતરે ખુંટીઓ નાખવી [illegible] નક્કી કરી બીજી એક એક હાર ઓડી અર્થાત પહેલી, ત્રીજી, પાંચમી ઇત્યાદી હારે સ્થાન નક્કી કરી તેમના ઉપર ખુંટીઓ ખોર માં આવે અને પછી દરેક ચારચાર ખુંટીઓ વચમ એક એક ખુંટી ખોસવામાં આવે ઝાડોનું સ્થાન સહેલાઇથી નક્કી થઇ જશે.

અપૂર્ણ

મનુષ્ય ધર્મ

લેખકઃ—
શહેરી કિસાન

મનુષ્ય આજે પોતાનો ધર્મ ભૂલી ગયો છે ! કડકડતો કલીકાળ ખરેખરજ આવી પહોંચ્યો છે, જગતના નાશની નોબત ગડગડી રહી છે. જવાલામૂખી પહાડો ફાટ્યા કે ફાટવાની અણીપર છે. તે પહાડોનો લાવારસ જમીન પરનાં મનુષ્યો નાં રકત –" ઠંડા રકત "– ગરમ કરી આ ક્ષણભંગુર જીંદગી જીવતાં અલ્પ મનુષ્ય ને હતો નહોતો કરી નાંખશે રાક્ષસના ઢગલા સમ બનાવી નાંખશે, આ સર્વે જાણતો હોવા છતાં આજનો કલિયુગનો મનુષ્ય મનુષ્યધર્મ ભૂલી ગયો છે.

આજ પૂર્વે હજારો નહિ પણ લાખ્ખો કિસાનોએ પોતાના પ્રાણથી પણ વ્હાલી " જન્મભૂમિ " ને છોડીને કહ્યું કે પોતાનાં ગામડાં છોડીને શહેરમાં વસવાટ કર્યો છે. તેમાંથી આજે તો કેટલાંએ પોતાનાં માદરે વતનને કદાચ ભુલી પણ ગયા હશે, શા માટે ? આમ! શા માટે નો જવાબ ! જગત કયારે આપશે, શું કિસાનોને શહેરી કહેવરાવવાનો શોખ કે મોહ થઇ આવ્યો હતો ! શું અલમસ્ત શરીર બગાડીને હાડપીંજર સમા દેખાવવાનો તેને મોહ થઇ આવ્યો હતો, ? શું ઘરની ગાય ભેંસોનાં આંગણીના ટેરવા પર પણ ટકી રહે તેવા દહી–દુધ–છાશ છોડીને જીગર બાળી નાંખે તેવો ચાહ પીવાનો શોખ ઉભરાઇ આવ્યો હતો ? કે પછી " જગતના તાત " એ ઉપનામ શરમાવનારૂં લાગવાથી " બેકાર " " મીલમજૂર " " હોટલવાળો " કે પછી " એક મામુલી કલાર્ક " નુ ઉપનામ ધારણ કરવાનો મોહ લાગી આવ્યો હતો ? કે જેથી ગામડાં છોડી પરદેશ અને તે પણ અમદાવાદ, મુંબઇ જેવાં શહેરોમાં ગામડાંઓના લાખ્ખો કિસાનો આવીને વસ્યાં !

મોહ નથી, શોખ નથી, તમન્ના નથી, પણ ગામડાંઓમાં પણ શહેરી પવન વાયો, અને ત્યાંનાં મનુષ્યોમાંથી સાત્વિક મનુષ્યપણું અલિપ્ત થઇ ગયું, મનુષ્ય પોતે પોતાનો મનુષ્યધર્મ ભુલ્યો, અને તે ભલા ભોળા કિસાનોને પોતાનો ભક્ષક બનાવી દીધો. દીન પ્રતિદીન મનુષ્ય કુદરતને ઢગો દેતો આવ્યો, પૈસાવાળો મનુષ્યને ખરેખર કુદરતને ભુલી ગયો, સદંતર ભુલીજ ગયો આથી કુદરત રૂઠી, અને રૂઠણાનો કાટી ઘા તે આ મનુષ્ય પર નહિ પણ સહુથી પહેલો કિસાન પર પડયો. વર્ષા અનિયમીત આવવા માંડી, ખાતરના અભાવે જમીનમાંથી રસકસ ઓછા થવા માંડયા અને આજનો, તે વખતનો શાહુકાર કાલીની કરવત મુજબ તે કીસાનને બે બાજુથી પોતાની તીણા દાંતા વાળી કરવતથી વહેરવા લાગ્યો, આ બાજુથી ખેતરમાં પાકનું પણ અનાજ પાકે યા નહિ તો પણ શાહુકારને વ્યાજ, અને સરકારને મહેસુલ આપવુજ પડે. વર્ષ પર વર્ષ આવતાં ગયાં, કિસાન ગભરાયો અને માદરે વતન મુકી શહેરોની ગલીએ માં કંગાલ માણસની માફક ભટકતો થઇ ગયો. કિસાને તેનાં ગામડાં રાજી ખુશીથી છોડ્યાં નથી, પણ ઉપરનાં બે ત્રણ મહાન પ્રશ્નોએ અને કલીયુગના એ મનુષ્યોએ લાખ્ખો કીસાનોને ગામડાં છોડાવ્યાં છે, બારડોલી અને લીંબડીના ખેડુતોની હિજરત તો કંતીલાસના ચોપડે લખાઇ, જગતે જાણ્યું, પણ ખેડુતોની હિજરતના ગણેશ તો વર્ષો અગાઉ મંડાઇ ગયા હતા. આ સૈકડો હજારોની હિજરત છે, તે એક—એક કરતાં હજારો લાખ્ખોની હિજરત પર આંકડો પહોંચ્યો છે

હિન્દ એસી ટકા ખેતીવાડી, પ્રધાન દેશ છે. પણ ખેડુતો યા કિસાનોનું શું ?

શહેરી કિસાનો પાછા ગામડા તરફ વળો, તમારી " જન્મભૂમિ " તમને પોકારે છે; રખે વિસરતા કે મહાત્મા ગાંધીજી અને સારીએ મહાસભા તમારી પાછળ છે.

ટપાલની થેલીમાંથી અને

ખેતીવાડી માટે કમિશન

પ્રોફેસર રંગાએ રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્ર પ્રસાદ પર પત્ર લખી નેશનલ એગ્રેરીયન પ્લેનીંગ કમીશનની રચનાને લગતી કેટલીક સુચનાઓ તેમણે રજુ કરી છે. પાકનું નીયોજન, ઉત્પાદક પુનસર્જન, રેશનસ ઇઝેશન, સહકાર અને સામુદાયિક ખેડાણ તરફ કમીશનનુ ધ્યાન ખેચવામા આવ્યું છે. આ ઉપરાંત જમીન વિનાના ખેડુતોને જમીન આપવાની, પડતર જમીન ઉપર ખેડુતોને વસાવવાની, જંગલના વિકાસની દોરના રક્ષણ માટે સગવડ વિગેરેની સુચના કરી છે,

મુખ્ય ખેતીની પેદાશ માટે કિમ્મત નકકી કરવાની, મજુરો માટે પગાર નકકી કરવાની અને કિસાનના હાથ નિચેના પેટા ગણોતીયાનું રક્ષણ કરવાની અને ખાતર, વધારાના ઉદયોગો વિ૦ બાબતના કામ તરફ પણ ધ્યાન દોર્યું છે. ઉપરા કમીશન અને નેશનલ એગ્રેરીયન કમીશન વચ્ચે સાગે સંબંધ રાખવાની સુચના પણ કરી છે.

સ્વતંત્ર દેશ અમેરિકા.....

અંદાજપત્રમાં સમાવેશ નહિ કરવામાં આવેલા ૩૩૮૦ લાખ ડોલરના વધારાના લાબોને કાઢી નાંખવાની દરખાસ્તને ૪૨ વિરૂધ્ધ ૨૮ મતે રદ કર્યા પછી સેનેટે ૧૨૧૭૦ લાખ ડોલરની જોગવાઇ કરતાં ખેતી અને આગમા સપડાયા રેકોર્ડોને તોડતા ખેતી વિષયક બીલને મંજુરી આપી છે.

માનનીય શ્રી.નુરીમેા પ્રસંસનિય નિર્ણય

મદ્રાસમાએ હોદ્દાઓ સિકારાયા પહેલા નહેરૂ

અગેની સરકારી નીતી આર્થીક દ્રષ્ટીએ નિષ્ફ નીવડી હતી, નહેર વિસ્તારના કિસાનો કાયદના બધનોથી ત્રાસી ઉઠયા હતા, તે અરસામા મદ્રાસમાએ હોદ્દાઓ સ્વીકાર્યા અને મુંબઇના જાહેર બાંધકામ ખાતાના પ્રધાન માનનીય શ્રી૦ નુરીનું લક્ષ આ ગભિર પ્રશ્ન તરફ સ્વભાવિક ખેચાયું, સરકારે સર વિશ્વેસરીયાના પ્રમુખપદે એક સમીતીની સ્થાપના કરી .. .... આ સમીતીની ભલામણો અમલમા મુકવાનો મુંબઇ સરકારે નિર્ણય કર્યો છે

ખેડુતોને હુકમ.

લાબડી રાજ્યે ખેડુતોને વેપારીઓનું દેવુ ન ભરવાનો હુકમ કર્યો છે, આ કરજ પાચ લાખ રૂપીઆ કરતા વધુ છે

સીંધમાં નવી નહેર

પાસ હજાર એકરને પાણી પુરૂં પાડી શકે એવી મોટી જાહેર રૂપીઆ ત્રણ લાખને ખર્ચે સીંધમાં બધાશે

કિસાનોની કંગાલિયત

શ્રી૦ કમળાશકર પંડયા દ્વારેાદમાં ભરાયેલા મધ્ય ભારત રાજસ્થાન પરિષદમાં કિસાનોની દયનીયતાનો કારણ ચિતાર આપતાં જણાવે છે કે:- ખેડુતો પર જમીનના માલીકોનો હક નથી, જમીન મહેસુલ નકકી કરવામાં ખેડુતોને પુછવામા આવતું નથી તે તો ઠીક પણ તે નકકી કરવાનુ કામ કોઇપણ પ્રકારે પણ હોય તેમ લાગતુ નથી આજે રાજસ્થાનના કિસાનો તેમની હાલત ચલાવી રહ્યા છે, અને ખેતી પર તેમનું ગુજરાન ચાલી શકે, તેવી પરિસ્થીતી ન હોવાથી, ખેડુતોએ તેમના પટા રાજાને પાછા સોપી હડતાળ જાહેર કરી છે, અને મજુરી કરી તેમનું ગુજરાન ચલાવે છે.

વર્તમાનપત્રોની કટારોમાંથી.

ખેડુતોને મનાઇ

આદપુર દરબારની તાલુકદારોએ પરછે ગામમાં ગુંડાગીરીનું પ્રદર્શન કર્યા પછી હવે તેણે પરછે ગામના ખેડુતોને ગારીયાધાર, ચારોડીયા, અને પરવડી ગામે જવાની મનાઇ કરી છે, મનાઈ કરવાનો હેતુ એ જણાય છે કે ખેડુતો કાર્યકર્તાઓને ન મળી શકે.

ખેડુતો રાહત માગે છે

મૂથી હાલાદ જીલ્લાના જુદા જુદા ભાગોમાંથી આવેલા કંગાળ ખેડુતોની ટુકડીઓ થોડા દિવસથી જીલ્લાના વડા મથકના રસ્તાઓ પર ફરી રહી છે, અને અમલદારો તથા બીજ અમલદારોને મદદ માટે વિનંતિ કરે છે. તેઓ પાકની ઉપરા ઉપરી નિષ્ફળતાને કારણે થએલી ભારે કંગાલીયતનો ફરીયાદ કરે છે, પાકના સંજોગો હાલમાં કઈ પણ જણાતા નથી, બીયાંની અછતે દુષ્કાળનો ભય સેવતા ખેડનારાઓની મૂસ્કેલીઓમાં વધારો કર્યો છે. એવા સમાચાર મળે છે

ખેડુતો તે આપવાને બંધાયેલા નથી

તાલુકદારી પ્રજાને થઇ રહેલી કનડગતોના સંબંધમાં મુબઇ સરકારના મહેસૂલી પ્રધાને એ સંબંધમાં તાકીદનાં પગલાં ભર્યા છે, મહેસૂલી પ્રધાને એક સરકયુલર પ્રગટ કરી જણાવ્યું છે કે તાલુકદારો પૂછવેરો, ઉછાવેરો, લાભવેરો, ચણતરવેરો, મદવેરો, અને એવા બીજા જે લાગાઓ લે છે તે ગેરકાયદેસર છે અને ખેડુતો તે આપવાને બંધાયેલા નથી

પોલાંદના કિસાનોની આત્મભોગ આપવાની તૈયારી

પણ વખત પડ્યા પ્રધાન બની સુકેલા વોર્સુધ્ધ ખેડુત આગેવાન મે. વિગેસ વોરસો જીલ્લામાં ખેડુત પક્ષના આગેવાનોના આરોહણ દીને એકત્ર થનારા સમૂહ આગળ સાત વર્ષની રાજકીય હદપારીની સજા ભોગવી પાછા ફર્યા પછી, પહેલીજ વાર શહેરમાં દેખાવ દેશે,

ખેડુત પક્ષની આગેવાનીના ખેડુત પક્ષની આગેવાનીના પુનઃ સ્વીકાર કરતી વખતે મે. વિટોસે કરેલા નિવેદનને સભાજનોએ ધ્યાનપૂર્વક સાંભળ્યું હતું, નિવેદન જણાવે છે કે પોલાંડ માટે ઉપરયીત થએલો તાત્કાલીક ભય સઘળા ખેડુતો (જેઓ કુલ વસતીના ૭૦ ટકા જેટલો છે) પર રાજ્યના બચાવ માટે યુધ્ધ કરવાની ફરજ નાંખે છે.

નિવેદન વધુમાં ઉમેરે છે, 'હાલની પરીસ્થીતી માટે અમે જવાબદાર નથી છતાં પણ અમે દરેક બોગો આપવાને તૈયાર છીએ.

કિસાન કાર્યકર ગીરફતાર

બતાલા જીલ્લાના જાણીતા કીસાન કાર્યકર શ્રી સુદર્શનસીહને લાહોરના "કિસાન મોરચા" સંબંધમાં ગામડાઓમાં પ્રવાસ કરતા હતા ત્યારે રાજદ્રોહના આરોપસર કલમ ૧૨૪ અ હેઠળ મીમાણુદી ગામમાંથી ગીરફતાર કરવામાં આવ્યા હતા.

મુનાગલ જાગીરમાં ચાલતો કિસાન સત્યાગૃહ

મુનાગલ જાગીરમાં કિસાન સત્યાગૃહ સંબંધમાં શનીવારે તેર કીસાનોને ગીરફતાર કરવામાં આવ્યા હતા, કુલ્લે ૧૬૨ માણસોની ધરપકડ કરવામાં આવી છે.

કિસાનમંડળ સત્યાગૃહમાં ભાગ લેવા માટે સ્વયંસેવકોની ભરતી કરે છે અને નાના જથ્થાઓને મોકલે છે.

દેશોદ્ધાર ક્યારે ?

(રાગ—આદ)



મારા સ્વાશ્રયબિના કૃષિકાર હો
સિધાવોજી સરકાર વાટ... .....(ધ્રુવ)
અન્ન તણો ઉત્પાદક પિતા
જગત જીવાડણહાર;
ભૂખ દુઃખે નિજ બાળ કકળતા
હૈયે તુજ અંગાર... ...મ્હારા૦
કપાસ—રૂ ઉપજાવી પોતે
ઢાંકતો વિશ્વ શરીર;
ફાટ્યાં તૂટ્યાં વસ્ત્રો અંગે
છુપાવે નગ્ન શરીર.....મ્હારા૦
બળબળતી લૂ લહાય સહે હો
કળકળતી તાઢ અપાર;
મેઘ ઝડી શિર ઉપર સહેતાં;
ડગે નહીં તલભાર.....મ્હારા૦
ઘી—દુધ કેરાં સ્વપ્નો ના'વે
ખાવા રહી એક છાશ;
કરજ તણો શિર ઉપર કુંગર
રહેવા ન મળે છાજ.....મ્હારા૦
સ્વાશ્રય ટેકે મગભર થાઓ
મંત્ર, સાધો સહકાર
કૃષિકાર ઉદ્ધાર થાશે તવ
દેશ તણો છે ઉદ્ધાર..... ...મ્હારા૦

સોમાભાઈ ન૦ રાવળ.

૬૦ લાખ રૂપીઆ ખર્ચ કરીને પણ
દેશ દેશથી મેળવેલાં ફુલો.

હિંદમા આમાનું–આવું
કાંઈ થશે !

ન્યુયોર્કમાં વીસ લાખ પુલનું–

આંતર રાષ્ટ્રીય પ્રદર્શન



થરમો મીટરની ઝીરો ડીગ્રીની નીચે પણ ૪૮ ડીગ્રી જેટલી ઠંડી અને બરફવાલા પ્રદેશમાં ઉગી શકનાર ફુલની વીશીષ્ટતા.

વધુમાં વધુ ગરમીવાળા દેશમાં પણ વિકશનાર ફુલોને કાચની પેટીઓમાં જીવંત રાખેલ વિવિધ ફુલોનો અમુલ્ય સંગ્રહ.

ન્યુયોર્કથી એક મિત્રના આવેલા પત્ર પરથી કિસાન માટે રજુ કરનાર શ્રી મગનલાલ ગજ્જર

ન્યુયોર્ક શહેરનું પ્રથમ દર્શનિક ચિત્ર આપણો કાગ હિન્દી જુએ તો તેને. મોટર ટ્રામ્સ, બસીસ, એલીવેટરસ (રસ્તાની ઉપરના પુલ પરથી જનારી રેલ્વેઓ) સબવે. (ભોંયરામાં દોડનારી રેલ્વેઓ) આપોઆપ અર્ધી અર્ધી મિનિટે બદલાતાં ટ્રાફીક અને વાહન વહેવાર ના સૂચક, ઇલેકટ્રીક દીવાઓ, શેરીઓમાં બેઉ હારપર સો સો મજલાથી ઉચે જતાં ભવ્ય મકાનો, અને એવી વસ્તુઓના સહવાસમાં આવનાર ઉદ્યોગી માણસો અનિમેષ જોવા મળશે.

આ જોઇ સ્વાભાવિકપણે વિચાર થશે કે આવા યંત્ર અને પ્રતિયંત્ર આ પ્રદેશના માનવી એ નિરંતર યોજવામાં પોતાનો સમય વિતાવી વિજ્ઞાનની મદદથી કુદરત પર યશ અને કાબુ મેળવ્યો છે, એમ આપણને લાગ્યા વિના રહેશે નહિ. પણ જરા સુક્ષ્મદ્રષ્ટિથી નિરિક્ષણ કરતાં, પ્રત્યેક વ્યક્તિ પોતાની સર્વ શક્તિનો વિકાસ સાધવા માટે રાત્રંદિવસ ધમપછાડ કરતી માલમ પડ્યા વિના ન રહે. પ્રત્યેક સૃષ્ટિ પદાર્થના મૂળમાં ઉડાણથી ઉતરી, તેમાં ઓતપ્રોત થવાનો સ્વભાવ અહિંના માણસોમાં છે. અને એજ એનો ઉદ્યમ અને એજ એના ઉદ્યોગનું કારણ છે એમ સ્પષ્ટ તરી આવે છે.

હિંદ માતાની આ વિશાળ ભૂમિ પર સૌ કહે છે કે નૈસર્ગની કૃપા છે, હિંદની પર્વતની હારમાળા, તેમજ વિશાળ મેદાનમાં લહાવારૂપ વનસ્પતિ થાય છે, જેણે હિન્દ બહારના ઘણાંઓ અભ્યાસિને અભ્યયનનો ખોરાક આપી, તેઓને

સમૃધ્ધ પણ કર્યા છે અપણે તા એમને ત્યાં ઘણા પ્રકારના ફુલ થાય છે ગાસ્મીર કનોજના બકુલ ના સમયના ફુલબાગો હજી આજ પણ પ્રખ્યાત છે પુરાતન સમયમા ફુલનો અભ્યાસ પણ થયો હશે પણ આધુનિક સમયમા ફુલના અભ્યાસ તરફ આપણે કાઇક અંશે દુર્લક્ષ્ય આપીએ છીએ એમ કહીએ તા ખોટુ ન ગણાશે ફુલઝાડની વૃધ્ધિ તથા ઉછેર અને તેની સમૃદ્ધિ કરવી એ આપણુ એક રાષ્ટ્રિય કર્તવ્ય છે

આપણા તરફ કાઇ સાધન સરયા જ પણ બેદ એટલો કે કુરતે કેલાવેના અને માનવી માટે સરજેલા પાન ફુલ ઉછેરિના સૈદર્યનો વિકાશ કરી તે ક્ષેત્ર વિસ્તૃત કરવાની મહત્વત આપણને ભાસવી થી માનવી જીવન સુખમય કરવા માટે સવગી ચગવગ છે ઝાડ રોપવા આપણુ પેત રોપેના ફળની વૃધ્ધિ કેમ થાય ત જોવુ તમા મનુષ્યને અત્યાનંદ થવો જોઇએ અને તેમા જરેખર આનંદ થાય છેજ

એક અંગ્રેજ લેખકે યોગ્યજ લખ્યુ છે કે –

To make something grow is to particip te in another beyond our own

અમી આનંદમય અને રમ્ય કલ્પના પેને રોપેના વૃક્ષ સમ થી છે

આપણા વિલ્મા કેનેમા હાલમા ઘણાજ પ્રદર્શના યોજાય છે પણ ફુલપત્રના પ્રદર્શન અને અન્ના — કેવળ — ફુલના પ્રદર્શન ઘણુજ અલ્પ અને તે ક્ષેત્ર સકુચિત પણ છે

અમેરિકામા તો આવા પ્રદર્શનેની નવાઇ નથી પ્રયેક નાના મોટા શહેરમા અને ગામમા પુષ્પ પ્રદર્શન Flower show દર વર્ષે વસંત ઋતુમા યોજાય છે તે ઉપરાંત International Flower Show આંતરરાષ્ટ્રીય પુષ્પપ્રદર્શન પણ કોઇ મોટા શહેરમા યોજાયાનુજ વન સ્પતિ ઉપવન, વનસ્પતિ ઉછેર બાગ રચના ઇત્યાદી વિષેના અભ્યાસીની નિરનિરાળી સસ્થા આવા પ્રદર્શનમા ભાગ લઇ પોતપોતાની સરસ ધનનો અને કલાનો લાભ હજારો સ્ત્રી પુરૂષને આપે છે

ચાલ વરસ ન્યુયોર્કમા ઇંટરનેશનલ ફ્લાવર શોનુ ૨૬ મુ પ્રદર્શન તારીખ ૧૩ માચથી ૧૮ મી માર્ચ સુધી ભરાયુ હતુ ' ગ્રેડ સેંટ્રલ નામની ભવ્ય ઇમારતના ચાર મજલા મણને ચાર એકર જમીનમા એ પ્રદર્શન વિસ્તૃત થયુ હતુ ૨૦૦૦૦૦ ફુલની અનેક વિધ રચના ત્યા દેખાતી હતી હિમાલયમા સ્થિત વિશ્વ વિરોધી વાતાવરણમા ઉછરેલ ફુલ તેમજ આફ્રિકાના અરણ્ય પ્રદેશના જંગલી ફુલો પણ પમ ઝુમતા જોવામા આવતા હતા જરા પણ ઠંડી અથવા વધુ ગરમીમા કરમાઇ જનાર ફુલે

બાગ બગીચાવાળાઓને બહુ ઉપયોગી

સુંદર પાકને જંતુઓથી બચાવનાર એફિસોલ જીવાત મારવાની પહેલ વહેલી દવા

સુંદર પાક ખેતરમા ઉભરાવવો હોય તો સેંગરાલ ખાતરનો ઉપયોગ કરો

અમારૂ પ્રાઇસલીસ્ટ મંગાવો

— લખો યા મળો —

ધી બોમ્બે સીડસ

સપ્લાઇ કું.

બીયાંના વેપારી

રાણીના બાગ સામે ભાયખલા મુંબઇ

તેઓને અનુકૂળ હતા આપતી કાચની પેટીમાંજ જોવા મળતાં હતાં એવા નાજુક અને કોમળ પુલમાં શૂન્ય અંશથી પણ ઓછે એટલે, ૪૮ ડીગ્રીએ વિકાશ પામનાર પુલ પણ બીજી બાજુએ ડાળી અને પાનપત્ર સહિત સજીવ દેખાતાં જોનારને પ્રેક્ષક ક્ષણભરનો સ્તંભિત થતો. વિશેષ તો આવાં પુલનો ઇતિહાસ જે ત્યાં જણાવવામાં આવતો હતો, તે પણ મનને કુતુહુલતા ઉપજાવે એવો હતો. પૂર્વે જે પુલ એકજ રંગના હતા તે પણ આજે વિજ્ઞાનની અસર તળે સાત રંગનાં થવા પામ્યાં એ શું નવાઇ ઉપજાવે એવું નથી? પ્રત્યેક રંગના આ પુલનું વિશિષ્ટ સૌદર્ય તરી આવતું હતું. વળી બીજી બાજુએ સઘળાં વાસ રહિત પુલો હતા. પ્રદેશના પુલમાં વાસ નથી એમ અહિં સાબિત થતું હતું. પણ તેને પણ વૈજ્ઞાનિક સાધનોએ એક પ્રકારની વાસ આપી; તે અત્રે પ્રત્યક્ષ થતું હતું. આવા ઉદ્‌ગાર પ્રેક્ષકોમાં સાંભળવામાં આવતા હતા.

એક જીવ થયેલા ગુલાબના છોડ

ગુલાબના પુલના વિવિધ રંગ, અને આકાર તેની વેલડાળી, પ્રમાણે સુંદર કમાન, એકજ કુંડામાં ૧૫-૨૦ જુદી જાતના રોપાનું સંયોગીકરણ કરીને એકજ કરી ઉછેરેલ પુલ, ઉપરાંત અસલનું મૂળ પુલ છોડ સાથે આકર્ષણ ઉત્પન્ન કરતાં હતાં

વિવિધતા

Acacia, Azatea, Lilium, Hydrangea, Marguerite, Calla, Elliottiana Imantophyllum, પીટુનીઆ, સફેદ અને લાલ કમળ, કલ્પાદીના સુંદર આકર્ષક કૃત્રિમ ફવારા માલમ પડતાં હતાં.

Cineraria Hybrid. નામની જાતના પુલના સઘળા રંગના તથા કંદના પુલના કુંડા ત્યાં પ્રત્યક્ષ હતાં મધ્યે મધ્યે ભોગવિલાસના માંડવા પણ હતાં. ડહાલીયા, કદંણી, બલ્બ્સ Bulbous Plants, ગાંઠ કંદના પુલ જમીન પર થનાર ભૂરાં કમળ, કલ્પાદીને અનુકુલ ઘર ભુપડી જેવું કરી, હવાનું અનુકુળ વાતાવરણ આપવાની કૃતિઓ યોજેલી હતી ડહાલીઆ ના કંદની સુકવણી, સુકવવાની જુદી જુદી પધ્ધતિઓ તથા અન્ય કંદને સુકવવા તથા ઉછેરવાના વિશિષ્ટ મિશ્રણ અને રસાયણો, રસાયણિક ખાતરથી ઉછેરેલ અનેક પ્રકારની ફલમ તથા વનસ્પતિમાંથી મળેલી એક અપુષ્પ વનસ્પતિ, અને તેના પર આવેલાં પુષ્પો જેવાં અવા અનેક શાસ્ત્રિય ચમત્કાર લોકોનું ચિત્ત વેધતાં હતાં. નિરનિરાજ્યા દેશમાંથી મેળવેલા આ પુલ માટે ૬ (છ) લાખ રૂપિઆનું તો ખર્ચ થયું હતું. આવી બગશ હિંદમાં આવતાં તો હજી વર્ષો જોઇશે.

આપણી મહાસભાનું રાષ્ટ્રિય અધિવેશ પ્રતિવર્ષ

આજના વિજ્ઞાનના જમાનામાં શું હજુ તમે વિમો નથી ઉતરાવ્યો?

લાગવગવાળા અને પ્રમાણિક એજન્ટોની નફાકારક શરતો મળે છે.

આજજ તમારો વિમો ઉતરાવો

જીંદગીના વીમાની સર્વોપર સ્વદેશી કંપની

ઇસ્ટ એન્ડ વેસ્ટ

ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડ.

(સ્થાપના ૧૯૧૩)

હેડ ઓફીસ } ઇસ્ટ એન્ડ વેસ્ટ બિલ્ડીંગ એપોલો સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ

ભરાય છે, બાવણીઓ અને તજુબોથી અરતવા નામથી નગરો રચાય છે મહાસભાની બેઠક સાથે ગ્રામ્ય ઉદ્યોગિક પ્રદર્શનો પણ યોજાય છે. અને પ્રદર્શન સાથે નાનકડો બાગ પણ બનાવવામા આવે છે પણ આપણી મહાસભા જો ધારે તો તેજ વખતે આપણા પુલઝાડ ઉછેરને આમ પ્રોત્સાહન આપી શકે. પણ જ્યા મતભેદ અને આનરકલહ છે ત્યાં આવા ક્ષેત્રપર નજર દોડાવવાની કોને પડી છે ? જે જે નગર કે બાગ યોજવામા આવે છે તેજ કાયમના નથી રહેતા. તો પછી આવુ તો કયાથી થશે ?

૧૯૩૭ મા ઈગ્લડમા કોરોનેશન સમયે થાકગી રીમા હાન્ડ પાર્કમા એક એવી કૃતી તૈયાર કરવામા આવી હતી કે બગીચાના એક ભાગમા પુલ અને પાદડાથી મોટો યુનિયન જેક નો ચાકટો જીવતા છોડનો બનાવવામા આવ્યો હતો. બેશક છ માસ આગાથી એવા છોડો રોપવામા આવેના કે તેને બ્લુ, લાલ અને સફેદ પુલ આવે અને તે સમયના તેના રગના ક્રમ પ્રમાણે ઉચાઈ પ્રમાણે કોરોનેશન સમયે તૈયાર પણ થઇ ગયા હતા મહાસભાનો અધિવેશન વેળાએ યોજતા બાગ કયાગમા હિન્દના રાષ્ટ્રચિન્હ સુચક ધ્વજનો ખ્યાલ આવતા રગના પુલઝાડ ઉછેરાય, અથવા એવા ઝાડ એવી રીતે અથવા આકારમા ઉછેરાય કે રેખીઆનો ખ્યાલ આપે, તો વધારા પડતું ન ગણાશે અમો આશા રાખીએ છીએ કે કોઇ પણ વકિતનું આ પ્રતિધ્યાન ખેચાશેજ.

આ તો ઘણી વિષયાતર થયો. પાછી ન્યુયોર્કની વાત કરીએ. ત્યા આ પ્રદર્શનમા અનેક પ્રકારની હરિફાઇઓ હતી, જેમા અનેક બાળકો તથા સ્ત્રી પુરોએ ભાગ લીધો હતો વિષયમા સ્ત્રીઓએ વધુ પ્રમાણમા સ્પર્ધા કરી હતી. હરિફાઇના વિષયો અને પેટા વિભાગમાં નીચેના કેટલાક મુખ્ય હતા

(૧) ગૃહોદ્યાન — ઘર આગળના અર્ધ વાડામાના નાનકડા બાગ.

(૨) પર્ણકુટી બાગ—(ઝુપડા) બરફની આગળ પાછળ કરવાનો બાગ) અને કાસ્ટ ગાર્ડનીગ

(૩) સ્વાભાવિક બાગ રચના — Rock Gardens.

(૪) નરોદ્યાન — શહેરના રસ્તા આસપાસ અથવા જુદે જુદે સ્થળે કરવાના બાગ.

(૫) બારી બારણામાંના બાગ— House Window Gardening ભોજનગૃહ, શયનગૃહ રસોઇ પાકગૃહ વગેરે, ઘરના જુદા જુદા ભાગમા કરી શકાય એવા પર્ણ પુષ્પ રચના અથવા કુંડા (Pot rearing) ઉછેર.

(૬) જલોદ્યાન — પાણીમા કરવાના બાગ

(૭) ફુલની દુકાનની માંડણી — Flower Shop Windows

વગેરે અનેક વિધવિધયો હતા

આ હરિફાઇમા, પોતપોતાની કૃતિ વધુ કલાત્મક કરવાની પ્રત્યેકને પરાકાષ્ટા હતી એતુ તરી આવતુ હતું.

પ્રત્યેક કૃતિના ગુણદોષાત્મક પરિક્ષણ તજ્ઞ, પરિક્ષક મડળ મારફતે પ્રત્યેક કૃતિ આગળ તેની નોધ માનમ પડતી હતી. અને એવી રીતે પરિક્ષામા ઉત્તીર્ણ થએલ કૃતિને સારા પારિતોષિક પણ આપવામા આવ્યા હતા.

ઘરમા, ટેબલ ડેકોરેશન, પુલદાની અને પર્ણ પુષ્પ રચના કરવાની હોય, અથવા બાગની રચના કરવાની હોય, તે સર્વને વધુ સુંદર અને દેદીપ્યમાન કરવા માટે કલાત્મક અને શાસ્ત્રીય જ્ઞાન પ્રત્યેકને હોવું જરૂરનું છે, એમ આ પ્રદર્શનમાંથી માનમ પડતું હતું

ઘરની હવામા કયા ઝાડ ઉગી શકે, બહારની ઠંડી, પવન, ગરમી, વરસાદ ઇત્યાદીમા કોણ

સારી રીતે ઉગી શકે, ઘરમાંની ટેબલ ડેકોરેશન માંની પણ પુષ્પ રચના ઘણાં દીવસ ટકાવી રાખવા શું શું કરવું. કૃત્રિમ સાધન કેવા સંજોગોમાં ઉપયોગમાં લેવાં, પણ પુષ્પ રચના સર્વાંગ સુંદર કરવા માટે પાન ફુલનો રંગ, તેને મુકવાનું સ્થાન, પાંખડિ, ફુલ ઇત્યાદીની પાછળની ભૂમિ Back Ground (પાર્શ્વભૂમિ) વીગેરેની યોજના કેવી કરવી. તેનું તથા તથ્ય જ્ઞાન પ્રત્યેક યોજકને હતુ; એમ જણાતું હતું, પણ પુષ્પ રચનાની ઉછેર અને કલા સાધવી મતલબ કે ઘરમાંજ નંદનવનની શોભા આણવી એજ પ્રત્યેકનો ધ્યેય હતો.

શું કરવુ.? મુઝ ખ્હતી નથી એમ વિચારમાં બેસી રહેવા કરતાં, નૈસર્ગ સાથે તન્મય થઈ, તેનો અભ્યાસ કરવો તેથાંજ સમય વ્યતિત કરી, તેમાંથી આનંદ મેળવવે, અને બીજાને તે આનદનો લાભ આપવો એ હેતુ સ્પષ્ટ થતો હતો.

સૃષ્ટિની આ વૈભવ સંપતિનો અભ્યાસ અને આનંદ લૂટવાનો લાભ, તેમાંથી પોતાનું બુદ્ધિસૌંદર્ય પ્રગટ કરવાની સૂઝ, અને તેમાંથી પણ કૌતુક ઉત્પન્ન કરવાની તકનો હજારો લોકોએ આ પ્રદર્શનમાંથી લાભ મેળવ્યો હતો. પહેલાજ દિવસે ત્રીસ હજાર લોકો પ્રદર્શન જોઇ ગયાં અને પ્રવાસોની સંખ્યા દિનપ્રતિદીન વધતી જતી હતી. નાટક સિનેમા કરતાં વધુ આકર્ષણ આ પ્રદર્શનમા માલમ પડતું હતું.

હવે પ્રશ્ન એ ઉદભવે છે કે આ વિષયમાં ત્યાંની જનતાને આટલી આરથા, આટલો રસ કયાંથી ઉત્પન્ન થતો હશે?

પણ કહેવા દો કે, પાનફુલનું સૌંદર્ય કોને ન ગમે!

પણ અભ્યાસની દ્રષ્ટિએ તેનો આસ્વાદ લેવાની પાત્રતા મેળવાની શાળાઓ, કોલેજો, મ્યુઝિયમસ, બોટેનિકલ ગાર્ડન કલબસ (Clubs) વીગેરેમાં બગીચા અને વનસ્પતિ જીવન, ઉછેર, વિગેરે વિષય માટે સતત ચાલતાં વર્ગવ્યાખ્યાન માસિકો ઇત્યાદી આ પ્રદર્શન યોજનાના આધારભૂત કારણો હતાં.

અમેરિકામાં બોટે નિકલ ગાર્ડન્સ જેવા સસ્થાએ બાગબગીચાના વિષય પર અનેકવિધ વાંડગમય અને શાસ્ત્રિય સંશોધનાત્મક, ગ્રંથ પ્રસિદ્ધ કરેલા છે. તે સઘળાં આ પ્રદર્શનની બીજી બાજુએ દેખાં દેતાં હતા. પણ પુષ્પ રચના, અને બગીચાનું શાસ્ત્ર જણાવતાં અનેક માસિક હોય, તેનો ખપ પણ સર્વત્ર થાય છે.

એ કારણને લીધે જનતાને આ વિષયમાં આસ્થા અને શોખ તથા રસ છેજ. શાળા, કોલેજ, ગાર્ડન કલબસ, મ્યુઝિયમસ, ઇત્યાદી મારફતે ચાલતાં, વનસ્પતિ જીવન અને બગીચા શાસ્ત્રના વર્ગમાં વિદ્યાર્થીઓની ભરચક ગરદી હોય છે હજારો વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓ આ વિષયનો અભ્યાસ કરે છે. અને તે શાસ્ત્રમાં પ્રગતી કરે છે. ફળઝાડ ફુલઝાડ, ઉછેરવા, એ કેવળ ધંધા માટે નથી એવી ત્યાંની જનતાની માન્યતા છે. વળી આ વિષયને રાષ્ટ્રિય મહત્વ પ્રાપ્ત થયું છે. રાષ્ટ્રજીવન વધુ સુખી કરવા માટે આ વિષય તરફ વધુ લક્ષ આપવામાં ત્યાની સરકાર પોતાનું કર્તવ્ય સમજે છે.

હિન્દમાં આવું કયારે થશે?

ખેતી વિકાસ

(ખેતીવાડીનું માસિક)

લવાજમ:—રૂા. દોઢ.

ગંગાજળા, : અલીઆબાડા.

(કાઠીઆવાડ)

ગૃહઉદ્યોગ અને વિજ્ઞાન


: ખેડુતોએ નવી રીતથી ખેતી કરવા :
: બાબત જાણકાર થવુજ જોઇએ. :

હિન્દુસ્તાન ખેતીપ્રધાન દેશ છે વસ્તીના ૮૦ ટકા જેટલો ભાગ ખેતી પર આધાર રાખે છે ખેડુતોને તો બીજા બધાઓ સાથે કુદરત સામે પણ બાથ ભીડવાની હોય છે, અને કયારે ને કયે વખતે આફત આવી પડશે, તેની તેને હમેશા ચીંતા રહયાજ કરે છે એટલે તે ગમે તેટલી મહેનત કરે છતાંયે તેનું બદલો તેને મળશે કે નહિ તે તો રામજ રહે છે, આવા વખતમા ખેતીવાડી સાથે આજના કીસાનોને " ગૃહ ઉદ્યોગ " નું શિક્ષણ અપવુ જરૂરી છે સાથે સાથે પડતર જમીન દેશમા ઘણા મહોટા પ્રમાણમા પડી રહી છે કે જેનો ખેડનાર કોઇ નથી યા તો તે જમીન એવી છે કે જે ખેડી શકાતી નથી આવી જમીન ખેડવા લાયક બનાવવી તે આજની સરકાર, અજની રીયાસતી, અને આજના કિસાનના હિતેચ્છુઓની પ્રથમ ફરજ છે. વધારામા ખેતી આજે આ વિજ્ઞાની જમાનામા અસલના ધોરણેજ થાય છે તેમા જબ્બર પલ્ટો-યા પરિવર્તન-લાવવની અત્યારે જરૂર છે મહાસભાવાદી સરકારે અને રાજ્ય મહારાજ્યઓ પોતાની સરહદના કિસાનોને અસલ જૂની ખેતીને બદલે ધીરેધીરે નવી રીતથી ખેતી કરવા અને સારો પાક પેદા કરવા માટે શિક્ષણ આપવાની જરૂરીઆત હવે આવી પડી છે. ખેડુતોને નવા સાધનો આપી તેને વાપરવા રીતો શીખવવાની જરૂર નહિ તો કયારે આત છે. વરસાદ ન આવે તો પણ વધુ નહિ તો થોડા પ્રમાણમ જીવનો રહે કરવાનો સમય આવી પહોચ્યો છે દારા ખતરો, સારા બીજો ખેડુતોને પુરા પાડવા જરૂરીઆત છે પાકના દુશ્મનો જીવાત, અને તીડોના ટોળા સામે આપણનો હજુ પણ સમય નથી આવ્યો નને ઉભો રાખવો હોય તો હવે ઉપરની બાબતોનો ઉપાય કરવો જરૂરીજ છે અમલ જેટલો જલદી થાય તેટલોજ દેશ છે કિસાનોને ખેતરમાંથી એટલી અવક નથી કે જેથી તેની પાછળ પગાર બાર માણસો જીવન નીર્વાહ ચલાવી શકે. આજ જીવન ખર્ચાળ બની ગયુ છે જેમાંથી કીસ પણ બચત પામ્યો નથી એટલેજ ખેતીવાડી શિક્ષણ સાથે ગૃહઉદ્યોગની તાલીમ આપવ જરૂરીઆત છે આની પાછળ મુંબઇ સરકા સખ્ત રીતે કામ કરી રહી છે, ગૃહઉદ્યોગ ૨ ખેતીમા વિજ્ઞાનની મદદ લીધા કિસાન ઉ રહી શકતો નથી. " કિસાનો " પોતાની જમે બરાબર સભાળતા થાય તેજ હવે જોવાનું છે

ખેડૂતોને રાહત

ગુજરાધિપતી મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડ ગાદી પર આવતાંજ પોતાની ખેડૂત પ્રજાને યાદ કરી રાહતની નવરચેના કરે છે, સ્વ૦ સયાજીરાવ મહારાજા કદી પણ પોતાની ખેડૂત પ્રજાને ભુલ્યા નહોતા, તેજ પગલે આજે વડોદરા નરેશ ચાલી રહ્યા છે, બેતુતોની ફાજલની આંધીને હલતનો વિચાર કરી પાંચ વરસ માટે જમીન મહેસુલમાં આપેલી ગાફી કાયમને માટે આપવાનો ઉદાર હુકમ ફરમાવ્યો છે, અને આવી રીતે ખેડૂતોને રાહત આપી તે લોકોને કંઈક રાહતથી છુટકારાનો દમ ખેંચત કર્યા છે, રાજ્યનાં સ્તંભ ગણાતો ખેડૂત વડોદરા રાજ્યમાં બીજા કેટલાક રાજ્યો કરતાં કાંઈક વધુ સુખી છે, અને આશા રાખીએ કે એવીજ રીતે દરેજ ખેડૂતો પર દૃષ્ટિ રાખી ગુજરાધીપતી શ્રી૦ પ્રતાપસિંહરાવ મહારાજા ખેડૂતોને રાહત આપી જગ ઉજળા બનાવશે, અને વધુ સુખી કરશે. પ્રજાની આબાદીમાં ખેડૂતો અમમાગ ભજવે છે. ખેતીવાડી સાથે ગૃહઉદ્યોગ, ગ્રામ ઉદ્યોગ, તથા બીજા ઉદ્યોગો માટે વડોદરા રાજ્યમાં સારૂ ક્ષેત્ર છે, અને સરકાર તેમજ મહારાજા જ્યારે પોતાના રાજ્યમાં જેમ વધુ

> વડોદરા સરકાર ખેડૂતો તરફ દૃષ્ટીપાત કરે છે. અને ખેડૂતોને રાહત બક્ષે છે ઇચ્છીએ કે તેમની રહેમદીલી હરહંમેશ એવીજ ઉદારતા ઉદાર રહે.



ઉદ્યોગો મોટા પાયા પર ઉભા થાય તેવા પ્રયત્નો કરે છે. એવા ઉદ્યોગોને સરકાર રાહત અને મદદ પણ અવારનવાર મજે છે, ને તેથી ધીરેધીરે વડોદરા રાજ્યમાં કારખાનાઓ અને ઉદ્યોગો વધતા જાય છે.

કારખાના, મીલો, વિજળીના કારખાનાં, જીન પ્રેસો, કેમીકલનાં કારખાનાં, આર્યન વર્કસ, સોપ્ટ વર્કસ વિ. ધુમ, ધોકાર ચાલી રહ્યાં છે. વળીયે એક મોટું કારખાનું ટાટા કંપની તરફથી એસીડ અને ટીન્બરો બનાવવાનું વડોદરા સરકારના સહકારથી હવારકામા શરૂ થનાનું છે. પીપોદરા ગામે ગ્રામ ઉદ્યોગ સહકારી મંડળીના સ્થાપના થઇ છે, તે દ્વારા, રેંટીઆ કાંતણ, પીંજણનું કામ ઘણા ઘરોમા દાખલ થયું છે.

રાજ્યનું ઉદ્યોગ ખાતું ઝડપથી કામ લેતું લાગે છે. ગૃહ ઉદ્યોગ મંદિરમાં ધતું ગાળવાનું અને ધડવાનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. તેમજ લાકડું ધડવાનું રંગવાનું ને લાખ બનાવવાનું કામ પણ શીખવવામાં આવે છે. કાપડ રંગવા અને છાપવાનું કામ પાટણમાં ત્યા ચામડાં કેળવવાનુ કામ પાટણ, ચાણસ્મા અને રણજમાં ચાલુ રાખવામાં આવ્યુ છે, ચમાર અને વણકરોને સરકાર તરફથી મદદ આપવામાં આવી છે. (કાચો માલ ખરીદ કરવા માટે.)

વિસનગર અને દેવલીમાં કાંતવાના શીક્ષણ કેન્દ્રો તથા હાથ વણાટનાં કેન્દ્રો વરસડા, ચલાસા, સાંધી અને કરખડીમાં ચાલુ છે.

ઉદ્યોગોમાં સવલતો માગતી અરજીઓ સારા પ્રમાણમાં મળતી રહે છે, અને તેનો સ્વીકાર પણ કરવામાં આવે છે.

ખેડૂત, કારીગર અને કામદાર પ્રત્યે મહારાજાની જેવી કૃપા દૃષ્ટિ છે તેવીજ તેવી હર હંમેશ કાયમ રહે અને આ વર્ગો સુખી થાય તેવા પ્રયાસો થયા કરે એવી અમરી ગુજરનરેશને હૃદયની પ્રાર્થના છે.

થોડાક અભિપ્રાયો

દરેક પુસ્તકાલયમા આ પુસ્તક હોવુ જ જોઇએ, એમ નહિ પરતુ તે વિષે વાચાય એવી જરૂરી માહિતીઓએ ભરી જોઇએ

" પુસ્તકાલય " માસિક (વડોદરા)

આવા પ્રજા ઉપયોગી પુસ્તક રાજ અને ઉદ્યોગોના પ્રચાર માટે ઉભી થયેલી સસ્થાઓએ ઉત્તેજન આપી ગામડે ગામને સજીવન કરવામા સાથ અને સહકાર આપવો જોઇએ

' ગ્રામજીવન સહકાર્ય અને ખેતી " માસિક (વડોદરા)

ધરગથ્થુ હુન્નરોના આ જાતના દેખાવ પુસ્તકો આપણે ત્યા ઘણા બહાર પડયા છે અને હજુ ગમે તેવી ભરપુરતાના ગોકળા સાથે બહાર પડશે પરતુ આ પુસ્તકની વિશેષતા તેમા મૂળા પ્રયોગોજ માત્ર નથી પણ જુના જુના વિષયોના સારા અને અનુભવી લેખકો પાસ લખાવેલા લેખોને સગ્રહીને આ પુસ્તકને વિવિધતા બક્ષી બનાવવામા આવ્યુ છે તે છે

" રવીવાર " સાપ્તાહિક (મુબઇ)

મેહરોને માટે ગામા નિતીપૂર્વકના પરસેવાની રોટલી રળવાનુ માર્ગદર્શન છે

" જન્મભૂમિ " દૈનિક (મુબઇ)

ગુજરાતના બેકારો આમાથી અનેક હુન્નરનો અખતરો કરી જીવનભર સુખી જીંદગી ગાળી શકે એવા ઉદ્યોગો આ પુસ્તકમા બતાવવા મા આવ્યા છે

" મહાગુજરાત " સાપ્તાહિક (કરાચી)

શ્રી મૂળજી માનજી ચાનડાએ ' નફાકારક હુન્નરો ' નો પહેલો ભાગ ગુજરાતીમા બહાર પાડી ગુજરાતી સાહિત્યની તો ઠીક પણ ગુજરાતના અનેક બેકારોની રોટલી વગર રખડતા યુવાનોની સુંદર સેવા બજાવી છે

' દેશી વેપારી ચબરનુ માસિક " (મુબઇ)

આવુ શાસ્ત્રીય પુસ્તક મે રૂપિઆની કિમત મળે ત્યારે બરોબર સમજુ જ નેમાર

" કુમાર " માસિક (સુરત)

' દેશના છોકરા અને છોકરીઓને પ્રથમ પેટ ભરવાનો રસ્તો બતાવી આપવો જોઇએ '

શ્રી. કાકાસાહેબ કાલેલકર

મુબઇ સરકારના કેળવણીખાતાએ અને વડોદરા રાજ્યે પુસ્તકાલયો માટે મજુર કર્યુ છે

ઘેર બેઠાં પૈસા કમાવા મગાવો !

શ્રી કચ્છ વેપારી મડળના પ્રમુખ ની કુંવરશી ધરમશી સપટના ' આમુખ ' સાથે

નફાકારક હુન્નરો.

—ભાગ પહેલો—

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા

વિવિધ હુન્નરોથી ભરપુર પુસ્તક

જેના વિષે દેશી વેપારી ચબરનુ માસિક Industrial India વિજ્ઞાન, કુમાર યુવક, ઊભી પુસ્તકાલય બુધ્ધપ્રકાશ ચિત્રમય જગત, ગ્રામસેવા કિસાન ખેતીવાડી વિજ્ઞાન સાબરમતી દેશ સિધસેવક મહાગુજરાત, The Financial News પુલમા ગ્રામજીવન મુબઇ સમાચાર જય કચ્છ દાદીઓ પ્રતાપ, લોકવાણી વગેરે પત્રોએ ઉત્તમ અભિપ્રાય આપ્યા છે

સફેદ ઉમદા આર્ટ પેપર અને સુંદર છપાઇ છતા કિમત માત્ર બે રૂપિયા ટપાલ ખર્ચ જુદો

મગાવવા માટે લખો:—

વ્યવસ્થાપક

શ્રી૦ લક્ષ્મી પુસ્તક ભાળા

પોસ્ટ સીનગુરા (અન્દર કચ્છ)

વીક્રમ સંવત ૧૯૯૫ની સાલનો વરસાદનો વર્તારો

જેનું ફળ સંવત ૧૯૯૬ માં મળવાનું)——●●——(લેખકઃ—હુલેરાય સી. અજારીયા.

પરમ કૃપાળુ પરમાત્માંની કૃપાથી આ વરસાદનો વરતારો લખવાની પ્રેરણા થતાં લખું છું તેનું ફળ પરમ કૃપાળુ પરમાત્મા આપે તે ખરૂં છું તો માણસ અલ્પજ્ઞને દોષવાનને મારાં મારાંના મોહમાં ફસાયેલ છું છતાં તે દોષ બુદ્ધિ પરમ કૃપાળુ પરમાત્મા આ વરતારો લખવા વખતે છોડાવે એવી પ્રાર્થના અંતરમાંથી પ્રભુને કરી લખવું શરૂ કરું છું. જેટલું લખ્યું છે તે ઇશ્વર અંતર્યામી ચૈતન્ય પરબ્રહ્મનીજ પ્રેરણા કરી લખાવ્યું છે મારૂં લેશ માત્ર નથી તથાસ્તુ.

૧ ચલુ વરસમાં કારતક-માગસર-પોષ માસમાં વાદળાં બંધાઈ વાતાવરણમાં પાણીનો જમાવ જોઇએ તેવો તો થયો નથી.

કારતકમાં લગભગ ૧૫ દિવસ વાદળાં થયાં છે

માગશરમાં ફક્ત ૧૪ દીવસ વાદળાં હતાં

પોષમાં આઠ રોજ વાદલ અને છાંટા ને માવઠાંનો વરસાદ કેટલીક જગોએ થયો છે.

(આ પ્રમાણ હમારા ખાસ નકીના બીયાના વેપારી પાસેથી તેમની જમીન અને ખાસ યંત્રદ્વારા નકકી કરેલ છે છતાં પણ દરેક પાણી-ખાતર અને જમીન પર ઉગવાનો મુખ્ય આધાર રાખશે. આ બીયા ખાસ બીયાના વેપારીને ત્યાંથી લીધેલાં હોવાથી તદન સ્વચ્છ અને ચોખ્ખાને માટે પ્રમાણપત્ર છે. ચાલુ મોસમે તેમાં નો મોટો વધુ ભેમાં અને એની આસપાસ ઉંદરાની ભાથા સાથે દીરમીએ છીએ. આ વરસે મુદત થોડી હોવાથી બધાનો અંદાજ કઢાવી શકયા નથી. જેટલાં જવાબ તેટલા આવ્યા છે. —વ્યવસ્થાપક)

પરદેશી.

જાત.	વધુમાં વધુ ટકા	ઓછામાં ઓછા ટકા
રોતી.	૮૦	૭૫
નરા રોપ	૮૫	૭૫
બીટ	૬૦	૫૦
બીન્સ	૭૫	૭૦
રોતી દરબાર	૮૦	૮૦
મારર	૮૫	૭૦

જાત વધુમાં વધુ ટકા		ઓછામાં ઓછા ટકા
કોંદા	૮૦	૭૦
વટાણા	૭૫	૮૦
મરચાં	૭૫	૬૫
ભીંડા	૮૫	૮૦
મકકાઈ	૬૫	૮૦
ટામેટા	૬૫	૮૫

દેશી.

જાત વધુમાં વધુ ટકા		ઓછામાં ઓછા ટકા
મૂળા	૮૫	૬૦
તુરીયા	૮૦	૮૦
ભીંડા	૧૦૦	૬૫
દાકડી	૮૫	૭૫
સુવાર	૧૦૦	૮૦
ગવકા	૬૫	૬૩
મીમડાં	૮૦	૬૦
પાપડી	૮૭	૮૨
પાલોર	૬૧	૮૨
વેંગણ	૮૦	૬૦
રવૈયા	૬૮	૮૫
ગારેયાં	૮૦	૬૫
દુધી	૬૦	૭૦

સુપ્રસિદ્ધ કલાકારોના અંગત
દેખરેખ નીચે ચાલતી

આદર્શ કલાશાળા

પ્રોસ્પેકટસ મંગાવો
અથવા
રૂબરૂ મળો—

ફેડરલ એકેડેમી
મુખ્ય ભુવન બીજે માળે, મેન્શનહાઉસ બીજ
મુંબઈ ૪.

વનસ્પતિનાં દર્દો

અજીર્ણ

લેખક—
શ્રી. ભીમભાઇ એલ. દેશાઇ
M. Sc.

(ગયાના આગલા અંકથી ચાલુ)

બેક્ટીરીયાથી પેદા થતા રોગો

મનુષ્ય અને બીજાં પ્રાણીઓને થતા અનેક રોગો તેમનાં શરીરમાં દાખલ દાખલા રોગોત્પાદક બેક્ટીરીયાને લીધે જન્મ પામે છે. આ વિષય ઉપર ઘણી બોજ થઇ હતી; પણ વનસ્પતિને પણ બેક્ટીરીઆ રોગીષ્ટ બનાવી શકે છે એ વિષય છેલ્લાં પચાસ વર્ષ દરમ્યાન બેદાયો છે. આટલા ટુંકા સમયની બોજમાંબે માલમ પડયું છે કે કેટલાએક રોગો જે પ્રકૃતિજન્ય વાય અગર આંતરીક વિકારને લીધે જન્મ પામતા માનવામાં આવતા હતા તે બેક્ટીરીઆથી થાય છે.


દાઝીઓ રોગઃ બલ્બરમાંથી લીધેલાં સફરજન કે નાશપતીની ચામડી ઉપર રતુમડા રંગના ડાઘ પડેલા હોય છે, જેથી તેનો દેખાવ એવો લાગે છે કે જાણે તેને અગ્નિની ચોંટ લાગી ગઇ હોય. સફરજનનું પેર, જરદાળુ અને એ વર્ગના ફળ ઝાડોને આવો દાઝીઓ રોગ એક જાતના બેક્ટીરીઆને લીધે થાય છે. બોર, ડાળ, પુલની ચમરીને અને ડાળીને પણ આ રોગ લાગુ પડે છે. આ રોગનો ફેલાવો મધમાખ અને કેટલાંક પાંખાળાં જીવડાંઓ મારફતે થાય છે. રોગની શરૂઆતમાં રોગીષ્ટ ભાગ ઉપર ચીકણો મધ જેવો રસ ઝરે છે. એ રસ મધમાખી પી લે છે અને બીજાં ફળાદ્રુપ ઉપર જઇ બેસતાં તેનાં ઉપર રોગના જન્તુઓ મુકી આવે છે.

દાઝીઆ રોગની અટકાયત ઘણી મુશ્કેલ છે પરંતુ રોગ માલમ પડતાં રોગીષ્ટ ભાગને કાપી નાશ કરવામાં આવે તો જરૂર તેનો ફેલાવો ઘણે ભાગે અટકે છે. રોગીષ્ટ ભાગને કાપ્યા પછી છરીને બરાબર સાફ કરવી જોઇએ અને તેની સાથે જન્તુનાશક દવાનો છંટકાવ કરવો. જો રોગ વારંવાર માલમ પડતો હોય તો ઝાડની જાત બદલી તેને બદલે રોગમુક્ત જાતનું વાવેતર કરવું.

ગાંઠીયો ગોટો :


કલમ કરનાર કારીગરોને બખર હશે કે જે જગાએ કલમ મુળ ઝાડ ઉપર બાંધવામાં આવેલી હોય છે તે જગાએ ઘણી વખત પાણી સોંસરે થઇ આપણાં ધ્યાનમાં ન આવે એવું બને છે તે માફક સાંધો સુજેલો માલમ પડે છે, એટલુંજ નહિ પરંતુ એ સુજેલા સાંધાની આજુબાજુ મુળ કે લાખ જેવી દેખાતી વસ્તુનું પડ જાણે ધુપરા જેવો ગોટો વળગેલ હોય છે. આંબાને પણ આ જાતનો ગાંઠીઓ

શુભ પ્રસંગો માટે સુંદર ભેટ




No 2701

જેન્ટલ્સ કોમ્બીનેશન
પ્લેટેડ M. O P.
ટી સેટ અને શુગર
બાઉલ ક્રીમ
લેધર કેસમાં
Rs 5 0



1283
No. 995 ગ્લાસ ફ્લાવર
ફ્રેન્ચી ડીઝાઈન
ફ્લાવર વાઝ
Height 7½" Rs 3-12



No 7810 ફ્રેન્ચી ક્રીસ્ટલ ટેબલ
લેમ્પ વિથ શેડ આખો
Rs 4-8



1858
No 998 ફ્લાવર
ગ્લાસ ફ્લાવર વેઝ
Height 8" Rs. 1-8

ઝવેરી બ્રધર્સ નીં કું૦

ગીફ્ટસ સ્પેશીયાલીસ્ટસ

૬૪૫-૪૯ અબદુલ રહેમાન સ્ટ્રીટ, નોર્થ ઓફ દાદર માર્કેટ

BOMBAY 3. ESTD 1914 TELEPHONE 23523

ધરતીને ખોળે—

—: લેખક :—
શ્રી. કીર્તિકર. M. Sc.

(ગયા આગલા અંકથી ચાલુ)

ધીરૂના સ્વભાવ ઉપર માતાના ગુણોની સારી છાપ પડી. ધીરૂના બાલ્યકાળમાં સરેરાશ મે રૂપિયે કમાતા અરજી પેન્શનર પામ્યા, પરંતુ માતાનો દયાળુ હૃદયનો વારસો, વ્યવહાર કુશળતા ની આવી ચાવી ગયો અને ધીરૂએ એનો સદ્‌ઉપયોગ પણ કર્યો પૈસાની તંગીને લીધે ધીરૂને નાનપણથી સાદાઈ કેળવવી પડી. ઘણીવેર એનાં મિત્ર કાશીરામનો સણગાર જોઈ એને અદેખાઈ આવતી. કેટલીયેવાર અલ્પભુતા માતાને પુછતો, "બા મને સારા કપડાં કેમ નથી અપાવતી ?" માતા એને શાંતિન આપી કહેતી" આપણે તો ખેડુત રહ્યાં; આપણે પગે ચાલવાનું; આપણા ઘરમાં પણ જમીન ઉપર બેસવાનું હોવાનું એટલે એવાં કપડાં અત્યારે ન શોભે. તું મોટો થશે અને ભણીને શહેરમાં મોટી દુકાન કાઢશે અગર મોટું દવાખાનું કાઢશે ત્યારે એ બધુંયે શોભશે." ધીરૂને આ ધીરજની વાતો ગમતી નહિ, પરંતુ એનો સ્વભાવ હઠીલો ન હોવાથી, વાતને બહુ ખેંચતો નહિ. વળી એટલામાંજ એનો રોટલો બનાવો હોય તે માખણ સાથે માતા ધીરૂને વ્હાલથી આપતી એટલે ધીરૂ બધું ભૂલી જતો.

એ માખણ ઘી અને દુધ એણે ધીરૂને ખુબ ભાવતાં. બાજે ખેતીવાડીની કોલેજમાં ભણતાં એને નાનપણનો દિવસો યાદ આવે અત્યારે જે મેમાંથી એ માખણને રોટલો ખાતો એના દિવા સ્વપ્નો જોતો. ભુતકાળના ઇતિહાસ ખોલી ભારતના ઇતિહાસના પાના ઉકેલતાં ધીરૂને લાગેલું કે દિવસે દિવસે દુધ, ઘી અને માખણ ભુલાતાં જાય છે. તાજું દુધ, તાજી છાસ, તાજું માખણ અને ચોખ્ખું ઘી એ રોગીનમાં અમૃત સમાન છે. આખા દેશના કંગાળ ખેડુત વર્ગમાં દુધ અને ઘીનો આહાર ઘટી ગયો છે. આજે તો ચોકખું ઘી મળવું મુશ્કેલ થઇ પડ્યું છે. ગામડાંની લક્ષ્મીમાં દોરના ઉછેરનો ગહ્લનો ફાળો હતો તે આજે અદૃશ્ય થતો જાય છે. ઘી દુધના ભાવ ગામડાંમાં ઘટી ગયા છે, છતાં ગોઠો પુરો પડે તેનો ઉપભોગ કરી શકતા નથી. ઢોર પણ કંગાળ બની ગયાં છે. કૃષિની કથામાં ગાયોનો જે વૃત્તાન્ત આવે છે તો આજે માત્ર પુસ્તકની વાતોજ રહી છે. ગાયને દામધેનુ માનેલી તેની આજે કોઇ દરકાર કરતું નથી. કંઇક સુક્ષ્મ દ્રષ્ટિથી વિચાર કરતાં ધીરૂને લાગ્યું કે ગામડાંની

હમેશા ગામ બા ગોનબાના રહે છે મછારામ આના જીવંત દાખલો હતો મછારામ પાચ, ૩પીયા ગામ ા શબ્દ મનમા બેસ આપે તેની વાહવાહ નેડા અનેક દિવસો સુધી કરતા પરતુ પોતે ગામને બદલે બરાબર બ્રત મહેનતથી પુરો હોય કે સ્તો સુધારો હોય તેની સાકાને કિમત ન હતી આ રીતે ગામ ડામા કમાણીબતને લીધે નેડાની મનો વૃતિ પણ બલકી થતી જતી હતી નેડામા દ્વેશ અને અદેખાઇ પણ પુરબા હતી સરખી સ્થિતિના માણસો હમેશા એકી બીજાનુ બુરૂ કેમ થાય એ જોવા ઇચ્છતા કોઇને સારો પાક થાય તે બી ને ન રૂચે કોઇને ત્યા સારો પ્રસગ આવે ત્યારે એના વિરોધી નીકળવાનાજ અને એવેજ પ્રસગે બને એટલો ગાસ આપતા ગામ ગ્રામ્ય જીવનની મધુરતામા ઘણો કડવાશ ઘુપાયેલી હતી ધીર વિચારતો થયો ત્યારથી એવી અનેક કડવાશ એણે અનુભવી હતી અને એના પિતા ના મખથી સાભળી હતી. આ બધી કડવાશ અદેખાઇ અને ગદા ગામ ાની નિર્ધનતાને લીધેજ હતી એમ ધીરૂને લાગતુ. એને એમ સ્પષ્ટ સમજાયુ કે, ખેતીમાં જોઇએ એવી બરકત નથી એટલે બેકારોનો ઉધ્ધાર કરવા બીજા બહારગામ મળે તોજ તેમનો ઉધ્ધાર થાય ગામ ામા રહીને ઉધ્ધાર ધીરૂને ગામડાના જીવનનુ રહસ્ય ધીમે ધીમે સમજાતા ગયુ. ગામડાના એક પછી એક પ્રશ્નનો ધીર વિચાર કરતો ગયો અને એ સર્વ પ્રશ્નને ઘણે ભાગે પોતાના મિત્ર નરીમાન સાથે સારી પેઠે ચર્ચતો ધીરૂએ હૃદય સાથે દ્રઢ નિશ્ચય કર્યો હતો કે ભવિષ્યનુ જીવન કોઇ પણ પ્રકારે ગ્રામ્ય પુનર્ઘટનામા ગાળવુ એજ ઉદેશને આધારે ધીર મેટ્રીક થયા પછી પિતાની સહુ મરજી ન હોવા છતા ખેતીવાડી કોલેજમા દાખલ થયો હતો (ચ ા)



થી
શાકભાજી

આમારા ઘણા વરસના અનુભવ પછી સ ામા સારી જાતના સ્વાદિષ્ટ ટેસ્ટિ સ રથી ભરપુર જ દી તૈયાર થાય એવા ખેડુત ભાઇઓ વધા રેમા વધારે પાક અને નફામા વધારે ભાવ આપનારા દેશી અને વિલાયતી શાકભાજી ા બી

થી
ફુલઝાડ

તેમજ બગલાની આજુબાજુમા ઘર આગ ણામા શોભા માટે સુદર લલીત અને ખુશનુમા આખો ઠારે એવા બગીચાને લગતા ફુલઝાડના જુદી જુદી જાતના ઉત્તમ બી

સુચીપત્ર મફત

નામદેવ ઉમાજી કું૦

ઠે૦ ભાયખાવા સ્ટેશન સામે મુંબઈ ૮

ચાલુ ચોમાસાનો વર્તારો.

લેખક : રા. નાગજી નાનજી હિન્ડોચા.

૧ ચાલુ સાલ કાર્તક શુદ પુનમે કૃતીકા નક્ષત્ર અષાડ સુદ ૧ ને દિવસે પુનર્વસુ નક્ષત્ર હોવાથી સારે વરસાદ વરસવાનો યોગ છે.

૨ ચાલુ સાલમાં ફાગણ શુદ પુનમ તથા અખાત્રીજનો વાયુ વાયવ્ય દિશાનો હોવાથી માપ બહાર પાણી પડશે અને કુવા, તળાવ તથા નદી નાળામાં પુષ્કળ પાણી ભરાશે અને જમીનના પેટાળમાં પાણીની સરવાણીઓ બંધ થયલી છે તે છુટી થશે અને ઘણાં ગામડાઓમાં પાણીની ખુબ ઘણાં વરસની છે તે મટશે.

૩ ચાલુ સાલમાં અષાડ શુદ ૨ તથા અષાડ સુદ ૯ શુક્રવારી છે તથા સુર્ય ગુરૂની એક દ્રષ્ટી હોવાથી અષાડ માસમાં અરબી સમુદનો પ્રવાહ મજબુત રહેતાં સારે વરસાદ થવાથી નદીઓ તથા કુવા, તળાવો, પાણીથી ભરપુર થઇ જશે અને પાણીના વહેનો વધારે પ્રમાણમાં આવવાથી નદી કિનારાના ગામડાંઓ અને જ્યાં જ્યાં પાણીનો ભય લાગતો હોય તે ગામડાનાં માણસોએ માપ બહાર પાણી પડવાના યોગ હોવાથી ચેતવાની જરૂર છે. વળી કાચા બાંધેલાં મકાનોને નુકશાન થવાનો સંભવ છે.

૪ ચાલુ સાલમાં ખડ તથા અનાજ ઘણું પાકશે અને ઝાર પુષ્કળ થશે.

૫ ચાલુ સાલમાં અષાડ શુદ ૧ ને દિવસે પુનર્વસુ નક્ષત્ર છે અને ચૈત્ર શુદ ૫ ની ગાડરી જોતાં ગાડાંની પાછળ ઘણે દુર ચંદ્રમા (વછીઓંત) હોવાથી અનાજ તથા ખડની પીડ તદન મંદ રહેશે.

૬ સંવત ૧૯૬૪ ની સાલ ઘણીજ વખાણવા લાયક થશે. મતલબ કે સારૂં વરસ થતાં વરસ વખણાશે, ઘેર ઘેર દુધણા વધવાથી ઘી સસ્તું થશે અને માણસો સુખી થશે.

૭ ચાલુ સાલમાં અષાડ વદ ૪ ને દિવસે ધનરાશીમાં ધનરાશીના બૃહસ્પતિ વક્રી થાય છે, તથા ભાદરવા માસમાં ધન રાશીના મંગળ થતાં બન્ને (મંગળ–ગુરૂ) મિત્ર ગ્રહો હોવાથી આગતર તથા પાછ-તરો વરસાદ સંતોષકારક થાય, જાર. કપાસ શેરડી તથા કઠોળ વિગેરે પુષ્કળ થાય.

વૈશાખ માસમાં રોહીણી નક્ષત્ર ખુબ તપે છે એટલે મૃગશરમાં પવનનું તોફાન બહુ થતાં જુનની તા૦ ૨૨ મીએ ચોમાસું બેસી જશે. વળી સપ્તર્ષિના છેલ્લા ત્રણ તારા દક્ષિણ બાજુ નમવાને તથા મેઘ માળા સાંજે માથા ઉપર આવવાને લગ-ભગ ત્રણ અઠવાડીયાંની વાર છે. ત્યાર બાદ ચોમાસું લગભગ ભીમ અગીઆરશે શરૂ થઇ જશે.

ઓન ગવર્નમેન્ટ લિસ્ટ

ખાસકરી પોતાની માલીકીની જમીનમાં
જાતી દેખરેખ નીચે બીયા વાવીને
સંગ્રહ કરેલ છે.

બીયા ઉગવામાં જલ્દી તથા ઉંચી
જાતના હોવાથી અન્નરમાં ભાવ
સારો આવે છે

દરેક જાતના બીયાના વેપારી

શેઠ મગનલાલ દેવશંકર.

વિન્ધ્યાનંદ થિયેટર.
નાશીક સીટી.

ચોમાસુ સફળ કે અફળ

—લેખક : શ્રી. ગોવર્ધનભાઇ છો. પટેલ—

સર્વ શક્તિમાન સર્વેશ્વરને પ્રણામ કરી તેમની પ્રેરણા અનુસાર મારી અલ્પ મતીથી ચોમાસુ કેવું નિવડશે તે જણાવું છું.

છેલ્લાં કેટલાંક વર્ષોના સંજોગો જોતાં માલમ પડયું છે કે વર્ષો માટેના સંજોગો ગમે તેટલા સારાં હોય છતાં પણ ગેબી અને કચ્છના રણનાં પવનના તોફાનથી ચોમાસામાં વૃષ્ટિનો જોગ ફરી જાય છે. (ઇ. સ. ૧૯૬૩ ની રેલ વખતે એવા પવનના તોફાનથીજ ગુજરાતમાં ૮૦ ઇંચ સુધી વૃષ્ટિ થયેલી) તેમજ ગઇ સાલ વરસાદ માટે સારા સંજોગો હોવા છતાં તેવાં તોફાનથીજ જે મીતીઓએ અહીં વરસાદ વરસવો જોઇએ તેજ મીતીએ ઉત્તર હિંદમાં રહેતો આવ્યો જ્યારે ગુજરાતમાં બે માસ વરસાદ નજ પડયો. વાયરાની આગાહી રૂપ ગઇ સાલ ચૈત્રી પાંચમે છાંટા થયેલા જે આખા વર્ષમાં એટલોજ જોગ બગડેલો.

ચાલુ સાલે ચૈત્રી સાતમે છાંટા થયા છે. તેમજ વદ ૧૪ પણ બગડી છે, જેથી જ્યાં વરસાદ પડશે ત્યાં વધુ પડશે.

જ્યાં જ્યાં હોળીને રોજ છાંટા થયા હશે તેમજ ચક્રની પાંચમ કે ૭ ને રોજ છાંટા પડયા હશે ત્યાં ત્યાં અષાઢ વદમાં તેમજ શ્રાવણ સુદમાં વરસાદની ખેંચ રહેશે. બાકીના બીજા વર્ષોએ શ્રાવણ ભાદરવો પણ વરસે અને વરસ મધ્યમ ગણાશે.

ચાલુ ચાલે મુંબઇમાં મેઘરાજાની સ્વારી જેઠ સુદ ૫ પર આવી પહોંચશે. તેમજ ગુજરાતમાં જેઠ સુદ ૧૩-૧૪ વાવેતર થાય તેવો વરસાદ પડશે.

આષાઢ સુદમાં ૧-૨-૮-૯-૧૦-૧૧ ૧૨ આ તીથીઓમાં સારો વરસાદ થશે. શ્રાવણમાં સુદ ૬-૭-૮-૧૫ ને રોજ વરસાદ થશે. વદ ૪-૮-૯-૧૪-૩૦ સારો વરસાદ.

ભાદરવામાં સુદ કરતાં વદમાં વધારે વરસાદ.

કાર્તક—માગશર—પોષમાં માવઠું થવાનો સંભવ.

અમારી પ્રમાણિક હરીફાઇ સામે કોઇ ટકી શકતું નથી

તદ્દન કીફાયત ભાવે પુસ્તકો મેળવવાનું

વિશ્વાસુ સ્થળ—

જનરલ બુક ડીપો

પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

સ્વરતીક ગ્રંથમાળાના ગ્રાહક થવાથી ઘણોજ ફાયદો થાય છે...નિયમો મંગાવી વાંચી જુઓ.

થોડું ક .. ..હસવાનું.

ધાગ્રેજ બહાદુર.

એક માણસ ઉતાવળે કે હ્રીંક હાઉસમા દાખલ થયો. અને લેમનનો ઓર્ડર આપ્યો. તેના અવાજમાં ઘુજારી હતી અને તે ગભરાયલા જેવો લાગતો હતો

"તમે ગુસ્સામાં લાગો છો" બાજુનાં ટેબલ પર બેઠેલા એક મમતાળુ ગૃહસ્થે પુછ્યું.

"હા બરી વાત" તેણે જવાબ આપ્યો. "કાલ્યુકે હું ઘેર ગયો ત્યારે એક અજાણ્યો માણસ મારી પૈરીને ચુમતા કરી રહ્યો હતો

"ઓત્તારીની! પછી? તમે શુ કર્યું?"

"મેં શુ કર્યું? મેં ઉઘાડીને પેલાની છત્રી બારીમાંથી બહાર ફેકી દીધી. અને હજુ બેઠમજી બહાર વરસાદ પડે છે. હવે બહાર કેમ જશે જોઉં છું"

સરસ કામ

એક અમેરીકન પત્રનાં એડીટરે નવા રીપોર્ટરને ઓફીસમાં બોલાવ્યો અને પુછ્યું: "તમારે માટે જગ્યા છે, હું માનું છું કે તમે પરણેલા હશો."

"ના. હું હજી નથી પરણ્યો સાહેબ" રીપોર્ટરે ઉત્તર આપ્યો

"ઠીક. તો તરત બમણની તૈયારી કરો મારે "સ્ત્રીની બદલવા કેમ કરવી?" એનાં ઉપર આવતી કલ્પના રેપર માટે આર્ટીકલ જોઇએ છે." તંત્રીએ હુકમ કર્યો.

× × ×

મોટરને બદલે વીંટી!

પતીઃ મેં તો તમને મોજ આપવા માટે કહ્યું હતું, ને તમે વીંટીની વીંટી શાને મને આપી!

પતિ ખમીરિયા કાર મળી શકી નહીં, શું કરું?

—કાઝી

હીરા
માણેક
મોતી
મીનો
અને
સોનાનું

દરેક જાતનું કામ કરનાર

ગંગાદાસ પી. પંચીગર

દરિયા મહાલ, કાલબાદેવી રોડ, મુંબઇ ૨.

બેડુત અને બાદશી

લખનાર :—શ્રી બહેચરભાઇ બાપુભાઈ પટેલ.

વનસ્પતિનો વરસાદ સાથે સંબંધ—વનસ્પતિને ખોરાક જમીનમાંથી અને હવામાંથી મળે છે આ ખોરાક મેળવવા વનસ્પતિ પરસ્પર યુધ્ધો કરે છે તેમાં પોતાની બુધ્ધિ વગેરેનો ઉપયોગ કરી કે ઘણા વર્ષોના અનુભવે પોતાની ખાસીયત કેવ કે સંજોગોએ, બીજે નંબર પ્રેરણાથી પોતાનુ જીવન અને વંશવૃધ્ધિ દરેક જાતની વનસ્પતિ સાચવી રહી છે. વનસ્પતિ સજીવ છે-તેથી પ્રાણીતો-જેવા-લક્ષણો સજીવ પ્રાણીઓનાં જોવાંજ છે. (૧) સ્મૃતિ (૨) વૃધ્ધિ (૩) પ્રાણવાયુનો ઉપયોગ (૪) વંશવૃધ્ધિ એ સામાન્ય લક્ષણ સજીવ પદાર્થોના છે.

વનસ્પતિ સ્મૃતિ-હલનચલન દેખાઇ આવે તેમ રીતે કરતી નથી, પણ પોતાનાં અંગે અનુકૂળતા પ્રમાણે વધારી અનુકૂળ દિશા તરફ જાય છે. હવા અજવાળાની સગવડ ખાતર વનસ્પતિ પોતાનાં પાંદાં ઉપર ભાર્યા હોય તો, ભાલુ ઉપર વૃધ્ધિ પામી મેળવે છે, દુર્યા જમીન પર ગતિ કરી ગાંઠોમાંથી મુળો મુકી વંશ વધારી અનુકૂળ ખોરાક ને હવા અજવાળું મેળવે છે. સંજીવ પદાર્થો પર બહારના પદાર્થોની અસર થાય છે. હવા, પાણી અને ગરમી ઠંડીની અસર વનસ્પતિ પર થાય છે.

વૃધ્ધિ માટે વનસ્પતિ રસાયની પદાર્થો મેળવી પોતાનો વિકાસ સાધે છે. જમીનમાંથી નાઇટ્રોજન, પોટેશિયમ, ફોસ્ફરસ, મેગ્નેશિઅમ, સોડિયમ, કેલ્સિઅમ, લોહું, ગંધક, વગેરે તત્વોનાં રસાયની પદાર્થો ક્ષારરૂપ બની પાણીમાં સાકર આદક ઓગળી જાય તેજ ખોરાક તરીકે લે છે. તે ઉપરાંત પાણીમાંથી હેડ્રોજન અને ઓકસીજનનો ઉપયોગ કરે છે. પાણી એ હેડ્રોજન અને ઓકસીજનના મિશ્રણથી બનેલ છે. મુળ ઉપરના તત્વોના રસાયની પદાર્થો ક્ષારરૂપે બનેલ હોય છે તેને મુળ દ્વારા ચુસે છે. તે ચુસેલ પાણી સાથેનો ખોરાક થડ મારફત પાંદડામાં જાય છે. પાંદડાં હવામાંનો અંગારવાયુ—કાર્બોનિક એસિડગ્યાસ લઈ તેમાંનો કાર્બન છુટો પાડી

...તો તમારા બુટ, શુઝ, ચપ્પલો કયાંથી ખરીદશો ?...

ભરોસાપાત્ર ફકત એકજ મથક

—સેન્ડહર્સ્ટ લેધર વર્કસ—

સેન્ડહર્સ્ટ રોડ, શેકસપીયર બીલ્ડીંગ, મુંબઈ ૪

દરેક જાતની ચામડાની કેનવાસની ફેન્સી ચીજો બનાવનારાઓ.

ઓક્સીજન બહાર કાઢી નાખે છે. આ કાર્બન છુટો પાડવાની ક્રિયા સુર્યના પ્રકાશની મદદ વડેજ બને છે એટલે પાંદડાં સુર્યનો પ્રકાશ મળે ત્યાં સુધી એટલે સુર્યોદય થતાં એ કામ શરૂ થઇ સુર્યાસ્ત થતાં બંધ થાય છે. આ ક્રિયા ઉપરજ વનસ્પતિના જીવનનો આધાર છે. વનસ્પતિનો મુખ્ય ઘટકાવયવ કાર્બનનો છે, વનસ્પતિના ઘટકાવયવમાં ૧૦૦ ભાગે ૬૫ ભાગ કાર્બન, નાઇટ્રોજન અને હાઇડ્રોજનનો છે. અને માત્ર પાંચ ભાગ બાકીનાં દશ ખનિજ તત્વોનો છે. તે ખનિજ તત્વો જમીનમાંથી મળે છે. તેથીજ ફળદ્રુપ અથવા વનસ્પતિ ખેતરોમાંથી ઉત્પન્ન કરવે છતાં તે જમીન નીચી પડી જતી નથી. આ બીજા ભાગ પાણીમાં ઓગળે તોજ વનસ્પતિ ખોરાક તરીકે લઇ શકે છે, જમીનમાં છુટા પાણીનો જથ્થો વધારે હોય તો તે બીજા તત્વો જમીનમાં ઓછા પ્રમાણમાં હોય છે, જેથી કરીને બીજા તત્વો મેળવવા વધારે પ્રમાણમા પાણી ચુસવું પડે છે. આ વધારેનું પાણી વનસ્પતિ પાંદડાં દ્વારા વરાળ રૂપે બહાર કાઢી નાખે છે. પાંદડાંમાંનું વધતું પાણીનું વરાળ થઇ ઉડી જતાં જે જગ્યા બનેલી તે બહારની હવામાંથી લે છે. અને તેથી બહારની હવા ઠંડી બને છે. ધરની છાયા કરતાં ઝાડની છાયા વધારે શીતળ બને છે એ સર્વાનુભવની વાત છે. ઝાડની છાયા શિતળ હોવાનુ કારણ એ પાંદડાંમાંના બાષ્પભવની ક્રિયામાં હવામાની વપરાતી ગરમીને લીધે છે. પાંદડાંમાંના પાણીનું બાષ્પભવ થવામાં હવામાંની ગરમી ખેંચાય

કા. મ. ત

એ નામ મુંબઈના વર્તમાનપત્ર જગતમાં મશહુર થયેલુ છે.

... અને તે ...

સસ્તા ભાવે સુંદર બ્લોકો બનાવવા માટે.

વેપારી જગત પણ આ નોંધે અને બ્લોકના કામ વખતે સૌ કોઇ અમારી મુલાકાત લ્યે.

ઠેકાણું નોંધી રાખો—કે. વી. કા.મત

૨૧, દલાલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

જોઇતી દરેક સગવડ સાથે ગ્રાહકને સંતોષ આપવો એ અમારો મુદ્રાલેખ છે.

છે તેથી હવા ઠંડી પડે છે.

હવામાં અદૃશ્ય વરાળ હોય છે. આ અદૃશ્ય વરાળ હવામાં અમુક હદ સુધીજ રહી શકે છે તેથી વધારે વરાળ હવામાં થતાં તેનું પાણી રૂપ થઇ નીચે પડે છે. આ છેલ્લી હદને હવાની વરાળને અદૃશ્ય રૂપમાં રાખવાની પરમાવધિ કહેવાય છે. આ પરમાવધિનો આધાર હવામાંની ગરમી ઉપર છે. જે હવાની પરમાવધિ સ્થિતિ હોય તે હવાને આધારે ગરમ કરવાથી તેમાં વધારે વરાળ અદૃશ્ય રૂપે રહી શકે છે. આ સ્થિતિમાં પણ વધારે ને વધારે વરાળ દાખલ કરતાં પરમાવધિ સ્થિતિ પ્રાપ્ત થતાં વધારેની વરાળ પાણી રૂપે નીચે પડે છે. એન્જીનમાંથી છોડેલી વરાળ બહારની ગરમ હવામાં અદૃશ્યરૂપે રહેલી વરાળમાં વૃધ્ધિ કરે છે અને તે હવાની પરમાવધિ થતાં એન્જીનમાંથી નીકળતી વરાળ હવામાં અદૃશ્યરૂપે ન રહેતાં પાણીરૂપે નીચે પડવાનું શા કારણે બનેલું હશે. હવાની પરમાવધિ બે રીતે કરી શકાય (૧) હવામાં વરાળની વૃધ્ધિ કરીને (૨) હવાની ગરમી ઓછી કરીને. હવાની પરમાવધિ થતાં વધારેની વરાળ વરસાદરૂપે પડે છે. વનસ્પતિ પાંદ ડાંખાંનું બાષ્પવર્તન કરી વરાળની વૃધ્ધિ હવામાં કરે છે અને બાષ્પવર્તનમાં જોઇતી ગરમી હવામાંથી લેવાથી હવાને ઠંડી બનાવે હવાની પરમાવધિની સ્થિતિ જલ્દી પ્રાપ્ત કરે છે. આ બંને સ્થિતિ વનસ્પતિ કરે છે. અને વરસાદ વરસાવવાનું અતિ ઉપયોગી કામ પરોક્ષ રીતે કેવી રીતે કરે છે તે ઉપરની હકીકતથી સમજાશે. આ સ્થિતિથી અજાણ હોવાનો બેદુત વનસ્પતિનો અલ્પ લાભ મટે નાશ કરે છે. અને દુષ્કાળને નોતરે છે. આ સ્થિતિનો ખ્યાલ હાલના કેળવણીના શિખરે પહોંચેલાને કદાચ હશે પણ તેના લાભાલાભનો વિચાર કર્યો નહિજ હોય, નહિ તો હાલની સામાન્ય કેળવણીમાં ખેતીશિક્ષણ કયારનુંએ સ્થાન મેળવી શકયું હોત. આ સ્થિતિનો ખ્યાલ સર્વત્ર પ્રાથમિક કેળવણીમાં ખેતી શિક્ષણને સ્થાન મળ્યા સિવાય સર્વ હિન્દીઓને નહિજ આવે. ત્યાં સુધી આ સ્થિતિ સમજાય નહિ ત્યાં સુધી વનસ્પતિનો નાશ થતો અટકે નહિ. એકાદ વ્યક્તિના પ્રયત્નનું ફળ આ સ્થિતિ સુધારી શકે તેમ નથી. તે માટે સામુદાયિક પ્રયત્નની જરૂર છે. સામુદાયિક બળ તે સ્થિતિના ખ્યાલ વગર મળે

"પૈસા વસુલ થાય છે" એની ખાત્રી કરવી હોય તો—

'તીરંદાજ'

અઠવાડીકનો એક અંક વાંચી જુઓ. એક આનો ખરચીને તે પછી તેના ગ્રાહક થાઓ.

વાર્ષિક લવાજમ રૂા. ૪

'કામવિજ્ઞાન'

સ્ત્રી પુરૂષનાં ગુપ્ત અવયવો (શરીરનાં ભાગો) સંબંધી ન સમજાતી દરેક બાબતો સમજાવે છે. બે આનામાં એક ...અંક ખરીદી લ્યો...

તીરંદાજ અને કામવિજ્ઞાન ખેતવાડી બેકરોડ, મુંબઇ ૪.

નહિ. તે નિયમિતો અભાવ જેની શિક્ષણ પાછળ મળે તેમ નથી.

વરસાદ અને વનસ્પતિના સંબંધનો અભ્યાસ ખેડૂતને આવતાં વિના કારણે વનસ્પતિનો નાશ નહિ કરે અવાવાની જમીનમાં ફેલાતે ગયો ઉછેરી દેશ અને વરસાદનો લાભ મેળવશે. ફળોની વૃદ્ધિ થતાં તેનો ઉપયોગ વધારે થશે. રોગનું મુળ જે બેક્ટેરિયા છે તે ફળોના સંવર્ધનથી નષ્ટ થશે હજારો રોગના ભોગ થતા અસંખ્ય માણસો બચશે શિતળ છાયાનો આસ્વાદ અનુભવશે. ગેન્દ્રિય પદાર્થોની વૃદ્ધિ થતી ખેતીમાં ખાતરની જરૂર સારશે. જમીનમાં પાણીનું વધારે શોષણ થશે જમીનમાં ઝરણો ઘણા વહી કુવાનાં પાણી ઉતળાં થશે અને વર્ષો સજીવન રહેશે. વગેરે અનેક લાભો મળશે.

વનસ્પતિ સજીવ છે સજીવ પદાર્થો રસાયણીક પદાર્થો વડે પોતાનો વિકાસ સાધે છે વનસ્પતિના મુળ વડે મળેલાં ખનિજ તત્વો અને હવામાંથી પાંદડાં વડે મેળવેલાં કાર્બન અને હાઈડ્રોજન વગેરે આહારિજન વગેરે તત્વોના રસાયણી પદાર્થો બનાવવામાં ગરમીની જરૂર પડે છે. આ ગરમી વનસ્પતિ હવામાંથી પ્રાણવાયુ મેળવી પૂરી પાડે છે. બીજાં પ્રાણીઓ હવામાંના પ્રાણવાયુને ફેફસાંમાં લાલ લોહીમાં મેળવે છે લોહીમાં બસારાનાં ઝેરી દ્રવ્યો અને કાર્બન સાથે મળી કાર્બોનિક એસિડ વાસ છે અને તે બહાર ઉચ્છવાસમાં કાઢે છે. આ કાર્બોનિક એસિડ વાસ રસાયણી પદાર્થ છે. તે બનવા ગરમીની જરૂર પડે છે અને તે બનતાં ગરમી ઉત્પન્ન થાય છે. એ ઉત્પન્ન થયેલી ગરમી વડે જ પ્રાણીઓનાં શરીર ગરમ રહે છે તેજ રીતે વનસ્પતિ પ્રાણવાયુ કાર્બોનિક એસડ વાસ રાતદિવસ પ્રાણીઓની માફક શ્વાસોચ્છવાસની ક્રિયામાં કાઢયા કરે છે અને ગરમી કાર્બોનિક એસિડ વાસ બનવાથી ઉત્પન્ન થાય છે, તે બીજા રસાયણી પદાર્થો બનવામાં પણ ઉપયોગી થઈ પડે છે. (ચાલુ)

—માણસાઈ સ્વભાવમાં જુગારનું તત્વ હોય છે—

... પરંતુ ...

ખેતીવાડીના ઓજારોની પસંદગી વખતે જુગાર ભારે પડી જાય

...કારણ કે...

સારા ઓજારની પસંદગી અને તેનો ઉપયોગ ખેડુતના જીવનનિર્વાહનું સાધન છે.

— માટે —

વોલ્કર્ટ બ્રધર્સની મેકેાર્મીક ડીયરીંગ મશીનરી વાપરશો તો સારામાં સારો લાભ મેળવશો.

ખેતીવાડીને લગતાં તમારી જરૂરીયાતનાં કાગળ ઓજાગ માટે પુછાવો—

વોલ્કર્ટ બ્રધર્સ: ૧૯, ગ્રાહમ રોડ, બેલાર્ડ એસ્ટેટ ફોર્ટ, મુંબઇ ૧

હું—મુકરજી ને મનજીભાઇ

(કહેનારઃ "મુસાફર")

અમે ત્રણે એકજ ગામના ને બાલ લંગોટીઆ મીત્રો હતા, એ કે મારા બાલ સખામાંના એકનું નામ અહીં મુંબઇમાં મુકરજી B. A. હતું જ્યારે બીજાનું નામ મનજીભાઇ મેટ્રીક હતું, પણ નાનપણમાં મુકરજી 'જાપાન બ્લેક'ની માફક કાળા હતા જ્યારે બેકુંત શીરાદરને ત્યાં મનજી-ભાઇએ જન્મ લીધો હોવા છતાં પણ ધોળા હતા. મનજીભાઇ મુંબઇની એક મીલીસી-ટરની ઓફીસમાં કારકુની કરતા હતા.

સદ્‌ભાગ્યે અમો ત્રણે મોટી ઓફીસોમાં કામ કરતા હતા. અમારે નસીબે મે વેકે-શનની રજાઓ ટોકાઇ, બાકી તો અમો કોઇ વખત હવા ખાવાના સ્થળે જતા, અગર તો ગામમાં 'જ્ઞાનગાળો' ફુટી નિકળ્યો હોય તો ત્યાં જવાની ફરજ પડતી, પણ આ વખત તો અમારો કોઇ પ્રોગ્રામ નક્કી નહોતો. અમારા ત્રણમાંથી કોઇનાયે બાજુમાં બાળબચ્ચા—સાંબે સાંબેના સગામાંથી કોઇનાયે લગ્ન નહોતા, છેક છેલ્લી ઘડી સુધી અમોએ કોઇની કંકોત્રીની આશા રાખી, પણ કંકોત્રી તો શું પણ કોઇની–પરદેશીએ–કાગળનું પતાકડું ત્રણ પઇસાવાળું એ ન આવ્યું. છેવટે અમો માકણા–અને કંકોત્રીની રાહ જોવામાં અમો બહુજ દિવસો નકામા ગુમાવ્યા હોવાથી માથેરાન, મહાબલેશ્વર દેવલાલી, કોઇ, જ્યાંએ જઇ શકાય તેમ નહોતુ, કારણ અમારી બાજુ, મોટરવાળાઓ, એરોપ્લેનવાળાઓ, મોટી કાંદવાળાઓ, વિગેરેએ દરેક દરેક એ બધી હવા ખાવાની જગ્યાઓ રોકી લીધી હશે, એવી અમને અગાઉના એક અનુભવે શીખામણ આવેલી, એ ભૂતકાળની અમરી રખડપટ્ટી અમો ભુલ્યા નથી. અમારે શું કરવું તેના નિર્ણય પર અમો આવી શકયા નહિ. આજે રજાના પહેલા દિવસે મુકરજી મારે ત્યાં સવારમાંજ આવ્યો. બે કે મુકરજી ને મનજીભાઇ બે જણા સવારમાં મારે ત્યાં તો આવવાનાજ હતા. ને અમારી ત્રણની આજે પાર્લામેન્ટરી બોર્ડ ભળવાની હતી, પણ આ નફટ મુકરજી તો સવારના ૭ વાગે આવી પહોંચ્યોઃ કાચી ઉંઘમાંથી તેણે મને ઉઠાડ્યો, મારો પીત્તો ઉછળી આવ્યો. "નરાધમ, નીચ, પાપી, નફટ, આટલો વ્હેલો શા માટે ફુટી નિકળ્યો" મારી આવી સંસ્કૃતીક ભાષા સાંભળ્યા પછી પણ તે તો હસતોજ રહ્યો, સા..... અક્કલ વગરનો...એટલામાં તે કારે દાઝે બોલી ઉઠ્યોઃ–"જાણે મને એક યોજના સાંભળી આવી એટલે વહેલો આવ્યો. મનજીભાઇ આવે તે અગાઉ આપણે નક્કી કરી નાંખીએ. પછી મનજીભાઇ એની મેળે તો પાડશે, ૬ કે ૮ મતે બહુમતીએ હરાવ પસાર થશે. પછી મનજીભાઇનું શું ચાલવાનું હતું. દરેક મોટી મોટી સંસ્થાઓમાં આમજ થાય છે."

આની વાત મને પણ ઠીક લાગી ને આજકાલ ઘણી જગ્યાએ આમજ થાય છે, 'બહુમતી' નો પવન વાયો છે. આખરે

"મુકરજી સોલીસીટરના નોકરે ને અમે ઘણી ઘણી વાતો કરી. આર વાગ્યા. મનજીભાઇ આવ્યો. તે પણ સોલીસીટરનો નોકર હતો, પણ મુકરજી તો નહિજ ને! ચા પીધા પછી અમોએ યોજના કહી, મનજીભાઇએ વાંધાઓ ઉઠાવ્યા પણ અમારી બે કલાકની તૈયારી પછી મનજીભાઇ ન કાચો. અમારી યોજનો પણ મને પસાર થઇ. યોજના આ રહી, "તાપમાં થંડી જગ્યાએ જવાના બદલે જ્યાં સખ્ત તાપ લાગતો હોય તેવી જગ્યાએ જવું. (તાપ-તાપને મારે તેવી ફીલોસોફી અમારી વ્હારે ધાઇ) અને ખેડુતો-કિસાનોના આજના આપા પ્રશ્નનો અને તેટલો અભ્યાસ કરવો."

ઉપર મુજબ નકકી કરી સાંજના 'ગુજરાત મેલ' માં રવાના થવાનું નકકી કરી અમો છુટા પડયા.

× × ×

વિજયી યોધ્ધો રણાંગણમાં વિજય મેળવી ઉચ્ચ ગરદને ચાલતો હોય તેવો ગુજરાત મેલ ચાલતો-દોડતો હતો. અમો ત્રણેએ ઘણી ઘણી વાતો કરી. છતાં કાંઇ નકકી તો નજ કરી શકયા. કમાંડના બધાંએ ઉંઘતા-ઉંઘતાં ખાતા હતા, તેટલામાં મુકરજી કુદયો. ને મારો હાથ પકડી બરાડી ઉઠયો "ચાલો, તૈયારી કરો. આગલા સ્ટેશને ઉતરી જવાનું."

"હજુ તો સવારે પડી નથી ને આવા અંજળપા ગામે તારા દાદાએ સવડો કરી રાખી હશે કેમ ?- ટીકીટ અમદાવાદ સુધીની છે ને ?' મનજીભાઇ ઉશ્કેરાઇ ગયો.

"તો પછી અમદાવાદને ગામડું તું ગણતો હઇશ? એટલજ ખેડુતોનાં જીવનનો અભ્યાસ અમદાવાદમાં બેઠા બેઠા કરવાનો છે? વાહ ભાઇ વાહ! મુકરજીએ અચ્છી ટોપ કરી.

મેં બંન્નેને શાંત પાડયા, ને મુકરજીની વાત મુજબ આવતાજ સ્ટેશને ઉતરી જવાની તૈયારી કરવા લાગ્યા, અમો સાહેબ મોખ કરવા નહોતા જતા, એટલે એક બીસ્તરો. એક બાટલો, અને એક ટીફીન બોક્ષ, અને બધા પાટલુનને શર્ટ ચઢાવેલા અમો તો 'રકાઉટ જેવા સવારના પહોરમાં સ્ટેશને ઉતરી પડયા. આ ત્રણ ભાઇઓ સીવાય આ સ્ટેશન પર બીજા ઉતારૂઓ નહોતા, આવા ત્રણ જંગલાંને જોતાં માસ્તર વિચારમાં પડયા, ટીકીટ માંગી તો માસ્તરના હાથમાં અમદાવાદની ટીકીટ પડી. માસ્તરથી શંકા દુર થઇ.

"કેમ અહિંયાં ઉતર્યા ? ટીકીટ તો અમદાવાદની છે ?"

"અમારી મરજી પડે ત્યાં ઉતરીએ !"

"એ મરજી નહી ચાલે ! ખુલાસો આપો, કોને ત્યાં ઉતરવાના છો ?"

"એ ખુલાસો આપવા અમો બંધાયેલા નથી, અમારે રીપોર્ટ કરવો પડશે." માસ્તર ગાંજ્યો જાય તેવો નહોતો.

"એકના બે રીપોર્ટ આપજો, પણ પહેલાં ખુલાસો આપો, તમે શકમંદ લાગો છો, તમારા જેવા પર નજર રાખવી પડશે."

મુકરજીનો મીજાજ હાથથી ગયો.

"માસ્તર વધારે સમ્પન થવા ન જોઇએ, અમને જવા દ્યો, નહિ તો હેરાન થઇ જશો, ઓળખો છો હું કોણ છું ? તમારાથી થાય તો પાછળ જાસુસ મોકલજો, પણ કાયદા મુજબ તમારાથી રોકાય નહિ."

"હા" એ વાત બરોબર છે ? માસ્તર બાપુની કરજે. ઈંગ્લાંજ 'રાજા'ની પાછળ પણ તમુસ ઘણાજ કરતા ને !" મનજી વચમાં કૂદી પડયો.

વાત રસે ચડે છે. મારો મુકરજી તો રાજકારણમાં કૂદી પડયો. વાત વસરી ન જાય એથી હું વચમાં પડયો, ને માસ્તરને બધી વાત બરાબર સમજાવી. મારી વાતથી માસ્તરને ઠંડક થઈ, ને તેના બોલમાં ઊતર્યું ને અમને ગામની ભગોળાનો રસ્તો બતાવ્યો.....

"ભાળાં વેવલાં છે વેવલાં...બેટુતોનો ઉપાર કરવા નીકળ્યા છે, આટલી સાદી સમજણ તો નથી...મોટા ઉદારો...ન બોલ્યાં તેજ તો..." જતા જતાં માસ્તરના આટલા શબ્દો મારા કાન પર પડયા. મેં મુકરજી મનજીના મોં પર જોયું તો દીવેલ પીધાં જેવા થયાં હતાં. ગમે તેમ કરી અમે ભગોળામાં આવી પહોંચ્યાં.

આ વખત તો અમારા દાંતીના તુટવા લાગ્યા, ખાવાનો સામાન અમો નહોતા લાવ્યા, રીવીજ ઉપાડવાનો ટાઈમ હતો, સરારમાં કાંઈ બાવા છે, અમે તો શહેરી રહ્યા ને ! ગામમાં કોઈને ઓળખતા નહિ. પાટી બાવાની શી વ્યવસ્થા કરવી. અર્ધ મરેલા જેવા અમો તો પરોણા ત્યાં મનજી ઉપડયો, ને ભગોળાના રખેવાળ પાસે જઈ ખાવા વિમેરેનો સામાન લઈ આવ્યો. ખાવા બનાવી પીધી. જરા ઠેકાણે પડયા.

"ગામડાંનો અનુભવ લેવા આવ્યા છો ને ખાવા વખત તો ગણાતું નથી, તું જા બેટુતને ખાવામાંથી મુક્ત કરવાનો હતો..."

મુકરજી મનજી વચ્ચે કાનેની આપ લેનું પુરણ બાકી થયું, કુપ કાંજત પણ અમારા ખબરોને ગામવાસીઓને અમારા આવવાની ખબર પડવાથી દરબાર પણ અમારી પાસે આવ્યા.

અમને અમારા આવવાનું કારણ મેં વિસ્તારથી જણાવ્યું...તેટલામાં આવેલા-માંથી એક બાઈ બોલી ઉઠયા, કે તો ઠીક પણ તમે આજે અગારે ત્યાં જમજો. બાજુમાં પાસે રસોઈ કરાવીશું.

"ના, ના બાઈ ના. અમો તમારે ત્યાં જમવા નથી આવ્યા."

તે કાંઈ ચાલે. અમારે માગતમ જોવા આવે ને જમાડયા વગર રાખીએ કાંઈ !

"પણ બાઈ, આ વરસ તો દુકાળ છે. તમારે-તમારાં છોકરાંને જમવા પુરૂં નથી મળતું, ને અમને તમો આગ્રહ કરો છો ?"

"તે અમો ગમે તેમ કરીએ પણ અમારા આંગણે આવેલ અતીથીને તો અમો ખવરાવ્યા વગર રહીએ નહિ !"

"આ અતિથી સત્કારમાં તો આપણો હિન્દુસ્તાન હેરો પડયો."

"નહિ બાઈ એ માટે તો હજુ આપને કાંઈક સુચી લીએ" એક રૂપ જોઈન બોલી ઉઠયો.

મારાથી તે રૂપને અંતરથી પ્રણામ થઈ ગયાં.

અમારાથી તેઓને ના ન પડાઈ.

'તે તમારા જેવામાં કપાસ ઉગે છે છતાં તમારા પાસે પુરતાં કપડાં નહિ તે કપડાંનો ખાવ.'

"શું કરીએ બાપુ, અમો તો ગરીબ-ગાર રૈયામાં ખુશી રહ્યા લીએ."

'રેવું થા મારે કરવું પડે છે !'

"આ સાંભળી મુકરજી બોલી ઉઠયો, "આપણા જેવા પ્રેમાનોનાં પેટ ભરાવશે."

પ્રધાન મંડળનો પ્રોગ્રામ

લેખક : શ્રી શંકર દગડુ પાટીલ
(ખેતીની ગામડી કોલેજનો ગ્રેજ્યુએટ)

તા. ૨૭-૫-૩૭ ના રોજ ઓનરેબલ શ્રી જમનાદાસ મહેતાએ વેપારી ગ્રેજ્યુએટોની સભા સમક્ષ મુંબઈ સરકારનાં હાલનાં પ્રધાન મંડળે રૈયતની આર્થીક સ્થિતી સુધારવાના પ્રોગ્રામ વિષે એક સુંદર ભાષણ કીધું હતું. એમનાં એ પ્રવચનની રાજકીય દૃષ્ટિએ તુલના કરવાનું અત્રે અસ્થાને છે, અને હું અર્થશાસ્ત્રી ન હોવાથી આર્થીક દૃષ્ટિએ પણ એની ટીકા કરી ન શકું પરંતુ હું ખેડુત હોવાથી સદહું પ્રધાન મંડળનો પ્રોગ્રામ જેને મહા-સભાવાળાઓ માત્ર ગપોડા કહે છે તે ખેડુતોનું કેટલું અને કેવુ ભલુ કરી શકે તે ખેડુતની દૃષ્ટિએ વિચારવાનુ સાહસ કરું છું.

પ્રધાન મંડળના આર્થીક પ્રોગ્રામની રજુઆત કરતાં શ્રીયુત (હાલ ઓનરેબલ) મહેતા કહે છે કે મહેસુલ પધ્ધતી એ તો અગત્યનો ભાગ છે. સરકારી મહેસુલ પધ્ધતિ સામે જાહેરમાં અને ખાનગીમાં ખુબ કહેવામાં આવ્યું છે અને એ બધાંના સારરૂપ મી મહેતા કહે છે કે હાલની સરકારી મહેસુલ પધ્ધતિ કોઇ પણ શાસ્ત્રીય પાયા ઉપર વિકાસ પામેલી નથી તે વાજબીજ છે જમીન મહેસુલનું ધોરણ જમીનમાંથી થતા નફા ઉપર આધાર રાખે છે એમ અનેક વેળા સરકારી વહીવટદારો તરફથી કહેવામાં આવ્યું છે પરંતુ એ નિયમનો બાંધ એટલી વખત વ્યક્તિગત કેસોમાં થઈ રહયો છે કે હવે જમીન મહેસુલ જમીનમાંથી થતા નફા ઉપરથી હેરાવવામાં આવે છે એમ સજ્ઞાન અને અજ્ઞાન ખેડુત માનવા ના પાડે છે. મારા પોતાના નાખવામાં એક વખત બન્યું હતું કે એ કયારીનો ટુકડો જેના આકાર માપ ઉપરથી તેને કયારી કહેવામાં આવી હતી અને જેમાં બરડી કસાઇ વગેરે ડોંગરના ભેદાંમાંથી પાણું નીકળી પડે એવું ધાસ માત્ર થતું તેના દરના રીવીઝન માટે મેં અરજી કરી હતી આ અરજીની તપાસ માટે આવેલા અધીકારીને મેં સાબીત કરી બતાવ્યું હતું કે એ ટુકડાને કયારીનો દર લાગુ ન પડે એટલુંજ નહિ, પરંતુ ધરીઆનો દર પણ લાગુ પાડવો અશકય હતું ઉપજની દ્રષ્ટિએ એમાં ખોટ હતી અને સરકારી ખેતીવાડી ખાતું બે વરસ પ્રયોગ દાખલ ખેડો એમાં ભાત પકવી શકે તો હું કયારીનો ઉંચામાં ઉંચો દર આપવા કબુલ હતો. પરિણામ એ આવ્યું કે ત્રણ વરસની સરકારી તપાસમાં મારી અરજીની સાથે બીજા બે ત્રણ ધા કાગળ જોડાયા અને આખરે લેંડ રેવન્યુ ખાતાએ એ કાઢી નાખી. આમ લેંડ રેવન્યુ ફસલની ઉપર જણાવેલી કલમ જેની ઉપર આ અરજીનો મદાર હતો તે ઓફીસરોના ધ્યાનમાં કેમ ન આવી તે આજ્ઞેય મારે મન કોયડો છે. આ તો વ્યક્તિગત વાત થઇ. પરંતુ સામુદાયી દ્રષ્ટિએ જોતાં મુંબઇ ઇલાકાના બધા ભાગોમાં મહેસુલનો દર એકધારો નથી. સુરત જીલ્લાનો મહેસુલનો

દર ઉપજ અને આકારનું વધુમાં વધુ પ્રમાણ દર્શાવે છે એમ મારા એક ઓરીસર મિત્રે કહેલું તે ખોટું ન હોય આવી અનેકપ્યારી મહેસુલી પધ્ધતિથી ખેડુતો ચુસાઇ રહ્યા છે. કારણ કે એનું રૂદન સાંભળનાર કોઇ નથી. રૈયતવારી મહેસુલ પદ્ધતિના અનેક ફાયદા છે. પરંતુ મહેસુલમાંથી માફી મેળવવાની જરૂર હોય તે વખતે ખેડુતોનું કોઇ સાંભળતું નથી. જમીનદારી પદ્ધતિ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં સરકારી મંડળોમાં લાગવગ ધરાવતા જમીનદારો પોતાનો અવાજ બુલંદ કરી શકે છે. બાકી આપણે ત્યાં તો તલાટી આનાવારી કરે તેના કરતાં સર્કલ જરા વધુ બતાવે અને મામલતદારનો વારો આવે ત્યારે એને તલાટી કરતાં ડોઢી આનાવારી દેખાય. આવા તંત્રમાં થડીઝર માની લઇએ કે સરકારી પ્રધાન મંડળની જમીન મહેસુલની પદ્ધતિ સુધારવાની શુભ નિષ્ઠા છે તો પણ તે કેટલે અંશે સફળ થશે તેની શંકા રહે છે. છતાં પણ સરકારી પ્રધાન મંડળે પોણા ભાગના તાલુકાઓમાં લગભગ પોણીસ લાખ રૂપીઆ જેટલું મહેસુલ ૩૬-૩૭ અને ૩૭-૩૮ વરસોમાં માફ કરવાની દરખાસ્ત કરી છે તે જરૂર આવકારદાયક ગણાય.

પ્રધાન મંડળની બીજી મહાન હોંસ સવા કરોડ એકર પડતર જમીનને ખેડાણ બનાવી ખેતી વગરનાં લગભગ વીસ લાખ કુટુંબોને ખરા ખેડૂત બનાવવાની છે. આ હોંસ જરા વધારા પડતી ગણાય. અત્યારે તાકીદે ખેડાણ બનાવી શકાય એવી જમીન બહુ થોડી રહી છે. તેમાં ખાર, ગોચરણ, જંગલ,વ. છે. એની કે વિતાનની જેને ગંધ પણ નથી એવું પ્રધાન મંડળ આવી ઉમેદ સેવી શકે. બાકી ગોચરણને કરવાના અને જંગલ તોડી ખેતી કરવાના પ્રશ્નમાં જે અનેક મુંઝવો રહેલી છે તે જાણ્યા વિના સત્તામાં આવવાની સાથે એક આવો તુક્કો મુકવાની બીજને કોણ હીમ્મત કરે. જંગલોના નાશથી વાતાવરણ અને જમીનમાં થતા ફેરફારો વ. અનેક અગત્યના પ્રશ્નો નિષ્ણાતો પાસે ધીમે રહીને એ આપણું ધુમકેતુ જેવું પ્રધાન મંડળ તપાસે એ જરૂરી છે. ખ.ર અને એની અસંખ્ય પડતર જમીનને ખેડાણ બનાવવામાં કેટલો જંગી ખર્ચ થાય છે એની જાણ કદાચ સરકારી ખેતીવાડી ખાતાંના અમલદારોને ન હોય. જો હોય તો આવી સલાહ એમને કયાંથી મળી એ જાણવું દીક થઈ પડશે.

ઇ. સ. ૧૯૨૯ માં પ્રાંતીક એન્કવાયરી કમીટીની તપાસમાં ખેડુતોનાં દેવાનો આંકડો લગભગ ૮૧ કરોડ રૂપીઆ જેટલો માલમ પડયો હતો. આર્થીક મંદીના છેલ્લાં આઠ વર્ષમાં એ આંકડો દોઢો થયો હોય તો નવાઇ નહિ. આના પરિણામે ખેડુતોમાં ધીરધાર કરનાર સાવકાર લોકો ભાસ્યા છે. એવું આપણા નાણા ખાતાના પ્રધાનને દેખાય છે. ખેડુતોને સાવકારના પાશમાંથી

બચ્ચા કુચ્ચાની જંતળીમાંથી



મેળવવા લખો :—

ડો. ઝેડ. એચ. ખાન

તાપીયા મેનશન, નલબજાર, મુંબઈ.

૭, પારસી બજાર, ફોર્ટ. મુંબઇ ૧.

બચાવવા માટે સરકાર મારફતે સહકારી મંડળીઓ ઉભી કરી અને આમ ખેડુતોને દેવું અને નફરકાઇ વધારવાની સુંદર સગવડ આપી. પરિણામે આજે ખેડુતનું દેવુ વધ્યું છે અને અસખ્ય મંડળીઓ ફડચામાં ગઇ છે. સાહુકાર સાથેના વ્યવહારમાં ખેડુત પોતાની દેણદારી છુપાવી સકતો અને તેથી સ્વમાન અને મહત્તાની લાગણીઓ આજના જેટલી મુડી નહોતી થઇ. આજે જમીન આપી બધા બજે તેમ એ સહકારી મંડળીમાથી નાણા લઇ આવે અને હપ્તા ન ભરાય ત્યારે જમીન અને મીલકત જપ્ત થાય. સરકારો ખેડુતોને કડીત સંજોગોમા નિભારી લેતા જે સહકારી મંડળીઓ કરી શકતી નથી, તો પ્રશ્ન થશે કે ખેડુતોનું દેવું કેવી રીતે મટાડવું ? આ વિષે નીચે જણાવેલાં મુદ્દાઓ વિચારવા જેવા છે.

(૧) પ્રાંતીક સરકારે ખેડુત કર્જ નિવારણ લોન કાઢવી.

(૨) ખેડુતનું દેવું કેટલું છે એ નકકી કરી સાહુકારો સાથે ૫૦ ટકા લેખે પતાવટ કરવા કાયદો ઘડવો અને એ વિષે સેટલમેંટ બોર્ડ બનાવવી.

(૩) જમીન મોરગેજ ઉપર અમુક વરસ નકકી કરી તે મુજબ આ દેવાનો ભાગ કાયમી આકારી દેવો.

(૪) ખેડુતોની જમીન વેચી કે ગીરે મુકી દેવું કરવાની ફોજદારીનો નાશ કરવો કે જેથી ખેડુતોને જમીન સામે પૈસા ન મળે.

(૫) ખેડુતોનું દેવું ઘોડે ભાગે આથીક મંદીને પરિણામે થયું છે અને મોટે ભાગે સામાજીક ખરચે માં શકિત ઉપરાંત પૈસા વાપરવાથી થયું છે, માટે એ વિષે કરજીઆત બંધી કરવી.

નાણાં વિષયક પ્રશ્નના નિષ્ણાત આપણા કોંગ્રેસ પ્રમુખ ઓનરેબલ જમનાદાસે ખેડુતોનું દેવું ઘટાડવા સંબંધી વ્યવહારૂ યોજના રજુ કરી છે જેને માટે એમને ખરેખર ધન્યવાદ ઘટે છે. એમનું ધારવું છે કે આજનાં દર ઘટાડી ખેડુતોનું દેવું ૫૦ ટકા ઘટાડી નાંખવું, ખેડુતોનું દેવું ભરપાઇ કરવાની જોખમદારી સરકાર લે, સરકાર સાવકારોને ચાર ટકા વ્યાજનાં જેરંટી બોંડ આપે અને ચાલીસ પચાસ વરસમાં સાવકારોને આપવાના પુરા પૈસા ખેડુત ઉપર બે ટકા કર નાખી વાળી દેવામાં આવે પરંતુ આ યોજના ખેડુતોને ઋણ મુકત કરે ખરી. પરંતુ ઋણ મુકત રાખે એવો પ્રબંધ પણ જરૂરી છે. જો ગાદીએ બેસતાં આપેલાં ઉપરનાં વચનો ઘોડે અંશે પણ પાળવામાં આવે તો જેને પુનર્ગઠન મંડળનું ઉપનામ નામ આપવામા આવે છે તેણે પોતાનું અસ્તિત્વ સાર્થક કર્યું ગણાશે અને પોતાના ટીકાકારોની તુલના બેટી પડી ગણશે

ના. વાઇસરોયે તા. ૨૫-૫-૩૭ ને રોજ સીમલામાં અખીલ હીંદ પશુ પરિષદ ખુલ્લી મુકી અને પશુધન વધારવાની સુંદર યોજના રજુ કરી.

ચાલુ સાલ માટેનું ચોમાસું કેવું નીવડશે ?

ચૌદ આની વરસ્સ સારૂ નીપજવા માટેની રળાતી આશા.

લેખક શ્રી—ચીમનલાલ અંબાલાલ દલાલ (નવાણ)

રોહીણી તપે મૃગશીર્ષ વાય
આદ્રામા મેઘ અનંતા થાય. (૧)
જેઠ સુદી પડવા દીને,
હોય કદી બુધવાર,
ભડલી તો એમજ કહે
સુખી થાય સંસાર. (૨)
અષાડ નવમીને દીને
વાદળમાં જો ચંદ્ર
તો ભાખે ભડલી ભરૂ
ભુમી ઘણો આનંદ (૩)
શ્રાવણ સુદી પાંચમી
જો ધટકે મેઘ
બાર માસ વરસે સહી
કહે એમ સહદેવ (૪)
જેઠ અષાઢ શ્રાવણ ભરે
વર્ષા વીણ જો જાય,
અનુરાધા છઠે કદી,
નદીએ નીર ન માય. (૫)

ઉપરોકત 'પુરવાગ્યોનાં કથન અનુસારના યોગાયોગો તેમજ બળાબળે ચાલુ વર્ષનો ચતુર માસ માટે શરૂ થતાં હોવા થી આ રથળે પબ્લીકની જાણ સારૂ આપવા માટેની જરૂર પીછાણેલ છે. પ્રથમ દોહરામાં જણાવ્યા અનુસાર રોહીણી નક્ષત્રમાં સુર્ય નારાયણનો પ્રવેશ વૈશાખ. શુકલ પક્ષ (શુદી) ૧૪ ચૌદસના સુર્ય ઉદયથી ઘડી ૩૩ અને ૩૪-૭ પળ સુધીમાં થતો હોવાથી ઉપરોકત દાહ્મ પછી તા. ૨૪-૫-૩૭ ના સુર્ય અસ્ત પછીથી રાતના કલાક ૮-૪૦ ની આસપાસ શરૂ થાય છે. આથી ઉપરોકત તારીખથી શુમારે પંદર દીવસોમાં સર્વત્ર સારો તાપ પડવા માટેના સબળ યોગાયોગ ઉત્પન્ન થવા પામે છે. (ચોગરદમ અત્યંત તાપ તપશે) અને ત્યારપછી અસહ્ય ઉકળાટ તા. ૭-૬-૩૭ વૈશાખ વદી ૧૩ (ચૌદશનો ક્ષય) છે ત્યાંસુધી વધુ જોરમાં ચાલુ રહેવા સંભવ રહે છે. વૈશાખ વદી ૧૩ સોમવારના "સુર્ય"ને મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશ શુમારે ઘડી ૩૬-૨૬ પળની આસપાસ શરૂ થાય છે. આ સમય પછીથી યોગરદમ સંમત વાયરા (પવન) ફુંકાવાના શરૂ થવા પામશે અને જેઠ સુદી ૧૩ સોમવાર તારીખ ૨૧-૬-૩૭ સુધીમાં પવન સાથે નાના નાના ઝાપટાં કવચીત, કવચીત, થવા સાથે ધીમા ધીમા વર્ષાકાળ માટેના આંદોલનો ઉત્પન્ન થવાની ધીમી શરૂઆત થવા સંભવ રહે છે. માર્ગશીર્ષ નક્ષત્રમાં સુર્ય પ્રવેશ થતો હોવા છતાં વાદળ (ગદંભ) ગર્ધભનું હોવાથી સારો વરસાદ થવા માટેનો સંભવ કમતી રહે છે. કવચીત, કવચીત, શરૂઆતના વરસાદ માટે ઉદ્વેગ ઉભો થવાનો કાંઇક સંભવ રહે છે. આમ છતાં વરસાદ (વર્ષાકાલ) સમીપ આવી લાગે તેવા આંદોલન હાલ નીષ્ફળ જવા માટેનો મુદલ સંભવ અમોને ભાસતો નથી. હવે જેઠ શુકલ પક્ષ (સુદી) ૧૩ સોમવાર તારીખ ૨૧-૬-૩૭ ના રોજે સુર્યનારાયણનો મઘાન નક્ષત્ર આદ્રમાં પ્રવેશ સાંજના ઘડી ૩૪-૩૧ પળ સમયે સુર્ય અસ્ત પછી કલાક ૭-૧૮ મીનીટની આસપાસ થયા પછી વાદળ (ગર્દભ) દેખાવું

હોવાથી ઉપરોક્ત ટાઈમ પછીથી સારા ચોમાસા (વરસાદની શરૂઆત થવા) માટેના બળવાન તેમજ ચોકસ યોગાયોગ શરૂ થાય છે. આથી શરૂઆતનો વર્ષાકાળ શરૂ થયેલ લેખી શકાય! અને જેઠ વદી ૧૨ સોમવાર સુધીમાં તો સારા વરસાદની શરૂઆત મુંબઇ ઇલાકામાં પણ શરૂ થઇ, થવા પામેલ હશે જ્યારે આખા પુનરવસુ નક્ષત્રમાં અને આખડ અસાડ સુદી ૧૧ સોમવાર તા. ૧૯-૬-૩૭ ના રોજે સુર્યનારાયણનો પુષ્ય નક્ષત્રમાં ધરી ૪૩-૫૩ પળની આસપાસમાં પ્રવેશ થતા પામે છે. આ સમય પછીથી પણ ચોમરદમ મનમાનતો વરસાદ પાણી સર્વત્ર થવા માટેનો સંભવ રહે છે. જે અસાડ વદી ૧૧ સોમવાર તારીખ ૨-૮-૩૭ સુધીમાં તો સર્વત્ર સારો વરસાદ થઇ જવા પામ્યો હશે. પ્રથમનું ચોમાસું તદ્દન સંતોષકારક અત્યાર સુધીમાં ફલેદમંદ નીવડી ચુકવા પામ્યું ભાસશે અને ઉપરોક્ત ટાઇમ ફરમી નાન લોકોમાં પ્રસન્નતા પ્રસરી રહેવાનો સાચો સંભવ ભાસે છે. શરૂઆતમાં સારા વરસાદ પાણી માટેના બળવાન યોગાયોગ ચાલુ વર્ષ સંવત ૧૯૯૩ ના વર્ષ માટે થાય છે. અને વર્ષનું પ્રમાણ (બાદ આના) થવાનો સંભવ અમોને ભાસે છે. જેઠ સુદી ૧૩ સોમવાર તા. ૨૧-૬-૩૭ પછીથીજ સાચા ચોમાસા માટેના મંડાણ થવા માનવા વાસ્તવીક ભાસે છે જેથી ઉપરોક્ત તારીખ પછીથી સાચું ચોમાસું શરૂ થએલ લેખાવવું જોઇએ. જે પછીથી અષાઢ વદી ૧૧ સોમવાર તારીખ ૨-૮-૩૭ સુધીમાં સર્વત્ર સારા વરસાદ પાણી પ્રથમના થઇ જવા પામેલ હોવાથી ખેડુતોના મન પ્રસન્ન રહેવા પામશે. વેપારીઓના મન પણ શાન્ત થયા હોવા જોઇએ. ઉપરોક્ત સમય દરમીયાન પશુ, પક્ષી, ઢોર ઘાંખર વીગેરે સુખી થવા તથા પાણી તથા ઘાસચારો પુરતો મેળવવાથી આનંદ અનુભવવા સંભવ રહે છે. અને સારો પાક પણ થવાની આશા ઉદભવશે જેથી સંવત આનંદમંગળ વરતાવનાર ભાસે છે. ચાલુ સાલ માટેના વર્ષારૂતુ કારણના અંગેની બાબતોનો બારીક વીચાર કરતા તેમજ ઉપરોક્ત સમય દરમ્યાનનાં "ઝોંચર મહેર" માટેનો પણ બારીક વિચાર કરતાં ચોમાસુ શુભ આશા આપનારૂં નીવડવું સંભવે છે. ચાલુ સાલ માટે "દ્રોણ" નામનો મેઘ હોવાથી વરસાદ સારો થવા ઉપરાંત પૃથ્વી પર ધાન્ય સારા પાકવા સંભવે છે. વળી મેઘ (વરસાદ)નો નીવાસ માણીના ઘરમાં હોવાથી બેઇતા પ્રમાણમાં પાક માટે સારો વરસાદ થવા સંભવ રહે છે. "રોહીણી નક્ષત્ર" સમુદ્ર પર પડેલ હોવાથી પણ સારા વરસાદના ઝાપટાઓ પછી (૨જી પાક) સારો થશે. ચોખા, ઘઉં મગ સારા પાકશે જે માટેના પાકનો સ્વામી શુભ ગ્રહ થએલ છે.

ફળઝાડોની કલમો

એકદમ સસ્તા ભાવ

જાત જાતના આંબાની સુંદર મોટી ભરાવદાર કલમો, ચીકુ, લીંબુ, મોસંબી વગેરે ફળઝાડોની કલમો અમો અમારા પોતાના બગીચામાં તૈયાર કરીએ છીએ.

ત્રણ વરસમાં ફળ આપતી નાણીખેરી, સફેદાનસુરી જમરૂખની કલમો, મુરબ્બાના આંબળાંના ઝાડ વગેરે મળશે. તે ઉપરાંત જાત જાતના ગુલાબો, શોભાનાં ઝાડપાનની સુંદર કલમો મળી શકશે. તથા બાગબગીચા સંબંધી યોગ્ય સલાહ મળી શકશે.

ધણી:-અંબાલાલ પટેલ B Ag.
માલીક:-પટેલ નરસરી
ઉદવાડા સ્ટેશન (જી. સુરત)

ચૈત્રી વર્ષ ચોરાણુંનો ચંદ્ર રોહીણી ગૃહના યોગપરથી વર્તારો.

(લેખક: વૈદ્યરાજ કૃતેહસિંહજી વિભાજી જાડેજા)

દ્વાદશ દોહરા.

" ચૈત્રી વર્ષ ચોરાણુંમેં, ઇશ્વર સંવત્સર જાણ,
લાભ સવાયો તે કરે, કૃતેહ ગૌરવ ભાણ. ૧

" વર્ષાદ વરસે ઘણો બહુ ધાન્ય નિપજંત;
અન્ન, ધનની તૃષ્ણા વડે, કૃતેહ જગતમાં તંત. ૨

" આરોગ્ય આનંદ નહિ, ઉપજે ચિંતા ઉર;
કળી તણા અમલમાં, કૃતેહ યામ જરૂર. ૩

" સત્ય નિષ્ઠાથી ચાલતાં, ધર્મ કર્મની માંય;
જેથી ઇશ્વર આપશે, કૃતેહ સુખ સદાય. ૪

" ચૈત્ર સુદી પાંચમે, આવે જો ગુરૂવાર,
ચંદ્ર, રોહિણી ઘરે, કૃતેહ આનંદ સાર. ૫

" દનિયું નક્ષત્ર રોહિણી, સાથે જો વર્તાય,
ચંદ્ર યોગથી ભોગવે, કૃતેહ રાત્રીની માંય. ૬

" એટલા વશાનું વર્ષ છે, જ્યોતિષ શાસ્ત્રે વાત,
વર્ણવું આ લેખમાં, કૃતેહ ગુણ સાક્ષાત. ૭

" દર સાલની રીતિએ, જણાવું સંક્ષિપ્ત સાર,
સેવા તણી ભાવના, કૃતેહ કર્જ નિર્ધાર. ૮

" શિક્ષા ને ધરણપણું, જેથી ધરતું નુર,
તેમાં જીંદગી ગાળની, કૃતેહ સંદેહ પુર ૯

" રોગ, દોગ ને શોકમાં, સદાચારે વૈભૂણ,
સંસારે, જીવ માત્રને, કૃતેહ અમણું કષ્ટ ૧૦

" કળીમાં સત્તા વધી, ×કાળાનું ચાલે જોર,
ફેર વર્તાવ્યો કારમો કૃતેહ ચારે કોર. ૧૧

" દ્વાદશ આ દોહરા, વર્તારાના જોડ.
ઇશ્વરી પ્રેરણા થકી, કૃતેહે કીધાં એહ." ૧૨

×કાળાં રંગરૂપવાળા પદાર્થો આદીનું અંગીકરણ લાગતું હોય તે તમામથી ફેર વર્તાઈ રહેલ છે, એ સાર છે. લી. વૈદ્યરાજ કૃતેહસિંહજી (ચૈત્ર સુદ ૬ શુક્રવાર)

સંકાને ૧૯૯૪) મું વર્ષ ચૈત્રથી બેહું, મેખ, રાશિના સુર્યથી શરૂઆત થઈ. સાથે જેના અંગીકરણ તરીકે પાંચ અંગ જેવા કે નક્ષત્ર, યોગ, કરણ, તીથી, ને વારની શરૂઆતથી કાળ ભગવાનની ક્રિયા, સંસાર ચક્ર ચલાવવાને અહર્નિશ રીતે પ્રવૃત્તવાન થઈ. જુગાન યુગો અનંત ચાલ્યા ગયા છે.

કળીકાળનો યુગ છે તેમાં ચાલુ સૈકાને ઘડપણપણું છે. તેથી જરા અવસ્થાના પ્રમાણથી નિવૃતિને નિતિ, રીતિ, અને પ્રીતિ પણ "વર્તમાને વૃતંતિઃ" નિયમાનુસાર વર્તન પ્રણાલીકા ચાલી રહી છે. જે પ્રમાણે માનવી પ્રાણી માત્રની પ્રકૃતિ, આકૃતિનું જંધારણ જંધાર "યથા રાજા તથા પ્રજા"-ની કહેવત પ્રમાણે છે.

દર સાલની પેઠે ચૈત્ર સુદ ૫ ના દીન સુર્યાસ્તથી રાત્રીના પહેલા પહોર સુંઢીમાં ચંદ્ર, અને નક્ષત્રોના યોગ સંગીકરણનો ગૃહચારરૂપ જોને લૌકીક ભાષામાં "ગાદલી રોહીણીને ધારીને વછીયાત, ચંદ્રને માની તેના પાસે થડમાં આગળ, પાછળના ગતિવાન પ્રમાણે ધ્યાનથી જોઈ તે ઉપરથી ઉખડ તથા ભડળી જોતિષીના કહેવાના આધાર ઘણાખરા માનવી પોતાની સમજણ પ્રમાણે મત ધરાવી વર્ષનો વર્તારો, આરોગ્ય, આનંદ, વેપાર, ખેતીના સુખકર સાધન કે આધાર બાંધી વર્તન ને વિચારથી આચારમાં મુકે છે.

તે પ્રમાણે હું પણ જન સમાજના સેવક ભાવથી મેવા ઉઠાવી વીસ વરસથી ચંદ્ર, રોહીણીના ઘરના યોગપરથી વર્ષના વર્તારા આપ્યા કરું છું, ને જન સમાજ મારા વચન પર વિશ્વાસ રાખી પ્રીતી ધરાવી નવા વરસના વર્તારા માટે તનમનતા ધરાવી કાગળો લખી ઉતાવળ જણાવે છે કે ઝટ વર્તારો મોકલાર પડો, એવો ઉપરા ઉપર કાગળો પત્રો આવવાથી, દર સાલના નિયમ પ્રમાણે ખેતીવાડી વિજ્ઞાનમાં લખી મોકલ્યું છે. તેના અધ્યાપક રા. રા પ્રાતઃસ્મરણીય, પુજનીય, શ્રી. કુબેરાય છોટાલાલ અજરીયાજી સહૃદતા ભાવે નિષ્કામ પ્રેમ ભાવે જગત કલ્યાણી ભાવનાએ સનત ભગિરથી પ્રયાને લોકપ્રીય ખેડુતનું ઉત્તમ સાધન પુરૂષાર્થરૂપ સાચા સતકાર ન રત્નહાર રૂપ માસિક તથા પુસ્તકો બરોબર પ્રમાણમાં પોતાનો અતિ અનુભવ જ્ઞાન વિજ્ઞાનની રીતીએ વૃદ્ધ મહાત્મા તુલ્ય પોતાનુ ઓજસ દ્રવ્ય આત્મ તત્વ અર્પી સ્વાર્થ ભાવ રાખ્યા વિનનો પ્રયાસ સ્તુતિપાત્રને વંદન કરવા સાથ ધન્યવાદને પાત્ર છે. પરમાત્મા તેમના કાર્યને ને આયુષ્યને ને આરોગ્યને ચીરકાળનું દીર્ઘાયુ આપી રહેજ તુરીને પૂર્ણ કરવા વધારે પ્રગતિવાન ને પ્રવૃતિવાન રાખે. એવા સૌકો આશીર્વાદ આપ્યા કરે છે તે પરમાત્મા સફળ કરો.

પાંચમનો ચંદ્ર, રોહિણીના ઘરમાં થે તિન કે પ્રથમ બીજ તથા ત્રીજની રાતીએ વાસ કરી ચોથ સુંઢીમાં આસપાસ રહ્યો છે. ને પાંચમની રાત્રીએ ઉપર પ્રમાણે દૂર આવતો રહ્યો છે જેથી, તે ઉપરથી ઉખાણો ભાખીનો છે કે,

"કૃતિકા કરે કરવરૂ, રોહિણિ કરે સુકાળ,
ને હોયે મૃગશિરે ધરે નિશ્ચય થાયે દુકાળ."

એટલે પાંચમને દીન કૃતિકાને ઘરે હોય તો કરવરું વરસ થાય, રોહીણીના

"કીસાન"
ખેડુતોનું આગ માસિક છે.
આજેજ ગ્રાહક બનો.

ઘરમાં હોય તો સુકાળ થાય ને મૃગશિરે હોય તો દુષ્કાળ થાય આમ કહેલું છે. તેનાં ભાવાર્થ એવો છે કે પાંચમ સુધીમાં રોહિણીના ઘરના બદ્દાર કે દ્રષ્ટી બદ્દાર ચંદ્ર ન જવો જોઇએ ત્યારે પાંચમે મૃગશિર ઘર આગળ વધ્યો છે. જેથી પ્રથમ સ્થીતીએ વર્ષાદનો ગર્ભ બંધાયો છે. જેથી વહેલો પહેલાં વરસાદના નક્ષત્રોમાં પુરકળ વરસાદ થાય ખરો. લીલા લ્હેર કરી મુકે. સુકાળ જેવી સ્થીતિ જણાય પણ પાછળના મૃગશિરના ઘરનો યોગ થવાથી વરસાદની ખેંચ રહે એટલે ગર્ભ ગળી જાય. પ્રથમજ અશ્વની, ભરણી આદીમાં વાદળામાં ગર્ભ બંધાઇ કયાંક તોફાની વરસાદ વાવાઝોડાથી વરસાદી ગર્ભની ચ્યુતી કરી નાખે ખરી.

પાછળનો વરસાદ હસ્ત, ઉત્તરા નક્ષત્રમાં ગર્ભ બંધાય નહિ જેથી પાછળના ધાન માટે તાણ જણાય, વળી ચૈત્ર મહિનાના વાદળાં અશ્વની, ભરણીના જેરી યોગવાળાં ગણાય જેથી રોગો, મરકી, પ્લેગ, જેરી હવાના રોગોનો ઉપદ્રવ થાય, જે માટે કહ્યું છે કે "રેવતિ જળ નાશાય, અશ્વનિ અન્ન નાશાય, ભરણી સર્વ નાશાય, જો વરસે કૃતિકા, સર્વ ભય નાશાય." રેવતી નક્ષત્રના છાંટા થાય તો જળનો નાશ જણાય, ને અશ્વની નક્ષત્રના છાંટા વરસે તો અન્નનો નાશ થાય ને ભરણી વરસે તો સર્વનો નંશ થાય. પણ ઉપર કૃતિકા

જે લોકોએ આલક થયું હોય
તેમણે
લવાજમ મોકલી આપવું.
અને
ન થયું હોય તેમણે પત્ર
લખી તેમ જણાવવું કે જેથી
વી. પી. ખર્ચ અમોને માથે ન પડે.

વરસે તો સર્વ આગળનો ભય નાશ પામે. વળી પશ્ચીમનો સમુદ્ર પણ પોતાની ગતિ વૃત્તિમાં ઉછાળો છે, જેથી આકાશ પણ વાદળાંથી વાતાવરણ દુષિત બનાવ્યું છે. ચંદ્રનો તાત સમુદ્ર છે, જેથી ભરતી-ઓટનો આધાર ચંદ્રની ગતી ઉપર અવ-લંબીને રહેલ છે. "એટલે ચૈત્ર સુદ ૧ થી ચંદ્ર દક્ષીણ ગમન તરફનું આકર્ષણ કરતો હોવાથી વાદળાં, વીગેરેને વરસાદ થવાનો સંભવ રહે ખરો. ઋતુ અનીયમિત બની છે. જેથી આવતા શિઆળામાં હિમ, કરા, બરફ, ધુમસના વિકારોની બીક રહે ખરી. "વળી જેરી વાતાવરણના દુષિત વાયુથી હવા બગડે જેથી પ્રાણી માત્રના મનોવિકારવાળાં થાય" મન જેવું અન્ન, અન્ન પણ દુષિત થવાથી હવા, પાણી ખોરાક અને તડકો, સુર્ય, ચંદ્રની ગતીના આધારે વાતાવરણ રહેલું છે જેથી કળીકાળના યુગના પ્રમાણે "યોગ્યત યુગ-તાપ્ યુગ:" જેવી યોજના તેવો યુગ થાય જે માટે કહેલું છે કે!

"ચંદ્ર સુર્ય ગ્રહની ગતિ જો ચાલે પ્રતિકુળ,॥
રોગ, દોગ, વિપત્ત કરે, કૃતેદ્ભવ ભયનું મૂળ॥

જેથી સદાચાર વૃત્તિમાં ફેરફાર થઈ આચાર ધર્મભ્રષ્ટ થવાથી અનેક જાતનાં કષ્ટો ભોગવવા પડે જે માટે શાસ્ત્રમાં કહેલ છે તે પ્રમાણે બતાવી લેખ પુરો કરીએ. "આચારો પ્રથમો ધર્મ:" આચાર એ મુખ્ય ધર્મ છે. વળી વીષ્ણુ પુરાણમાં કહેલું છે કે,

"સદાચાર રતઃ પ્રાજ્ઞો વિદ્યા વિનય શિક્ષિતઃ।
પાપેડપ્ય પાપઃ પુરુષોજ્ઞ લિપ્યતે પ્રિયાપ્રિયઃ॥
"મૈત્રી દ્રવાન્તઃ કરણસ્તસ્ય મુકતિઃ કરેસ્થિતા।
યે કામ ક્રોધ લોભાતા વીતરાગા ન ગોચરે॥
"સદાચાર સ્થિતીસ્તેષા મનૃભા વૈધૃતા મહી
પ્રાણીના મુપકારાય યયૈવેહ પરત્રય॥
"કર્મણા મનસો વાચા તદેવ મતિમાન ભજેતા

જે આચારમાં પ્રીતિવાળા છે તે પાપવાળા વ્યવહાર કરતા નથી, કઠોર મનુષ્ય સાથે પ્રીય વાણી બોલે છે, ને જેનું અંતઃકરણ મૈત્રી ભાવનાવાળું દ્રવીભુત રહે છે એને મુકિત સાથ કાની પોતાની મુઠીમાં રહેલી છે. અને રાગ દ્વેષથી વિરકત પુરૂષ કામ ક્રોધ અને લોભ, મદથી મિમુકત રહી વ્યસન, દુખથી વેગળા રહી સદાચારમાં સ્થીતી પત રહે છે એવા પ્રભાવથી પૃથ્વી ટકી રહી છે. જેથી આલોક ને પરલોકમાં તમામને ઉપકારનું સાધક છે. જેથી બુદ્ધિમાન માનવીએ મન, વચન, કર્મથી સદાચારનું આચરણ કરતાં રહેવું જોઇએ.

જેથી કલ્યાણનું સાધન ખરી રીતે સદાચારજ છે. નહિતર કળીકાળના અમલમાં કાળાં સ્વરૂપવાળાં પદાર્થોથી કાળો કેર સર્વ ઠેકાણે વરતાઇ રહેલ છે જેનું વર્ણન લખતા સાધારણ લેખીનીમાં શકિત નથી, પણ લેખ માટે અંગીકરણ હોવાથી લખી બતાવતા અસ્થાને નહિ ગણી શકાય.

જેવાં કે કાળાં સ્વરૂપવાળાં મોહક, મારક, કાળો ચા, કાળું અફીણ, કાળો એવા વ્યસની ચીજોને અમલથી આપણા ભારતની આરત વધી પડી છે. જે માટે શાસ્ત્રમાં વ્યસન માટે સક્ષિપ્તમાં કહેલું છે કે ? "શુધિં દુષ્પતિ યદ્ દ્રવ્યં મદકા રિત દુષ્યતો." અર્થાત્ જે વસ્તુ શુધ્ધિનો લોપ કરે છે તે નીષ્પાપી કહેવાય છે. તો અત્યારે ચાય, તમાકુ, અફીણ માજમ આદિ નીશા પમાવાળી ચોરી આદિએ પોતાનું સામ્રાજ્ય જમાવી દીધું છે.

જેથી સદાચારમાં સ્મુશ્કેલ સર્જો પેદા છે. એવા કારણથી રોગ, દોગ, શોક અ.દિ દુર્ભિક્ષના આવરણો ઉપસ્થીત થાય તેમાં નવાઇ નથી. સર્વની કર્મની કરણીના ફળો છે. જેથીજ રામાયણમાં કહેવું છે કે, "વિશ્વ પ્રધાન કર્મ રચી રાખા," વળી કહેલું છે કે "કર્મ કમંડલ કરગહી, તુચ્છી જહાં લઇ જાય, સાગર સરિતા, કુપ જલ બુંદ ન અધિક સમાય," કર્મ રૂપ કમંડલ પાત્રથી જેવું કર્મ તેવું મર્મ સરજાયેલું છે એ વાત સિધ્ધાંતવાળી છે.

"દેશને દેહને દુર્બળતા :દુરભીક્ષપણું અપાવનાર આપણાં કર્મોજ છે જે ખેતી પ્રધાન આપણો ભારત દેશ તે અત્રાજે આરત પીડાનો ભારવત રૂપ થઇ પડયો છે. જયાં ગંગા, જમુના, સરસ્વતિ જેવી ત્રીવેણી. ત્રણ જન્મના પાપ સંહારનાર રૂપ ભારત માતાના ખોળામાં કલરવ કરતી તેમજ

ઇસ્ટ એન્ડ વેસ્ટ
ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડ.
[સ્થાપના ૧૯૧૩]
(હેડ ઓફીસઃ-ધંસ્ટ એન્ડ વેસ્ટ બીલ્ડીંગ, ફોર્ટ, મુંબઇ)
લાભવગવાળા અને પ્રમાણીક એજન્ટોને નફાકારક શરતો મળે છે.
જિંદગીના વિમાની
સધ્ધર સ્વદેશી કંપની

ગાય, ગાયત્રી ને સાવિત્રી કે સરસ્વતી રૂપ વિદ્યા એ પણ આપણને તરણ તારણહાર રૂપ હોઇ વિધાતારૂપ છે. તેને ધાનકરૂપ બનાવી જે ઉજ્વળ સ્વરૂપતાને શુભરચ્ય મુખદ્વા તેને ઠેકાણે કાળી બકરી, ભેંસ આદિ ગાય. કોઈ માટે ઘર આંગણામાં બાંધી તેનું પાલન પોષણ થાય. જે ગાયને ગાયત્રીનું અનુષ્ઠાન ત્રીકાળી સંધ્યામાં થાતું હતું તેને ઠેકાણે આપ દેવી કાળીકાનું ત્રીપદ્વા રૂપ સત્વર, ઘોર ને સાંજરે કે આઠે પહોર શ્રવણ મનન ને નિદિધ્યાસન ઉપાસનાની આરતી પ્રીતિ હોય ત્યાં તેવું જ વાતાવરણ દુઃખ દાવાનળજ મે એમાં શું આશ્ચર્ય હોઇ શકે? એ કળીકાળના યુગના માનવી મનસ્વીના કર્મનો મહિમા છે.

જે તેનાથી વિમુકત વેગળા રહ્યા છે, તેને રોગદોગ આદિ પીડા કરતા નથી. દુષ્કાળ ને જીવનકાળને કાળાની ભીતિ રહેતી નથી ને રાખવાની નથી. પણ સભ્યમાં ગણાય નહિ, ને તેવા સુરી સંપત્તિવાળા માણસને સંયોગી અસુરી સંપરાયવાળા દુઃખ, ક્લેશ ને કલેશ ઉભો કરે પણ "ક્ષમા વિરચ્ય ભુષણમ, ક્લેશ, કલેશ, પાપીચ્ય દુઃખમ," પ્રમાણે ગણાય છે.

પરમાત્માને પોતાના જેવા સાત્વીક સુરી સંપત્તિવાળાં ભાવ ગમે છે, અસુ સંપત્તિનો વેળાસર નાશ કરવા "કાળદેવોભ્ય નમઃ" જેથી કાળ સ્વરૂપે બની રોગ, દોગ, ને દુષ્કાળ અવતરણ રૂપ થઇ ઝટપટ તેનો વિનાશ કરે છે નહિતર જો તેનો વધારો થાય તો સદાચારનો ભંગ થઇ નાસ્તિકતા ઉત્પન્ન થાય ને ધર્મની ધરી સચવી રહે નહિ, જેથી ગીતામાં કહેલ પ્રમાણે "યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિ ભવતિ ભારત, અભ્યુત્થાનમ ધર્મસ્ય તદાત્માનશ્રર્જ્યહમ, પરિત્રાણા વિનાશનાય' સાધુનામ દુઃખકૃતામ, ધર્મ સંસ્થાપનાય સંભવામિ યુગે યુગે," એ સુત્રાર્થ સાર છે. કબીર બારોટ કવિરાજ કહી ગયા છે કે "કુઆરે કપડાં ધોવે કુશળ કર્મોથી હોયે મન, અધર્મના ચાલતા નર ન ઉગર્યા કોઇ" પાણીનો આરો ઓડી નદારા ગંદકી આરે કપડાં ધોવાથી પવિત્ર કુશળ કર્મોથી હોઇ શકે જેથી અધર્મના ચાલનાર કોઇ પણ ઉગર્યા નથી પ્રત્યક્ષ પુરાવો છે. માટે સદાચાર સત્યનિષ્ઠામાં વર્તનથી રહેનારને પરમાત્મા સાનુકૂળ થાય છે. ઋતુ, દેશકાળની અસર સર્વ પ્રાણી માત્ર પર થાય છે. જેમકે ઝેરી હવાનો પ્રભાવ માનવી જીવ માત્ર પર

એશીઅન વીમાની પોલીસી ભવીષ્યની વ્યવસ્થાનું ઉત્તમ સાધન છે.
કુટુંબ માટે જોગવાઇ, નિવૃત્તિ-વેતન, લગ્ન, કેળવણી, બેહુતની કરજ-મુકિત વગેરે માટે ઘણી આકર્ષક યોજનાઓ છે.
વીગત માટે મળો યા લખો :-
ધી એશીઅન એશ્યુરન્સ કું૦ લી૦.
એશીઅન બીલ્ડીંગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઇ.

રોહીણી નક્ષત્ર સમુદ્રમાં પડયું છે એ પણ સારા સુયોગ જણાયા છે.

૧. આદ્રા નક્ષત્ર જેઠ સુદ ૧૩ સોમવારે તા. ૨૧ મી જુનને રોજ બેસે છે. વાહન દેડકાનું છે. એટલે વરસાદ ઘણો વરસશે.

૨. પુનરવસુ નક્ષત્ર જેઠ વદી ૧૨ સોમવાર તા ૫ મી જુલાઇએ બેસે છે. વાહન ઉંદરનું છે. તેમાં પણ વરસાદ સારો થવાનો જોગ છે.

૩. પુષ્ય નક્ષત્ર અષાઢ શુદિ ૧૨ તા. ૧૯ મી જુલાઇએ બેસે છે. વાહન શીયાળનું છે તેમાં વરસાદ ઓછો થશે.

૪. અશ્લેષા નક્ષત્ર અષાઢ વદી ૧૧ તા ૨ જી ઓગસ્ટના રોજ બેસે છે. વાહન બેરનું તેમાં ઘણો સારો વરસાદ થશે

૫ મઘા નક્ષત્ર શ્રાવણ સુદ ૧૦ સોમવાર તા. ૧૬ મી ઓગસ્ટે બેસે છે. વાહન હાથીનું છે. આ નક્ષત્રમાં ખુબ વરસાદ થશે.

૬. પુર્વાફાલ્ગુણી નક્ષત્ર શ્રાવણ વદ ૯ મેાેમવાર તા. ૩૦ મી ઓગસ્ટ બેસે છે. વાહન ઘેડાનું છે તેમાં વરસાદનો જોગ નથી.

૭ ઉત્તરા ફાલ્ગુણી નક્ષત્ર ભાદરવા સુદ ૮ સોમવાર તા. ૧૩ સપ્ટેમ્બરે બેસે છે. વાહન ગધેડાનું છે તેમાં વરસાદનો જોગ ઓછો છે.

૮ હસ્ત નક્ષત્ર ભાદરવા વદ ૭ રવિવાર તા ૨૬ સપ્ટેમ્બરના રોજ બેસે છે વાહન શિયાળનું છે. તેમાં પણ વરસાદનો જોગ ઓછો છે.

ઉપર મુજબ ચોમાસાની ઋતુમાં વરસવાનાં જોગ જણાયા છે આ વરસમાં રોહિણી પછી મૃગશીર્ષથી જેઠ સુદમાંથીજ વરસાદની શરૂઆત થઇ તોફાની પવન સાજનીજ સાથે અથાડ શ્રાવણ સુધી ધોધમાર વરસશે. નવાણો ભરી દેશે નદી તળાવ કીનારા ઉપર વસતા તેમજ અન્ય બરવાડ રબારી આદિ લોકોએ પોતાનો જનમાલની સંભાળ રાખવી. ભાદરવામાં પાછલો વરસાદ થવા પક્ષી છે

આ વરસમાં રોગચાળો થવા સંભવ છે. આગતર ને પાછતર ઉપજ સારી થવા સાથે ભાવ પણ સારા ઉપજશે

ખેડૂતોએ જમીન સારી ઉંડી ખેડી ખાતર નાખી જમીનનું સડ નિંદણી બીજ તૈયાર રાખવું અને "વાવણી કે ઘી નાવણી" એવી અમુલ્ય તક નહિ ચુમાવવા ખાસ લક્ષમાં રાખવું. આપણા ખેડુતો, જમીનદારો અને રાજાઓ પરમેશ્વર ઉપર શ્રદ્ધા રાખી અંત કરણ શુદ્ધ રાખશે, પોતાના ભાઇઓ પ્રત્યે ભેદભાવ નહિ રાખતાં પ્રેમભાવથી નીતિ ધર્મ પરાયણ રહેશે તો 'પુરુષ પ્રયત્ન ઇશ્વર કૃપા' પ્રભુ જરૂર સારું ફળ આપશે.

ખેડુત ભાઈઓ તથા બાગબગીચા-વાળાઓ માટે સોનેરી તક!

"વિલાયતી ખાતરનો ફોટો હરીફ"

હમારે ત્યાં હાડકાંનો ભુકો, તેમજ દરેક જાતનાં રસાયણીક ખાતરો. તથા કિંમતી વાવેતરો માટેનાં ફાયદાકારક અકસીર બીયારણ તદ્દન સસ્તા ભાવે મળશે. વિગત માટે લખો.

બીજા બનાવનારાઓ—

મેસર્સ તલાટી એન્ડ સન્સ

ડભાણ (વાયા-નડીઆદ)



હું–મુકરજી ને મનજીભાઇ

(પાના નં. ૨૭ થી ચાલુ)

"અરે! અરે! એવું બોલાય!" પેલો વૃધ્ધ ગળગળો થઇ ગયો.

"ના–ના તેમ નહિ. જાણો કે તમારો "શાહુકાર–તેના નોકરો, ગામે આવતા ઓફીસરો સર અવસર પર પધારેતા આવા વગ બોલાવેલા મ્હેમાનો ગા?" મુકરજીએ વધુ ખુલાસો કર્યો.

"હા ભાઇ એમજ છે."

"તો પછી તે બંધ કરોને" મનજી વચમાં બોલ્યો.

"તો ભાઇઓ અમારાથી ગામમાં રહેવાય નહિ, જીવાય નહિ. ખેતી થાય નહિ: અમારા સામું કોઇ જોતું નથી ને આવે ને અમને લાતો મારે છે!"

"મળશે નહિ, હવે તો તમારી વ્હારે ના. વાઇસરોય, મહાત્મા ગાંધીજી, મહારાજા આવી છે."

"એ સધ્ધારાને લીધે તો અમો રહીએ છીએ નહિ તો કયારનાએ જીવ કાઢી નાંખ્યો હોત." પટેલ ગળગળા થઇ બોલ્યા.

"જીવ શા માટે, હવે તો તમારી વ્હારે પુતળાં પ્રધાન મંડળો પણ આવશે." મુક. રજીએ કેંડી.

"હું ભાઇ પુતળાં અમારો શો ઉધ્ધાર કરશે. જીવ વગરનાં પુતળાં શી મદદ કરશે?"

મનજી બડબડાટ હસી પડયો, "તારો જીવવાળો પુતળાં છે, તેઓ અત્યારે તમારો ઉધ્ધાર કરવા બહાર પડયા છે. તમને ખબર નથી?"

"નારે ભાઇ! અમને કોણે કહ્યો તે તમે જાપુ વાંચતા નથી!"

અમારા ગામમાં જાપુ કોણ વાંચો વાંચતા આવડે છે કોણે તે! ને શીખવાડનાર કોણ છે તો બેડુતોએ વરાળ કાઢી.

"મભરાઓ નહિ! હવે તો જુઓ ના. વાઇસરોય તમારા માટે કેટલી જેહમત ઉઠાવી રહ્યા છે, સારા આખલા તૈયાર થશે પછી બસ...મઝા કરો." મનજી બોલ્યો.

"આખલા તૈયાર થશે, તેમાં આ ભાઇઓના પેટમાં ખોરાક કયાંથી પડશે! તેઓના ખેતરો લીલાંછમ કયાંથી થશે! તેઓના બાળબચ્ચાંનાં શરીર કમાંથી ટકશે! તે તો કહો." મુકરજી ગુસ્સે થયો.

વાત વણસી જાય, તે અગાઉ મેં શાંત પાડયાં જુઓ ભાઇ, એ તો કાગળ પરની વાતો પોથીમાંના રીંગણાં. જયાં સુધી બેડુતો પોતે પોતાની મેળે તયાર નહિ થાય ત્યાંસુધી તેઓનો ઉધ્ધાર નથી. માટે એવો કોઇ રસ્તો શોધવો જોઇએ."

"તે ભાઇ અમારે શી તૈયારી કરવાની?"

"પાંચ કરોડ ટુન્ડણીલ કદાડી દેશના બધા બેડુતોમાં વ્હેંચીએ તો!" મનજી બોલ્યો

"તો પાંચ કરોડ છપાવવા ને વ્હેંચવાના પૈસા તારો સોલીસીટર આપવાનો કે?" મુકરજીએ અચ્છી ટકોર કરી.

("પણ ભાઇ! બધા બેડુતો વાંચી શકશે ત્યારે ને!" પટેલ બોલ્યા.)

"તે શું બી૦ ગ૦ એક કરોડ કાઢયા છે, વડોદરાના નામદાર મહારાજાએ એક કરોડ દાન કર્યું છે, તો પછી એટલા પૈસા નહિ આપે! મનજીએ રસ્તો બતાવ્યો!

વાહ બીરાદર! મનજી! મુળા જેવોજ

એટલું થાય કે તમો જરા સમજતા થાઓ પણ પુરા સમજતા થતાં તમને પચ્ચીસ પચ્ચાસ વર્ષ લાગે તેનું શું? આજે દુકાળ પડયો તો અટલા વર્ષ કેમ કરી તમારાથી જીવાશે? એ તો વાતો કરો...વાતો!

"દેવનો બેજને હળવો કરવો જોઇએ, એવી વાતોથી તમારૂં દેવું ઘટયું કે? શાહુકારો માની ગયા કે...?—ના—

"જ્હેસુલ વસુલે છે, કમતી કરાવવા તમારા પ્રયત્નમાં તમે ફાવ્યા કે?" ના.

"બીજાન બાવાની ખવરાવવાની ના પાડનાર જણે છે જર–જાજરીનો રોટલેએ આજે નથી! વાતો કરનારાઓએ તમને બે ચાર મહિનાનું અનાજ આપી દીધું કે?"—ના—

"શાહુકારોથી ડરો નહિ, એમ તો કરી ગયા ઘણાએ પણ તેઓએ શાહુકારોને સમજાવ્યા કે?"—ના—

"શાહુકારો જુલમ કરે ત્યારે વચ્ચે પડવા આપેલા કે આવે છે?"—ના—

"શાહુકારો કોરટમાં કેસ કરે ત્યારે રક્ષણ આપવા કોઇ આવે છે?—ના—

"દુકાળ માટે અરજી કરી તો તે પાસ થઇ કે?"—ના—

"હકક માટે લડત ચલાવો. ઠીક ચલાવીએ પણ કેવી રીતે તેની સમજણ આવી કે"—ના—

"લડત ચલાવતાં ઘેર ગયાં, બાવાં ધાન રહ્યાં નહિ તો પછી તમને કોઇએ ઘર બંધારી આપ્યાં! જ્યાં સુધી તમારાં ખેતરો ન થાય, ખેતરોમાં અનાજ ન પાકે ત્યાં સુધી અનાજના કોથળાઓ તમારા ઘરે પહોંચ્યા કે?"—ના—

(મુકરજીએ તો કમાલ કરી, અમો સર્વ અવાચક બની ગયા)

જુઓ ભાઇઓ—ના—શીવાય જવાબ મળે છે! વાતોથી પેટ ભરાતું નથી. તમારે આપણે માટે હાલ તો એકજ વાત છે, બધુંએ છોડી દઇને કે આવતી પાવણી સુધી આખાએ કુટુમ્બને ચાલે તેટલું અનાજ રાખી બેઇએ તેટલાં કપડાં લતાંનો અવેજ રાખ્યા પછી શાહુકાર કે સરકાર. ભુખે પેટે અને નાગા શરીરે બીજા કોઇને માટે અમારાથી કામ નહિ થાય તેવી ચોકખી વાત કરો...સો વાતની એક વાત અને અમને વાતો, ભાષણો કે એવું કંઇ નથી જોઇતું: અમને આજે જોઇએ છે–રોટી–પુરતી રોટી, કપડાં–પુરતાં કપડાં.

આટલી વાતો કરી અમો જમી પરવારી ધર્મશાળામાં આવ્યા, ને બીજી સવારે બીજા ગામે પહોંચ્યા જ્યાં જુઓ ત્યાં આજ વાત. ઘણા ગામો ફર્યા, બેકુતો બેહાલ બન્યા છે, તેમને આજે તાલક લીક રોટી કપડાંની પડી છે. અમારી રોષ અમારો અભ્યાસ અમને આમ કહે છે. ફકત બે શબ્દ.....

ખેડુત ભાઇઓ અને બાગવાનો!
તમારો માલ સારી કિંમતે વેચવા માટે

જાહેર ખબર મફત છપાવો

"નકુકારક હુન્નરો" ભાગ પહેલામાં છપાવા માટે કુજાડો, કિંમતી ઝાડો અને પાકોનાં વાવેતરો વિષે વ્યવહાર લેખો અને તેની સુકવણી, સત્વ, અર્ક, તેલ, અત્તર, સરકો, શરબત, મુરબ્બા, ચટણી, અથાણાં વગેરે ઉપયોગી વસ્તુઓ બનાવવાની સાચી માહિતીના પ્રમાણસર પ્રયોગો લખી મોકલો.

તમોએ લખી મોકલેલ એક પણ પ્રયોગ કે લેખ આ પુસ્તકમાં છપાશે તો તેની એક નકલ તમને ધરબેઠાં મફત ભેટ મળશે.

તે ઉપરાંત લેખકને ટુંકી જાહેરખબર આ પુસ્તકમાં છપાવવી હશે તો મફત છપાશે.

વ્યવસ્થાપક.
શ્રી લક્ષ્મી પુસ્તકમાળા
પોરટ–સીતુગરા. (અંજાર–કચ્છ.)

"તમાકુના બીનું તેલ."

લેખક—રા. મુલજી કાનજી ચાવડા

ભારતવર્ષમાં એવાં અનેક તેલી બીઓ થાય છે, જેમાંથી તેલ મેળવી શકાય તેમ છે. તેવીજ રીતે આંબાની ગોટલીમાંથી પણ તેલ મેળવી શકાય તેમ છે. પરંતુ હજુ સુધી તેમાંથી કોઇ તેલ કાઢવું હોય એવું જણાવામાં આવ્યું નથી. માત્ર વનસ્પતિઓના વૈદક ગુણો દર્શાવતાં સંસ્કૃત પુસ્તક "નિઘંટ રત્નાકર"માં તેનું સંસ્કૃત નામ "આમ્ર તૈલમ" આપ્યું છે અને તેના ગુણ દર્શાવ્યા છે. તે ઉપરથી સાબિત થાય છે કે આપણા દેશમાં અગાઉ આંબાની ગોટલીમાંથી પણ તેલ કાઢવામાં આવતું હતું. આ બાબતમાં નિષ્ણાતોએ અને વૈદોએ અખતરાઓ કરી શોધ કરવી ઘટે છે.

તમાકુનું વાવેતર ગુજરાતમાં મોટા પ્રમાણમાં થાય છે. અને તેથી તેનાં બી ઘણા પ્રમાણમાં થાય છે. આ બી એકઠાં કરી તેમાંથી તેલ કાઢવામાં આવે તો નીકળી શકે છે.

ઓરીસા પ્રાંતના રાયગડા તાલુકામાં તમાકુનું વાવેતર બહોળું થાય છે. ત્યાંના લોકો તમાકુનાં બીને પીલીને તેમાંથી તેલ કહાડે છે. આ તેલ તેઓ ખાવામાં વાપરે છે તેમજ દવાઓમાં અને બીજા ઘરગતુ ઉપયોગમાં લે છે. તમાકુના બીનું તેલ અંગ્રેજીમાં (Oil of Tobacco Seeds) ઓઇલ ઓફ ટોબેકો સીડસના નામથી ઓળખાય છે.

આ સિવાય આ તેલ સાફ કરીને તેલના રંગ (Oil Painting) માટે ખાસ ઉપયોગમાં લઇ શકાય તેમ છે. એટલે ઘરગતુ ઉપયોગ સિવાય ઔદ્યોગીક ઉપયોગમાં આવતું હોવાથી આ તેલની માગ બજારમાં થઇ શકે તેમ છે. એટલા માટે તમાકુના ઉપયોગી બીને વેચી ન નાખતાં તેમાંથી તેલ મેળવવા માટે ઉપયોગમાં લેવાં ઘટે છે.

આ ઉપરાંત તમાકુના બીનું તેલ બીજા શા ઉપયોગમાં લઇ શકાય તેમ છે તે વિષે ગુજરાતના નિષ્ણાતોએ, ઉદ્યોગ પતીઓએ અને વેપારીઓએ શોધખોળ કરવી ઘટે છે.

...કોઇપણ વિષયને લગતાં પુસ્તકો...
તમારે થોડાં કે વધુ ખરીદવા હોય ત્યારે
જુના ને જાણીતા બુકસેલર
—મેસર્સ એન. એમ. ઠક્કર—
ને યાદ કરો. ઠે. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ન. ૨
જંગી પ્રાઇસલીસ્ટ મફત મંગાવો.

×ફળોની ખેતી.....'કુસુમકુમાર'

ફળ અને સ્થાનની પસંદગી તથા ક્ષેત્રફળ પુંજી અને અન્ય આવશ્યકતાઓ.

આ વિષયના પ્રારંભમાં વાંચકોને એટલું જણાવવું અનુચિત નહિ થશે કે ફળોની ખેતીની કળા લેખો વાંચે છે એટલી સરલ નથી. જેઓનું સ્વાસ્થ્ય સાધારણ રીતે સારૂ હોય, જેમની પ્રબળ ધારણા આ કાર્યને અપનાવવાની હોય, જેઓ સંતોષી, સાહસી અને ઉત્સાહી હોય, તેઓજ આ કામમાં હાથ નાખે. જે મહાશય માત્ર પોતાના નોકરોના ભરોસા ઉપર આ કાર્યથી લાભની આશા કરી, પોતાનો સમય આમોદ-પ્રમોદમાં ગાળવાનું પસંદ કરે, તેમણે પોતાના વિચારોને તત્કાળ છોડી દેવા જોઇએ. જેમની ભુજાઓમાં પોતાના હાથથી ઘણું કામ કરવાની શક્તિ હોય, જેમને પ્રારંભમાં થોડા લાભથી સંતોષ હોય, જેઓ તત્કાલિન ક્ષણિક-લાભથી વિચલિત થાય ન જાય અને જેઓ ભવિષ્યમાં આ વ્યવસાયના સુધારા વા ઉન્નતિનું અનુમાન કરી શકે, તેઓજ માત્ર સફળતાની આશા રાખે. શાકભાજી અથવા અનાજની ખેતીવાળા બહુજ જલ્દી સંતોષજનક લાભ પ્રાપ્ત કરી શકે. પરંતુ ફળોની ખેતી કરનારને, જ્યાં સુધી વૃક્ષો ફળ આપવા યોગ્ય નથી થતા ત્યાં સુધી સંતોષકારક લાભ નથી મળી શકતો. અનેનાસ, પપૈયા, કેળાં, કાકડી ને અરબુજ વિગેરે સિવાય ઘણાખરા ફળઝાડો એવાં છે કે જેમને રોપ્યા પછી ચાર પાંચ વર્ષે તેઓ ફળવા માંડે, સાત આઠ વર્ષની ઉંમર થયા પછી સારા ફળો આપે છે; ત્યારેજ યથેષ્ટ લાભ પ્રાપ્ત કરી શકાય છે. કાર્યના આરંભમાં બહુજ પરિશ્રમ કરવો પડે છે, ત્યારે પાંચ સાત વર્ષ પછી સાધારણ પરિશ્રમથી સારો લાભ થતો રહે છે.

ફળોની ખેતી કરવાવાળાઓએ ફળો વેચી લાભ ઉઠાવવાની સાથે સાથે રોપાઓનું વેચાણ પણ કરવું પડે છે. આ માટે રોપા તૈયાર કરવાની યુક્તિઓની પુર્ણ જાણ હોવી બહુ આવશ્યક છે. અવકાશ મેળવી પોતાના હાથેજ ફલમો તૈયાર કરવી જોઇએ.

રોપાઓનું વેચાણ સિવાય પહેલાં પાંચ સાત વર્ષો સુધી અને પછી પણ જે જમીન નવીન વૃક્ષોની વચ્ચમાં ખાલી પડી રહેતી હોય તેમાં કેટલીક શાકભાજી ઉપજાવવી પડે છે. એટલે તેને શાકભાજીની ખેતીનું પણ જ્ઞાન હોવું ઘણું જરૂરી છે.

કયાં કેવા પ્રકારના સુધારા થઇ રહ્યા છે. તેની પણ ખબર ફળોની ખેતીવાળાઓને રાખવી પડે છે. ભવિષ્યમાં ફળોથી માગણી કેવી થશે, કેટલા નવા નવા બગીચા થતા જાય છે. કઇ કઇ નવી જાતો તૈયાર થઇ રહી છે જેનો બજારમાં સારો ઉઠાવ થઇ બજારને પકડી લેશે, વિગેરે વિષયોની સુચના રાખો, પોતાના

× હિંદીના આધારે.

બગીચામાં સમયાનુસાર તેમને સ્થાન આપવાની તરફ ધ્યાન આપવું ઘણું જરૂરનું છે.

ફળોની પસંદગી—આ જમીન, જળ વાયુ, ફળોની લાગણી તથા તેમનું મુલ્ય, સ્થાનાન્તર કરવાની સગવડ તથા ખેડુતની યોગ્યતા ઉપર આધાર રાખે છે.

જમીન અને જળવાયુ જે ફળોને માફક હોય, તેમનીજ ખેતી કરવી વિશેષ લાભદાયક હોય છે અને તેમનીજ પસંદગી કરવી જોઇએ. અમાન્ય જમીન કે જળ-વાયુમાં કાં તો છોડવાઓ ઉગશેજ નહિ. અને જો ઉગી ગયા તો ફળવામાં સંદેહ રહે છે. વળી કદિ ફળવા માંડશે તો ફળોના આકાર અને સ્વાદમાં અવશ્ય ફેર પડી જશે. દાખલા તરીકે સંતરાં અને સફરજન લો. સિલ્હટ યા નાગપુરની આસપાસની જમીનમાં થતા સંતરા બહુજ મીઠાં હોય છે. પરંતુ એમને જ્યારે બીજી જગ્યામાં ઉત્પન્ન કરવામા આવે છે, તો એટલા મીઠા થતાજ નથી. એજ પ્રમાણે સફરજન માટે બહુજ ઠંડુ વાતાવરણ જરૂરનું છે એથી તે પહાડ ઉપર સારાં થાય છે. જો તેમને મેદાનમાં ઉગાડવામાં આવે તો તે કદિ ફળશેજ નહિ. એટલા માટે ફળોની પસંદગીમાં ભુમિ અને જળ વાયુનો વિચાર રાખવો બહુ જરૂરનું છે.

આ સિવાય ફળોની માગણી અને તેમાંથી થતી ઉપજનો પણ વિચાર રાખવો પડે છે માનો કે તમારી પાસે એવી જમીન છે કે જેમાં કેટલીયે જાતના ફળો ઉત્પન્ન થઇ શકે છે; તો એવી સ્થિતિમાં જેની માગણી વધારે હોય એવાજ ફળો રોપવાં જોઇએ. જેવાં કે ઉતર બિહારમાં આંબો અને લીચી (Nephelium Litchi) બને થઇ શકે છે; પણ આંબાની જેટલી માગણી હોય છે અથવા તેનાથી જેટલો લાભ થાય છે, તેટલો લીચીથી થતો નથી. માટે લીચી કરતાં આંબના ઝાડો વધારે રોપવા જોઇએ. એજ પ્રમાણે સફરજન અને નાશપાતી (Peer) તો બને પહાડો ઉપર સારી ઉત્પન્ન કરી શકાય છે. પરંતુ નાશપતી કરતાં સફરજનની માગણી અધિક હોય છે અને તેમાથી દ્રવ્ય પણ વધારે પ્રાપ્ત થઇ શકે છે એટલા માટે સફરજનના વૃક્ષોજ રોપવા ઉત્તમ થશે.

સ્થાનાન્તર કરવાની સુવિધા યા સગવડનુ પણ ફળોની પસંદગીમાં બહુ મહત્વ છે. તમે સારા કેમળ ફળ તૈયાર કરી શકો. પરંતુ જો સ્થાનાન્તર કરવાની સગવડ ન હોય અને માલ ઓછા ખર્ચથી બજારમાં પહોંચાડી ન શકાય, તો પર્યાપ્ત લાભ મળી શકશે નહી. એવા સ્થળ ઉપર તમારે એવાજ ફળો પસંદ કરવા જોઇએ. જે કુદરતી કાચા અને ટકાઉ હોય ઉદાહરણ તરીકે માની લો, કે તમારી જમીન રેલ્વે સ્ટેશન યા સડકથી ઘણી દુર છે અને તમે તે જમીનમાં નાળિએર અને કેળના વૃક્ષો રોપી શકો છો. એવી સ્થિતિમાં તમારે માટે નાળિએર જેવા કઠોર ફળોનીજ પસંદગી ઉત્તમ થશે.

ફળોની પસંદગીમાં ખેડુતની યોગ્યતાની પણ પુરી અસર પડે છે. ઘણા ખેડુતો એવા હોય છે કે જેમને અમુક અમુક ફળની ખેતીનું સારું જ્ઞાન હોય છે અને તેમનીજ ખેતી તેમને ફાવે છે અથવા તેમનું સ્વાસ્થ્યજ એવું હોય છે કે તેઓ કોઇ ખાસ મોસમમાં થતા પાકને સારી રીતે કેળવેળ કરી શકે છે, તેમણે તેજ ફળોની ખેતી કરવી જોઇએ

સમાજમાં ફળોની ખેતી કરનારા ચાર પ્રકારના મનુષ્યો મળી આવે છે. એક,

જેઓ લક્ષ્મીવાન હોય છે અને તેઓના બગીચામાં માત્ર પોતાના ઉપયોગને માટેજ ફળઝાડ રોપવામાં આવે છે. ત્યાં આવકને ખર્ચનો વિચાર નથી રહેતો. ત્યાં તો ઉત્તમોત્તમ, સુંદર, સ્વાદિષ્ટ તથા જાત જાતના વૃક્ષો રોપવામાં આવે છે. પોતાના ઉપયોગ કરતાં વધારે ફળો હોય તો મફત વિતરણ થઇ જાય છે. આવા મનુષ્યે પોતાને ત્યાં છોડવાઓની ફલમો તૈયાર કરતા નથી. ગમે ત્યાંથી ગમે તેટલી કિંમતે મળે ત્યાંથી રોપાજ મગાવી લેવામાં આવે છે.

બીજા માણસો સાધારણ સ્થિતિના હોય છે જેઓ એક નહિ પચ્ચુ અનેક ધંધામાં હાથ નાંખતા રહે છે તેઓ ખેતી પણ કરે છે. શાકભાજી પણ ઉપજાવે છે અને કેટલાક એવા ફળવૃક્ષોને રોપે છે કે જેમની વિશેષ દેખરેખ કરવી પડતી નથી અને પોતાના ઉપયોગ માટે ફળ મળી જાય છે. જો વધારે ઉત્પન્ન થાય છે, તો પાસેના બજારમાં વેચી નાખવામાં આવે છે. આવા મનુષ્યો બીજ વાવી રોપા તૈયાર કરી લે છે અથવા નીકટના રોપા વેચનારા પાસેથી કંઇક ખરીદી પણ લે છે.

જેઓ પોતાની કલાને પોતાના જીવન-નિર્વાહ માટે અપનાવે છે અને ઓછામાં ઓછા ખર્ચથી સારામાં સારા ફળ પેદા કરવાના પ્રયત્ન કરતા રહે છે, તેમની ગણના ત્રીજી શ્રેણીમાં થાય છે. આવાં લોકો કેટલીક શાકભાજી પણ ઉપજાવે છે અને ફલમી રોપાઓ પણ તૈયાર કરે છે.

ચોથા પ્રકારના મનુષ્યોમાં એવાઓને ગણી શકાય કે જેઓ કંઇક શિક્ષિત હોય અને ફળોની ખેતી અને વ્યવસાય બંને પોતાના હાથમાં રાખે. એવી વ્યકિતઓને ખેતીની



અનુમાન કરી લેવું જોઇએ કે સાધારણ રીતે પોતાના જીવન નિર્વાહ માટે પોતાની વાર્ષિક આવક કેટલી હોવી જોઇએ. હજાર બારસો રૂપિયાની વાર્ષિક આવકને માટે દશ એકર જમીન પુરતી થશે જેમાંથી અડધો એકર જમીન ઘરવાડીવા અને મકાન માટે અને તેટલીજ બીજી જમીન બેતરોમાં રસ્તાઓ માટે રાખવામાં આવે છે. બાકીની જમીનમાંથી છ એકર જમીન ફળ ઝાડો અને ત્રણ એકર જમીન નાનાં ફળ—જેવાં કે સ્ટ્રોબેરી, અનેનાસ વિગેરે અથવા ખરબુત્ત આદિ વાર્ષિક ફલો માટે રાખવી જોઇએ. જ્યારે પપૈયાં, કેળાં વિગેરે ઓછી ઉંમરવાળા વૃક્ષોની હેરફેર કરવી પડે છે. ત્યારે ત્રણ એકરમાં તેમને રોપી શકાય છે, ને પપૈયા વિગેરેની જમીનમાં નાનાં ફલ તથા ખરબુચા વિગેરે વાવી શકાય છે. આવશ્યકતા પ્રમાણે કોઇ નવીન વૃક્ષો રોપવાં હોય તો તેમને પણ આ ત્રણ એકરમાં રોપી શકાય છે. અહિં એટલું કહેવું અનુચિત નહિ થશે કે ઉપયુકત હજાર બારસો રૂપિયાનું વાર્ષિક અનુમાન ઓછામાં ઓછું રાખવામાં આવ્યું છે. અન્ય પ્રકારની બેતીમાં ઠીક-ઠીક અનુમાન કરવું સંભવે પણ ફળોની બેતીમાં જેમાં સમય, કુદરતીય કે જરા માત્ર જોખવાયુના હેરફેરથી ભારી લાભ થાય છે; ત્યાં બરાબર અનુમાન કરી શકાતું નથી. એટલે ઓછામાં ઓછું અનુમાન ઉપર બતાવવામાં આવ્યું છે.

પુંજી:—સ્થાનીય સ્થિતિઓના આધાર ઉપર આનું અનુમાન કરી શકાય છે. જમીનની કિંમત યા વાર્ષિક દર, મજુરીનો દર, અને પશુ તથા બેતીના ઓજારોનું મૂલ્ય પૃથક-પૃથક જગાયાએ જુદું જુદું હોય છે; એટલે અહીં એક સરખું અનુમાન કરી શકાતું નથી. વાંચક પોતે સ્થાનીક દરના અનુસાર ગણતરી કરી શકે છે. અહીં આવશ્યકીય મકાન, બેતીના ઓજારો, પશુ, રથાયી મજુર તથા અન્ય વસ્તુઓની સૂચી આપવામાં આવી છે, જેથી ખર્ચની ગણતરી સહેલાઇથી કરી શકાશે

મકાનઃ—પ્રત્યેક ફલોના બગીચામાં બે મકાન અવશ્ય હોવાં જોઇએ. એક મકાન એવું હોવું જોઇએ જેમાં બે જોડી પશુ. અને દાણો અને બેતીના ઓજાર તથા સજીવ યા નિર્જીવ ખાતર રાખી શકાય. બીજું મકાન એવું હોવું જોઇએ કે જેમાં એક ભાગમાં ચોકીદાર યા સુથારી કામ પેકીંગ વિગેરેનો સામાન રહી શકે અને બીજા ભાગમાં ફળ રાખી શકાય કે પકવી શકાય. પહેલું મકાન માટીની દિવાલ અથવા લાકડાં ને પતરાનું પણ બનાવી શકાય. અને બીજું ઉંચી જોખવાળું કાચી યા પાકી ઇંટોની ભીંતનું બનાવવામાં આવે તો ઠીક પડશે.

કુવાઃ—જેમાં નેહરથી પાણી મળી શકે ત્યાં પીવાના પાણી માટે એક સાધારણ નાનો કુવો યા ટયુબ-વેલ (Tube-well) હોય તો કામ ચાલ્યું જશે. નહેરના અભાવને લઇને એક મોટો કુવો બનાવવો જોઇએ. જેમાંથી વૃક્ષોને પણ પાણી પાઇ શકાય અને પીવાનું પાણી પણ મળી રહે. દશ એકર જમીનની સિંચાઇ કરવા માટે એવો કુવો હોવો જોઇએ જેથી ઉનાળામાં દિવસ ભર બે રહેંટો ચાલતા રહેવા છતાં પણ સંધ્યા ટાણે પાણી ઓછું ન થાય અને રાતોરાત વપરાયલું પાણી ફરીથી ભરાઇ જાય.

પશુઃ—જ્યાં નહેરથી પાણી પાવાનું હોય ત્યાં બગીચાની બેડ તથા ફલોને

બગીચા સુધી પહોંચાડવા માટે એક જોડી બળદ પુરતા થશે. પરંતુ જો કોસ દ્વારા કુવામાંથી પાણી કાઢવું પડે તો તેના માટે એક જોડી મોટા બળદની અને બીજા કામ માટે એક હલકી જોડી રાખી જોઇએ.

સ્થાયી મજુર યા નોકરઃ—એક યોગ્ય માળી અને ત્રણ સ્થાયી મજુરથી દશ એકર ફલોના બગીચાનું કામ સારી રીતે ચલાવી શકાશે નાના મોટા કામને માટે આવશ્યકતાનુસાર અસ્થાયી મજુર રાખી શકાય છે. માળીને સર્વ પ્રકારની કલમો બાંધતાં તથા છાંટણીનું પૂરેપૂરું જ્ઞાન હોવું જોઇએ. મજુર લાયક તથા ઉત્સાહ વધારી મજુરો પાસેથી કામ લેવાની યોગ્યતા પણ તેનામાં હોવી જોઇએ. માલેક પણ પોતાના નોકરોનું કામ પોતે જોતા રહેવું જોઇએ અને કોઇ ઇનામ લાયક કામ મળતા પર નોકરોને આર્થિક લાભ પણ પહોંચાડી શકાય તો તેમનો ઉત્સાહ બહુ વધી જાય છે.

ઓજારો અને અન્ય વસ્તુઓ—

કોસ રસ્સીઓ સહિત જો (કુવામાંથી પાણી ખેંચવું હોય તો	... ૨
ગાડું	... ... ૧
સાદાં હળ	... ... ૨
બખરવા સમાર (Scraper and clod-crusher (combined)	૧
હાથથી ચલાવવાનું હો (Hoe) એક પેંડાવાળું	... ... ૬
હાથ ગાડી (Wheel barrow)	... ૧
પમ્પ (Sprayer)	... ... ૧
મેટો કાંટો વજન કરવા માટે	... ૧
ઝારો (Watering cans)	... ૨
પંજેડી (Forks)	... ... ૨
પરાઇ (Crow-bar)	... ... ૨
તીકમ (Pick-axe)	... ... ૩
કોદાળી	... ... ૨
ખુરપી	... ... ૪
વીરડી	... ... ૨
કુહાડી	... ... ૧
આરી કે કરવતી	... ... ૧
વિંધણું	... ... ૧
પાંસવો	... . ૧
ચારણી (માટી, ખાતર વિગેરે ચાળવા માટ)	... ... ૧
ચપ્પુ (ગ્રફ્ટિન્ગ અથવા સાદો (ચપ્પુ)	... ... ૧
બૂડિંગ–ખાસ કાથાવાળું અને વાંકી અણીવાળું)	... ... ૧
(બડિંગ–સાદો ચપ્પુ પરંતુ પાતળા હાથા વાળું	... ... ૧
ઝાડની છાંટણી કરવાની કાતર (Tree pruner)	... ... ૧
નાની ડાળીઓ કાપવાની કાતર (Secateurs)	... ... ૧
બેડી (FruitPicker)	... ... ૧

ટોપલીઓ અને કેવડાના બોખા વિગેરે

ઉપર્યુક્ત એ બધા જ્યારે કામમાં લેવામાં આવે, ત્યારે ઉપયોગ કર્યા પછી તેમને ધોઇને રાખવાં જોઇએ. ન ધોવાથી તેને કાટ લાગે છે અને જલ્દી બગડી જાય છે. ખાસ કરીને જે ઓજારોથી રોપાઓને કાપવામાં આવે. માટી ખોદવામાં વપરાય. જેનાથી ઔષધિઓ વેરવામાં–છાંટવામાં આવે તેમને તો અવશ્ય ધોવાં જોઇએ. છરી, ચપ્પુ, કાતર વિગેરેને વરસાદમાં તેલ અથવા વેગેલીન ચોપડી રાખવાં જોઇએ.

જળમાં સ્થળ

લેખક:
શ્રી મગનલાલ ગજ્જર

(૧)

આપણે ત્યાં એક પ્રાર્થના છે કે જળે વિષ્ણુ સ્થળે વિષ્ણુ—તેમ જળે અને સ્થળે ખેતી. વળી પરમ કૃપાળુ પરમાત્માને સંબોધતાં એમ પણ પ્રાર્થીએ છીએ કે જળમાં સ્થળ અને સ્થળમાં જળનો સ્વીકાર તું છે. તો એવા સ્થળ પર ખેતીની પ્રેરણા આપનાર પણ તુંજ છે.

આ બાબતના પ્રત્યક્ષ પુરાવા માટે મનુષ્યે અત્યંત તજવીજ કરી હશે. વળી બીજી લોકવાયકા છે કે કાળા માથાનો માનવી શું ન કરી શકે. આજના વિજ્ઞાનના યુગમાં તો સર્વ શક્ય છે હું અત્રે એક બે ઉદાહરણ આપીશ જેમાં એકમાં યંત્રવાદ કે આજનું વિજ્ઞાન બિલકુલ નથી જ્યારે બીજામાં યંત્રવાદ છે. જેથી સ્થળમાં પણ જળ નીપજાવી મનુષ્ય ખેતી કરી નફો મેળવી શકે છે. બેઉ વસ્તુ પ્રત્યક્ષ પુરાવા તરીકે હિંદમાંજ છે.

(૨)

કાશ્મીરમાં ડલ સરોવર પ્રસિદ્ધ છે. ડલ સરોવરના વખાણ તો ઘણા કવિઓએ પણ કર્યા છે. આ સરોવરમાં એક તરતો બેટ છે. જે પર ફલફૂલાદિ શાક તરકારી ઘણાં વખતથી નીપજાવી ત્યાંની ગરીબ પ્રજા ગુજરાન ચલાવે છે. અહીં યંત્રવાદ દુર છે. કેવલ અકકલનો સદુપયોગજ છે.

વસ્તુ સ્થિતિ એમ છે કે, ડલ સરોવરમાં કમળોના કુલ પુષ્કળ થાય છે. આ કમળના ફૂલના મૂળની જળ પાણીમાં ગુંચવાતી જાય કેવાય છે. અને ઘણા વર્ષોથી આ જળ એવી તો ગુંચવાઇ ગઇ છે કે, કહેવાની વાત નહિ. છુટી પાડી શકે એમ નથી આ જળ પર કાશ્મીરની ગરીબ પ્રજાએ માટી પાથરી. માટીના થર ને થર પાથર્યા. જે આ જળાપર પલળી, ચીકણાં થયાને જમીનના રૂપમાં આવી ગયાં. આ થર–જમીન ખેતીને લાયક થઇ. વળી પાણીના વહેણ સાથે જેમ જળાં તરે તેમ એ જમીન તરતી થઇ. એટલે તરતો બેટ થયો. તેને હલેસાં અને વાંસ વડે એક સ્થળથી બીજે સ્થળે જ્યાં જોઇએ ત્યાં લઇ જઇ શકાય છે. આ જમીન પર દરરોજની ઉપયોગી અને જેને જેજ વધુ જોઇએ છે એવી ભાજી તરકારી તેમજ ફલફૂલાદિ, કાકડી, તડબુચ ઇત્યાદિની રોપણી કરવામાં આવે છે. જમીનમાં નીચેથી જેજ તો આવેજ છે. વળી, માટી ફલોપાતી જાય છેજ એટલે સારા ખાતરની ગરજ સરે છે. વનસ્પતીના પાન ઇત્યાદિ પણ આ જમીન પર પડતાં જલદીથી ફલોવાઇ, તે જમીનમાં ભળી જાય છે. આવો કેવલ એકજ તરતો બેટ છે એમ નથી. કાશ્મીરના ડલ સરોવરમાં ઘણા તરતા બેટ પર તાડબાજીની ખેતી થાય છે, એ કહેવાની જરૂર નથી.

નિર્જન સ્થાનમાં શાક તરકારી

વેન ગુરસા તો સાંભળ્યું હશે. ત્યાં એક દીવાદાંડી છે. મુંબઇથી ૨૦૦ માઇલ

દુર દક્ષિણે એ નિર્જન સ્થાન આજુબાજુ સમુદ્રના પાણીથી ઘેરાયેલું, ખડક પર આવેલું છે. વળી કોકણપટ્ટી-મુખ્ય જમીન પ્રદેશથી સમુદ્ર કાંઠે ચાર માઇલ દુર એ ખડક આવેલો છે આ નિર્જન સ્થાન પર દિવાદાંડીના અધિકારી સિવાય બીજું કોઇ નથી હોતું. સમુદ્ર કાંઠો હંમેશ તોફાની હોવાથી ત્યાં વહાણો મારફતે જવું પણ મુશ્કેલ થઇ પડતું. ઘણી વખત તો આવા એકાંત વાસથી દીવાદાંડીનો અધિકારી પણ કંટાળી ગયો છે

ત્યાં પાણીની તંગી છે. પીવાનું પાણી તો મળતું નથી ખડક ઉજ્જડ અને ઘણો રસીયો છે જેથી ત્યાં જે વહાણો તેના અધિકારીને ખોરાક પાણી પુરા પાડવા આવે છે તેનાથી વધુ ટકાતું નથી. ચિયાળો અને ઉનાળો ત્યાં સખત છે. કેવલ ચોમાસામાં ત્યાં જઇ શકાય છે. ઉનાળામાં સમુદ્ર તોફાની હોય છે વરસાદની મોસમમાં ત્યાં કોઇ ચકલું પણ ફરકતું નથી. ત્યાંના અધિકારી માટે ચોખા બટાટા અને કઠોળમાંના કેટલ તથા શાક તરકારી જે મુંબઇના દરીયાઇ ખાતા તરફથી મોકલવામાં આવે છે તે પર જ ગુજરો કરવો પડે છે. ખડક પર કાંઇ પણ શાક તરકારી થતી નથી. આખો ખડક ભયાનક લાગે છે. વળી તે સમુદ્ર કાંઠે સારી જમીનની માઝરી પણ થતી નથી. ગણ્યા ગાંઠયા નાંખત ઓઇસ્ટર પકડાય છે. એક હરે જમીન વિનનો ટાપુ કહીએ તો ચાલે.

તાજી શાક તરકારી ન મળતાં, અધિકારીઓની તબિયતને હાની પહોંચતી હતી. ઘણી શોધખોળ પછી ત્યાં એક લાયક જમીન ઉત્પન્ન કરવાનું ડીપાર્ટમેન્ટે સાહસ ખેડયું. અને તે ખડકની જમીન પર દુરથી વહાણો મારફતે માટી લાવી, નવી કૃત્રિમ જમીન બનાવી તેપર તાજી શાક તરકારી મળે એવી ગોઠ કરવા માંડી. એ સાહસ તે અદભૂત છે. ૧૫૦૦ ગુણી માટી ત્યાં રવાના કરવામાં આવી અને અમુક અમુક કયારીઓ પડે એમ ત્યાં તે પાથરી. આ માટીને ખડક પર ચઢાવતાં પણ ઘણી મુશ્કેલ પડી, દરિયાઇ સપાટીથી ૮૦ ફીટ ઉંચે આ માટી ચઢાવવામાં આવી. જે માટે અઢી ટન વજન ઉંચકે એવું એક Crane (ક્રેઇન) પ્રથમ ત્યાં ગોઠવ્યું. અને આ ક્રેઇન મારફતે માટીની ગુણીઓ ઉપર ચઢાવી શકાઇ. વળી હીંદી સરકારે આ યોજનામાં વધુ સુધારો કરવા ખર્ચ મંજુર કર્યા છે. એટલે એક વખતને જે ખડક ખારા ધાતો હતો ત્યાં દરિયાણી જમીન મળે છે. આજે ત્યાં જલદીથી ઉગી શકે એવી શાક તરકારી ઉગાડવામાં આવે છે, અને નિર્જન દીસતો ટાપુ-ખડક કાંઇક રમ્ય લાગે છે. દર માસે ત્યાં વધુ માટીની ગુણો મોકલીને ખડક આગળની જમીન સુધારવા પ્રયત્નો થઇ રહ્યા છે.

આ રીતે જ્યાં અશકય હોય ત્યાં શકયવાદ કરી શકાય છે. આપણા બેકુફ ભાઇઓએ નિરાશ થવાની જરૂર નથી. તેઓ પણ પોતાની જમીન આમ સુધારી શકે છે. અંત મહેનત અને અકકલની જરૂર છે. સાથે સાથે મુડી પણ હોવી જોઇએ. પ્રથમ દ્રષ્ટાંતમાં નિર્ધન પણ લાભ ઉઠાવી શકયું. બીજા દ્રષ્ટાંતમાં ધનિકોનું કામ છે. એમ છતાં એથી કાંઇ કિસાન વર્ગે આવા સાહસ જોડતાં અચકાવાની જરૂર નથી.

:: થોડાક અભિપ્રાયો ::

કૃષિસાન જગતના પ્રશ્નો પરત્વે જનતાનું લક્ષ ખેંચાયું તેની સાથે સાહીત્ય ક્ષેત્ર ઉપર પણ તેની અસર થઇ છે. ગામ્યજીવનના પ્રશ્નોની ધણધાટ સાહીત્યકારોએ શરૂ કરી છે એટલુંજ નહી પણ ખેતી અને ખેડુત ઉપયોગી સાહીત્યનું સર્જન પણ શરૂ થયું છે. આ દીશામાં 'કૃષિસાન'નું સ્થાન મોખરે આવે છે.

× × ×

કૃષિસાન માસીક ગુજરાતી ગ્રામ્ય જનતાની લાંબા સમયની ખોટ પુરી કરવાનું બીડું ઝડપ્યુ છે. મરાઠીમાં અને હીંદીમાં ખેતી ઉપયોગી સાહીત્યનું સર્જન ઠીક ઠીક વધ્યું પામ્યું છે, પરન્તુ ગુજરાતમાં એ ખોટ સૌને સાલતી હતી. અલબત્ત, છેલ્લાં કેટલાંક વર્ષ થયાં ખેડુતો માટે ઉપયોગી પુસ્તકો પ્રગટ થતાં આવ્યાં છે, તેમ છતાં સમયસર નીપમીત રીતે સાહીત્ય પુરૂં પાડે એવા માસીકની ખોટ તો અવશ્યજ હતી. જાણીતા પ્રકાશક આર. રોય એન્ડ કંપનીને કૃષિસાન માસીક પ્રગટ કરવા માટે એટલે ખાસ અભીનંદન ઘટે છે.

× × ×

કૃષિસાન માસીકના જુલાઇ અને ઓગસ્ટ માસના અંકો ખરેખર આકર્ષક અને ઉપયોગી છે. માસીકમાં પ્રગટ થતી સામગ્રીને ચીત્રોથી શણગારવામાં આવી છે એ ઠીકજ થયું છે. કારણ કે આ જાતના સાહીત્ય-સર્જન માટે ચીત્રો આવશ્યક છે.

× × ×

જુલાઇના અંકમાં ખેડુતો માટે ઉપયોગી લેખો એક કરતાં વિશેષ આપવામાં આવ્યા છે. વનસ્પતીના દર્દોનો લેખ દરેક ખેડુતોને વાંચવા જેવો છે. તે ઉપરાંત કીટ-જંતુ અને તેના ઉપચાર વીશેની શ્રી. ગગનલાલની લેખમાળા ખાસ ધ્યાન ખેંચે છે. ઉપદ્રવનો લેખ પણ તોંધવા યોગ્ય છે.

× × ×

ઓગસ્ટ માસનો અંક બહુલા અંક કરતાં ચઢીઆતો છે. એમાં ખેડુત ઉપયોગી માહીતી વીશેષ પ્રમાણમાં પીરસવામાં આવી છે. આ માસીક આર. રોય એન્ડ કંપની ૨૦૮-૧૦ ખેતવાડી મેઇન રોડ મુંબઇ ૪ તરફથી પ્રગટ કરવામાં આવે છે. માસીકનું લવાજમ અઢી રૂપીઆ રાખવામાં આવ્યું છે. છુટક નકલની કીંમત ચાર આના છે.

—જયભારત

કૃષિસાન ઉપલા નામનું નવું માસીક આર. રોય એન્ડ કું. ખેતવાડી મેઇનરોડ મુંબઇ નં. ૪ ને સરનામેથી પ્રગટ કરવા માંડ્યું છે. તેમાં ખેતી અને ખેડુતોને લગતી માહીતીઓ આપવામાં આવે છે જેવી કે વાંસના ફુલ, લાખની બનાવટ, તીડ મારવાનો ઉપાય, આંબાને લગતા જીવજંતુ મારવાની દવા. તથા બીજું એવુંજ ખુરચણ આપવામાં આવ્યું છે.

—વતમેજમરોદ

"કૃષિસાન" અત્રે ખેતવાડી મેઇન રોડ પરથી મેસરસ આર. રોય એન્ડ કંપની તરફથી 'કૃષિસાન' માસીક ગયા જુલાઇ મહીનાથી પ્રગટ થવા માંડ્યું છે તેના જુલાઇ, ઓગસ્ટ ને સપ્ટેમ્બર મહીનાના અંક જોતા ખેતીવાડીના જ્ઞાનનો પ્રચાર કરવા માટે તે ઠીક પ્રયત્ન કરી રહ્યું હોય એમ જણાય છે પરંતુ એ જ્ઞાન ખેડુતોના જે વરગ માટે આવશ્યક જણાય છે તે વરગના ખેડુતો સુધી એ માસીક

કીસાન (માસિક)—પુસ્તક પહેલું : અંક પહેલો; તંત્રીઓ: પી. ડી. પટેલ અને બી. એલ. દેસાઈ; વ્યવસ્થાપક: આર. રોય એન્ડ કંપની, ૨૦૮-૧૦ ખેતવાડી મેઈન રોડ, મુંબઈ, ૪: લવાજમ ૩ રા. પરદેશ: દશ શિલિંગ: જાહેર સંસ્થા: ૩ ૨)

ગુજરાત ખેતીપ્રધાન છે અને તેની ખેતી અને બાગાયતની ખીલવણી માટે પ્રેરણા આપવાની અને વ્યવહારિક જ્ઞાન આપવાની આ નવીન માસિક નેમ રાખી છે. એની નેમ બર આવે એમ અમે ઇચ્છીએ છીએ. ગામડાનિવાસી ખેડુત વર્ગમાં એનો પ્રચાર થાય એ ઇચ્છવા યોગ્ય છે. —ગુજરાત (માસીક)

કીસાન (માસિક) : પુસ્તક પહેલું : અંક પહેલો: તંત્રીઓ પી. ડી પટેલ અને બી. એલ દેસાઈ: વ્યવસ્થાપક આર. રોય એન્ડ કું. પબ્લીશર્સ-કમીશન એજન્ટસ, ૨૦૮-૧૦, ખેતવાડી મેઈન રોડ-મુંબઈ: વાર્ષિક લવાજમ ૩. અટી: આર. રોય એન્ડ કું.ની વ્યવસ્થા હેઠળ આ માસિક શરૂ થયું છે ગ્રામોદ્ધાર અને ખેડુતોની સ્થિતિ સંબધે ચર્ચાઈ રહેલાં વાતાવરણમાં આવાં માસિકની ખાસ જરૂર ખરી. સારા લેખકોનો સહકાર મેળવ્યો છે. અંદરના પ્રથમ પૃષ્ટ ઉપર કીસાનો માટે લખાયેલ લખાણ ટુંક છતાં ખેડુતોની સાચી સ્થિતિ દર્શાવે છે. તેમજ બીજા લેખોમાં શ્રી. ભીમભાઇ એલ. દેસાઈનો 'વનસ્પતિનાં દર્દોવાળો લેખ ખેડુતોએ વાંચવા જેવો છે. 'દેસાઈની ડાયરીમાંથી' લખાયેલું લખાણ પણ વાંચવા જેવું છે.

આર. રોય એન્ડ કું.એ આ મંદીના જમાનામાં ખરેખર સાહસજ ખેડયું ગણાય. માસિકમાં કાગળો ગ્લેઝડ વાપર્યા છે. પુરું ઉંચા કાગળ વાપરી રંગીન શાહીથી છપાવી ગેટ-અપ સારૂં કર્યું છે. એ સઘળું જોતાં રૂપીઆ અડી જેટલું લવાજમ વધું છે એમ કહેવાની અમે હિમ્મત કરી શકીએ નહિ સુરત જીલ્લામાં અનાવિલ ખેડુતો ઘણા છે. સૌ અનાવિલ ખેડુતો એ માસિકના ગ્રાહક બને અને આ સાહસને ઉત્તેજન આપે. અમે એ કીસાન માસિકનું દીર્ઘાયુ ઇચ્છીએ છીએ.

—અનાવિલ પોકાર.

કીસાનઃ તંત્રીઓ; રા. પી. ડી પટેલ અને રા. બી. એલ દેસાઈ. પ્રકાશકઃ આર. રોય એન્ડ કુંપની, પબ્લીશર્સ અને કમિશન એજંટસ. ૨૦૮-૧૦ ખેતવાડી મેનરોડ, મુંબઈ, ૪. લવાજમ રૂા. ૩ા

આજકાલ કીસાનો-ખેડુતોનો પ્રશ્ન બહુ ચર્ચાઇ રહ્યો છે. શું સરકાર કે શું કોંગ્રેસ-દરેકનું ધ્યાન કીસાને રોકાયું છે. અ.વા સમયે 'કીસાન'નું પ્રકાશન જરૂર આવકારદાયક છે. આર. રોય એન્ડ કંપનીનો આ સાહસને અમે ઉત્તેજન ઇચ્છીએ છીએ.

પહેલા અંકમાં રા. બ. ક. ઠાકોરની ગામડાના પુનરૂધ્ધાર માટેની 'પ્રશ્ન પોકારી' 'દેસાઇની ડાયરીમાંથી તારવેલું' રા. ભાઇ ભીમભાઇનો 'વનસ્પતિના દર્દો' વાળો લેખ, રા. મગનલાલના તેમજ બીજા લેખોઃ પણ ખેડુતોને સારી માહિતિ આપનારા અને ઉપયોગી છે.

ખેડુત વર્ગના અને તેમાં ખાસ કરી અનાવિલ ભાઇઓ આ સાહસને આવકારી રૂા આપશે. —અનાવિલ જગત

મ. કા. ૬

લેખક:-
ર. ગેમાનંદ ડી. પટેલ.

ગુજરાતી:—મકાઈ, મકઈ, મકઇ, બુટ્ટે, પોળી મકાઇ, પીળી મકાઇ, લાલ મકાઇ, દેશી મકાઇ, રાતી મકાઇ, ગોળ મકાઇ વગેરે.

હિંદી:—મુકકા, ભુટ્ટા.

મરાઠી:—હિંદુસ્તાન મકાઇ.

લેટીન નામ:—(Zea Mays) ઝી મેઝ.

અમેરીકન જાતો:—(૧) કંન્ટ્રી જેન્ટલમેન, (૨) ગોલ્ડન બેંન્ટમ, (૩) ગોલ્ડન ડેન્ટ, (૪) મેકરોકેન્ઝા (૫) રેડકોરી, (૬) વ્હાઇટડેન્ટ, (૭) ઝિગ્ઝેગ, (૮) ઓર વ્હાઇટ, (કંટ્રીઅન) (૯) મેનવોર (૧૦) અર્લીવ્હાઇટ ગેમોથ. (૧૧) ઓવરઝીન લોંગ નેરોકાર્નલ (૧૨) ઓવરઝીન લેટ (૧૩) હોર્સ ટીથ વ્હાઇટ હોર્સ (૧૪) લાકિંગ મોઝ, (૧૫) સેન્ટસરેન્સ સુગર (૧૬) સ્ટોવેલ ઓવરઝીન (૧૭) મેમોથ-વ્હાઇટ. (૧૮) ગોલ્ડન બ્યુટી (૧૯) એકસી-ગ્રેડીસ (૨૦) કંન્ટ્રી (૨૧) સ્વીટ કોર્ન્સ (૨૨) ડ્યુરર્સ ફ્લરાઇટ. (૨૩) પોપકોર્ન (૨૪) વ્હાઇટ રાઝસ. આમાંના બીજ નંબરનાં બીજ વેપારીઓ ત્રણ રૂપીએ શેર વેચે છે. અમેરિકામાં એને સામાન્ય રીતે કંટ્રીઅન કોર્ન એટલે હિંદી અનાજ કહે છે. આ બધા નામો ઉપરથી આ ધાન્યનું જન્મસ્થાન મેકસીકોને હિંદુસ્થાન જણાય છે. પણ બીજાં કેટલાક પાકો પ્રમાણે મકઇ પણ રીતે પોતાની મેળે જંગલી હાલતમાં ગુજરાતમાં ઉગેલા જોવામાં આવ્યા નથી. તેથી તેના મૂળ સ્થાનને માટે હજુ નિર્ણય કરી શકાય નહિ. સમશીતોષ્ણ પ્રદેશમાં (૪૦ થી ૬૮ ઉત્તર અને દક્ષિણ અક્ષાંશ વચ્ચે) મકાઇ સારી થાય છે. અને તે પ્રદેશમાં પોર્ટુગાલ, સ્પેન, ગ્રીસ, ચીન, એશિઆ માઇનોર મીસર, ઇરાન, ટિબેટ, જપાન, અંગોરા, સુનાઇટેડ સ્ટેટ, આસ્ટ્રેલીઆ આર્જેન્ટાઇન, અને આફ્રીકાના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. અરબસ્તાન વગેરે જેવા મુલકમાં તો એ બીલકુલ થતા નથી. બધે ભાગે ગરમ મુલકોમાં તે સારા થતા નથી. તો પણ લાલ અમેરીકાના ઘણા ભાગોમાં તેની ઘણી જાતો બની છે. અને ત્યાં તથા હિંદમાં તે ગરીબોનો મુખ્ય ખોરાક થઇ પડયો છે. ચીન, મીસર અને ઓરીગાવની રીતો દાખલ કરી અમેરીકામાં મકાઇની ઘણી જાતો બનાવી છે.

પૃથકરણ—મકાઇના સુકા દાણામાં સેંકડે ૧૨ થી ૧૪ ટકા પાણી છે. ૪-૬ થી ૫-૬ ટકા ચરબી એટલે તેલનો ભાગ છે. આ પદાર્થ ઘઉં, જવ, વટાણા, કઠોળ વગેરે કરતાં મકાઇમાં વધારે હોવાથી પાચન થવામાં ભારે જણાય છે, અને બીજા અનાજ કરતાં ખાનારની ચરબી વધારવાની શક્તિ વધારે હોવાથી જે લોકોની ઢોજરી વિગેરે ઓ અનાજ પચાવવાને ટેવાએલી હોય, તેઓજ તેનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. ઉજાગરાત એટલે આપણા લોકોને તો તે ભારે પડે છે, ને તેથી તે શેખ તરીકે અને મરી મસાલો નાખીને ખાય છે. સુરત તરફ તો મકાઇને વાપરવા જાણવામાં આવે

છે, ને તે વધારે પડતા ખાધા હોય, તો દહીં, દોડા, ને ચીમડાં, ×××× ××××; જવર સદેગો મોકળે, આજ આવું કે કાલ.

વગેરે કવિત કહેવામાં આવે છે. પરંતુ એને ચાવવામાં બાળકો ને મહોટ ઘણી ઉતાવળ કરી એકદમ ગળામાં ઉતારી દે છે, ને તેથીજ તેનું નામ વાયડા તરીકે વગોવાઇ ગયું છે એમ અમારું માનવું છે. મે આ વરસમાં ઘણી વખત ખાસ કારણથી કમળા મકાઇ કાચા પણ કુટીને કે લસોટીને મીઠું મસાલા વિના બહોળા વખત મોંદામાં ફેરવીને મમળાવીને ખાધા છે, પણ તાવે આવ્યો નથી, ને વાયડા પણ જણાયા નથી. એમાં ખાર એટલે મીઠાનું પ્રમાણ સેંકડે ૧ ૫ થી ૧-૭ ટકા છે. મેંદો, ગુંદર, ને ખાડનું પ્રમાણ સેંકડે ૫૦ થી ૫૭-૧ ટકા છે, તે ઘંહુ, વટાણા, ને વાલોળની જાતનાં બી કરતાં વધારે છે. ને તેટલા માટેજ તેમાં મીઠાશ વધારે હોવાથી કુમળા મકાઇ છોકરાં હોંસે હોંસે ખાય છે. એમાં લાકડી રેષા અને છાતાનો ભાગ સેંકડે ૧૫ થી ૧૫-૮ ટકા છે. તે વટાણા અને કણસી કરતાં હોવાથી ચાવતાં ચાવતાં તેમાંથી વધારે કુચા નીકળે છે, ને તેથી પણ પચવામાં ભારે મણાય છે, એમાં પ્રુટન અને એન્યુમન એટલે ચીકણો ને રવાનો ભાગ સેંકડે ૮ ૮ થી ૧૨ ટકા છે, તે ઘઉંથી વધારે, પણ વટાણા ને કણસી-થી કમી છે. ગોલ્ડન બેંટમ, અલીંવ્હાઇટ મેમોથ, વગેરે જાતના મકાઇના બી ત્રણ ત્રણ રૂપીએ શેર વેચાય છે. એ કામ આપણા દેશના ખેડુતોએ ખાસ જોવા જેવી છે.

ખાસ ગુણ-વહેલું ધાન્ય તૈયાર થવામાં બાજરીનો પહેલો નંબર છે, પણ મકાઇ તો તેથી પણ વહેલી તૈયાર થઇ તેનો ઉપયોગ પણ રાની લોકો અને ઉજાડી-આત લોકો પ્રથમ કરે છે. જંગલના ભાગમાં રાની લોકો કંદ મુળ, પાન ને માછલાં ઉપર નિર્વાહ ચલાવે છે. ત્યારે તેમને મકાઇનો પાક વહેલો મળતે હોવાથી તે તેમને આવકારદાયક થઇ પડે છે. સાઠી નામે જાતના મકાઇ તો સા દહાડે ખવાલાયક થાય છે. ગુજરાતના બધાં ધાન્ય કરતાં મકાઇની આ ખાસીયત ખાસ વખાણવાલાયક છે, અને હલુ પણ મહેનત અને કાળજી લેવામાં આવે, તે સાઠીને બદલે પચાસી વગેરે જાત પણ તૈયાર થઇ શકે.

ઉપયોગ-રાનમાં અને ડુંગરના પ્રદેશમ ડોડાં વિનાના આખા ને આખા મકાઇને ગરીબ લોક પણ પાણીમાં બાફીને ખાય છે, અને કોઇ કે.ઇ લોક મળે, તો તેમ મીઠું પણ નાખે છે.

૨. રાની અને પડાડી લોકો સુક મકાઇ દાણાને દળીને તે આટો રાખ મુકે છે. અને તેમાં થોડું દુધ અથવ પાણી રેડી તેને ગરમ કરી તેની રાબ-રાબડી પીએ છે. આને સતુ કહેવામ આવે છે.

૩ મકાઇના આટાને છાસ કે દુધમ ઉકાળી તેમાં મીઠું નાખી તેની જાડ ધેંસ બનાવી ગરીબ લોકો ખાય છે આ ધેંસ પાચક અને પૌષ્ટિક મણાય છે.

૪ મકાઇના આટાને ગરમ કે ઠંડ પાણી ! બાંધીને તેને સારી રીતે કસણે છે, અને તેના રોટલા બનાવી તાવડીમ શેકીને ખાય છે. કેટલાક લોકો સ્વા માટે તેમાં થોડું મીઠું પણ નાખે છે ગોધરા, દાહોદ, ઝાલોદ, વગેરે ભાગોમ રોટલા બનાવી ખાવાનો ઘણો રિવાજ છે

૫ શહેર, કસ્બા, અને ગામડાંન મુખવસ્તીના લોકો ખોસમે કુમળા-કુણ

અને બીજા મકાઈને અંગારા પર શેકી ખાય છે.

૬ કુમળા મકાઈનાં છોડાં કાઢી નાખી તેને દૂધમાં ઉકાળે છે, ને પછી તે અંગારા પર શેકી તેના ઉપર માખણ, કાચાં મરી, ને મીઠું લગાડી કરડી ખાવામાં આવે તો તે દાણા ઘણુ સ્વાદિષ્ટ લાગે છે.

૭. કુમળા મકાઇને છોડાં સાથે તાપણામાં બાળવામાં આવે છે. ને તે બરાબર સેકાયા એમ જણાય, એટલે તાપણામાંથી બહેલા બહેલા કાઢી લઇ તેને ટાટીયા કે કોથળામાં વીંટી દઇ તેમાંની વરાળ તેમાં મરવા દેવામાં આવે છે. આ પછી છોડાં કાઢી નાખી કે અંબેરી નાખી ગરમ ગરમ ખાવાથી તેની મીઠાશમાં ઘણો વધારો થએલો જણાય છે.

૮. કુણા મકાઇના છીલુમાં મસાલો ભેળવી તેને ધંડુની પાતળી પુરીમાં ભરીને પુરી વાળી દઇ તેને ઘી કે તેલમાં તળી ખાય છે. આ કચોરી ઘણી સ્વાદીષ્ટ લાગે છે. મકાઇમાં ખાસ કરીને લીલો મસાલો ખાસ વાપરવામાં આવે છે.

૯. મગ, ચણા, વગેરેની દાળ સાથે મકાઇના કુણા દાણાનું શાક પણ સારૂં થાય છે.

૧૦ કુધીયા કે લીલા મકાઇને છોલીને કે તેના દાણાને લાકડાની ખાંડણીમાં કરીને તેનો સેવરો બનાવવામાં આવે છે.

૧૧. કુણા છીલુ કે કુટલ દૂધમાં કે કોપરાના દુધમાં બારી બાદ તેમાં વઘાર દઇ મસાલો નાખી ખાવામાં આવે છે.

૧૨. કુણા છીલુ કે કુટલ અગર દાણાને તેલ કે ઘી માં વઘારી તેમાં તુરીઆના ભરતા કટકા નાખવાથી તે વહેલા ચટે છે. ને મીઠાશમાં વધે છે. પછી તેમાં મસાલો, કોપરાનું છીલુ, વગેરે નાખી ખાવામાં આવે છે.

૧૩. છીલુ કુટો કે આખા દાણાને ઘીમાં વઘારી મસાલો નાખીને ખાંડ સાથે મીઠો ચેવરો બનાવવામાં આવે છે.

૧૪. કુણા મકાઇ ઉપરનાં છોડાં તોડયા વિના અથવા કેરવી નાખ્યાં અને પછી દાણાની હારોની વચ્ચેની બીડીઓમાં ગરમ કરેલું ઘી ચોપડયું. અને તેના ઉપર મીઠું ને મરીનો ભુકો ભરી પેલાં છોડાં અનુક્રમે પાછાં ફેરવીવાળી તે ઉપર બે ત્રણ કોરાણે દોરા બાંધવા. આ મકાઇ શેકીને પછી છોડાં કાઢી નાખી ખાવાથી ઘણા લહેજતદાર લાગે છે.

૧૫. કુણા દાણાવાળા ભુટ્ટાના બે ચીરા કરી તેના ઉંચા દોઢ ઇંચના કટકા કરવા. પછી તેને મસાલાવાળા ચણાના બેસનમાં બોળી ઘી કે તેલમાં બદામી કરી ખાવાથી સારા લહેજતદાર થાય છે.

૧૬. મકાઇના છીલુ કે કુટામાં મસાલો નાખી તેનાં વડાં પણ થાય છે.

૧૭. મકાઇના આટા કે રવાનો ઘઉંના આટા કે રવા સાથે મેળ પણ કરવામાં આવે છે.

૧૮ મકાઇ દાણાને પલાળીને કે તેનો આટો કરીને દોરને બગડવાથી ને બનવર સારૂં માનેલું થાય છે.

૧૯ મકાઇ દાણાની ધાણી થાય છે, ને તેનો સાથવો પણ બને છે.

૨૦ હાલ મકાઇના આટાની જાત જાતની બિસ્કિટ, ધારી, ને દેવડાં જેવી મીઠાઇ, તેમજ સ્વાદીષ્ટ વાનીઓ બનાવવામાં આવે છે. અને તેથી પેરૂ, કેનેડા, આર્જિલ વગેરે પશ્ચિમના મુલકોમાં એટલો બધો ઉપયોગ વધી ગયો છે કે, પઉં, કપાસ, રૂ, વગેરેનાં બજારો પ્રમાણે મકાઇ દાણાનો પણ જુદેજ પેપરોમાં, ભાવ, તાલ, ચઢા, વગેરે બજાર પડે છે.

ગુજરાતનો ફળબાગ.

લેખક — મગનલાલ દેશાઈ.

કિંમત રૂા. ૧-૮-૦

(આવૃતી ચોથી)

(છપાઇ તૈયાર થઇ ગયેલ છે.)

ગ્રામજીવન સહકાર્ય અને ખેતી

લવાજમ રૂા. ૨-૦-૦

ગ્રામજીવન સહકાર્ય અને ખેતી કાર્યાલય

માંડવી, વડોદરા.

ખેડુતો—

તમોને કઈ પણ મુંઝવણ હોય તો, લખી મોકલો. બનતુકારો તેનો જવાબ આપશે.

ગ્રામ-સેવા

લવાજમ-૨-૦-૦

ઠે. સેવા-આશ્રમ,

મુ ઉનાવા (વાયા). કલોલ.

B M.Ry.

ઔદ્યોગિક

આબાદી અને આઝાદી માટે

કમર માસિક

એકલું જ સચિત્ર શાસ્ત્રીય અને પ્રમાણભૂત માર્ગદર્શક છે.

★ ખેતી, ઉદ્યોગ, વિજ્ઞાન કળા અને વેપારને લગતું એકલું જ સચિત્ર ગુજરાતી માસિક હોઇ સત વર્ષથી (સને ૧૯૩૧ ની જાન્યુઆરીથી) દર મહિને નિયમિતપણે પ્રગટ થાય છે.

★ એનો દરેક લેખ શાસ્ત્રીય અને પ્રમાણભૂત હોવા છતાં હરહંમેશ સરળ અને ઘણે ભાગે સચિત્ર હોય છે.

[ખાત્રી માટે એનો ગમે તે અંક જુઓ.. તે તમને પસંદ પડશેજ.]

વાર્ષિક લવાજમ

હિન્દ રૂપીયા ત્રણ વિદેશઃ ૭ શિલિંગ

લખો—કમર ઓફિસ,

સોદાગરવાડ સુરત.

(ગુજરાતી)	(ગુજરાતી)	(ગુજરાતી)
ખેતીવાડી વિજ્ઞાન	ખે તી વા ડી	ખેડુત-ખેની અને સહકાર
(માસીક)	(માસીક)	(માસીક)
રૂા. ૨-૮-૦ લવાજમ.	રૂા. ૨-૦-૦ લવાજમ.	રૂા. ૨-૦-૦ લવાજમ.
લીંબડી	ઉદવાડા R. S.	કણપીઠ બજાર,
કાઠીઆવાડ.	B. B. Ry.	સુરત
		B. B. & C. I. Ry.

૨૧ કોર્નફ્લોર (Corn Flour) નામે આટાના ડબ્બા મકાઇના વિલાયતથી આવે છે, તેના લગભગ આઠ આઠ આના પડે છે, તેમાં નરેાં મકાઇનેાજ આટો ભરેલેા હેાય છે. આપણે ત્યાં કપીઆની મધ્ય દોઢ મણ મકાઇ મળે છે, પરંતુ તેનેા સુદર લાભ લેતાં આવડતું નથી. એક બેાવન સહેબે શહરીઆંના આટામાંથી પણ મન માની કમાણી કરી હતી.

૨૨ મકાઇનેા દારૂ બને છે.

૨૩ મકાઇમાંથી તેલ કાઢવામાં આવે છે.

૨૪ મકાઇમાંથી સાકર બનાવવામાં આવે છે.

૨૫ કુણા મકાઇને મેાંઢાને તેની સાથે બાફેલા કે સેકેલા કણશીના દાણા ખાવામાં આવે છે.

જમીન–મકાઇને માટે જમીન સુકી, કણદુપ ને સહેલથી ખેડાય એવી જોઇએ કાણ, માટીઆળ, ચીકણી, બીની ને દલકી જમીનમાં તેનેા પાક સારેા થતેા નથી. રેતાળ જમીનમાં નાનું ખાતર નાખવાથી એનેા પાક સારેા થાય છે. ડુંગર અને ટેકરીએા વચ્ચે ઘેાળાણ માટીથી બનેલાં ખેતરેામાં પણ એનેા પાક લેવામાં આવે છે, પણ લેાકેા આ પાક માટે ખાતર વાપરતા નથી, એ મહેાટી ભુલ કરે છે. મકાઇમાં પેાષ્ટિક તત્વેા વધારે છે. તેા પછી તે હિસાબે તેા તેને વધારે ખાતર આપવું જોઇએ. આ પાક જમીનમાંનેા પણેા કસ ચુસી લે છે, ને તેનાં મુળ જમીનમાં ઘણાં ફેલાય છે, તથા એને ચેાડા દિવસમાં અનાજ, રાડાં, પાતરાં વગેરે તૈયાર કરવાનાં હેાય છે માટે તેને ખાતરની ઘણી જરૂર છે. આ પાક ૬૦ થી ૭૦ દિવસમાં તૈયાર થાય છે નરીના ભારામાં જે મકાઇ તૈયાર થાય છે, તે ઘણી અજાયબ રીતે વધે છે. ત્યાંના ખેતરેામાં વચમાં ઉભા રહેવાથી તેનેા વધનેા ખળભળાટ કાને પડે છે. જુલાઇને ઓગસ્ટનેા વરસાદ વરસ્યા પછી એક દિવસમાં તે કેટલાં ઇંચ વધે છે તેનેા ખ્યાલ આ ખળખળાટ ઉપરથી આવે છે, અને તેથી પણ ખેડુતેાએ ખાસ સમજવું જોઇએ કે તેને ખાતરની ઘણી જરૂર છે. મકાઇ માટે ચેામેર ખાતર વેરી ખેડયા પછી તેના ઉપર સમાર ફેરવે છે. અને પછી બી વાવે છે. તેા પછી તે બી ખાતરમાં મુળ નાખવાથી જગા શેાધી કાઢે છે. અને આ પ્રમાણે કરે તેાજ દોડા અને સાડા મહેાટા થાય છે, કોઇની પાસે જમીન નબળી હેાય, તેા તેણે ખાતરની ઢગલી કરી તે ઉપર પાથરી તેમાં બી વાવવામાં આવે તેા તે પણ જલદી ઉગે છે, ને મુળીઆં પણ વહેલાં પ્રસરે છે ખરાં. પણ તેમાં સોડાને પાંદડાં વધી પડી દાણેા નાનેા બંધાય છે.

બીની ચુંટણી—બીની પસંદગી સારા દોડામાંથી કરની જોઇએ, જે ડુંડાં વહેલાં પાકી તૈયાર થયાં હેાય, તે જુદાં રાખી તેમાંથી પણ સારા દાણા લાવવા જોઇએ. આવા મકાઇ પુર્ણ સુકાયા પછી ડોતરાંની સાબસાબી ગાંઠ વાળી બન્નેનેા ગુમ્બેા રસેાડાના પાંસડા ઉપર આડીનાં ડોડાં સાથે લટકાવી રાખવેા. પ્રયેાગ કર્યાથી માલુમ પડયું છે કે સુરેાખાર અને પાણીનું મિશ્રણ કરી તેમાં મકાઇનું બી ૨૪ થી ૪૮ કલાક રાખી મુકવામાં આવે છે, આવાં બી વાવવાથી ડોડાની વૃદ્ધિ સારી થાય છે. અને પક્ષી, ઉંદરેા, બીસકેાલી વગેરે તેને ખાતાં નથી. તેમજ બીજું જીવજંતુ પણ પડતાં નથી, આ કરતાં વધારે સાવચેતી રાખી હેાય

તો વધારે ફાયદો થાય છે, થોડો ગરમ કરેલો પાતળો ડામર લઇ બી ઉપર છાંટો, અને આમથી તેમ ઝપાટાબંધ તે બી હલાવી નાખી ઉપર નીચે કરવાં, એટલે બી ઉપર ડામરનું બારીક પડ બધાશે આથી પ્રથમ અગર રોપા પછી પક્ષીઓને નવાડવાની મહેનત બચી જાય છે. ડામરથી ઉગવાની અને પેદાશની શક્તિ મારી જાય છે, એમ કેટલાક કહે છે તો પછી થોડામાં પ્રયોગ કરી ખાત્રી કરવી જોઇએ. પક્ષીઓ બેતરમાં પડે છે, તેથી ફાયદો પણ છે, અને નુકસાન પણ છે, વળી તેમની હગારમા થઇને જે બીજ જમીન ઉપર પડે છે, તે ઉગી નીકળે છે, તે છોડ ઘણો ઉત્તમ થાય છે.

વાવવાની રીત–જમીનમા જતન પ્રમાણે મકાઇના બી ત્રણ તોલાથી પાંચ તોલા સુધી તથા સાડાચાર ફીટ છેટે ટેકરીઓ કરી દરેક ટેકરી–કમલી ઉપર વાવવા. કેટલાક બોકો વાવણી વડે હારબંધ વાવે છે, પણ તેથી વધારે પેદાશ થતી નથી, કારણ કે ઘણા દાંણાને પાસે પાસે પડવાથી વધી નાખવાની મહેનત વધે છે, ને કણસલાં મોટાં થતા નથી. મકાઇને બે ઇંચ ઉંડા વાવવાથી ફાયદો થાય છે. છોડ બાજુ પાસે ઉગ્યા હોય, તો વધારાના ઉખેડી નાખી છુટા છુટા હોવા દેવા જોઇએ, છેટે છેટે વાવવાથી દરેક છોડને બેથી પાંચ સુધી કણસલાં આવ્યાના નાખના અનેક છે ને તે મહોટા પણ થાય છે, તો પણ આપણે ત્યાં એકથી ત્રણ સુધી પણ કણસલાં આવે છે ખરાં. વરસાદની ખેંચ થાય, તો એકએક કણસલું બેસી તેમાં પણ આછા આછા દાણા ભરાઇ મકાઇ ઉખેડી નાખવા પડે છે. ઉત્તર અમેરિકામાં મે માસનાં પહેલાં ત્રણ અઠવાડીયાંમાં મકાઇ વાવે છે, ત્યારે દક્ષિણ અમેરીકામા માર્ચ માસમાં વવાય છે. ત્યાં એક જાતનાં ઝાડનાં બાંદડાં બીસકોથીના પગ જેવડાં થાય, ત્યારે મકાઇ વાવવાની મોસમ આવી એમ માનવામાં આવે છે ત્યાં પણ પ્રથમ તો મકાઇનાં બીને હાથ વડે વાવવામાં આવતું હતું પણ હવે તો ઓજારથી વવાવામાં આવે છે, ને તે ચોડા, બળદ કે પાડા પાસે જોડાવે છે, વાવ્યા પછી તેની રખવણી એવી રીતે કરવામાં આવે છે, કે જેથી નીદામણ જરા પણ રહેવા નથી, જ્યારે છોડ ઉંચા છોડ થાય, ત્યારે ફરીથી જમીન પોચી કરવાથી નીદામણ જતું રહે છે, જાનવર સુધી મકાઇની જમીન પણ સાફ રાખવી જોઇએ, પણ ઘણી જીનાશવાળી જમીનમા છોડ નીચે માટીની હલકી કમી અને સુકી મોસમમાં જમી ને ભગરી રાખવી. કેટલક બેડુનો પાણી ઉડી જવની દહેશતથી જમીનને છુટી કરતા નથી, પણ તે તેમની ભુલ છે, કારણ કે જમીન ભગરી–પોચી થવાથી તે હવામાનો જોર–વરાળ ચુસ છે, તથા તેમાં ગરમ હવા ને ગરમ કિરણો પેસી તેમાંનાં તત્વોને ખાવા લાયક સ્થિતિમાં લાવે છે. પ્રયોગ કરવાથી પણ ખાત્રી થઇ છે કે ઘણી ગરમીથી મકાઇ વગેરેના પાક સુકાઇ જતા હતા, તે જમીનને કરબડી મારી પોચી કરવાથી પાકનો બચાવ થયો હતો. જે જમીન પાણી કાઢી નાખવાને લાયક હોય અને છિદ્રવાળી હોય, તે કાળી જમીન હોવા છતાં બરડીઆ વરસમાં બીજી જમીન પ્રમાણે નુકશાનમાં આવી પડશે નહિ, નદી કે કોતરડીની જીનાશવાળી ભાઠાની જમીનમાં શિઆળુ અને ઉનાળુ મકઇ થાય છે, તેની એવી કમોસમે સારી કિંમત ઉપજે છે. તેમજ વરસાદ પડતાં પહેલાં વાવી બે ચાર પાણી પાવામાં આવે, ને પછી વર-

અદમાં બી કરતાં વહેલી પાકે તો તેનો બજાર ભા ારો આવે છે. પણ આવા પાણી પામેલા મકાઇ દાણામાં મીઠાશ ઓછી અને કુચો વધારે જણાય છે.

સુધરેલી વાવણી—મકાઇની વાવણી વરસાદની શરૂઆતમાં કરવામાં આવે છે. અગર ઓગસ્ટથી જુન મા ા સુધીમાં પાણી પાઇને પણ વાવે છે. બબે ફીટને છેટે તેની લાઇન કરવી જોઇએ, અને ૭ ઇંચને છેટે એટલે બિલકુલ બિલકુલની અંતરે તેનો દાણો વાવવો જોઇએ. અને તેમ છતાં પણ આછા આછા સારા છોડ રાખી દોઢ દોઢ ફીટને છેટે છોડ રહે તો જુદા મહોટા થઇ પાક સારો આવે છે. છોડનાં મુળ જદાર દેખાતાં રહે, ત્યારે તેને પોષણ ઓછું મળે છે, ને ધણુ છોડ પડી જાય છે. માટે સવા ફીટ છોડવો ઉંચો થાય, ત્યારે દરેક છે ત્રે ચાર ૮ંચ ઉંચાઇનો માટીનો ટેકો કરવો, અને જ્યારે અદી ફીટનો ઉંચો છોડ થાય, ત્યારે ત્રી ટેકો એક ફુટ જેટલો ઉંચો કરવો. એક એકરે દશ પંદર શેર, અને વીઘે ૭ થી આઠ શેર બી ઓરવું જોઇએ. આ મકાઇ ઓગસ્ટ સપ્ટેંબરમાં આવા લાયક તૈયાર થાય છે, પણ જે છોડ પર પહેલા મકાઇ આવ્યા હોય, તે નિશાની રાખી રહેવા દેવા, ને તે પાકથી જુદા રાખી તેમાંથી પણ મહોટા દાણાનો બી તરીકે ઉપયોગ કરવો, બીજે વરસે તેમાંથી ઉગેલા છોડો ઉપરના વહેલા મકાઇ નિશાનીબંધ જુદા રાખી તેમાંથી સારાં બીનો ત્રીજી સાલ ઉપયોગ કરવો. એમ કાળજી રાખવાથી બજારમાં વહેલા મકાઇ વેગી થકાય, ને ઉત્પન્નમાં ફાયદો થાય. જ્યાં બજાર પાસે હોય ત્યાં આવી રીતે લીલાજર મકાઇ વેચી ખાવાથી દાણાની પેદાશ કરતાં વધારે પેદાશ થાય છે. તુવરની શીંગોમાં પણ સુકા દાણા કરતાં વધારે ફાયદો થાય છે, ને ઘીલામણનો બદલો પણ મળી રહે છે, ને તેમાં ઘરના માણસો વીણનાર હોય, તો વળી વધારે ફાયદો થાય છે. મકાઇની સાથે કાકડી, વાલોળ, ગ્રીન (વટાણા) વગેરે વાવી શકાય છે. સન ૧૮૮૬–૮૭ માં વડોદરા પ્રયોગ ક્ષેત્રમાં ઘોડાના દાંત જેવા અમેરીકન મકાઇ વાવી તેના હાથ હાથ લાંબા દોડા શ્રીમંત સયાજીરાવ મહારાજને મકરપુરા બંગલે મોકલવામાં આવ્યા હતા. પણ કેટલીક આબોહવાને લીધે તેના દાણા નાના અને આછા આછા આવ્યા હતા.

કાપણી—દાણો પકવ થાય ત્યાંસુધી છોડવા ઉપર મકાઇને સાંઠા ઝૂમતા એમ રહેવા દેવા. જો મકાઇના સાંઠા પણ ઉપયોગમાં લેવા હોય, તો દાણા બાજે, ત્યાં સુધી છોડને ઉભા રહેવા દેવા. તેના સાંઠા બળતાં સુધી જમીનની બરાબરથી કાપવા, પણ કણસલાં આગળથી કાપવા નહિ, તેનું કારણ એ છે કે-દાણાને પુષ્ટિ આપવા જે રસ ચરે છે, તે સાંઠામાં થઇ પાંદડાંમાં જાય છે, ને ત્યાં વિકાસ થઇ પછી તે દાણામાં જાય છે.

સમજ કુદાં આગળથી મકાઇ લણવામાં આવે, તો દાણાને થોડું પોષણ મળે ને કણસલાંનો દાણો વજનમાં વધે નહિ. પણ જો મુળ પાસેથી વાઢીએ, તો ચટેલો બધો રસ દાણાને મળે છે, ને પુખ્તપણામાં વધારો થાય છે. ઉતરમાં જ્યારે કણસલાં સાથેના સાંઠાને સુકવી દેવા જોઇએ.

જરાયત ને બાગાયતના પુસ્તકો

ગુજરાતી

૧ પૃથક્કરણનું પુસ્તક	૦-૪-૦	૧૦ કપાસ	૧-૦-૦
૨ ખેતીવાડી પાઠમાળા ભાગ ૧ લો	૧-૪-૦	૧૧ ,, ૨ ભાગ	૧-૪-૦
૩ ,, ભાગ ૨ જો	૦ ૧૨ ૦	૧૨ ફળવાડીની બીનવણી	૦ ૧૨ ૦
૪ રેતાન્યુ અને ખેતીવાડીની આબાદી	૧-૦-૦	૧૩ ગ્રાસવર્ધન	૨-૦-૦
૫ ખેતીના ધંધામાંથી પૈસા કમાવવાની કુંચી	૧-૮-૦	૧૪ ટોરોનો વૅદ	૧-૦-૦
૬ ગાય-બૅંસ-ઘોડા ઉછેરવાની રીત	૧-૮-૦	૧૫ દ્રવનું વાવેતર	૦ ૧૦ ૦
૭ હિન્દની જરાયત ખેતી	૨-૦-૦	૧૬ વનસ્પતિની વાતો	૦-૬-૦
૮ બગીચાનું પુસ્તક	૨-૮-૦	૧૭ ગુજરાતનો પુષ્પબાગ	૦-૮-૦
૯ માળીનો ભોમીઓ	૨-૦-૦	૧૮ ગુજરાતનો ફળ બાગ	૧-૮-૦

હિન્દી.

૧ કૃષિ-કૌમુદી	૧-૪-૦
૨ ભારતીય કૃષિવિભાગ	૨-૪-૦
૩ ખાદ	૧-૪-૦
૪ ખાદનો ઉપયોગ	૦ ૧૫ ૦
૫ ઘરના બાગવાન	૦-૮-૦
૬ કીસાનની કામધેનું	૦-૬-૦
૭ કૃષિ-મિત્ર	૦-૫-૦

મરાઠી

૧ અમદી શેતી	૩-૦ ૦
૨ ખેતી સંબંધી ઉપયોગી માહિતી	૩-૦-૦
૩ કૃષિ-શાસ્ત્ર	૦ ૧૦ ૦
૪ કપાસની લાગવડ	૦-૬-૦
૫ કપાસ ફાલ્ગુનની લાગવડ	૦-૬-૦
૬ પામિસની લાગવડ	૦-૮-૦
૭ શાકભાજીના બેગા	૧-૦-૦

આર. રૉય ઍન્ડ કું૦

પબ્લિશર્સ

અને

કમીશન એજન્ટ્સ.

૨૦૮-૧૦, ખેતવાડી મેઇનરોડ, મુંબઇ; ૪.

આ માસિક રણછોડજી એમ "દેસાઇએ તીરંદાજ પ્રીન્ટીંગ પ્રેસ (ખેતવાડી બેક રોડ મુંબઇ નં ૪)માં છાપી આર રૉય ઍન્ડ કંપની માટે ૨૦૮-૨૧૦, ખેતવાડી મેઇન રોડ, મુંબઇ નં ૪ એ ઠેકાણેથી પ્રગટ કર્યું છે.

લવાજમ : રૂા. ૨-૮-૦ પરદેશ ૧૦ શિલીંગ
જાહેર સંસ્થા રૂા. ૨-૦-૦ છૂટક ચાર આનો



ગ્રામોદ્યોગ

પુસ્તક પહેલું ફેબ્રુઆરી
અંક આઠમો ૧૯૩૭

૩૨૪

—ગામડાંને સરકારી રાહે ઉન્નત બનાવી શકાશે? ગાંધીજીના માર્ગે ઉન્નત બનાવી શકાશે? અગર સમાજવાદી ધોરણે ઉન્નત બનાવી શકાશે? તેનો ઉત્તર અત્યારે કંઈજ નથી, પરંતુ તેમાં એક મોટો અનર્થ રહેલો છે. શુભ કામને માટે આપણે સંપ ન કરી શકતા આપણે વિદ્વત્તાભરી ગામડાંની ઉન્નતીને બાજુએ મૂકી કયો માર્ગ સારો એ વિષયમાં આંધળી પડીશું તો નહીં?—સરકારના પ્રયત્નો, ગાંધીજી અને સમાજવાદ ગામડાંની ઉન્નતી બાબ પંથી-લક્ષે જુદા જુદા અગર વિરોધ માર્ગ લેય પણ તે કક્ષાએ પહોંચતાં પહેલાં આદર્શના વિરોધ પરજ આપણે લડીશું તો આપણે ગામડાં સુધી પહોંચવાનું નથી. ગામડાંમાં હજી પ્રકાશ પહોંચ્યો નથી. એ પ્રકાશ મુનીસીપલ લીટરેચી, પાવરો, અગર તો લાલબત્તીદ્વારા આપણે ગામડે પહોંચાડવો એ વિષે અંદર અંદર લડીશું તો તે પ્રકાશ ગામડે પહોંચ્યા પહેલાંજ હરી જશે.

—દેસાઈ રમણલાલ વસંતલાલ.

દેશાઇની ડાયરીમાંથી

લવંગનો વેપાર

જંઝીબારમાં લવંગનો વેપાર ત્યાંના હિંદીઓના હાથમાં હતો. આજે સાઠ વર્ષો થયાં. નવા થોડાક યુરોપીયન વેપારીઓની હાલમાં ત્યાં ચાલતા લવંગના વેપાર પર દૃષ્ટિ પડી અને જે કંઇ રોજી મળતી તેનો એક હથ્થુ વેપાર લેવા માટે પેતરાં રચ્યા. એક કમીશન નીમાવ્યું. કમીશને તપાસ કરી ત્યાંના અસલ અરબ ખેડુતનું થોડુંક દેવું માફ કરાવ્યું આના બદલામાં યુરોપીયન વેપારીના હાથમાં સર્વ લવંગનો વેપાર મુકવા ત્યાંની સ્થાનિક સરકારે મંજુરી આપી છે.

'આજથી અડધી સદી પુર્વ જ્યારે કોઇને ખબર નહતી ત્યારે હિંદના સાહસીક વેપારીઓ જંઝીબાર ગયા. ત્યાંના ખેડુતો સાથે સંગઠન કરી લવંગનો વેપાર ખીલવ્યો; અને અત્યારે લગભગ જંઝીબારનો બધો વેપાર ત્યાના હિન્દીઓના હાથમાં છે. લવંગની મોટી ખપત હિંદ પોતે ખાય છે. જંઝીબારની જેટલી લવંગ ખપે છે તેના અડધો ઉપર ભાગ હિંદ ખરીદે છે જો જંઝીબારનો લવંગનો વેપાર ત્યના હિંદના હાથમાં સરી જાય તો હકક પર તરપ પડે છે આને માટે લવંગના વેપારીઓ લવંગ મગાવવી બધ કરવી જોયે.

જેમ આફ્રિકામાં હિંદીના બધા હકકો પર તરાપ પડી છે તેમ આ આબાદ ધંધાપર પણ. ખરેખર નફો કરતી અને જે થોડી સત્તા ત્યાંના વેપારીના હાથમાં છે તે પણ ચાલી જશે.

આમ થાય તો બેકારીમાં વધારો થશે અને એ ધંધો હમેશને માટે બંધ થશે આ માટે હિંદ અને આફ્રિકામાં વસતા સર્વ ભાઇઓ તદ્દન યોગ્ય લડાઇ ચલાવી પોતાનો હકક સાચવવા જોઇએ.

રેલ્વે કરનો બોજો.

આફ્રિકામાં આમ જ્યારે વેપારનાં સાધન બંધ થાય છે ત્યારે હિન્દમાં ગાડીમાં બેસનાર પર વધારે દરનું ગાડી ભાડું આપવું પડે છે. રેલ્વે બોર્ડ કહે છે કે બોટ પુરી કરવા માટે હમારે નુર અને ટીકીટ પર વધારો કરવો જ રહ્યો. ટીકીટનો અને નુરનો બધો બોજો હિંદના ગરીબ કિસાન પર પડે છે. વેપારીઓ ભાવ કલાડી બધો ખર્ચ ચડાવી ખેડુતો પાસેથી માલ વેચાતો લઇ તેના ઉપર નફો ચડાવી કમાય એટલે ખર્ચના વેપારના સર્વ બોજાઓ કિસાન પર પડે છે.

ગાડી ભાડાનો તો સીધો ભાર ખેડુતો પર જ છે. દેશનો ઘણોખરો ભાગ ખેડુત હોવાથી અને તે ગાડી સાથે જડકાયલો હોવાથી તેને છુટક છુટક કર વધારે બધા કરતાં આપવો પડે છે. જેની નોંધ ખેડુત રાખતો નથી. સામટી રકમ જતી નથી એટલે એ બીચારાને ખબર પડતી નથી કે કેટલા પૈસા ગાડી ભાડામાં ખરચાયા. વધતા જતા ખરચાના બોજાથી કિસાન વધારે ને વધારે કરજના બોજામાં ડુબતો જાય છે.

ગ્રામ–સેવા

લવાજમ--૨--૦--૦

ઠે. સેવા – આશ્રમ,

મુ. ઉનાવા (વાયા). કલોલ.

R.M.Ry.

ખબર—અબર—ચબર

અમેરીકામાં રેલથી સેંકડો માણસમાં પાણી ફરી વળ્યાં છે.

× × ×

થાણા જીલ્લામાં જીવદયા મંડળી તરફથી ઢોરોનું પ્રદર્શન ભરાયું હતું

× × ×

ઇગ્લાંડમાં બરફ અને વરસાદથી પારાવાર નુકશાન થયું છે.

× × ×

લખનૌમાં ખેતીવાડીનું સુંદર પ્રદર્શન થયું હતું.

× × ×

હિંદુસ્થાનમાં ગાયની કતલ ન થાય માટે એક લાખ સહિની સાથે અરજી નામદાર બાદશાહ પર કરવામાં આવી છે.

× × ×

આણાદેવડી રૂબરૂમાં કોઇ પણ સરકારી નોકર પ્રજાને કોઇ પણ રીતે કનડગત કરશે તો તેને તાબડતોબ રૂખસદ આપવામાં આવશે.

× × ×

દર સાલ પડતાં હીમને લઇને લોકો કંટાળી ગયા છે તો તેનો ઉકેલ કોઇ લોકો આગળ રજુ કરશે ?

× × ×

અમરેલી પ્રાંતમાં રૂા ૫૦ અને તેની ઉપર બેકુત આતેદારોને અમુક મુદત સુધી રાહતનો હુકમ મળ્યો છે.

× × ×

કોચમ્બામાં ઉનાળાની રજામાં ખેતીના વર્ગો ચાલુ કરવાનો નિશ્ચાર કર્યો છે. વખતનો લોકો લાભ લેય.

× × ×

રાજકોટમાં ઢોરોનું પ્રદર્શન ભરાવવાનું છે તે ખાસ કરીને ઘોડા માટે.

× × ×

બપનમાં એક ઝાડ એવું છે કે જે તોફાનની આગાહી મળે અવાજ કહાડે છે.

લંડનમાં એક સાત વર્ષનો છોકરો પંખી બનતો જાય છે. તેના શરીરના ભાગોમાં ફેરફાર થઇ રહેલો છે. કોઇને તેનું કારણ સમજાતું નથી. વાંદરામાંથી મનુષ્ય. મનુષ્યમાંથી પંખી.

× × ×

ઝાડોને રોગ લાગું પડે તો તેને માટે જુદા જુદા ઉપાયો સુચવવામાં આવે છે યુરોપમાં આ માટે ઝાડોના રોગો ઇંજેકશનથી મટાડવા માટે પ્રયત્નો થઇ રહયા છે. તેમાં ફળીભુતતા ભર્યા છે. એક ઝાડ મરવાની અણી પર હતું. પાંદડાં ખરી પડી પીંખચટ થઇ ગયા હતા અને તે ઝાડને એક તાંબાનું અને બીજું ફોસાનું ત્રીજું મેગેનીઝનું ઇંજેકશન તેનાથી ઝાડ નવપલ્લવિત થઈ ગયું.

× × ×

કોકોના છાલમાંથી વીટામીન ડી મળી આવ્યું છે.

× × ×

નામ નિઝામે પોતાને ત્યાં શુભ પ્રસંગે બેકુતોનું ૪૦ લાખ રૂપીઆનું દેવું માફ કર્યું છે.

× × ×

હિંદમાં કસોમનો વરસાદ થવાથી માવઠું થયું છે અને તેને લીધે કપાસ અને રવિપાકને નુકશાન થયું છે.

× × ×

મદ્રાસમાં શિંગનો પાક વધી પડવાથી ત્યાં માલ પુષ્કળ છે છતાં ભાવ ઓછા થયા નથી.

× × ×

હિન્દમાં ૨૦ કરોડ છે તેમાંથી ૧૩ કરોડ રતબાતલ એટલે તદન નકામાં છે. ફકત ૭ કરોડજ લોકોના ઉપયોગમાં આવે છે.

હિમ

ઉગીને પુર્વની બારી ઉઘાડી એસતો જયદ્રાં;
નિહાળુ શેત્ર હરિયાણાં આખંડીને ઠારતાં.

લીલાં હતા એ પુર્ણો રૂપાળા
ને લીલા પીળાં પુનેા પુલેલા;
ત્યાં અર્ધ પીળ્યાં દુધે ભરેલાં
એ જીંડવાએા ઝુમી રહ્યા હતાં;
એકુ બિચારેા ગેટે ઉભીને
કપાસ દેખી તર્ક ચઢયેા કે;
દેવું બધું હું ઝટ વાળી નાખું
કપાસ રહે જો જે આંહિ ભાળું.

હૈયે હાથ વદી એકુત અશથી મુખ ફેરવી;
દૈન્ય કારૂણ્ય-મૂર્તિ શેા રેાજ ઘેર જતેા વળા.

× × ×

ઠંડી થકી સુધ રહયેા હતેા ગોદડાં માંહિ હું તેા;
ત્યાં દેકીએ ઝડપ દઇને ગોદડું ઉચકયું'તેા.
બેાલી તે તેા જરા ઉઠેા અને બ્હાર દેખેા સુંવાળા;
હેપા ફાટે રૂદન કરતેા એકુને મેં નિહાળ્યેા.

ઉનેા થયેા હું સંકેલી શકિત
ને પૂર્વ બારી ઘુજતાં ઉઘેડી;
જોઉં જરી જ્યાં ક્ષેત્ર ભણી હું
કાળુંજ કાળું સઘળુંજ ભાળું;
મૂર્છિત થાતાં પડ્યાધ જનતેા
રડી રહયેા હતેા કીસાન બિચારેા;
આ હિમ સુકારેા કયાંથી ગુડાણેા ?
મૂકી ગયેા આખર આંહિ પાણેા.

અનુકંપા નથી વિશ્વે સ્વાર્થમાં લેાક ન્હાલ છે;
પરંતુ ઇશ્વરેય કુર બને શું આ જ ન્યાય છે !

("આત્મજીવન સહકાર" અને ખેતી")

વનસ્પતિનાં દર્દો

લેખકઃ—
શ્રી. ભીમભાઇ એલ. દેશાઇ
M. Sc.

(ઓકટોબરના અંકથી ચાલુ)

પાકના છોડો જમીન ઉપર ઉગે છે અને તેથી જમીન સાથે પાકના રોગોનો ફેલાવો વગેરેનો સંબંધ છે. રોગનો ફેલાવો હવામાન ઉપર પણ કંઇક અંશે આધાર રાખે છે. હવામાં જ્યારે ભેજ હોય છે ત્યારે આપણે જોઇએ છીએ કે ચામડાં, રોટી તથા ખોરાકની વસ્તુ ઉપર ફુગ ચીકણી આવે છે. ભેજને લીધે વનસ્પતિના રોગો પેદા કરનાર બીજી પરજીવી વનસ્પતિ છોડ ઉપર સહેજ ફેલાય છે.

જમીન નાનાં મોટાં રજકણોની બનેલી હોય છે અને તેની ભેજ પકડવા કરવાની અને સંગ્રહી રાખવાની શકિતનો આધાર એ રજકણોના આકાર અને કદ ઉપર રહે છે. વળી એ રજકણોના કદ અને આકારને અનુસરી જમીનમાં હવા અને વાયુઓની અવરજવરનો આધાર રહે છે. જમીનની પ્રતિકુળ સ્થિતીને લઇ કેટલા અને બટાટાના કેટલાક રોગ થાય છે એમ માલમ પડયું છે. તેવીજ રીતે જમીનની રાસાયણીક સ્થિતી ઉપર પણ રોગની ઉત્પત્તિ અને ફેલાવાનો ઘણો આધાર રહે છે. બટાટાને ખૂજણી થઇ હોય એવો રોગ થાય છે અને તપાસમાં માલમ પડયું છે જમીનમાં તેજાબનું પ્રમાણ ઓછું હોય ત્યાં એ રોગ વધુ પ્રમાણમાં માલમ પડે છે. તેવીજ રીતે તેજાબનાં વધુ પ્રમાણવાળી જમીનમાં વાવેલી કોબીને બીજો રોગ થાય છે. તંબાકુનાં મુળનો કોહવાટ તેજાબી જમીનમાં ઘણો ઓછો હોય છે.

પાકના છોડના ઘણા રોગો જમીનમાં રહેલી ફુગ બેકટીરીઆ અને જન્તુઓ મારફતે પેદા થાય છે. કેટલીક વખત એવું બને છે કે જમીનમાં જન્તુઓનું પ્રમાણ એટલું વધુ થઇ જાય છે અને જે વાત એક વખત વહેમ કે માન્યતા તરીકે ચાલી આવતી હતી તે વાતમાં હવે રોગશાસ્ત્રીઓને સત્ય દેખાવા માંડયું છે. જમીનની ગરમી અને ભેજ એ બન્નેનો પરજીવી જન્તુ કે ફુગથી થતા રોગો સાથે ઘણો સંબંધ છે. દરેક જન્તુ કે વનસ્પતિ અમુક ગરમી અને અમુક ભેજની મર્યાદામાં જીવી અને વૃધ્ધિ પામી શકે છે. તેની બહાર જતાં તે નાશ પામે છે. તેથી જમીનનાં ભેજ અને હવા અનુકુળ હોય તો રોગોનો ઓછોવત્તો ફેલાવો થાય એ દેખીતું છે—એમ માલમ પડયું કે પીચનાં પાંદડાં જલદી વસંત બેસવાથી વધુ પ્રમાણમાં કોડીઆં થઇ જાય છે. જે ફુગ પીચનાં પાંદડાંને કોડીઆં કરી નાંખે છે ભેજવાળી અને ઠંડી વસંતમાં ઘણી સારી રીતે ફેલાઇ શકે છે. અને તેથી એવી ઋતુ વહેલી આવતાં રોગ વધુ પ્રમાણમાં ફેલાય છે.

રોગોની ઉત્પત્તિ અને ફેલાવા ઉપર અંકુશ.

જમાનાથી ખેડુતો રોગનો સામનો કરવાની યુક્તિ પ્રયુક્તિ અજમાવતા રહ્યા છે; પરંતુ એમાંના મોટા ભાગની યુક્તિઓ રોગનાં જ્ઞાનથી વિમુકત રહેલી હોય છે. રોગનો ખરો અને સફળ સામનો કરવો હોય તો દર્દનાં કારણો જાણવાની ખાસ જરૂર છે. કોબીને મૂળમાં એક જાતનો રોગ થાય છે અને અનુભવથી માલમ પડયું છે કે જમીનમાં ચુનો નાખવામાં આવે તો એ રોગનો ફેલાવો અટકે છે. આનું કારણ એ કે જમીન વધુ પ્રમાણમાં તેજાબી હોય તે મટી ખારી થાય છે અને જે પુગ એ રોગ પેદા કરે છે. તે તેજાબી જમીનમાં સહેલાઇથી વૃદ્ધિ પામે છે. પરંતુ તેજાબી જમીન નહોય અને છતાં એ રોગ ફાટી નીકળ્યો હોય તો જમીનમાં ગમે તેટલો ચુનો પાથરીએ તો પણ પરિણામ શૂન્યજ આવવાનું. આમ આંધળા યત્ન ઉપાય કરવાથી પૈસા અને વખતની બરબાદી થાય છે અને પરિણામ આવતું નથી.

પરજીવી જન્તુઓથી કે પુગથી થતા રોગ માટે પ્રવાહી દવા છોડ ઉપર છંટવાથી કે ગંધક જેવા જન્તુનાશક પદાર્થની ભુકી છાંટવાથી રોગ કાબુમાં લાવી શકાય છે. વળી બીને જન્તુનાશકથી પખાળી વાવ્યાં હોય તો પણ કેટલાક રોગો થતા અટકાવી શકાય છે. મોટાં ઝાડને કેટલાક રોગો તેના થડ વાટે દાખલ થએલી પુગ કે જન્તુને લીધે થાય છે. આ રોગોનો અટકાવ કરવા જન્તુનાશક પદાર્થ થડ ઉપર છાંટયા હોય તો પરિણામ સારૂં આવે છે.

જમીનવાટે ફેલાતા રોગો માટે જમીનને સાફ કરવાની જરૂર છે. એ માટે કેટલીક વખત વરાળનો તો કેટલીક વખત ગંધકના તેજાબનો ઉપયોગ કરવામાં આવે છે.

ચેપી રોગોનો ફેલાવ થતો હોય ત્યારે ઓજારોની પણ ખુબ દરકાર લઇ તેને સાફ રાખવાં જોઇએ. કારણકે એજર મારફતે ચેપ જમીનમાં કે છોડમાં દાખલ થાય છે. વળી જે કોથળાઓ કે વાસણોની અંદર બી રાખવામાં આવે છે તે એટલાં ચોકખાં હોવાં જોઇએ કે જેમાં રોગો પેદા કરનાર જન્તુ કે પુગના દાણાઓ આવી ન જાય. દાખલા તરીકે એક કોથળો કે કે વાસણમાં જુવારનાં આંજીઆં થઇ ગએલાં કણસલાં અગર તેમાંથી કાઢેલો દાણો ભર્યો હોય તો સાથે સાથે આપણે આજીઆં પેદા કરતી પુગના દાણાઓનો પણ સંગ્રહ કરીએ છીએ બીજની સાથે વાવણી વખતે આ દાણાઓ જમીનમાં પથરાય છે અને વખત આવ્યે રોગ પેદા કરે છે.

કેટલાક રોગ બી મારફતે પેદા થાય છે. આવા રોગોમાં બીની પસંદગી કરવામાં ઘણી સાવચેતીની જરૂર છે. નીરોગી બી પસંદ કરવાથી મોટે ભાગે રોગનો ફેલાવો અટકે છે, પરંતુ ઉપયોગમાં લાવ્યાં બીની પસંદગી અને તપાસ કરવાની ધીરજ ઘણા થોડા ખેડુતો દાખવી શકે છે. આથી અમુક પ્રદેશ ચોકકસ પાકે ને રોગો થતા હોય તે રોગો ન થતા હોય તેવા પ્રદેશમાંનાં તે તે પાકના બી વાપરવાં સલાહભર્યું છે. આ સિવાય જે મોટા ખેડુતો બીજ માટે એક નીગાળું ઘર રાખીકે દુકડો રાખી શકે એમ હોય તેવા ખેડુ-

તોએ તે તે ટુકડાને બરાબર સાફ કરી તેમાં બી વાટે બાસ પાકો ઉગાડવા.

આપણે ત્યાં એકે ખેતરમાં એકનો એક પાક વર્ષો સુધી લેવામાં આવતો નથી. ઘણી ખરી જગ્યાએ તો દર વર્ષે જુદો જુદો પાક વાવવામાં આવે છે. આ રીતના બીના ઘણા ફાયદા છે. પરંતુ એક ફાયદો તો એ છે કે એથી પાકના રોગોનો સામનો થઇ શકે છે. જુવાર વાવી બીજે વર્ષે તેજ ખેતરમાં કપાસ વાવવામાં આવે તો જુવારના રોગો ખેતર કરતાં પુગ કે બેકટીરીઆનો મોટો ભાગ નાશ પામે અગર જતાં રહે. આ પાકોની બદલી કેટલાં વર્ષે કરવી તે સ્થાનીક સંજોગો ઉપર આધાર રાખે છે. કાળજીવાળા ખેડુતો ચોકકસ અખતરો કરી પાકોની ફેરબદલી અને વખત નકકી કરી શકે છે.

પાકના રોગોને અંકુશમાં લાવવાની અનેક રીતોમાંની એક રીત એ છે કે ખેતરમાં રોગ માલમ પડતાં રોગીષ્ટ છોડવાનો નાશ કરવો અગર મોટાં ઝાડો હોય તો જે ભાગને રોગ લાગુ પડયો હોય તેનો નાશ કરવો. એમ કરવાથી રોગ ફેલાતો જરૂર અટકશે.

પુગ કે બેકટીરીઆના કેટલાક રોગોનો અટકાવ કરવાની એક ખાસ રીત યોજવામાં આવી છે. રોગ પેદા કરનાર કેટલીક પરજીવી પુગો પોતાનું જીવનચક્ર એ યજમાનના દેહ ઉપર જારી પુરું કરે છે. આથી જો એવા બે પાકો પાસ પાસે કે એકજ વર્ષે વાવવામાં ન આવે તો તે રોગ પેદા થતો અટકે છે. એવીજ રીતે ખેતરમાં થતાં ખડ ઉપર પણ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ખડની કેટલીક જાતો ઉપર રોગોત્પાદક પુગો પોતાનું પુર્વજીવન ગાળે છે અને ઉત્તર જીવન પાક ઉપર ગાળી રોગ પેદા કરે છે. વળી ખેતરમાં ખાતર થશે એમ ધારી રોગીષ્ટ છોડોને ખેતરમાં ઉગેડીને રહેવા દેવા નહી. કારણ કે તેમ કરવાથી કેલાવ કંઇ અટકતો નથી. એના દાણા પવન મારફતે કે બીજી રીતે પાસેના છોડ ઉપર જઇ પડશે અને તેથી રોગનું કારણ તો રહેશેજ. માટે રોગીષ્ટ છોડોનો બાળી નાખી નાશ કરવો જરૂરી છે.

આગળ આપણે જોયું છે કે જે જમીનમાં તેજાબનું વધુ પ્રમાણ હોય અને તેમાં થતા રોગોનો અટકાવ ચૂનો છાંટવાથી થઇ શકે છે. એથી ઉલટું જે જમીન મોણી હોય તેમાં ગંધકનો તેજાબ છાંટવાથી રોગને ફેલાતો અટકાવી શકાય છે.

પાકની કેટલીક જાતો રોગનો કુદરતી સામનો કરી શકે એવી બનાવવામાં આવે છે કે હોય છે. જ્યાં અમુક જાત રોગનો સામનો કરવામાં નિષ્ફળ નીવડે છે એમ માલમ પડે કે તરતજ એવી મજબુત જાતો ચાલુ કરી દેવી જોઇએ. જ્યાં જન્તુ કે જીવડાં મારફતે રોગનો ફેલાવો થતો હોય ત્યાં એ જન્તુ અને જીવડાંનો નાશ થાય એ જરૂરી છે.

અત્યારે દેશ દેશ વચ્ચે વ્યવહારની સગવડ થવાથી પરદેશથી અનાજ વગેરે આવે તેની સાથે તે રોગ પણ લઇ આવી શકે. માટે પરદેશથી આવતાં અનાજ અને છોડો ઉપર દેખરેખ રાખવામાં આવે છે. અને એ વિષે સરકાર તપાસ કરી અંકુશ દાખલ કરે છે. આવી રીતે પરજીવી વનસ્પતિ કે જન્તુઓથી થતા રોગોનો સામનો

કરી શકાય છે. અને તેને અંકુશમાં લાવી શકાય છે. વીરસ અને બહારનાં જીવડાંથી થતા રોગોની પણ આવીજ રીતે સંભાળ લેવામાં આવે તો ખેડુતો ઘણું બચાવી શકે છે. એને માટે સરકારી ખેતીખાતું ઘણું ઉપયોગી કામ કરી શકે એમ છે. એક વખત અમુક વિભાગમાં રોગ કાઢી નીકળ્યો તો તરતજ તેના અટકાવ કરવાની રીતો છે. બાકીતો ખેડુતોને સહેલ મળતી જોઇએ. જો આપણા ખેતી નિષ્ણાતો પોતાની ફરજ કાળજી પુર્વક બતાવી શકે તો ખેડુતોને ઘણો ફાયદો કરી શકે એમ છે. અપૂર્ણ.

એક પુષ્પ

અણમૂલું પુષ્પ એક મીઠું;
રાષ્ટ્ર મહીં મ્હેંક મ્હેંક થાય જો—
અણમૂલું પુષ્પ એક મીઠું.

ઉગીયું એ ભારતી ઉદ્યાનમાં;
એશ્વર્યે ઓપાયું એ ઉગતાંજ જો—
અણમૂલું પુષ્પ એક મીઠું.

મંજુલ સુવાસ મલયાનિલથી;
ભારતીની ભવ્યતા ભણાય જો—
અણમૂલું પુષ્પ એક મીઠું.

આત્માના પુનિતમન્ય મ્હાંય જો,
મર્મ કેં મુક્તિના વંચાય જો—
અણમૂલું પુષ્પ એક મીઠું.

એનાં અનોખાં તેજ તરવરે,
વિશ્વ અખિલ વિમળ જ્યાં થાય જો—
અણમૂલું પુષ્પ એક મીઠું.

આવે વિદેશી ભ્રમર ત્યાંય જો,
લીલુડી વાડીને વેડવાય જો—
અણમૂલું પુષ્પ એક મીઠું.

એવાને અનેક વાડી ઉજળી;
ભ્રમરની આશાઓ ભમર ખાય જો—
અણમૂલું પુષ્પ એક મીઠું.

મીઠી સુવાસ એની વાડીને;
અન્યને તો વિષથી વિશેષ જો—
અણમૂલું પુષ્પ એક મીઠું.

—ગીલુ એસ. ત્યારા.

—:૦ ગાજર ૦:—

લેખક:—શ્રી. પ્રેમાનંદ ડી. પટેલ.

પૃથક્કરણ—એમાં ૮૩ ટકા પાણી, ૩ ટકા લાકડી રેષા, ૩ ૧૦ ટકા ખાંડના પદાર્થો, ૨ ટકા પ્રોટન, ૦॥ ટકા ચરબી, અને ૧ ટકા ખાર છે; છતાં આ પ્રમાણ બધે એક સરખું હોતું નથી; પદાર્થની જાત, જમીનનો પ્રકાર, ઋતુની અસર, ઋતુમાં થતો ફેરફાર, અને તેની માવજત પ્રમાણે આ તત્વોમાં ઓછો વત્તો ફેરફાર થાય છે. સલ્ગમ નામે વિલાયતી તરકારી અને બટાટા કરતાં ગાજરમાં પાણીનો ભાગ વધારે જણાય છે.

ગાજર એ કંદમૂળમાં ગણાય છે, પરંતુ એના છોડને ફુલ અને ફી થાય છે; ત્યારે રતાળુ, સૂરણ, બટાટા, કનખડી, વગેરે કંદને ફી થતાં નથી. ગાજર ગુજરાત, દક્ષિણ ને ઉત્તર હિંદમાં ઘણાં થાય છે, પરંતુ દક્ષિણ કોંકણ અને કર્ણાટકમાં ઘણાં થતાં નથી. દિલ્હિ તરફ ગાજર સૌથી ઉત્તમ પાકે છે, અને તે ગાજર આશરે સવા સવા શેરનું થાય છે. ગુજરાતમાં ફહાનમ પ્રદેશમાં અને કાઠીઆવાડમાં એનું વધારે વાવેતર કરે છે, તે થાકની અછત વખત એનો અથાણાં તરિકે ઉપયોગ થાય છે. ગાજરના છોડ હાથ સવાહાથ ઉંચા થાય છે; અને એની ત્રણ જાતો છે. (૧) લાલ અથવા નારંગીના રંગ જેવાં, (૨) જરાક પીળાશ પર કે પાકેલાં ખાટા લીંબુના રંગનાં, અને (૩) બીલકુલ પીળા રંગનાં. આ ત્રીજી જાતનાં ઉત્તર હિંદુસ્તાન તરફ ઘણાં થાય છે.

ગાજરનો ઉપયોગ—ગાજરને ચોખ્ખા કાચું કરડી ખાય છે તેમજ તેનું શાક પણ થાય છે, છતાં બટાટા પ્રમાણે તેનો ખોરાક તરિકે ઉપયોગ થતો નથી, એ સ્વાદમાં સારાં અને પુષ્ટિકારક છે, તેથી દુકાળના વખતમાં ગરીબ લોકો તેને અમસ્તાં કરડી ખાઇ તેના ઉપર દીન ગુજરો કરે છે. ગાય, ઘોડાં, અને બીજાં જનવર પણ એને ખુશીથી ખાય છે. દુધ દેતી ગાયને એ ખવરાવવાથી તેના દુધમાં વધારો થાય છે. ગાજરમાંથી ગોળ પણ બનાવવામાં આવે છે. બીજા કંદમુળ કરતાં ગાજરમાં મીઠાશ વધારે છે; તેથી ઇંગ્લાંડમાં તેમાંથી સાકર કાઢવામાં આવી હતી; પણ તે પ્રયોગ સફળ નીવડ્યો નહીં, તો પણ તેમાંથી દારૂ બનાવવામાં આવે છે.

જમીન—ગાજર બાગાયત જમીનમાં થાય છે, અને જેમ જમીન પોચી, તેમ તેમાંનો ગાજરકંદ મોટો થાય છે. એને માટે કાળી ગોરાડુ તથા ઘોડી ચીકણી જમીન પસંદ કરવામાં આવે છે. ગાજર

વાવવા માટે પ્રથમ થી તૈયાર કરવાં પડે છે, તેની રીત-આગાયત ખેતરમાં એક તરફજ બીજી તૈયાર કરવી, ને બીજી તરફ ગાજરના છોડ તૈયાર થયા હોય, તે ઉપરથી થડ કાપી પેલી તૈયાર જમીનમાં રોપવામાં આવે છે, આ રોપણી માગશર કે પોષમાં કરવામાં આવે છે; અને પછી ચાર ચાર દીવસે તેને પાણી પાવામાં આવે છે. તેને રોપ્યા પછી આઠ કે દશ દિવસે નવાં પાન ફુટે છે, તે પછી તેને કુણે આવી બી લાગે છે. ગાજરનાં થડ બી પેદા કરવાના ઉપયોગમાં આવે છે, અને તે ચાર માસે તૈયાર થાય છે. તે બી પછી ઓરવા કે વાવવાના કામમાં આવે છે. ગાજરનાં બીનો દવા તરિકે પણ સ્ત્રીઓ ઉપયોગ કરે છે, અને તેથી ગર્ભ ધારણ થઇ શકતો નથી, એમ માનવા માં આવે છે.

ગાજરનો પરસમાં બે વખત પાક થાય છે, પણ આપણા તરફ તો એકજ વખત પાક લેવામાં આવે છે. ગાજર માટે જમીનને ત્રણ ચાર વખત ખેડીને તૈયાર રાખવી. પછી તેમાં ૭ ફીટ લાંબા ને ૭ ફીટ પહોળા ચોરસ ક્યારા કરવા; અને તેમાં વરસાદની અડધી મોસમ ગયા પછી એટલે સપ્ટેંબર માસમા તેનાં બી દાયવતી છાંટવાં. બી છાંટયા પછી જમીન કરબી નાખવી જોઇએ, અથવા બીને હાથવડે દબાવવાં જોઇએ. ઉગ્યા પછી પહેલે પાગે હોય, તેવા છોડ ઉપાડી નાખવા જોઇએ. વરસાદની મોસમે જે ગાજર તૈયાર કરવામાં આવે છે, તેના છોડ થી આઠ ઇંચને અંતરે રહેવા દેવા, ને બાકીના ઉપાડી નાખવા. ગાજરનો પાસ લંગામ મહા ફાગણ માસમાં ઘણો હોય છે, અને ઘણે ભાગે એને માટે આજ મોસમ વસંદ કરવામાં આવે છે, તતાં કેટલાક લોકો જાન્યુઆરી માસમાં પણ તેને વાવે છે. આ વખતનાં ગાજર વરસાદ સુધી રાખવાની ઇચ્છા હોય, તો તેના ઉપરના છોડ મર્ચ અથવા એપ્રીલ માસમાં કાપી નાખવાં જોઇએ. આથી કરીને છોડની વધ ઘટી બને છે, આ પ્રમાણે કરવાથી અડધા જુનાઇ સુધી ગાજર પહોંચે છે. આ બીજી મોસમનાં ગાજરના છોડ સાતથી આઠ ઇંચને અંતરે રાખવા જોઇએ. ગાજર એક ઠેકાણેથી ઉપાડી બીજે ઠેકાણે રોપવાથી તેની નીચે ગાજરાં સારી રીતે થાકે છે, એટલે કદમાં મોટાં થાય છે.

ગાજરનાં સારાં બી એક એકરે દશ શેર, અને રાશી હોય તો પંદરથી વીશ શેર વાવવામાં આવે છે, ને ગાજર સારા થાય, તો એક એકરે બસોથી ત્રણસે મણ સુધી થાય છે.

ખેડુતો:—
તમોને કંઈ પણ મુંઝવણ હોય તો,
લખી મોકલો. જાણકારો
તેનો જવાબ આપશે.

ધરતીને ખોળે—


લેખક :—શ્રી. કિર્તિકર. M. Sc.

(ગતાંકથી આગળ)

ધીરૂને આવતાં વાર લાગેા. એટલામાં નરીમાનના હૃદયમાં કંઈક મંથન ચાલી રહ્યું. "ધીરૂ પાકીટ લઇ લે એ બરાબર નહિ, બને કે એ ગરિબ છે. એના વિચારો સામ્યવાદી છે, પરંતુ એના વર્તનમાં એ સમાજના કાયદાને ઉલ્લંઘે નહિજ." "તો પછી એણે પોલીસને ખબર આપવાની ના કેમ કહી?" વળી એને પ્રશ્ન થયેા. "કદાચ સ્વભાવીક કહ્યું હશે. માણસ અનુમાન બાંધવા બેસે તો તેને વસ્તુને બેગણી કેતાં વાર નહિ." નરીમાન આમ મન વાળી બીજે વિચારે ચઢયેા. એના કેમની ચારે દિવાલ ઉપર સુંદર ચિત્રો લટકી રહ્યાં છે. એક બે યુરોપના મહાન ચિત્રકારોની છબીઓ સારી ફ્રેમમાં મઢેલી છે. બીજી બાજુએ એકાદ ઉગતા હિંદી ચિત્રકારનું પનીહારીનું ચીત્ર ચમકી રહ્યું છે. એ ચીત્ર પ્રત્યે મીટ માંડતાં નરીમાનને પોતાના ગામડાંની સ્મૃતિ તાજી થઇ. પોતાને ગામ ઘોડાને પાણી પાવા નદિએ જતો ત્યારના કેટલાંક દૃશ્યો વારાફરતી સ્મૃતિ પટલ ઉપર તાજાં થયાં. માત્ર નદિનાં નિરનો ધીમો કલકલ નાદ સિવાય ભાગ્યેજ બીજો સાદ સંભળાતો હોય એવો નદિનો શાન્ત કિનારો, ત્યાંથી પાણી ભરીને જતી ગામડાંની સરળ અને સુદૃઢ બાંધો, નદિના શીતળ અને બહોળા પાણીમાં પેટ ભરી નહાતા કૃષિવલોના બાલો વગેરે એને અત્યારે શહેરના કોલાહલ અને ગંદકીથી કલુષિત થએલા વાતાવરણ કરતાં વધુ મોહક લાગ્યું. અને નદિમાં સ્નાન કરવાનો કેટલો આનંદ! શહેરમાં તો હવે બાથરૂમ અને સ્નાનગૃહોમાં સ્નાન કરવું સુધરેલા લોકો પસંદ કરે છે. નવીન બંગલાનાં સ્નાનગૃહો સ્વતંત્ર રાખીને વધુ ભાડું લેવાનો વાયરો વાયેા છે અને ભાડુતો પણ જાણે સ્વતંત્ર બાથરૂમ મળ્યો એટલે મોટું સ્વર્ગ મળ્યું એમ માની લે છે. પરંતુ ગામના અખૂટ પાણીથી ભરેલી નદિરૂપી કે તળાવરૂપી સ્નાનગૃહો નરીમાનની દૃષ્ટિએ વધુ સારાં દેખાયાં. એની અંધારી બાથરૂમમાં નાહવાનો એને શરૂઆતમાં તો આનંદ આવતો પરંતુ પાછળથી એને લાગ્યું કે ગામના વિશાળ તળાવ અને નદિના સ્નાનની મજા અને તેમાંથી થતો આનંદ તો નિરાળોજ છે. ઘણીયે વાર નરીમાન એકલો હોય ત્યારે આવાં ગામડાંના અને શહેરના જીવનની સરખામણી કરવામાં ગુંથાતો. કેટલીકવાર એને ગામડું અનિષ્ટ લાગતું જ્યારે કેટલીકવાર એને શહેર કડવા ઘાતુ.

ધીરૂ લાંબે વખતે આવ્યો અને નરીમાનને કહ્યું કે, "મને તારા પૈસા ગયા તેથી બહુજ લાગે છે. હવે શું થશે! મને ચોકકસ લાગે છે કે હું પાંચેક મીનીટ બહાર ગયેા એટલામાંજ કોઈ આવીને પાકીટ તફડાવી ગયેા. હા જરૂર, એમજ હોવું જોઇએ! કારણ કે મેં આ ચોપાનીઉં ટેબલ ઉપર મુકેલું એવું મને ચોકકસ યાદ છે છતાં જ્યારે હું આવીને જોઉં તો ચોપાનીઉં તારા ખાટલાની નીચે પડેલું હતું. મને પ્રથમ તો એમજ લાગ્યું કે મેંજ ઉતાવળથી નીચે ફેંકી દીધું હશે. જરૂર કોઈ વિદ્યાર્થી કે નોકર પૈસા ઉપાડી ગયેા હશે."

(વધુ માટે જુઓ પાનું ૨૫ મું.)



નેશનલ ઇન્સ્યુરન્સ બીલ્ડીંગ—મુંબઇ

આકર્ષક આંકડાઓ

કુલ્લે એકત્રીત મત

રૂ ૩,૦૦,૦૦,૦૦૦.
થી વધારે

કુલ્લે દાવાઓ ચુકવ્યા

રૂ ૧,૭૫૦૦૦૦૦

સાલ ૧૯૩૮ માં કરેલું નવું
કામકાજ રૂ ૧૭૪,૭૦૦૦૦

પ્રીમીયમના ચાલુ દર ઉપર જાહેર થયેલુ બોનસ.

જીંદગી પર રૂ. ૧૮ દર વરસે દર હજારે
હયાતી રૂ. ૧૬ " " "

નેશનલ ઈન્સ્યુરન્સ કંપની, લીં.

(સ્થાપના–૧૮૮૬)

મુ ઇ બ્રાન્ચ
નેશનલ ઇન્સ્યુરન્સ બિલ્ડીંગ
૨૦૪ હોર્નબી રોડ
ફોર્ટ, મુંબઇ

હેડ ઓફીસ
નેશનલ ઇન્સ્યુરન્સ બિલ્ડીંગ,
૭ ક્લાઇવ ઘાટ સ્ટ્રીટ, કલકત્તા

કોઇ પણ જાતના આંકડા મેળવવા તથા બજારે અભિપ્રાય જાણવા તેમજ વિમો ઉતરાવવા
બાબતમાં નેશનલ ફાયર એન્ડ જનરલ ઇન્સ્યુરન્સ કંપની લીં. ના પુરેપુરા સહકારની ખાત્રી રાખશો

સ્વર્ગીય આરોગ્યપ્રદ પ્રદેશમાં ય રિકેટ્સ દેખાય છે તે ઓગસ્ટપડદાના વિચારને આભારી છે. તુર્કી, પેલેસ્ટાઇન, મિસર વગેરે દેશોમાંય પડદાથી સૂર્ય-પ્રકાશની થતી હાનિને લીધે આ રોગ બહુ થાય છે. વિટેમિન ડી વસ્તુ એક કરતાં વધુ જુદાં જુદાં વિટેમિનોનું મિશ્રણ છે એ માન્યતા હવે સિધ્ધ થઇ છે. કેલિસિફેરોલના ઉપરાંત એને મળતું બીજું, વિટેમિન ડી ૩ ટ્યુના–માછલીના તેલમાંથી તેમજ રાસાયનિક ક્રિયાથી હમણાં તૈયાર કરવામાં આવ્યું છે, (Nature, Sept. 5, 1936, 387)

વિટેમિન ઇ—જનનેન્દ્રિયોની ક્રિયાઓને વ્યવસ્થિત સામર્થ્યમાં રાખવાનું કામ આ કરે છે એમાં પ્રોટીનો તથા વિટેમિન એ ને બી એનો સાથ કરે છે. ઘઉંનું બીજ, ઇંડાં, દુધ, માસ, ભાજી, ટોપરાનું તેલ, કપાસીઆ વગેરેમાં તે રહે છે. ૧ માનવવન્ધ્યત્વના ઇલાજ રૂપે એ ઉપયોગી થશે કે નહિ તે હજી જોવાનું છે.

૧. આ વિટેમિન વગરના ખોરાક ઉપર રાખવામાં આવેલ ઉંદરડીઓ ગર્ભ ને ધારણ કરે છે ને થોડો કાળ સારી હાલતમાં રહે છે, પણ પછીથી એના શરીરની અંદર જ એ ગર્ભ પાકો લય પામી જતો હોય એવું બને છે અને વિટેમિન ઇ આપવામાં આવે કે એ સાધારણ માદાની માફક પ્રસવ કરી શકે છે. આ વિટેમિનને તેથી વન્ધ્યત્વ રોકનાર anti-sterlity વિટેમિન તરીકે ઓળખવામાં આવે છે. ઉંદરના શરીરમાં એનો ઘણોજ સંગ્રહ થઇ શકે છે એ અજબપણ જેવી લાક્ષણિક વાતનું અવલોકન થવાથી એના સંશોધનમાં હમણાં બહુ સરળતા થઇ છે.

આ સર્વ વિટેમિનો અમુક અમુક રોગોના નિવારક તરીકે ઓળખાયાં છે ને તો નામે પ્રખ્યાત થયાં છે, પરતુ તેથી આપણું લક્ષ એ રોગોની ઉપર જેટલું જાય તે કરતાં વધારે એ વિટેમિનો શરીરને જે જે ક્રિયાઓ વડે બળવો છે એ ક્રિયાઓની તરફ જવું જોઇએ. એ એક ખાસ સમજવા જેવી વાત છે કે વિટેમીનોની ન્યુનતાથી થતા રોગોનાં વર્ણનો વાંચી, આપણને એવો કોઇ ગંભીર રોગ થયો નથી માટે આપણો આહાર આ સૌ વિટેમિનની દ્રષ્ટિએ ખામીવાળો નથી પણ સંપૂર્ણ છે, એવું સ્વાભાવિક અનુમાન આપણે કરવા જેવીએ તો તે સાચું જ હોય; એમ નથી. રોગોના સંચાર, ખાસ કરીને આહારની ખામીથી ઉદભવતા રોગોના સંચાર, બહુ ધીમા હોય છે. તે હંમેશાં એકદમ પરખાઇ પણ જતા નથી. ક્ષારો તથા વિટેમિનોની ખામી રોજ થોડી થોડી વધતે વધતે પહેલ વહેલી તો પોષણશક્તિ – સ્વાંગ આરોગ્ય આદિના પાયાને ખોદવા માંડે છે, ઘણાં માણસોમાં જે કમજોરી, સ્ફુર્તિ તથા ચંચળતાની ખામી દેખાય આવે છે તે ઘણીવાર આહારનાં આવાં કોઇ અંગોની ખાસ કરીને વિટેમિનોની ન્યુનતાનું પરિણામ હોય છે. "જે જે શરીરમાં આરોગ્ય તથા શરીરનો વિકાસ જોઇએ તે કરતાં

જે લેાકેાએ ગ્રાહક થવું હોય
તેમણે
લવાજમ મેાકલી આપવું.
અને
ન થવુ હોય તેમણે પત્ર
લખી તેમ જણાવવું કે જેથી
વી. પી. ખર્ચ અમેાને માથે ન પડે.



આ માસિક રણછોડજી એમ. દેશાઇએ તીર્થદાજ પ્રીન્ટીંગ પ્રેસ (ખેતવાડી બેક રોડ, મુંબઇ નં. ૪)માં છાપી આર. રોંય એન્ડ કંપની માટે ૨૦૮-૨૧૦, ખેતવાડી મેઇન રોડ, મુંબઇ નં. ૪ એ ઠેકાણેથી પ્રગટ કર્યું છે.

દૂધ.

લેખક:—શ્રી. ડી. વી. વૈષ્ણવ, બી. એસ્સી. (ઓનર્સ)

માનવ જગતનું અમૃત તે દૂધ. ખોરાક તરીકે તે કેટલું ઉત્તમ છે તેનું વર્ણન કરવું અસ્થાનેજ ગણાય. કારણકે સારી આલમ એ વાતથી વાકેફ છે. સાજા કે માંદા માણસને પૂર્ણ શક્તિ આપતો દૂધનો ખોરાક ખરેખર સારાં પરીણામ લાવે છે. બચ્ચાંઓની ઉછેરમાં પણ દૂધ એક અણમુલું સ્થાન ભોગવે છે. તેમના શરીરનો બાંધો અને તેનું વધવું એ બધું દૂધનેજ આધારે છે.

મનુષ્યના ખોરાકમાં દૂધનું પ્રમાણ જેમ અને તેમ વધારે રહેવું જોઇએ. ચોખ્ખું, સારું, તાજું, દૂધ હોય તો બીજા ખોરાકની પણ ઘણી વખત જરૂર રહેતી નથી. દૂધ ઉપર રહેનારાઓને ખોરાકની જરૂર કદી પણ જણાતી નથી. પરંતુ દૂધ ચોખ્ખું અને તાજું હોવું જોઇએ, તેમાં કંઇપણ ગફલત થાય તો તેનાં ભયાનક પરીણામ આપણી જાણ બહાર નથી.

દૂધનો રંગ ઘણો ખરો ધોળો હોય છે પરંતુ કંઇક અંશે ગાયના દૂધનો રંગ મોનેરી પીળાશ પડતો પણ હોય છે. ચોખ્ખું દૂધ જે 'લીટમસ' (રાતો અને આસમાની) કાગળથી તપાસવામાં તો બન્ને જાતના કાગળ પર સ્હેજ અસર કરે છે. એટલે કે રાતો કાગળ આસમાની થાય છે અને આસમાની રાતો થઈ જાય છે. ચોખ્ખા દૂધની સુગંધ હંમેશાં સારી અને તાજી લાગે છે. રવાદમાં સ્હેજ મીઠું લાગે છે

દરેક પ્રાણીના દૂધમાં રહેલાં તત્વો એકજ જાતનાં હોય છે પરંતુ તેમના પ્રમાણમાં કંઇક અંશે તફાવત હોય છે. એ તત્વો નીચે પ્રમાણેના રૂપમાં હોય છે.

(૧) પાણી, (૨) ચરબી, (૩) પ્રોટીડસ (૪) ખાંડ, (૫) રાખ.

દૂધમાં પાણીની ભેળસેળનો પ્રચાર શહેરોમાં અને શહેર નજીકનાં ગામડાંઓમાં ઘણી વખત જોવામાં આવે છે. અને મ્યુનીસીપાલીટી તરફથી 'લેકટોમીટર' દ્વારા તપાસણી પણ ઘણી થાય છે અને ચાંપતો બંદોબસ્ત રખાય છે પરંતુ 'લેકટોમીટર'થી ઘણી વખત બરી વસ્તુસ્થીતી માલુમ પડતી નથી. પરંતુ દૂધના નમુનાનું પૃથક્કરણ થયા બાદ દૂધના 'આદર્શ' નમુના પ્રમાણેનાં તત્વોનાં પ્રમાણ સાથે તેની સરખામણી કરવાથી તુરત માલુમ પડી જશે કે દૂધ સારું છે કે ભેળવાળું છે.

ગ્રામજીવન સહકાર્ય અને ખેતી

લવાજમ રૂા. ૨-૦-૦

ગ્રામજીવન સહકાર્ય અને ખેતી કાર્યાલય

માંડવી, વડોદરા.

બચ્ચા કુચ્ચાની જંજાળમાંથી



મેળવવા લખો :—

રા. એમ. એચ. ખાન.

તાપીયા મેનશન, નવસારી, મુંબઈ.

ગાય અને ભેંસનું સારું, ચોખ્ખું, દૂધ નીચે પ્રમાણેનાં તત્વોનાં પ્રમાણ સહીત હોય છે.

	સ્પે. ગ્રેવીટી.	ચરબી શીવાયના તત્વો.	ચરબી	રાખ
		% ટકા	% ટકા	% ટકા
ગાયનું દૂધ	૧.૦૩૨	૮.૫	૫ ૦	૦.૭
ભેંસનું દૂધ	૧.૦૨૮	૯.૫	૭.૦	૦.૮


ઉપરના નમુના પ્રમાણે તો બજારનું દૂધ નહોય તો જરૂર સમજવું કે તેમા કોઇ ભેળ હોવાનો સભવ છે.


જુદી જુદી જાતનાં દૂધમાં આવતા તત્વોનાં પ્રમાણ :—

	ઈગ્લીશ ગાય	ભેંસ	હિન્દની ગાય	બકરી	ઘેરી	ગધેડી	મનુષ્ય
પાણી	૮૭.૧	૮૩	૮૬	૮૬	૭૯.૩	૯૦	૮૮.૨
ચરબી	૩.૯	૭ ૫	૫.૫	૪.૬	૮ ૭	૧.૩	૩ ૩
પ્રોટીડસ	૩ ૪	૪.૦	૩.૫	૪.૪	૬.૭	૧.૭	૧.૫
ખાડ	૪.૮	૪.૭	૪.૩	૪.૨	૪.૩	૬.૫	૬.૮
રાખ	૦.૭	૦ ૮	૦.૭	૦.૮	૧.૦	૦.૫	૦.૨

× શર્કરા ખુબ્રેની નોટ પરથી

USEFUL & SERVICEABLE.





No 8956 પોકેટ
નાઇફ, ચાનુ બ્લેડ અને ફુટની છાપ
ઉતારવા સ્પેશલ સગવડતાવાળું રૂા. ૨–૪

No 6317 જેન્ટસ ટ્રેસીંગ કેસ
બ્રશ, મીરર, સેટ બોટલ મોપકીસ કોમ્બ વી.
સાગીન લાઇન્ડ બોક્સમાં રૂા. ૬–૦

ઝવેરી બ્રધર્સ ની કું૦
ગીફ્ટસ સ્પેશીયાલીસ્ટસ.
૩૪૫ ૪૯, અબદુલરહેમાન સ્ટ્રીટ નોર્થ બ્લોક કાઇર્ડ માર્કેટ.
Telegram "GIFTS" Bombay, 3. Telephone 23523

ઝાડને ફળ વધુ લાવવાની રીત.

લેખક: શ્રી. મુલજી કાનજી.

ગામડાંઓમાં કુતરાં, ભેંસો મરી જાય છે ત્યારે તેના મૂડદાંઓને ગામડાંઓના પાધરમાં હરીજનો ફેંકી દે છે. આ જનવરોના મુદ્દાં પછી સડે છે અને તેની દુર્ગંધી વાતાવરણમાં ફેલાય છે તેથી ગામલોકોમાં રોગચાળો થાય છે. પણ જો ફળ બાગોના માલિકો હરીજનોને થોડા પૈસા આપી આ જનવરોનાં મુડદાંઓને પાધરમાં ફેંકી ન દેતાં ફળઝાડોની નીચે ખાડો ખોદી દાટી દેવાનું કહે તો બે રીતે લાભ થાય. ગામનું વાતાવરણ ગદુ થતું અટકે અને ઝાડોને ફળો ખુબ થાય.

ચકોતરા, નારંગી, મોસંબી, બીજોરાં અને લીબુના ઝાડોની નીચે તેના વેરાવાના પ્રમાણમાં ચારથી પાંચથી દસ ફુટ દુર બે ફુટ પહોળો બે ફુટ લાંબો અને ત્રણથી ચાર ફુટ ઉંડો ખાડો ખોદવો. આ ખાડામાં જનવરનું મુડદું નાખી ઉપર સારી રીતે જમીનની નીકળેલી માટી વડે ખાડો પુરી દેવો. દર વખત ઝાડની એકજ બાજુ જનવરનું મૂતદેહ ન દાટતાં ચારે બાજુ ફરતું દાટવું. દાખલા તરીકે એક વખત પુર્વ દીશામાં દાટવું તો બીજી વખત પશ્ચિમ દિશામાં દાટવું, ત્રીજી વખત દક્ષિણ દિશામાં તો ચોથી વખત ઉત્તર દિશામાં દાટવું. આવી રીતે ઝાડની બધી દિશામાં વારાફરતી દાટ વાથી ઝાડની સૌ દિશાની જમીન પોચી થાય છે, તેના મુળીઆને ખાડો ખોદતી વખતે હવા અને પ્રકાશ મળે છે તેથી ઝાડની બધી ડાળીઓ એક સરખી વધે છે અને ફાલે છે. જમીન પોચી થવાથી પાણી ઝાડની આસપાસ લાંબો વખત ભરાઇ ન રહેતા જમીનમાં તરત સોસાઇ જાય છે અને વધુ પાણી જમીનમાં ઉતરવાથી જમીનમાં બીનાશ પણ લાંબો વખત રહે છે. આમ જનવરોના મુડદાંઓનો ખાતર તરીકે ઝાડને પોચી જમીનનો, હવાનો અને પ્રકાશનો મુળીઆને પુષ્કળ લાભ થાય છે તેથી વધુ ફળો લાગે છે. આ અખતરો ફળઝાડોનાં માલિકોએ જરૂર અજમાવી જોવા જેવો છે.

(તંત્રીઓ સમત છે એમ માનવું નહિ.)

એશીઅન વીમાની પોલીસી ભવીષ્યની વ્યવસ્થાનું ઉત્તમ સાધન છે.

કુટુંબ માટે જોગવાઇ, નિવૃતિ-ચેતન, લગ્ન, કેળવણી ખેડુતની કરજ-મુક્તિ વગેરે માટે ઘણી આકર્ષક યોજનાઓ છે.

વીગત માટે મળો યા લખો:—

ધી એશીઅન એશ્યુરન્સ કું૦ લી૦.

એશીઅન બીલ્ડીંગ, ફ્લાડ એસ્ટેટ, મુંબઇ.

ખેડુત જીવન અને આદર્શ

લખનાર —શ્રી. અહેમ્બરભાઇ બાપુભાઇ પટેલ.

ખેડુતોનો મોટો ભાગ વનસ્પતિના પરિચય અને ઉછેરમાં વ્યતિત થાય છે, છતાંએ તેના જીવન વ્યવહારથી તે અજ્ઞાત હોય છે હરકોઇ સચેતન સૃષ્ટ પદાર્થની વૃધ્ધિ અને ઉન્નતતા જાણવા માટે તેના જીવનનો અભ્યાસ કરી અનુકુળ ગુણધર્મો વિકસિત કરી પ્રતિકુળ ગુણધર્મોનો ક્ષય થાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરી બેતને પહોંચી વળાય છે તેજ રીતે વનસ્પતિ સૃષ્ટિનો અભ્યાસ ખેડુતે કરવો જોઇએ તે અભ્યાસને અનુલક્ષી મુસાફરીમા દ્રિચક્રી રથનો આસ્વાદ અનુભવતા જગત આવતા તેનુ સ્થુલ દ્રષ્ટિએ નિરિક્ષણ કરતા કોઇ પણ જાણવાને તો કોઇ નિર્બળ તેનુ કારણ તપાસતા માલમ પડશે કે વૃક્ષની વૃધ્ધિ અને નિશાગતનો આધાર સુર્યના પ્રકાશને અનુલક્ષીને હોય છે હરકોઇ વૃક્ષના વચ્ચેનાં ડાળ સીધા આકાશ તરફ વૃધ્ધિ પામી ઉપરથી ફેલાય છે અને પાદર પણ ઉપરના ભાગમાં જ પુષ્કળ હોય છે તે ડાળાની પછીથી ઉત્પન્ન થએલ ડાળી–શાખાઓ સીધી ઉંચે ન વધતા બાજુ તરફ ફેલાય છે આ પ્રમાણે દરેક ડાળી–શાખા ઉપરની ડાળી–શાખા તરફ જતા બાજુ તરફ જઇ છેવટની ડાળીઓ–શાખાઓ તદ્ન ઝાડી વૃધ્ધિ પામે છે આ કૃતિથી એકદરે વૃક્ષનો દેખાવ અર્ધ ગોળાકાર દેખાય છે તેનુ કારણ માત્ર એ છે જે વનસ્પતિ ખોરાક જમીનમાંથી અપ પ્રમાણમા ક્ષારરૂપે પાણીમા થએલા દ્રાવણરૂપે મેળવે છે અને વધેલ ભાગ હવામાના કાર્બોનિક એસિડ –અંગાર વાયુ માંથી મેળવે છે અંગાર વાયુમાંનો કાર્બન વનસ્પતિને ઉપયોગી છે તે પાંદડાં મારફત મેળવી કાર્બોનિક એસિડ–અંગાર વાયુમા રહેલાવની મિશ્રકૃથી બહેરા ઓક્સિજનને છુટો પાડી પ્રાણીઓ માટે બહાર મોકલી અનહદ ઉપકાર કરે છે અને પ્રાણીઓના પ્રાણરૂપ પ્રાણવાયુ કે ઓક્સિજન વગર મહેનતે સર્વ સ્થળે જોઇતા પ્રમાણમા મળી રહે છે વનસ્પતિની ખામી થતી ન હોત તો હવામા કાર્બોનિક એસિડની વધિ થઇ જતા પ્રાણીમાત્રની હયાતી ન હોત અહો! જગકર્તા શી તારી કૃતિની ખામોશતા હવા માનો કાર્બોનિક એસિડ–અંગારવાયુ પાદડામાના પ્રાણીના પિંડોમા સુર્યના પ્રકાશ દ્વારા તેના પર પડે છે કે ઓગળે છે અને પછી લોહી પિંડો મારફત તે બેચામલીના જોઇ કે પિંડો વડે કાર્બન ખુબ પડી ખોરાક તૈયાર કરવાના કામમા વપરાય છે તે કાર્બન અને મુળ મારફતે પાણીના દ્રવણમા ભળેલા ક્ષારોના મિશ્રણથી મુરબ્બા મઠજ અને જીવનરસ વગેરે તૈયાર થાય છે આ પદાર્થો ઉત્પન્ન કરનાર વનસ્પતિના પાંદડા એ એ મરખાના છે અને તે સુર્યોદયથી સુર્યાસ્ત સુધી ચાલે છે આ તૈયાર થએલો પદાર્થ તેજ વનસ્પતિની વૃધ્ધિ અને મજબુતાઇના આધારરૂપ છે અને તે સુર્યના પ્રકાશ વડેજ ઉત્પન થાય છે માટે વનસ્પતિ સુર્યનો પ્રકાશ મેળવવા માટે પોતાની શાખાઓ પ્રકાશ વધુ મળે તે પ્રમાણે ગોઠવે છે જેના પરિણામે મોટા વૃક્ષોનો આકાર અર્ધગોળાકાર હોય છે અને પાંદડા પણ શાખાઓના અમુક ભાગે પુંજમા હોય છે આવી વૃધ્ધિ પામેલા વૃક્ષો નીચેના વૃક્ષો પ્રકાશ પ્રાપ્ત થવા દેતા નથી તેથી તેઓ મરવા વાંકજ જીવે છે.

તેમનાં પાદડાં જોઇએ તેવું કામ કરી શકતાં ન હોવાથી તેમનામાં નબળાઇ આવે છે અને છેવટે ક્ષય થાય છે. જેમ કોઇ માણસનું જાદર ખોરાક બરાબર ચાવ્યા વગરનો અને લાળ પિત્તોમાંથી લાળ ભળ્યા વગરનો મળવાથી બરોબર કામ કરી શકતું ન હોવાથી જાદર નબળું બની અપચો ઉત્પન્ન થઇ હરતરો રોગ ઉભા થઇ છેવટે સ્મશાનનો માર્ગ પકડે છે પણ જાણકાર વૈદ્ય ડોકટર કે કોઇ વ્યકિત તે મુજબ સુધારી જાદરને બળવાન બનાવી ખોરાક પચી શકે તેવી સ્થિતિ ઉત્પન્ન કરે તો તે હટ્ટપુષ્ટ બને છે અને જીવન લંબાય છે. આ કામ શરીર યંત્રનો અંગોનું કામ અને તેમાં વિક્ષેપ પડવાનાં કારણો સમજ્યા સિવાય બને તેમ નથી. તે જ્ઞાનવડેજ વૈદ્યો અને ડોકટરો પુજાય છે અને પોતાની આજીવિકા સુલભ કરી આનંદ અનુભવે છે. તેવીજ રીતે ખેડુને વનસ્પતિના અંગોના કામ અને વિક્ષેપ પડવાનાં કારણો સમજી ઉપયોગી વનસ્પતિને અનુકુળતા કરી આપવી તે તેની ફરજ છે. અને તે વડેજ તે પોતાની આજીવિકા સુલભ કરી આનંદ અનુભવે છે. એ જ્ઞાન માટેજ ખેતી શિક્ષણની જરૂર છે. પણ ખેડુતોનાં નાણાં લોકલફંડ, જમીન મહેસુલ અને બીજી રીતે એકઠાં થઇ તેમાંથી અલ્પાંશ કેળવણી પાછળ ખર્ચાય છે તે પણ ખેડુતને બીનઉપયોગી શિક્ષણ પાછળ હોવાથી, તેથી ખેડુતની માનસિક શકિત બીજે છે પણ તેના ધંધાને ઉપયોગી જ્ઞાન તો મળતુંજ નથી. આપણે આગળ જોઇ ગયા કે આ બધો વહીવટ ખેડુતોના પ્રતિનિધિઓજ કરે છે. છતાં તેઓ ઉપર ખેડુતો નથી કરી શકતા કારણ કે ખેડુતોની નથી પડી તેમના પ્રતિનિધિઓને. ફકત પોતાને મળતાં માન અને સુખ સાધનની પડી છે. અજ્ઞાન ખેડુત પોતાનાં નાણાંનો શો ઉપયોગ થાય છે અને તેનો દુર્વ્યય થતાં કેમ અટકાવવો તે જાણતાજ નથી. તે માટે રાજ્યમ વહીવટના જ્ઞાનની જરૂર છે. ધારાસભાઓ, લોકલબોર્ડો, મ્યુનિસિપાલીટીઓ વગેરે શું છે; તેમનાં કામ શું છે, તેમાં તેમના પ્રતિનિધિઓનું સ્થાન કેવું છે, તેઓ શું કરી શકે તેમ છે, પોતાને અનુકુળ પરિસ્થિતિ ઉત્પન્ન કરવા માટે ખેડુતે શું કરવું ? તે જાણવાની જરૂર છે.

વનસ્પતિનાં પાંદડાં એ ખોરાક તૈયાર કરવાનું કારખાનું છે અને તેનો સંચાલક સૂર્ય છે. તે બરાબર સમજ્યા પછી ખેડુત પોતાનાં તુલોના છોડ વચ્ચે કેટલું અંતર રાખવું, તુલને છાયા આપી નુકસાન કરનાર વૃક્ષો માટે શું કરવું, પાંદડાં કેટલાં ઉપયોગી છે, તેની વૃદ્ધિ અને મજબુતાઇ માટે શું કરવું, પાનને નુકસાન થતું અટકાવવા કેટલી કાળજી રાખવી ? વગેરે હકીકત આપોઆપ સમજી તેને અનુકુળતા કરી આપી સરામાં સારો લાભ મેળવશે. કેટલાક અજ્ઞાન ખેડુતો દીવેલાના પાકમાંથી દીવેલાનાં લીલાં પાંદડાં ખેતી ઉપયોગી પશુના ખોરાક માટે પોતેજ વીણી-ચુંટી લાવે છે અને પાકને કેટલું નુકસાન થાય છે તેનો ખ્યાલ તેમને સ્વપ્ને પણ આવતો નથી. પ્રકાશ અને પાંદડાંનો સંબંધ સમજતાં ઇશ્વરી રચનાનો ખ્યાલ છોડનું અવલોકન કરતાં સુંદર રીતે જણાઇ આવે છે. કોઇ છોડનાં પાન સામ સામે, તો કોઇનાં ચક્રાકારે તો કોઇનાં એકાંતરે તેનું કારણ તપાસતાં જણાશે કે ઉપલા પાંદડાંનો છાંયડો નીચલા પાનને નડી કામ કરતાં ન અટકાવે તે માટે ઇશ્વરી રચના છે.

જરાયત ને બાગાયતના પુસ્તકો

ગુજરાતી.

૧ પૃથક્કરણનું પુસ્તક	૦-૪-૦	૧૦ કપાસ	૧-૦-૦
૨ ખેતીવાડી પાઠમાળા ભાગ ૧ લો.	૧-૪-૦	૧૧ ,, ૨ ભાગ	૧-૪-૦
૩ ,, ભાગ ૨ જો	૦-૧૨-૦	૧૨ ફળવાડીની બીલવણી	૦-૧૨-૦
૪ રેવન્યું અને ખેતીવાડીની આબાદી	૧-૦-૦	૧૩ ગૌસંવર્ધન	૨-૦-૦
૫ ખેતીના ધંધામાંથી પૈસા કમાવવાની કુંચી	૧-૮-૦	૧૪ ઢોરોનો વૈદ્ય	૧-૦-૦
૬ ગાય-બૈંસ-ઘોડા ઉછેરવાની રીત	૧-૮-૦	૧૫ દ્રાક્ષનું વાવેતર	૦-૧૦-૦
૭ હિન્દની જરાયત ખેતી	૨-૦-૦	૧૬ વનસ્પતિની વાતો	૦-૬-૦
૮ બગીચાનું પુસ્તક	૨-૮-૦	૧૭ ગુજરાતનો ફુલબાગ	૦-૮-૦
૯ માળીનો ભોમીઓ	૨-૦-૦	૧૮ ગુજરાતનો ફળ બાગ	૧-૮-૦

હિન્દી.

૧ કૃષિ-કૌમુદી	૧-૪-૦
૨ ભારતીય કૃષિવિકાસ	૨-૪-૦
૩ ખાદ	૧-૪-૦
૪ ખાદનો ઉપયોગ	૦-૧૫-૦
૫ ઘરચા બાગવાન	૦-૮-૦
૬ કીસાનની કામધેનું	૦-૬-૦
૭ કૃષિ-મિત્ર	૦-૫-૦

મરાઠી.

૧ અમચી શેતી	૩-૦-૦
૨ ખેતી સંબંધી ઉપયોગી માહિતી	૩-૦-૦
૩ કૃષિ-શાસ્ત્ર	૦-૧૦-૦
૪ કોબીની લાગવડ	૦-૬-૦
૫ કોબી ફ્લાવરની લાગવડ	૦-૬-૦
૬ પામેટાની લાગવડ	૦-૮-૦
૭ શાકભાજીના મેળા	૧-૦-૦

આર. રૉય એન્ડ કું૦

પબ્લિશર્સ

અને

કમીશન એજન્ટ્સ.

૨૦૮-૧૦, ખેતવાડી મેઇનરોડ, મુંબઇ; ૪.

(ધરતીને ખોળે પાના ૧૧ થી ચાલુ)

નરીમાનને પણ શંકાને કારણે રહ્યું જ નહિ, "હા જરૂર એ દરમ્યાન જ કોઇ આવીને પૈસા લઇ ગયો હશે. પેલો ગાડીવાળો તો ન હોય ! તેને પૈસા આપતી વખતે મેં ચાંપ બહાર કાઢી હતી અને નોટ પણ કદાચ હાથમાં કાઢી હોય એમ બનવાજોગ છે. ચોકકસ એજ બદમાશ ઓટલામાં છુપાઇને પૈસા ઉપાડી ગયો હશે. એણે ગાડીભાડાંના બાર આના માગ્યા તેને બદલે મેં ધમકાવીને માત્ર આઠ આનાજ આપ્યા હતા. આજકાલ 'વ્યવહાર'માં કોઇમાં સચ્ચાઇનું નામજ નથી. આ આપણા ઇન્ડીઅન લોકો વેપાર કરી જાણે ખરા પણ એક વસ્તુના ચાર વખત ભાવ કરવા પડે, સરું છે કે રેલ્વે અને પોસ્ટવાળાએ નકિક ભાવ રાખ્યા છે." અભ્યાસનો વખત થવાથી બન્ને મીત્રો "ગુડ નાઇટ" કહી છુટા પડયા. નરીમાન વ્યવહાર વિવેક (formality)નો પુજારી હતો, ધીરૂ સંગવડ પ્રમાણે વ્યવહાર વિવેકી બનતો. આ બન્ને મિત્રો જાણે પુર્વ અને પશ્ચિમનો સંગમ જોવા ગણાય. નરીમાન પોતાની રહેણીકરણી, પહેરવેશ વગેરેમાં સંપુર્ણ પાશ્ચાત્ય ઢબ સ્વિકારતો. એમાં ઘણી જગાએ ઉણપ આવતી તે એને સાલતી. ધીરૂ સાદાઇ તરફ વળતો. પોતાની જરૂરીઆત અને એટલી ઓછી કરી સ્વચ્છતા અને સાદાઇનો મેળ રાખતો. નરીમાનમાં સ્વચ્છતા તો હતીજ પરંતુ તેમાંયે અતિરેક. બાથી વખતે પ્રત્યેક વેળા પોતાના હાથ સાબુથી ધોઇ તદન સ્વચ્છ રૂમાલ વડે લુછવા ચુકતો નહિ. ધીરૂ વળી એમને એમ હાથ ધોઇ ચલાવી લેતો. પહેરવેશ અને રહેણીકરણી વગેરે માટે બન્નેમાં ઘણો વિખવાદ થતો. નરીમાન માનતો કે જીવનની રહેણીકરણી ઉચ્ચ રાખવામાંજ શ્રેય છે. જેમ માણસ જરૂરીઆત વધારે તેમ તેને જીવન નિર્વાહ મેળવવાના બીજા પ્રયત્નો કરવાની ફરજ પડે છે. ગાંધીવાદમાં માની માત્ર લંગોટ પહેરી જીવન નભાવવાની વૃત્તિ એને હાસ્યાસ્પદ લાગતી. નરીમાનના હૃદયમાં હિંદના ખેડુતો પ્રત્યે પ્રેમ હતો, અને એ પ્રેમની દૃષ્ટિએજ એમની ત્રુટીઓ તરફ નિર્દેશ કરતો. એના ગામમાં ગમે તેવો કંગાળ હોય તેનો એ કદિ ઉપહાસ ન કરતો. કટકીયેવાર ગામના એના પિતાના મિત્ર ખેડુતોને ઘરે જઇ એ તેમના સુખદુઃખની વાત સાંભળતો. એ સાથે તેમને કટકીક વાર કડવાં વચન પણ કહેતો. તેમના ઘરમાં સ્વચ્છતાનો અભાવ પ્રત્યે એને ઘણી સુગ હતી. આથીજ બને ત્યાં સુધી એ તેમના ઘરમાં દાખલ ન થતાં બહાર ઓરસી ઉપર બેસીને ગપ્પા મારતો. ધીરૂ પણ આ સર્વ સમજતો ખરો પરંતુ એની વિચારશ્રેણી કંઇક જુદી હતી. ધીરૂ માનતો કે સ્વચ્છતા, પ્રગતિ અને સંસ્કૃતિ સર્વ કેળવણીથી મળે છે. આધુનીક જન સમાજમાંથી નામના ૮ થી ૧૦ ટકા વર્ગને જે કહેવાતી કેળવણી મળે છે એથી એનો જીવ રૂંધાતો. કેળવણી–આદર્શ કેળવણી કોને કહેવી એ વિષે એના વિચારો બહુજ ઘડાયા હતા. અક્ષરજ્ઞાન કે ગણીતજ્ઞાન આપવા આજની ગામડાંની શાળાઓમાં સાત વર્ષ ગાળતા વિદ્યાર્થી પ્રત્યે એને દયા ઉપજતી. એ સાત વર્ષમાં ખેતી પ્રધાન દેશની ખેતી વિષે સહેજ પણ માહિતી છોકરાને ન મળતી તેથી એને આશ્ચર્ય લાગતું. ખેતીનો ઉત્કર્ષમાં એ દેશનો ઉત્કર્ષ માનતો. આ વિચારો છેક

(વધુ માટે જુઓ પાનું ૨૮ મું)

(ધરતીને ખેળે પાના ૨૫ થી ચાલુ)

હાઇસ્કુલના શરૂઆતના વર્ષથી એને આવતા, અને એ અભિલાષાને ભવિષ્યમાં કોઇ માર્ગે અનુરૂપ થઇ પ્રગતિ કરાવવાને પોતે કંઇક ભાગ ભજવે તો ઠીક એવી ઉત્કંઠા એને હતી. એ ઉત્કંઠાથીજ એણે ખેતીવાડી કોલેજનો આશરો લીધો. સ્વચ્છતા, રહેણીકરણી વગેરે સર્વ સુધારવા માટે મુળમાંથી પ્રયત્નો થાય તોજ ફળ મળે એમ એ માનતો. પ્રત્યેક મનુષ્યને પોતાની જવાબદારી અને બહારના જગતની પ્રગતિ સમજતો કરવો એમાં ખરી કેળવણી સમાયેલી છે, એમ એ માનતો. કેળવણી ! કેળવણી ! એજ શબ્દોથી એના હૃદયના ઉંડાણમાં વારંવાર પ્રતિધ્વની ઉઠતા. જો પોતે કેળવણીનો પ્રધાન થાય તો શું કરવું એ પણ એણે વિચારી રાખ્યું હતું. પરંતુ કેટલીક વાર એને નિરાશા ઉપજતી. હિંદુસ્તાનના વિશાળ ભુમિપટ ઉપર રહેલા અનેક દુર સુદુર ગામડામા વ્યાપી રહેલી અંધશ્રધ્ધા, અજ્ઞાનતા અને દારીદ્રતા એના હૃદયને કેટલીયે ભયંકરે દુ:ખ ઉત્પન્ન કરાવતાં. બહારની દુનીઆની પ્રવૃત્તિ, પ્રગતિ અને જીવનનો આનંદ એ લોકોમાં નહતો. ખેડુતો સવારથી સાંજ સુધી પરિશ્રમ કરીને અંતે પોતાના દુ:ખના રોદણાં રળતાં જોતો ત્યારે એને પ્રશ્ન થતો કે "શું ખેતીમાં હિંદનો ઉદ્ધાર નથી ?" હજી યે એ પ્રશ્ન ઉપર ચોક્કસ નિર્ણીત થયો નહોતો એમ છતાં એ માનતો કે ખેતીની સાથે યોગ્ય ગ્રામ્ય ઉદ્યોગોનો મેળ કરવામાં આવે તો જરૂર ખેડુતોને પરિશ્રમનો બદલો મળે. ખેતીના પણ અનેક આર્થીદૃષ્ટિએ લાભ મળે એવા ધંધા તરફ ખેડુતનું દુર્લક્ષ્ય હતું. એવા અનેક ગ્રામ્યજીવનના પ્રશ્નો એના મગજમાં સતત ઘુમ્યા કરતા. પ્રશ્નોના નિરાકરણમાં કયાં બળો વાપરી શકાય વગેરેનો કાળજીથી અભ્યાસ કરતો. ખેડુતના વિચારો, કેળવાએલાના વિચારો, અને બીજા સાધારણ માણસોના વિચારોમાં પણ કાંઇ ગ્રહણ કરવા જેવું હોય એ ગ્રહણ કરવા પ્રયત્ન કરતો. એના વિચારો અને આદર્શને નોધી એક નાનો સરખો ગ્રંથ એણે બનાવ્યો હતો. ખેતીની સાથે ખેડુતની સામાજીક અને ધાર્મીક જરૂરીઆત, તેમાં રહેલી બદી વગેરે પણ એને મને બહુ અર્થસૂચક પ્રશ્નો હતા. ખેડુતોની પડતી દશાનું કંઇક કારણ સામાજીક રીવાજો અને ધાર્મીક અંધશ્રદ્ધા પણ હતું. નરીમાન તો દરેક ઓળખીતા ખેડુતને આ બાબતમાં ઘણા કડવા સુત્રો સંભળાવતો. લગ્ન અને જ્ઞાતીવરાની અનુરૂપના વિષે એ ઘણીવાર બોલતે. ધીરૂને પણ જ્ઞાતીવરા પ્રત્યે અણગમો હતો, છતાં નરીમાન અને ધીરૂ બન્નેને એમ લાગતું જ્ઞાતીવરા એ ઘણીવાર ખેડુતોને આનંદના અમૂલા અવસરો હતા. અને એવા અવસરો ઉજવવાનું ખેડુતના કલુષિત અને કઠીન જીવનમાં તદ્દન આવશ્યક છે. માત્ર મરણની પાછળ થતા જ્ઞાતિવરાની બન્નેને ઘણી સુગ હતી બન્ને મિત્રો આવા અનેક પ્રશ્નના ચિંતન અને વાદવિવાદમાં ઘણોય સમય ગુજારતા એ બન્ને મિત્રોની રીતભાત વગેરે પધ્ધતિમાં ફેર હોવાં છતાં બન્નેને વિચારશ્રેણીમાં ઘણુ સામ્ય હતું. બન્નેના હૃદયોમાં એકજ ઉર્મી હતી. ખેડુતોનું શ્રેય અને ખેતીનો ઉદ્ધાર એમને મને હિંદનો નાલુક પ્રશ્ન હતો. એના ચિંતન અને ઉત્કર્ષને માટે જીવન ગુજારવાનો બન્ને મિત્રોએ નિશ્ચય કર્યો હતો.

(અપૂર્ણ)

(ગુજરાતકા ફલબાગ: પાના ૨૭ થી ચાલુ)

પુંદી ઉસકી ભીતર અપના કંખ પ્રવેશ કરાકર અપને નહીં રખ સકતી હય, વહ મેરે અનુભવસિદ્ધ હય.

કલમી મેરકા બાગ્ધર બહુત મંદ હો ગયા હો તબ દુસરા રાસ્તા વહ હય કિ પેડ ઉપર ફલોંકા પકને દેં. નીચે ગીર પડે તબ બીન લેં ઔર ધુપમેં સુખને દેં. ઇતના કરતેં જિતને નિરોગી મેર દિખાઇ પડે ઉનકા અલગ કર ચુના દેનેસે જો જીવજન્તુ હોંગે વે નષ્ટ હો જાવેંગે. ઐસે મેરકા મુખ્ય બાગ્ધરમેં અચ્છા મીલતા હય. ઇતનાહી નહીં કિન્તુ આફ્રિકા આદિ દેશોમેભી અચ્છા મુલ્ય મિલતા હય. કરાંચી બંદરસે પ્રત્યેક સાલ સુખે મેર પરદેશ રવાને જાતે હય.

ઉપરોકત દો તરકીબોંકા ઉપયોગ ન હોતા હો તભી બાગ નિકાલ લેનેકે પહલે વૃક્ષોંપર લાખ કે જન્તુ ચઢાકર લાખકી પૈદાયશ કરનેકા સહજ રાસ્તા હય. જિસ સ્ટેટ યા સંસ્થાનોમેં લાખ ચઢાનેકી મનાઇ ન હો વહાં લાખ અવશ્ય ચઢાની ચાહીએ.

લાખકે છોટે બચ્ચે બરસાતકે પ્રારંભમેં અપડોમેંસે બહાર આતે હય ઔર ઉસ સમય મેરકે નયે પૌધેભી તય્યાર હોતે હય. ઇસસે લાખકે જન્તુ ચઢાનેકે લિયે યહહી મોસમ અનુકૂલ હય.

બચ્ચે હો અયસી લાખકી ટહનીએં ફલભી મેરકે પેડોંકે ઉપર બાંધની ચાહિએ. ઇસ પ્રકાર ઇનકા બાંધના કી અપડોમેંસે નિકલતે બચ્ચે સીધે નયી ડાલીયોં પર નિર્વાહ શુરૂ કર દેંવે. બાદ દુસરે મોસમમેંભી વચ્ચે પયદા હોતે હય, મગર વહ સમય મેરિયોંકા આરામકા હોતા હય. અતઃ ઉસ મોસમમેં તજવીજ નહીં કરતાં. મઇ મહીનેમેં તય્યાર હુઇ લાખકી ડાલીએં કટકી કરની. ઇસસે ઉસ સમય મેરકે પેડોંકી છંટની કરનેકી હોતી હય. વહ ક્રિયાની સાથહી હો જાતી હય. બીજકે મુતાબિક જિતની લાખ હરએક પેડકે ઉપર છોડ રખની ચાહિએ.

ઇસ પ્રકારસે બગીચેકી પૈદાવાર કુછ અંશોમેં ટિકાઇ જા સકતી હય.

(ક્રમશઃ)

પાછલી જીંદગીનું ઉ-તમ સાધનઃ

શ્રી લાઈફની પોલીસી

લખો :-

શ્રી લાઇફ એસ્યુરન્સ કાં. લી.

ફોર્ટ ચેમ્બર, ૬-૧૦ હીન લેઇન

મુંબઇ—૧.

૧	૧	અનુક્રમ નંબર
બેરી	૨	ફલઝાડના નામ
રેમીનરી	૩	પેડમ વર્ગ
કુલ ૧૮ જાતો હય	૪	બોને લાયક જાતે
દુમટ, મટિયાર, દુમટ ઓર અનુઆ	૫	લાયક જમીન
પન્દ્રહ ફીટ	૬	બેગ્રે દો પેડ બીચકા અતર
૧૨૦	૭	એક બીઘેમેં બેરકે પેડકી સંખ્યા
બીજ બોને બાદ તીન સાલગે ઓર કલમ લગાને કે બાદ દૂસરી સાલગે	૮	ફલ લગાનેકી મુદત
બીજ બોનેમે ઓર કલમ લગાનેમે	૯	બોઅની કે પ્રકાર
આષાઢ, સાવન, (જુન–જુલાઇ)	૧૦	બીજ બોનેકા મોસમ
આષાઢ, સાવન, (જુન–જુલાઇ) એક સાવકે પૌધે હોનેકે બાદમેં	૧૧	પૌધ લગાનેકા મોસમ
નિચાઇ કરના જરૂરી નહી હય.	૧૨	નિચાઇ કિસ ઢંગસે ઓર કિતને સમયપર કી જાની હય ?
પૌધ લગાને પહલે બગીચેમેં તય્યાર કિયે ગએ ગડ્ઢોમે નિમ્ન પરિમાણમે ખાદ્ય દેની ચાહિએ (૧) હડ્ડીકા ચુરા ૧૦ શેર. (૩) અડ્ડીકી ખતી ૨। શેર (૨) નિમક ૧।। શેર (૪) સુખા થોર ૨૦ શેર	૧૩	ખાદકે પ્રકાર ઓર હરએક પેડકો કિતની દેની ચાહીએ ?
વૈશાખ, જેષ્ઠ યાની મઇ માસમેં સુખી ડાલીએં કાટ ડાલની ઓર ગત મોસમકી ડાલીએં જિનમેં ફલ આ ગએ હોં ઉનકા આગલા હિસ્સા કાટના ચાહીએ.	૧૪	ફલ લાનેકે લિયે પેડકી ડાલિયોંકી કાટ છાટ
વૈશાખ, જેષ્ઠ માસમેં પેડકે આસપાસકી જમીન કુદાલીસે ખોદ કર નર્મ કરની ઓર જડોકા ખુલ્લી કરની. સુખી, મરી હુઇ ઓર રેશેદાર છોટી જડોકા કેંચીસે કાટ દેની ચાહીએ.	૧૫	ફલ લાનેકે લીયે પેડકી તૈયારી: જડે ખુલ્લી કરની ઓર ઉનકી છંટની કરની
દો સપ્તાહમે એક માસ તક.	૧૬	આરામકી મુદત
આષાઢ, (જુન–જુલાઇ.)	૧૭	ફુલ આનેકી મોસમ

ફેબ્રુઆરી ૧૯૩૭

વૈશાખ, જેષ્ઠ (એપ્રીલ–મે)
ફલકા સડન, સફેદ કીડા, લાલ કીડા, વંદા દાક્ષકા રોગ, ઔર લાખ કે જન્તુ વગૈરેકા.
માર્ગશીર્ષ, પોષ (ડીસેમ્બર–જનવરી)
પ્રતિપેડ, કરીબ એક રૂપયા યા આધા મન ફલ
હરેક ગટેકે એક આના પ્રતિ ૧૨૦ રૂપૈયા
પ્રાથમિક ખર્ચ.....૩. ૭॥
બાદ હર ગટે પ્રતિ આઠ આના મુતાબિક ૩. ૧૦)

આઠ સાલકા ખર્ચ ૩ ૬૭॥
પ્રાથમિક ખર્ચ.....૩. ૭॥
ઘેરેકા ખર્ચ.....૩. ૫
દેખભાલ.....૩ ૩૬

---

૩૧ ૪૮॥
ખર્ચ હર સાલકા.....૧૫૦
પૈદાવારી પ્રથમ સાલકી..... ૨૫
,, દુસરી સાલકી.....૧૦૦
,, ૪ સે ૮ સાલ તક...૨૦૦

૧૮ આરામ દેનેકા મોસમ

૧૯ પેડ કે વાનસ્પતિક આદિ રોગ

૨૦ ફલ પકનેકા મોસમ

૨૧ પેડકે ફલોકી પૈદાવારી

૨૨ ઇસ પેડકા બગીચા કરતે હરેક બીઘાકા પ્રાથમિક ખર્ચ

૨૩ ફલ આને તકકા ખર્ચ

૨૪ ફલ આને લગે ઉસકે બાદમેં હરેક બીઘાકા ખર્ચ ઔર પૈદાવાર

૨૫ ફલ કિતની સાલ તક આતે હય.

૨૬ પેડકા ફલ દેનેકી મુદત ખત્મ હો જાવે તબપિ આમદની કિસ તરહ જારી રખની ચાહિએ ?

૨૭ ઇસ ફલ વૃક્ષકી જારી અવસ્થામેં કિસ કિસમ કે સુધારે હો શકતે હય ?

૨૮ ઇસ પેડકા બગીચા કરના એકંદર ફાયદા-કારિક હય યા નહિ ?

૨૯ ફલકા બાજાર ભાવ અચ્છા ન હો તબ ફલકી કયા વ્યવસ્થા કરની ચાહિએ ?


બગીચેમેં બેરકે પેડ લગાનેકે બાદમેં પાંચ સાલ પર દો પેડોંકે બીચમેં નયે પૌધે લગાના ચાહીએ.

ભિન્ન ભિન્ન અચ્છી જાતોંકા આંખ ચઢાનેસે ફલકા સ્વાદ, આકાર ઔર પૈદાવારીમેં ઠીક ઠીક સુધાર હો સકતા હૈ.

જહાં પાનીકા સાધન ન હો, જમીં અમડ ખાબડ હો ઔર દુસરે ફલકે પેડ ઉસકી નજદીક ઉગ્ર ન શકતે હો વહાં ઇસ વૃક્ષકી બોઅની લાભ–પ્રદ હય. ખેતકે ઘેર પર જો પુરાને વૃક્ષ હોવે ઉનકો કાટ ડાલના. કાટે હુએ તનોંમેંસે જો નયે પૌધે નિકલેંગે વે બઢીયા કિસમકે બેર ઉત્પન્ન કરતે હય.

બેરકા બિલ્કુલ પકવ સ્થિતિમેં તોડકર સુખા દેનેસે બેર બિગડતે નહીં. નિમકકે પાનીમેં બેરકા ૨૪ ઘંટે રખનેસે ઔર પીછે સુખાનેસે ફલ બહુત સમય તક અચ્છા રહતે હય.

મેરકે બગીચેકા નકશા



નકશેકી સમજોતી,

યહ નકશા એક બીઘેકા હય
ઉત્તર–દક્ષિણ ચૌડાઇ ૧૨૦ ફીટ હય.
પૂર્વ–પશ્ચિમ લંબાઇ ૨૪૦ ફીટ હય.
મેરકા પ્રત્યેક પેડ પન્દ્રહ ફીટ દુરી પર હય. ઔર ઉસકી નિશાની * હય.
અણ્ડીકી વૃક્ષોકે બીચમેંકા અંતર ૬ ફીટ હય, ઔર ઉનકી નિશાની × હય.
દક્ષિણ ઔર પશ્ચિમ દિશાસે હવાકા રોકનેકે લિયે, ઔર કલમી મેરિયોંકા બચ્ચા-દેનેકે લિયે બાવલકે વૃક્ષે બોને, ઉનકી નિશાની × હય
મેરકે પેડોંકા આપ લગાને બાદમે તીન સાલમે અણ્ડીકે વૃક્ષ નિકાલ દેનેં.
કલમ ચઢાનેકે બાદ પાચ સાલસે મેરકે દો પેડોંકે બીચમે મેરકે નયે પૌધે લગાને.
એક બીઘામેં ઉપર કે હિસાબમે નીચે અનુસાર વૃક્ષ આવેંગે —

મેરકે પેડ	...	...	... ૧૨૦
અણ્ડીકે વૃક્ષ	...	...	.. ૬૪૫
બાવલકે પેડ	...	...	... ૬૬

[ક્રમશઃ]

ઇસ્ટ એન્ડ વેસ્ટ
ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડ.
[સ્થાપના ૧૯૧૩]
(હેડ ઓફીસઃ–ઇસ્ટ એન્ડ વેસ્ટ બીલ્ડીંગ, ફોર્ટ, મુંબઇ)
લાગવગવાળા અને પ્રમાણીક એજન્ટોને નફાકારક શરતો મળે છે
જિંદગીના વિમાની
સધ્ધર સ્વદેશી કંપની

લવાજમ : રૂા. ૨-૮-૦ પરદેશ ૧૦ શિલીંગ
જાહેર સંસ્થા રૂા. ૨-૦-૦ છૂટક ચાર આના



ગીસાન

પુસ્તક પહેલું માર્ચ
અંક નવમો ૧૯૩૭

૫૩૨૮

મેહસુલ-આકારની આંકણી.

આ વરસે સમાચાર મળ્યા છે કે ખેડુતો જલદી મહેસુલ ભરે તે માટે અમુક ખાતેદારો પાસેથી મહેસુલ વસુલ કર્યા સિવાય મહેસુલ-વસુલાતની પહોંચો ફાડવામાં આવે છે જેથી અમુકે મહેસુલ ભર્યું તો આપવુંયે ભર્યા વિના છુટકો નથી જ થવાનો એમ સમજી ખેડુતો ગભરાઇ ચીજવસ્તુના ન કરવાના સોદા કરી નાણાંની ગોઠવણ કરવા પ્રેરાય !

હમણાં હમણાં કુદરતની જેમ જેમ આફતો આવતી ગઇ તેમ તેમ મને કમને સરકારને આફતની વાત કબુલી મહેસુલ-વસુલાતમાં રાહત આપીએ છીએ.એવું દેખાડવું પડ્યું; તેની સાથે સાથે સરેરાશ આની ઉંચી આવે તેવા રસ્તા ખોળવામાં આવ્યા જણાય છે. કારણ કે ઋતુના કારણે ખેડાયેલી જમીનો પડતર રહે તેની આની શુંન્ય મુકાતી તેથી સરેરાશ આની ઓછી ઉતરતી અને તેને લીધે મહેસુલ-વસુલાતમાં રાહત મળતી તે હવે પડતર જમીનમાં ઘાસ ઉગ્યું અને ઢોરોએ તે ખાધું વગેરે કારણો દર્શાવી પડતર જમીનના ઘાસની આનીઓ મૂકવામાં આવે છે.

મને વહાલાં ગામો

(શિખરિણિ)

મને વ્હાલાં ગામો કુદરત જણ્યાં શાંત મીઠાં
ભલે છે બિખારી પણ ગુપ્ત-ધને નિર્ભર ભર્યાં
ઉઠેરેલાં પેલાં નગર નયુણાં છે કૃત્રિમ
ન તાર્યાં ને માર્યાં જગત થકી રાખ્યાં જ અતડાં
શિખાણી કંડી કાતિબ જખમ શી ગામ જ ખમે
ખમે ઉનાળાનો બળત તડકો ધોમ ધખતો
અને ચોમાસામાં અપટર્ન જર્ક ઝેજ તખતો સ્વાર્પણ તણો
દીએ છે એ રીતે પકવી અન્ન આલમ જમે
તમે ઓશિઆળા ઉન્નત મુખ રાખી નવ શકો
તમે એનાં ઋણી તુચ્છનીવ કલામો વદી શકો?
તમોને એ ફાવે! તમ જીવન તો. સસ્કૃતિ ઘડવાં!
સુધારો-ઉધારો નહિં જ ચુંથશો એ શબ્દ પડ્યા.

ઉઠશે એ ભૂત કે રહેશે કુદરત કદા
નથી જીવવાનો આરો રહેવાનો તદા

—પીરૂ ભદેલીકર

સરગવાના બીનું તેલ

લેખક : શ્રી. મુલજી કાનજી

સરગવાનાં ઝાડ તો સૌએ જોયાં હશે. સરગવાના ઝાડ વાડીઓમાં, બગીચાઓમાં અને ઘરના વાડાઓમાં સીંગો માટે વાવવામાં આવે છે.

સરગવાના ઝાડની ડાળીઓના કટકા કરીને ચોમાસાની શરૂઆતમાં વાવવાથી નવા ઝાડ થાય છે. વરસાદ ન હોય ત્યારે પાણી પાવાની જરૂર છે. મોટાં ઝાડ થાય ત્યારે માત્ર ઉનાળામાં જ પાણી પાવું જોઇએ.

સરગવાનું વાવેતર મોટા પ્રમાણમાં નાગરવેલના પાનના બગીચાઓમાં થાય છે. નાગરવેલના વેલાઓને ચડાવવા માટે અગથીઆ કે સરગવાના ઝાડ વાવવામાં આવે છે. પાનના બગીચાઓ જ્યાં ઘણાં ત્યાં સરગવાની સીંગો બહુ જ થાય છે અને તે વેચાતી ન હોવાથી ઝાડમાંજ પાકી જાય છે ઝાડમાં જ પાકીને સીંગો જમીન ઉપર ખરી પડે છે તેને એકઠી કરીને તેમાંથી બીજ સીંગોને કાઢી લેવાય છે. આ બીજો ઘણા પ્રમાણમાં ભેગાં થાય ત્યારે તેને દેશી ઘાણીમાં પીલીને તેમાંથી તેલ કાઢવામાં આવે છે. આ તેલને સરગવાનાં બીજનું તેલ કહેવાય છે. તેને અંગ્રેજીમાં બેન (Ben) ઓઇલ કહે છે.

આ તેલને પ્રીન્ટર પેપર પર ગાળી લેવાથી સાફ થાય છે આ સાફ કરેલું તેલ ઘડીઆળ, ટાઇપ રાઇટર, ગ્રામોફોન, સીવવાના સાદા સિંગેર નાના યંત્રો ઉંગવામાં ઘણું કામ આવે છે. આ તેલમાં સુગંધી અને રંગ મેળવીને કેશવર્ધક સુગંધી તેલ (Hair oil) બનાવી શકાય છે.

સંધીવાના દર્દની જગ્યાએ આ તેલને સારી રીતે ચોળવાથી ફાયદો થાય છે.

આવી રીતે આ તેલ ઘણું ઉપયોગી છે.

સરગવો મોટો અને કડવો એમ બે જાતનો થાય છે કડવા સરગવાની સીંગો કાંઇપણ ઉપયોગમાં આવતી નથી માત્ર તેના બીમાંથી તેલ કાઢવાના કામમાં બધા લાગે છે.

સરગવાનું લાકડું પોચું હોઇ માત્ર બાળવા માટેજ કામ આવે છે. તેની ડાળીઓ બહુજ બરડ હોઇ ઝાડ ઉપર કોઇ ચડતું નથી. વાંસને છેડે અંકોડીઆ બાંધી તેનાથી ઝાડ ઉપરથી સીંગો કે ફુલ ઉતારાય છે.

"કીસાન"ના ગ્રાહકોને

ખાસ અંક

મફત

વનસ્પતિના દર્દો

(ગતાંકથી ચાલુ)

લેખકઃ—
શ્રી. લીમભાઇ એલ. દેશાઇ
M. Sc.

રોગ ચર્ચા

વનસ્પતિનાં દર્દોનું પહેલું વર્ગીકરણ લગભગ સવા બસો વર્ષ ઉપર ટુર્નેફોર્ટ નામના ચીકીત્સકે કર્યું હતું. એણે બધા રોગોને બે ભાગમાં વહેંચી દીધા. આંતરીક કારણોને લીધે જન્મતા રોગો તથી એ મુજબ બે જાત પડી આમાંના પહેલા પ્રકારમાં ઘણુંખરૂં પરજીવી કારણો સિવાયના બધા રોગો આવે. અને બીજામાં પરજીવી જન્તુઓથી થતા રોગો આવે. આ પછી લગભગ સો-સવા સો વર્ષે બીજા એક ચીકીત્સકે વનસ્પતિના રોગોનાં કારણને અનુસરીને ૭ ભાગ પાડ્યા. આ પછી ઓગણીસમી સદીની આખરે હાર્ટીંગ નામના ચીકીત્સકે પણ રોગ પેદા કરનાર કારણને ધ્યાનમાં લઈ પોતાનું વર્ગીકરણ બહાર પાડ્યું. વીસમી સદીની શરૂઆતથી વનસ્પતિના રોગો ઉપર ખુબ શોધો થવા માંડી છે અને એ બધાં અન્વેષણો ધ્યાનમાં લઈ રોગોની ચર્ચા માટે નીચે મુજબનું વર્ગીકરણ કરવા યોગ્ય ધાર્યું છે.

(અ) પરજીવીથી થતા રોગો.

(૧) પરજીવી વનસ્પતિથી પેદા થતા રોગો.

(૧) લીંટાળ ફુગથી પેદા થતા રોગો.

(૨) બેકટીરીઆથી પેદા થતા રોગો.

(૩) ફુગથી પેદા થતા રોગો.

(૪) લીલથી પેદા થતા રોગો.

(૫) પરજીવી પ્રાણીઓથી પેદા થતા રોગો.

(૨) તંતુકીટકથી જન્મતા રોગો.

(આ) વિરૂસ રોગો.

(૪) અંગવિકારને લીધે થતા રોગો.

(૭) અજ્ઞાત કારણોને લીધે થતા રોગો.

આ વર્ગીકરણ રોગચર્ચાને સરળ બનાવે એવું હોવાથી પ્રત્યેક રોગોનું વર્ણન કરતી વખતે એજ અનુક્રમ રાખવામાં આવશે. પરંતુ એ સીવાય વર્ગીકરણની બીજી સારી પધ્ધતો પણ છે. ચિન્હોને અનુસરીને રોગોનું વર્ગીકરણ તો કેટલાંક ચિન્હો એવાં છે કે જે અમુક રોગોમાં એકલાંજ હોતાં નથી. પરંતુ એક ચિન્હની સાથે બીજું અનેક ચિન્હો હોય છે. આથી ચિન્હોને અનુસરીને રોગોની ચર્ચા કરવાનું કામ બને છે.

ચર્ચા વિભાગ.

૧ લીંટાળ ફુગના રોગો.

સજીવોની એક જાત એવી છે કે જેને ન તો પ્રાણી કે ન તો વનસ્પતિના વર્ગમાં મુકી શકાય. એનાં જીવનના એક ભાગમાં

એના દેખાવ અને વર્તન એવાં છે કે એને પ્રુગ કહી શકાય, જ્યારે એનાં જીવન ક્રમના બીજા સફામાં એ પ્રાણીને મળતાં આવે છે. આ પ્રાણીય વનસ્પતિનો સ્થુલ દેહ બાડી લીંટ જેવો અને કોઇપણ જાતના ચોકકસ આકાર વિનાનો હોય છે. મરઘીનું ઇંડુ ભાંગીએ ત્યારે તેમાંથી એક ચીકણો સફેદ પદાર્થ નીકળે છે. એમાંથી એક નાનું ટપકું લઇએ તો આ જાતનાં પ્રાણીઓને મળતું આવે. અલબત આ પ્રાણીઓ (અમર વનસ્પતિ) સુક્ષ્મદેહી છે. આ પ્રુગોની અનેક જાતો છે અને તેમાંની ઘણી ખરી કોહતાં લાકડાં કે પાંદડાં અગર એવી બીજી કોઇ કોહતી ચીજો ઉપર અર્ધ કે પૂર્ણ પરજીવી રીતે જીવન પુરૂં કરે છે. આમાંની પૂર્ણ પરજીવી જાતો પાકના અનેક રોગો પેદા કરે છે અને તેથી રોગ ચીકીત્સકોની આંખ નીચે ખાસ ચઢી છે. આ જાતોનો અભ્યાસ ઘણો રસીક છે એટલુંજ નહિ, પરંતુ કીમતી છે. આ પ્રુગોથી પેદા થતા રોગોમાંથી બે ખાસ અગત્યના છે અને તેથી એની ચર્ચા અહીં જરા લંબાણથી કરવામાં આવી છે.

કોબીજનાં મુળના હાથીપગાંપણાંનો રોગ

કોબીજ અને રાઇના વર્ગની જાતો પ્લાસ્મોડીઓફોરા બ્રેસીકા નામની લીંટા પ્રુગનો રોગ લાગુ પડે છે. આ રોગ ઉત્તર યુરોપના દેશો અને બ્રીટીશ ટા ઓમાં ખાસ કરીને કોબીજના પાક લાગુ પડે છે અને અમેરીકાના વીગે પ્રાંતોમાં એની હાજરી માલમ પડી છે એક રીપોર્ટ ઉપરથી અડસટ્ટો કાઢવા આવે છે કે થોડાંક વર્ષો ઉપર મોસ્કો આસપાસ એ રોગને લીધે લગભગ ૬ લાખ રૂપીઆની કીમતનો પાક ના પામ્યો હતો. આ દાખલા ઉપરથી માલ પડશે કે રોગોના અભ્યાસની આર્થી અગત્ય કેટલી છે.

આ રોગ મુળને લાગુ પળતો હોવા મુળ ઉપર એની ખાસ અસરો માલમ પ છે, પરંતુ મૂળની કામ કરવાની અશકિત લીધે તેની અસરો છોડના બીજા ભા ઉપર પણ માલમ પડે છે. આ રોગ મુળ અતિવૃધ્ધિનું પરીણામ છે. સુક્ષ્મ વહેંચણ આ અતિવૃધ્ધિના ૭ પ્રકાર માલમ પડ

એશીઅન વીમાની પોલીસી ભવીષ્યની વ્યવસ્થાનું ઉત્તમ સાધન છે.

કુટુંબ માટે જોગવાઇ, નિવૃતિ-વેતન, લગ્ન, કેળવણી એકુતની કરજ-મુકિત વગેરે માટે ઘણી આકર્ષક યોજનાઓ છે.

વીગત માટે મળો યા લખો :-

ધી એશીઅન એશ્યુરન્સ કું૦ લી૦.

એશીઅન બીલ્ડીંગ, બ્લાર્ડ એસ્ટેટ, મુંબઇ.

છે. પહેલા પ્રકારની અતિવૃષ્ટિમાં મુખ્ય અને મીજા બધાં મુળ કાયમી પણે ખવાઈ જાય છે. બીજા પ્રકારની અતિવૃષ્ટિમાં મુખ્ય મુળ કાયમીપણું ચવાઈ જાય છે, પરંતુ સહાયક મુળો ઉપર અસર માલમ પડતી નથી. ત્રીજા પ્રકારમાં મુખ્ય મુળ તંદુરસ્ત રહે છે પરંતુ સહાયક મુળો કાયમીપણે ચવાઈ જાય છે. ચોથા પ્રકારે રોગીષ્ટ અતિવૃષ્ટિમાં મુખ્ય અને સહાયક બન્ને મુળ ઉપર કાયમીપણાંની અસર થાય છે, પરંતુ મુળોના રોગીષ્ટ ભાગની ઉપરના ઝેરી રોગ મુક્ત હોય છે. પાંચમા પ્રકારનું કાયમીપણું મુળ અને ગાજરમાં માલમ પડે છે. એ પ્રકારના રોગવાળા મુળના અમુક અમુક ભાગો અતિવૃષ્ટિ પામેલા હોવાથી મુળાને કહોવો બનાવે છે છઠ્ઠા પ્રકારની અતિવૃષ્ટિ મુળામાં માલમ પડે છે. તેમાં મુળામાં કાંઇ અસર થારાં પડી ગએલાં હોય છે. મુળની અતિવૃદ્ધિના આ છએ પ્રકારમાં ખેડાના જમીન ઉપરના ભાગોને જુદી જુદી જાતની અસરો થાય છે; પરંતુ એને સામાન્ય રીતે વર્ણવતાં કહી શકાય કે એ ભાગો દુબળા પણ મીજાગ્રાહ હોય છે, કારણ કે એનાં પેશાબ મેળવવાનાં કામમાં દરકાર પડે છે.

અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે જેના બી જમીનમાં ઉતરતા પાકમાં એ રોગ વધુ પ્રમાણમાં દેખાતો હોય; પરંતુ એવી જમીન ઉપર બનેા ખાંડી તેને ઓછી તેજસ્વી બનાવ્યા છતાં પણ કાયમીપણાંનેા રોગનેા અટકાવ થઇ શકયેા નથી. આથી એમ ન માનવું કે જમીનનાં તેજસ્વીપણાને એ રોગના દેખાવા સાથે સંબંધ નથી, પરંતુ તેજસ્વીપણું એ રોગના દેખાવને મદદ કરતા કારણેામાંનું એક માત્ર છે. બીજાં કારણેામાં જમીનમાં રહેતા જેવું પ્રમાણ અને તેમાં રહેતી મરમ એ પણ છે. અખતરાની મળતી ઉપરથી માલમ પડયું છે કે, જે જમીનમાં ૬૦ ટકા જેવા હતેા તે જમીનમાં ઉતારેલા પાકમાં ૪૫ ટકા જેવાથી જમીન કરતાં આ રોગ વધુ પ્રમાણમાં દાખી નીકળેા હતેા. જમીનમાં જેવું પ્રમાણ ઓછું હોય ત્યારે એ રોગનાં બીને ઉગી નીકળતાં મુશ્કેલી પડે. જમીન ઉપર ઉગતી જાતનાં બી જમીનમાં પડેલાં હોય છે. પરંતુ ઉનાળામાં તે ઉગી નથી નીકળતાં, ત્યારે ચેામાસું બેસતાં જમીનમાં જેર વધે ત્યારે તરત જ ઉગવા કાઢે છે. તેવી જ રીતે આ રોગ પેદા કરનાર બાજોડીયમનાં બી પૂરતા જેર વિના ઉગી શકતાં નથી. તેવી જ રીતે જમીનની કિલ્લા ઉપર એનાં બીનાં ઉગી નીકળવાનાં પ્રમાણ ઉપર આધાર રહે છે.

આ રોગની અટકાયત માટે નીચેના ઉપાયેાની અજમાયશ કરવામાં આવે છે.

(૧) જેવા રોગનેા દેખાવ માલમ પડે તે વખતે કાપી, મુળ એ વર્ષના તેાડી જેવાથી

ગ્રામજીવન સહકાર્ય અને ખેતી

ઉપાડ રૂા. ૨-૦-૦

ગ્રામજીવન સહકાર્ય અને ખેતી કાર્યાલય

આંકડી. ચરોતર.

ખેડુતોઃ—

તમારે કાંઈ પણ મુંઝવણ હોય તેા,
તથી ખેડાણ. બનાવટો
તેનેા જવાબ આપશે.

દુર રાખવાનું તેમજ એ વર્ગનાં ખડનો ખાનપુર્વક નાશ કરતા રહેવું.

(૨) રોગીષ્ટ છોડાને ઉખેડીને તેનાં મુળનો બાળી નાશ કરવો. ખાતર થશે એમ માની ખેતરમાં ફોદવા દેવા નહિ.

(૩) પાકની બદલી કરવી અને એક પાક પાછો ચાર વર્ષ પહેલાં વાવવો નહિ.

(૪) જમીન જો તેજાબી હોય તો ચુનો છાંટવો. રોગ ફાટી નીકળ્યે તરત જ ચુનો છાટવામાં આવે તો ફાયદો થાય છે.

(૫) પાકને વારંવાર પાણી પાવું નહિ.

(૬) બનતા સુધી રોગ મુક્ત જાતો વાવવી. આની ખાત્રી બી કે ધરૂ ખરીદતી વખતે કરી લેવી


બટાટાનો ચુરણ ખસ

આપણા શરીર ઉપર જેમ સુકી ખસ ફુટી નીકળે છે તેવી સુકી ખસ બટાટાને સ્પોન્જોસ્પોરા નામની ફુગને લીધે થાય છે. બટાટાને આ રોગ લાગુ પડતાં તેના ઉપલાં પડ ઉપર નાની નાની ફોલ્લી-ઓ ફુટી નીકળે છે અને થોડી થોડી ફોલ્લીઓનાં ધારા બને છે. એ ફોલ્લીઓ જ્યારે ફાટે છે ત્યારે ઉપલી ચામડીનો ઝુમખાની વચ્ચેનો ચુર્ણમય પ્રદેશ બહાર પડે છે ગરમ પ્રદેશોમાં આ રોગ થતો નથી; એ રોગ ઠંડા અને ભેજવાળા પ્રદે-શમાં બટાટાને લાગુ પડે છે. વાવેતર વખતે નિરોગ બટાટા રોપવાથી એ રોગની સહેલ અટકાયત થઈ શકે છે. (ચાલુ)


ઘરઉપયોગી અને ભેટ આપવા લાયક સુંદર ચીજો



No 849.
સ્મુધ એજવાળા
ડબલ ગ્લાસની
નીકલ પ્લેટેડ બેઝ
ઉપર ફોટો ફ્રેમ
રૂ. ૦–૧૦.



No. 8557
કાર્ડ બોર્ડ બોક્સમાં
બેક લાઇટ શેવીંગ મગ
અને શેવીંગ બ્રશ
રૂા. ૧–૦–૦



No. 3086
ગમતગમતના
મેળાવડામા આપવા માટે
H M. સીલવર મેડલ
રૂા. ૨–૧૨

ઝવેરી બ્રધર્સની કું૦
ગીફ્ટસ સ્પેશીયાલીસ્ટસ.
૬૪૫ ૪૯, અબ્દુલરહેમાન સ્ટ્રીટ, નોર્થ ઓફ કાર્ડ માર્કેટ.
Telegrams "GIFTS" Bombay, 3. Telephone 23523

ધરતીને ખોળે—

—: લેખક :—

શ્રી. ઉત્તિ૬૨. M. Sc.

(ગતાંકથી ચાલુ)

હવે આપણે પીર અને નરીમાનના ગામ તરફ દ્રષ્ટિપાત કરીએ. નરીમાન ખેડૂતનો નબીરો હતો, પરંતુ પીરની સ્થિતિ કંઈક જુદી હતી. આમ જુઓ તો પીરના કુટુંબના સંસ્કાર એવા હતા કે પીરના જીવનઘડતરમાં એક યા બીજા પ્રકારે સહાય બની રહી. અને આજે ચૌદવર્ષની પ્રૌઢાવસ્થા વટાવી ચૂકી હતી. પીરને પિતાની મુશ્કીલાત ઉપરાંત બીજી સાંસારીક મુશ્કીલાતો પણ અનેક હતી. દિવસના એક કંટાળા અને અપરિચિત ગામડાંની એક જાતના અજાણ્યા વાતાવરણમાં જન્મ ધરીને ઉછરી પીરને પગલે પગલે રીતરીવાજ અને સંબંધો જોતરવા પડતા હતા. સમાજ, કુટુંબ અને સમાની જાતમાં રહેલ પીરને જન્મતની સંસ્કારીતાના આકરા વધતા પ્રવાહમાંથી જોવાનું બનતું હતું અને દિનપ્રતિદિન એની કરણે ભાગ વધુ અને વધુ મજબુત થતી હતી એના બીજા સંબંધોની તપાસ કરતા પ્રથમ એનો ઉછેરેલા કુટુંબનો પરિચય કરાવવો પડશે.

પીરનું કુટુંબ એક સધ્ધરીમાંનું પરંતુ સંસ્કારસભર પારસી વિચારોમાં આવેલા કુટુંબમાં ગણી શકાય. એના પિતા મોહનશાએ જીવનમાં અનેક સુખી પરંતુ નીવડ્યો હતો. એકાદ મોટા ધરને આંબે એવી પ્રબળ મહેચ્છા સંભાવાને સામના બીજા મૂડરોકાને પોતાની પ્રતિસ્પર્ધી માંખી રહ્યા વટામા મોહનશાના ગોરવ માનતા. પરંતુ ધીમે ધીમે એમનો ઝનૂન, એમનો વેપાર, એમનું આગવું અને ઉદારના દેવામાં ઉતારતા ગયા. અને એમના વિકાસ અને ગૌરવકર્તા મૂલ્યો ત્યાર કરી એમના વૈરાગ્યને પણ વિકાસ થયું. અને આજથીસ અને ૧૯૬૫ પોતપોતાના મકાનોને ઉંચકે એકાદ બે વિષય બાબત ઉપરાંત પોતપોતાનો સમય આપે. એમને ઘરે આવેલા ધરમાં રહેવું પડ્યું. કામમાં ઓછાવત્તે પ્રતિષ્ઠા અને મેળવ્યો હતો અને સેવાથી અંજાઈને ઘરના લોકો એને આદરમાં કારણ તે આજે મોહનશાહ એને ફુલાઈને લેતા. મોહનશાહના આકારમાં દેખીને પણ આ પરિવર્તનથી પરિચિત હોવા પરંતુ વિવેકવશતા જોવાને એ પરિસ્થિતિને આવકારે કારણો નીચે રહે વિકાસના ચક્ર પોતપોતાનું કામ ચાલુ રાખ્યું. એમની ઉદારતા, સહાયક અવારે પણ પણ

યાદ કરતા. હજીયે કોઇ પરગામી પરીચીત વ્યકિત મોહનલાલના રંક આંગણામાં થઇ જતી હોય તો તેનું યથોચીત સ્વાગત કરવા તે ચુકતા નહિ. આવે વખતે કેટલીક વેળા તેમની રંકતા તેમને કહેતી. એક વાર જે બાદશાહી સ્વાગત કરી લોકોને મુગ્ધ કરતા તેમને કોઇકવાર એક પ્યાલું સારૂં ચ્હાનું આપતાં પણ ભારે પડતું. આ સર્વ દુઃખો એમણે ઘણી ધીરજથી અને હસતે મુખે સહન કર્યાં પરંતુ એના નાના બાળક ધીરૂને પડતી મુશીબતોથી એના હૃદયને ઘણો આઘાત થતો. અને ત્યાં સુધી એ ધીરૂને પોતાની રંક સ્થિતિનો ખ્યાલ ન આવે એની કાળજી રાખતા. ધીરૂ દશેક વર્ષનો થયો ત્યાં સુધી તો આ સ્થિતિ પ્રત્યે ધીરૂનું ધ્યાન ખેંચાયું ન હતુ, પરંતુ ધીરૂને ધીમે ધીમે પિતાની સ્થિતિનો ખ્યાલ થવા લાગ્યો કેટલીક વાર નાનો હતો ત્યારે મેળામાં જવા, શહેરમાં જવા, નવા કપડાં સીવડાવવા વગેરે માટે ખુબ તોફાન કરતો, બ્યારે દશ વર્ષનો થયો એટલે એ તોફાન મસ્તી સમી ગયા. બાકાળે ધીરૂમાં ગરીબાઇથી ગાંભીર્ય આવ્યું. કેટલીક વેળા ગામના નાના બાળકો નજીકના કસ્બામાં નાટક, સરકસ કે સીનેમા જોવા જતાં ત્યારે ધીરૂ એ સર્વ તમાસાની સૃષ્ટિ ખડી કરી માનસીક વ્યથા અનુભવતો, પરંતુ ત્યાર પછી એણે પિતાને ભાગ્યેજ એમ કહ્યું હશે કે "મારે પણ અમુક જોઇએ છે, અગર અમુક જોવું છે." પિતાએ પણ જોયું કે બાળકને પણ રંકતા કહેવા લાગી છે. પરંતુ જ્યાં બીજો કશો ઉપાય નહતો ત્યાં શોચ કરવાથી કશું થશે નહિ એમ સમજી મોહનલાલ મન વાળતા. ઘણીવાર એમની પૂર્વ જાહોજલાલીનો ધીરૂને ખ્યાલ આપતાં પિતાને ક્ષોભ થતો. ધીરૂને એ સાંભળતાં આનંદ સાથે ખીન્નતા થતી. એને ઘણીવાર પૈસાદાર થવાના સ્વપ્ના આવતાં. પૈસાદારની સૃષ્ટિ એને સ્વર્ગ જેવી લાગતી. એની ગામની પરિમીત સૃષ્ટિમાં એને મંછારામ વૈદ્યનો બંગલો, તેની ઘોડાધાડી અને ઘરનો ઠાઠમાઠ બહુ આકર્ષતો. મંછારામના પુત્રને ને ધીરૂને દોસ્તી હતી. અને એ મીત્રતા દિનપ્રતિદિન ગાઢી થતી ગઇ. ઘણીયે વાર મંછારામને ત્યાં ઉત્સવ થતો ત્યારે ધીરૂને આમંત્રણ થતું. મંછારામ વર્ષમાં એક વાર સત્યનારાયણની મહાપુજા કરતા, એક વાર ઉજાણી કરતા, એક વાર અન્નકોજન કરાવતા અને એક વાર યજ્ઞ કરાવતા. એ ચારે વખતે આસપાસના ગામના અનેક લોકોના ટોળેટોળાં મંછારામને ત્યાં ગાડા જોડી અગર પગપાળા આવી પહોંચતા. એ ઉત્સવોના દિવસો દરમ્યાન મંછારામ વૈદ્યની ચારે બાજુ વાહ વાહ બોલાતી. મંછારામના ઘરમાં જાણે અઢળક ધન ભર્યું હોય એમજ જણાતું. મંછારામના ધનની અને એમની ગૃહસ્થધની કિર્તિ આજે ચારે દિશાએ સંભળાતી. ધીરૂની નાની સૃષ્ટિમાં મંછારામનું જીવન બહુજ

મહત્વનું સ્થાન ભોગવતું. આમ છતાં પિતા આગળ કોઇવાર મંછારામની વાત કરતો ત્યારે પિતા એને બહુ ટેકો આપતા નહિ, પરંતુ કંઇક નિરાશાસૂચક વાક્યો પિતા ઉચ્ચારતા. એના પિતા કોઇ વાર મંછારામને ત્યાં ગયા હોય એવું ધીરૂના ખ્યાલમાં નહતું. ધીરૂ ઘણીવાર કહેતો કે "બાપુ, તમે મંછારામને ત્યાં કેમ જતા નથી?" મોહનલાલ આ પ્રશ્નનો ઉડાઉ જવાબ આપતા.

ધીરૂને લાગ્યું કે મંછારામ પ્રત્યે બાપુને કશો છુપો રોષ છે. એ રોષ શાને લીધે હશે એ ધીરૂ કલ્પી શકતો નહોતો અને એને એ પ્રશ્નનો ઉકેલ લાવવાનો ઘણો વિચાર થતો પરંતુ એના પિતા તરફથી પ્રત્યુત્તર મળે એમ લાગતું ન હતું. મંછારામનો પુત્ર કાશીરામ બહુ હોશીયાર અને ચબરાકીણો હતો અને તેનો સ્વભાવ બહુ નમ્ર હોવાથી મોહનલાલના ગરિબ ઘરે પણ ઘણીયે વાર આવતો. મોહનલાલને કાશીરામ "મામા" કહેતો અને ધીરૂની માતા ડાહીબ્હેનને "મા" કહી બોલાવતો. કાશીરામની માતા ગુજરી ગઇ હોવાથી ડાહીબ્હેનની પાસે આવે. ધીરૂ ન હોય ત્યારે કલાકોના કલાક સુધી કાશીરામ વાત સાંભળ્યા કરતો. ડાહીબ્હેન એ સ્વભાવે પણ નામને સાર્થક કરતાં. મોહનલાલની પડતી સ્થિતિમાં ડાહીબ્હેનનું ધર્યું બ્રાહ્મણ હતું. ડાહીબ્હેનનું ગામમાં પણ હજી ઘણું માન હતું. કોઇ માંદુ હોય, કોઇને ત્યાં લગ્ન પ્રસંગ હોય, કોઇને ત્યાં કંઇ પણ સંસારીક કે બીજું કામ આવી પડે ત્યારે ડાહીબ્હેનને સંભારવામાં આવતાં. ડાહીબ્હેનનાં સ્વભાવની અનુરૂપતા ઉપરાંત બીજી અનેક આવડતે એમની પ્રતિષ્ઠા વધારી હતી. સામાજીક રીતરીવાજોમાં, મૃત્યુ પ્રસંગના ક્રિયાકાંડમાં, લગ્નની સરભરામાં, રસોઇના સરંજામ તૈયાર કરવામાં, વગેરે અનેક કઠીન અને ભગીરથ જેવાં લાગતાં કાર્યનો નિકાલ ડાહીબ્હેન ઉપરાંત બીજું કોઇ કરી ન જ શકે. સો માણસને જમાડવા કેટલી તાપસી જોઇએ, અથવા કેટલો શ્રીખંડ તૈયાર કરવો એ ડાહીબ્હેનને મોઢે જ હોય. એ ઉપરાંત ઢોરને રોગ થયો હોય, કોઇને સ્હેજ તાવ આવ્યો હોય તો લોકો મંછારામને ત્યાં નહિ જતાં ડાહીબ્હેનને બોલાવતા. ડાહીબ્હેનની મારફતે મળતા નાના નાના રોગોના ઘરગથ્થુ ઉપાયો અચૂક ફતેહ મેળવતા. ઢોરના દાક્તરનું જ્યારે નામનીશાન પણ ન હતું ત્યારે ડાહીબ્હેનની દવા લેવા ગાઉ ગાઉને છેટેથી લોકો આવતા. ગામમાં શીલ્પ ઘણાયે વૃધ્ધ માણસો હતા પરંતુ ડાહીબ્હેનના જેટલો અનુભવ, અને એટલી કુશળતા તેમનામાં ન હતી. આજે ધીરૂને પોતાની માતાની એ કુશળતા માટે એટલું અભિમાન થતું કે, "ખરેખર મારી માતા એ ગ્રામ્ય લક્ષ્મી છે." ડાહીબ્હેન એ ખરેજ દોલતપુર ગામની ગ્રામલક્ષ્મી હતી. દરેક ગામે આવી એકાદ ગ્રામલક્ષ્મી હોય તો ગામના અનેક

પ્રશ્નોનો ઉકેલ ત્યાંને ત્યાંજ થઇ રહે આજે તો દેારના દાકતરેા, તાવના દાકતરેા, આંખના દાકતરેા, ગળાના દાકતરેા, ક્ષયના દાકતરેા, કેન્સરના દાકતરેા એમ અનેક જાતના રેાગેા માટે જુદા દાકતરેા હેાય છે. આજે રસેાડ માટે કેાન્ટ્રાકટરેા હેાય છે. આજે ઘર બાંધવાના કેાન્ટ્રાકટરેા હેાય છે. આજે અનાજ લેવાના આડતીઆ હેાય છે, આજે લગ્ન ગેાઠવવા માટે આડતીઆ હેાય છે, પરંતુ આ બધા આડતીઆ, આ બધા દાકતરેાનું સમીકરણ ડહીબ્હેનમાં થયું હતું. મુસાફરી કરવી હેાય તેા ડાહીબ્હેનની સલાહ લેવામાં આવતી. કેાઇના લગ્ન ગેાઠવવાં હેાય તેા ડાહીબ્હેન તેમાં ખરી જ. કેાઇને ત્યા ઘરમાં તકરાર થઇ હેાય તેા ડાહીબ્હેન સંભારતાં. આમ ડાહીબ્હેન, વકીલનું, આડતીઆનું, દાકતરનું, રસેાઇઆનું, અને એવા અનેક જાતના ઘરઘથ્થુ ધંધનું કામ કરી શકતાં. આવા એમના ગુણને લીધે લેાકેાને અને ખાસ કરીને બીબીઓને એના ઉપર મમત્વ હતી. એ મમતાને લીધેજ કેાઇ ઘરથી દુધ આવતું, કેાઇ ઘરેથી શાકભાજી આવતું. કેાઇને ત્યાંથી ફળફળાદી આવતાં, અને એમ ડાહીબ્હેનના ઘરમાં કેાઇપણ ખાવાની વાનીની તાણ ન રહેતી. વાર તહેવારે અનેક જણને ત્યાંથી મીષ્ટાન્ન આવતાં, તે એટલે સુધી કે ઘરમાં અનેક દીવસ સુધી ખુટતાં નહિ. મેાહનલાલ આથી ડાહીબ્હેન ઉપર ઘણા ગુસ્સે થતા અને ઘણી વાર આંગણામાંજ કેાઇ બ્હારની બાઇ કશું લઇને આવતાં મળી તેા જરૂર તેને ધમકાવી પાછી જ કાઢતા. આમ રેાજ દ્હાડતા મેાહનલાલ સામે ડાહીબ્હેન એક શબ્દ પણ બેાલતાં નહિ અને માત્ર કહેતાં કે "લેાકેાનેા પ્રેમ ન સ્વીકારવેા એ તેા અધર્મ છે." અને ખરેખર એ લેાકેાના પ્રેમને લીધે જ ડાહીબ્હેન પેાતાનું દુઃખ ભુલી હતી. ડાહીબ્હેન બીજાનું પેાતાનું કરતાં. કેાઇને ત્યાં બાળક માંદુ પડે એથી ડાહીબ્હેનને બધુ દુઃખ થતું. અને તે સારૂ ન થાય ત્યાં સુધી એને સુખે નિદ્રા પણ ન આવે આ બધા બહારના પ્રેમમાં પણ ધીરૂ વિસારે પડતેા ન હતેા. નાનેા હતેા ત્યાં સુધી ધીરૂ માતાની સાથે જ જતેા અને તેથી આખા ગામમાં ધીરૂ પણ સર્વને પ્રિય થઇ પડતેા. લેાકેાના લાડમાં ઉછરેલા તેાફાની અને ગંદા બાળકેાની તુલનામાં ધીરૂનું શાંતીપૂર્ણ ચેાકખાઇ વગેરે બધાને આકર્ષતાં. આવી રીતે દેાલતપુરના સામ્ય જીવનમાં ડાહી લક્ષ્મી મહત્વનેા ભાગ ભજવતાં. [ચાલુ]

"ક્રીસાન"ના ગ્રાહકેાને

ખાસ અંક

મફત

..... ઘઉં .....

લેખક : શ્રી. પ્રેમાનંદ ડી. પટેલ

ઘઉં ઘાટા તણ પારવા, ડેડક ઠેંકતી જાર,
કહમે કહમે કપાસિયા, ચારે મોલ સપાર.

આ છોડ ઘાસ વર્ગનો છે, અને તે ઘણો વાવવામાં આવે છે. પૃથ્વી ઉપર આ અનાજ ઘણેખરે ઠેકાણે વવાય છે, પરંતુ ધ્રુવની છેક નજીકમાં આવેલા દેશોમાં અથવા વિષુવૃત્તની છેક નજીકના દેશોમાં ઘણું કરીને આ પાક કરવામાં આવતો નથી લીનસ નામે વનસ્પતીશાસ્ત્રી માત્ર ૭ જાતના ઘઉંનું વર્ણન કરે છે ત્યારે તે પછીનાં વૈજ્ઞાનિકોએ તેની વીસ જાતો ગણાવી છે પણ એની એકંદર થઈને સેંકડો જાતો છે. પણ આપણો દેશ પુરતો અત્રે વિચાર કરવાનો હોવાથી તથા આપણે ત્યાં શિયાળુ અને ઉનાળુ ઘઉ થતા હોવાથી તેટલા પુરતો વિચાર કરીશું. શિયાળુ ઘઉં જમીનમાં તો બેજ અને ઝાકળથી તૈયાર થાય છે, અને વસંત ઋતુ અથવા ઉનાળુ ઘઉં કુવા વગેરેના પાણીથી ઉછેરવામાં આવે છે. શિયાળામાં જે દાણા પાકે છે, તે ઘણા ભરેલા ને ભારે હોય છે તેમજ તે ઘઉંના છોડ મધાળેથી સીધા ને ઉંબીઓ દુધથી ભરેલી હોય છે, ને અન્દરમાં તેના પાકની કીમત સેંકડે વીસ પચીસ ટકા કે તેથી પણ વધારે ઉપજે છે. ઘઉંના ભાવમાં ફેર પડવાનું મુખ્ય કારણ એટલુંજ છે કે જેમ તેનો આટો દેખાવમાં વધારે ધોળો હોય, તેમ તે ઘઉંની કીમત વધારે ઉપજે છે. બાકી જે ઘઉંની કીમત બન્નરમાં વધારે બોલાય છે, તે ઘઉમાં વધારે તત્વ આગળ જણાવ્યાં છે, તે પ્રમાણે સેંકડે ૭૦ ભાગ સ્ટાર્ચ, ૨૪ ભાગ રવો અથવા ગ્લુટન, ને ૬ ભાગ બીજા પદાર્થો હોય છે; એ તત્વો ઉપરથી માલમ પડે છે કે ઘઉમાં મુખ્ય પોષણકારક વસ્તુ ગ્લુટન છે; એ ગ્લુટનથી આટામાં ચીકાસ આવે, અને તે વધારે પાણી ચુસી શકે છે. લંડનનો એક પ્રખ્યાત કારખાનાવાળો જણાવે છે કે અમેરિકાના ઘઉંનો લોટ બીસ્કીટ અને પાંઉમાં સેંકડે ૮ થી ૧૪ ટકા પાણી ટકાવી રાખે છે; તેમજ બીજો એક શખ્સ એવી ખબરી આપે છે કે જ્યારે અમેરિકાનો લોટ ૧૪ શેર લઇ તેનાં પાંઉ બનાવે છે ત્યારે તે પાંઉનું વજન ૨૧॥ શેર થાય છે; ને તેટલોજ વિલાયતી આટો લઇ તેનાં પાંઉ બનાવે તો ૧૮॥ શેર વજનમાં ઉતરે છે. ઘણું કરીને એવો નિયમ છે કે જેમ સુકી હવામાં એ દાણા પેદા થયા હોય, તેના દાણામાં ભીનાશ નહી હોવાના કારણોથી તેનો લોટ વધારે પાણી ચુસી શકે છે. ચોકસ જાતના ઘઉંમાં આ ગુણ બીજી જાતો કરતાં વધારે હોય છે. બાસ જાતના બીજ હોય, પણ કેટલીક વખત ખાતર અને જમીનને લીધે તેની પેદાશમાં ફેરફાર પડે છે. પણ સાધારણ રીતે ખાવાના કામમાં વપરાતા ઘઉં જે બન્નરમાં સારે

ભાવે વેચાય છે, તેનામાત્ર વોજો આટો ને કણકનોજ વિચ૨ કરવામા આવે છે. કેટનાક ઘઉની ઉ મીમા મુઠો હોય છે, ને કેટ લાકને હોતી નથી, વળી કેટનાકનુ યુતું લાલ, ને કેટનાકનુ ધોળુ નીમળે છે; કેટલીક જાતના ઘઉનું પરાગ ઘણું મજ-બુત હોય છે, ને કેટલીક જાતના પરાગમાથી બીજા કણગા પડે છે આ પ્રમાણે જાતોમા તફાવત હોય છે. આ અનાજ પુષ્ટિમાગ છે, મધ્યમ ગરમી ને મધ્યમ ઠડીના દેશોમા ઉત્તમ થાય છે હિંદુસ્તાનમા ઘઉનો પાક સારો થાય છે, તેમજ કેનેડા, આર્જે-ન્ટીના આસ્ટ્રેલિઆ રશિયા અને સાઇબી-રિયામા ઘઉનો પાક વધારવા પાછળથી તજવીજ થઇ છે સન ૧૯૦૭ સુધી ચોખ્ખા ઘઉ ઉપર ધ્યાન અપાતુ નહોતુ. પણ હવે તેના ઉપર ઘણુ ધ્યાન આપવામા આવે છે એક સાલ એક વેપારીએ હિસાબ કાઢી જાહેર કર્યું હતું કે ૪૦ હજાર ટન ધુળ અને કાંકરા પરદેશ ચડતા ઘઉંમા ભેળવવામાં આવ્યા હતા, પણ હવે ૨૫-૩૦ વર્ષથી (૧) ચોખ્ખો માલ, (૨) બીમાં ભેળ, (૩) વધુ પૈસા, કઠણાશ, અને રત્નુ માલક આવવુ, એ ત્રણ બાબ-તોનો વિચાર કરવામા આવે છે. વડોદરાના સાવથી ને વાયેડીઆ (વદ્રાચ્છ) મહોલ્લામા પચાસ વર્ષ પૂર્વે ઘઉનો એક દાણો પાકતો નહોતો, પરંતુ કેળકર અટકના એક સુબાએ તે બી દાખલ કરી હજારો મણ ઘઉં પાકતા કરી નાખ્યા છે. આપણા તરફ સામાન્ય-પણે (૧) કાર, દુકો (૨) વાજીયા, ને પોપ-ટીઆ એમ ત્રણ પ્રકારના ઘઉં આવે છે વાજીયામા ભાખીઆ, હમેશી, ને માળવી ઘઉંનો સમાવેશ થાય છે વળી રંગ ઉપ રથી બુસરા ધોળા ને કાણુ ધોળા તથા બુસરા લાલ અને કાણુ લાલ એમ પણ નામ પાડેલા જોવામા આવે છે. બુસરા ઘઉં દળવામા વધારે જોર મગતા નથી, એનો આટો ધોળો ઉજેશ પડતો હોય છે, જે ઘઉમા રવાનો ભાગ વધારે હોય તેની કીંમત વધારે આવે છે કેમકે તેમા વધારે ચીકાસ હોય છે, ને તેથી તે વધારે પણી ખમી શકે છે, તે બાબે છે, સુકી હવાવાળા મુલકના ઘઉમા રવાનો ભાગ

ગ્રામ-સેવા

લવાજમ-૨-૦-૦

ઠે સેવા-આશ્રમ,

મુ. ઉનાવા (વાયા). કલોલ.

B.B.C.I Ry.

(ગુજરાતી)	(ગુજરાતી)	(ગુજરાતી)
ખેતીવાડી વિજ્ઞાન	ખે તી વા ડી	ખેડુત-ખેતી અને સહકાર
(માસીક)	(માસીક)	(માસીક)
રૂા. ૨-૮-૦ લવાજમ.	રૂા. ૨-૦-૦ લવાજમ.	રૂા. ૨-૦-૦ લવાજમ.
લીબડી	ઉદવાડા R. S	કાપુપીઠ બજાર,
કાઠીઆવાડ.	B B Ry	સુરત
		B B & C I Ry.


ગુજરાતનો ફળ બાગ.

લેખક :— મગનલાલ દેશાઈ.

કિંમત રૂા. ૧–૮–૦

(આવૃતિ ચોથી)

(છપાઇ તૈયાર થઇ ગયેલ છે.)



આ માસિક રણછોડજી એમ. દેશાઈએ તીરંદાજ પ્રીન્ટીંગ પ્રેસ (ખેતવાડી બેક રોડ, મુંબઈ નં. ૪)માં છાપી આર ટૉમ ગ્રેન્ડ કંપની માટે ૨૦૮-૨૧૦, ખેતવાડી મેઈન

ઠેકાણે વવાતા નથી, પણ મહેસાણા તરફ વધારે વવાય છે; તેમજ કાંઠા ઘઉં મહેસાણા તરફ પાણી પાઈને કરે છે, જ્યારે ને ઘઉં સુરત, ભાલ, વગેરે તરફ વાવતા નથી. યુનાઈટેડ રેટલમાં બહારના મુલકોનું બી લાવી ઘણું વાવવામાં આવે છે, તો પણ તે પ્રમાણે ગુજરાત વગેરેમાં કરવા માટે પ્રયત્ન અખતરો કરવો જોઈએ. નબળી જમીનમાં પણ ઘઉં અને બીજી જાતનાં બી ઉત્તમ પ્રકારનાં હોય, તો તેમાંથી પાક સારો થાય છે.

કેટલાં બી વાવવાં—સાધારણ રીતે એક એકરે સવાથી દોઢ મણ સુધી બી જોઈએ છીએ. વળી કેટલાક લોકો એકરે અર્ધમણથી એક મણ સુધી પણ નાખે છે. બીનો દાણો ભરાઉ અને પુષ્ટ હોય, ત્યારે તે વજનમાં વધારે હોય છે, ત્યારે તે બીજાનું વજનમાં ઓછું હોય, તો પણ નભી જાય છે; પણ જો ચીમળાયલું બી હોય, તો તે વજને ઓછું હોય છે, ને જેવે વખતે તે બી વાવવા માટે વજનમાં વધારે લેવું પડે છે. અને તે બીની જાત પ્રમાણે તેનો પાક પણ તેવોજ ઉતરે છે. કેટલીએક જાતનું બી જોઈએ વધારે વાવ્યું હોય, તો તેમાંથી પરાળ ઘણું લાંબું પેદા થાય છે, અને ઉંબીઓમાં વધારે દુધ ચડતું નથી, ને એકંદર પાકમાં વધારો થતો નથી. ઘઉં અને બીજા ઘાસવર્ગના છોડમાં મુળના થડમાંથી બીજા નવા ફણગા ફુટે છે અને તે કારણથી જે જગાનો તે દાણો પડયો હોય, તેની આસપાસની બધી જમા ભરી નાખવાને તે યત્ન કરે છે; તથા કેટલીક વખત એક બીમાંથી વધારેમાં વધારે સો કરતાં પણ વધારે ફણગા ફુટી નીકળે છે.

વાવણી—જ્યારે જમીન બરાબર તૈયાર થાય છે, ત્યારે કેટલાક લોક બી છાંટે છે, ને કેટલાએક ઓરે છે. છાંટવાથી ભારે બી દુર જઈને પડે છે, ને હલકાં હલકાં બી પાસે પડે છે, તથા તે ઉગ્યા પછી તેમાંના વધારે પડતા છોડ અંદાજે ચુંટી નાખવા—વલ્લી નાખવા પડે છે. પરંતુ તરફેણથી બી વાવવામાં આવે, તો તે સરખે અંતરે ક્યારબંધ ઉગે છે, ને તેથી બીનો બગાડ બચાવ થાય છે. વાવ્યા પછી કેટલાક લોકો સમારવડે બીને ઢાંકે છે, ને દબાવે છે; તથા કેટલાક લોકો સમાર નથી પણ ફેરવતા. ઉત્તર યુરોપમાં કઠણ ભારીમાળ જમીનમાં શિયાળામાં ઘંડકથી ઘઉં મરી ન જાય, માટે હળથી છ ઈંચ ઉંડા ચાસ પાડી તેમાં ઘઉં વાવે છે, અને બીજે ચાસ તેની પડખેજ લેવાથી પહેલાનો ચાસ ઢંકાઈ જાય છે. આવી રીતે ઘઉંનાં બી ઉંડાં પડવાથી તેના છોડ બહુ ગબ્બરુ રીતે

જે ગ્રાહકોએ ગ્રાહક થવું હોય
તેમણે
વરાજમ મોકલી આપવું.
અને
ન થવું હોય તેમણે પત્ર
લખી તેમ જણાવવું કે જેથી
વી. પી. ખર્ચ અમોને માથે ન પડે.

ઉગી નીકળે છે. શિયાળાની તાઢ સામે પોતાનો બચાવ કરી શકે છે, ને તેમાંનો પાક પણ સારો થાય છે. ઘણું કરીને જે જમીનના ઉપરના પડમાંથી ભીનાશ જતી રહી તે જમીન કઠણ થઇ જતી હોય, તે જમીનમાં સમાર ફેરવવાનો રિવાજ છે. કરબડી દેવાથી કેટલાક છોડ નીકળી જાય છે, પણ જમીન પોચી થવાથી તે નિંદામણ જવાથી બાકીના છોડ સારી રીતે ઉછરીને જોર પકડે છે. જો બેનરમાં ઘઉંના છોડનો ઘાસનો ભાગ ઉંચીઓ આવ્યા પહેલાં ઘણો વધી જાય, તો ઘણી સંભાળથી તેમાં ભેંડાં, ઘેટાં, વગેરે હલકાં જનાવરને ચરવા છોડવામાં આવે છે. આ વખત જમીન ઘણી નરમ ન હોય, તે ખાસ જોવું જોઇએ. યમુના નદીના મુળ પાસે યમુનોત્રીના શીખર પાસેનું સ્થળ ઘણું ઠંડકવાળું હોવાથી ત્યાં બાદરવામાં ઘઉં વાવવામાં આવે છે, તે બાર માસે એટલે આવણમાં કપાય છે, એ હવાપાણીની ખુબી છે.

ઘઉંના દુશ્મન–એના દુશ્મન પણ હોય છે. જો ઘઉંને વહેલા વાવ્યા હોય, તો તેના છોડ ઉપર એક જાતની માખીઓ હલ્લો કરે છે, પરંતુ સમાર ફેરવવાથી તથા કળ દેવાથી તે માખીઓને હટાવી શકાય છે. વળી કોઇ કોઇ વખત બીજી જાતની માખીઓ તથા બીજા પણ નુકસાન પહોંચાડે છે: પરંતુ તેને દુર કરવાનો ઉપાય હજુ સુધી શોધાયો નથી, તો પણ સમાર દઇ કે બીજી રીતે છોડવાને હલાવવા જોઇએ, કે જેથી નુકસાન થતું અટકે. ચૂનાની ફાક, રાખોડી, કહોલું મુગ, મેંશ, કેટલાક તેજાબ વગેરે છાંટીને પણ તેનો બચાવ કરવામાં આવે છે; તથા કેટલાક લોકો સંધ્યાકાળે પવનની દીશામાં ધુમાડો પણ કરે છે. ધુમાડો કરવો હોય, તો જે દીશાથી પવન આવતો હોય તે દીશાની બેતરની બાજુમાં થોડા બીના કચરાનો ઢગલો કરી તેને સળગ વવામાં આવે છે. ઘઉંમાં જ્યારે રોગ પડે, ત્યારે તેને માટે સારામાં સારો ઉપાય એજ છે કે કઠણમાં કઠણ જાતના ઘઉં હોય, તેનાંજ બી વાવવાં, પણ પોચા અને નાજુક જાત વાવવી નહીં. કોઇ વખત બી નકામું હોય, તો એક પણ દાણો ઉગતો નથી, ને તેને ઘઉં ઉડી ગયા એમ કહે છે, તથા પછી બેતર પડતર રહે છે. ઘઉંના છોડના મુળ પાસે જ્યારે ફીક પડે છે, ત્યારે તેના ઉપર બીની હવા હોય, તે વખત મુળ પાસે રાખોડી છાંટવી. ચૂનાની ફાક છાંટવાથી પણ તેજ અસર થાય છે. આ

બચ્ચા કુચ્ચાની જંજાળમાંથી



મેળવવા લખો :—

ડો. એસ. એચ. ખાન

તાપીયા મેનશન, નડગાદર, મુંબઈ.

જરાયત ને બાગાયતના પુસ્તકો

ગુજરાતી.

૧	પૃથક્કરણનું પુસ્તક	૦-૪-૦	
૨	ખેતીવાડી પાઠમાળા ભાગ ૧ લો.	૧-૪-૦	
૩	,, ભાગ ૨ જો	૦-૧૨-૦	
૪	રેવન્યું અને ખેતીવાડીની આબાદી	૧-૦-૦	
૫	ખેતીના ધંધામાંથી પૈસા કમાવવાની કુંચી	૧-૮-૦	
૬	ગાય-બૈંસ-ઘોડા ઉછેરવાની રીત	૧-૮-૦	
૭	હિન્દની જરાયત ખેતી	૨-૦-૦	
૮	બગીચાનું પુસ્તક	૨-૮-૦	
૯	માળીનો ભોમીઓ	૨-૦-૦	
૧૦	કપાસ	૧-૦-૦	
૧૧	,, ૨ ભાગ	૧-૪-૦	
૧૨	ફળવાડીની બીલવણી	૦-૧૨-૦	
૧૩	ગ્રાસરંધન	૨-૦-૦	
૧૪	ટોરોનો વૈદ	૧-૦-૦	
૧૫	દ્રાક્ષનું વાવેતર	૦-૧૦-૦	
૧૬	વનસ્પતિની વાતો	૦-૧-૦	
૧૭	ગુજરાતનો પુલબાગ	૦-૮-૦	
૧૮	ગુજરાતનો ફળ બાગ	૧-૮-૦	

હિન્દી.

૧	કૃષિ-કૌમુદી	૧-૪-૦
૨	ભારતીય કૃષિવિકાસ	૨-૪-૦
૩	ખાદ	૧-૪-૦
૪	ખાદનો ઉપયોગ	૦-૧૫-૦
૫	ઘરના બાગવાન	૦-૮-૦
૬	કીસાનની કામધેનું	૦-૬-૦
૭	કૃષિ-મિત્ર	૦-૫-૦

મરાઠી.

૧	અમચી શેતી	૩-૦-૦
૨	ખેતી સંબંધી ઉપયોગી માહિતી	૩-૦-૦
૩	કૃષિ-શાસ્ત્ર	૦-૧૦-૦
૪	કોબીની લાગવડ	૦-૧-૦
૫	કોબી ફ્લાવરની લાગવડ	૦-૧-૦
૬	પામેટાની લાગવડ	૦-૮-૦
૭	શાકભાજીના મેળા	૧-૦-૦

આર. રૉય એન્ડ કું૦

પબ્લિશર્સ

અને

કમીશન એજન્ટસ.

૨૦૮-૧૦, ખેતવાડી મેઈનરોડ, મુંબઈ; ૪.

માખી, કીડા, જંતુ વગેરે દુશ્મન કોઇકજ વખત અથવા ચોકસ વખતેજ પડે છે, અને તે અમુક મુદત સુધી રહે છે, તથા અનુકુળ હવા પાણી તથા રથળ મળતાં એકદમ ઉભરી નીકળે છે; અને અમુક મુદત સુધી મુસાફરી પણ કરે છે. કેટલેક ઠેકાણે, તો માખીઓનો ઉપદ્રવ એટલા બધા વખત સુધી રહયો હતો, કે લોકો એ પાક કરતા પણ અટકી ગયા હતા, ને જ્યારે તે નાબુદ થઇ, ત્યારેજ પાછો તે પાક ઉગાડવો શરૂ કર્યો છે,

ઘઉંના છોડને બીજો એક રોગ લાગુ પડે છે, તે તેને લીધે છોડનું મથાળું પ્રથમ કાળાશ પડતું ભૂરું અથવા સફેદ કાળાશ પડતા રંગનું થઇ જઇ પછી આખો છોડ એ રંગનો થઇ નેનો નાશ થાય છે. આ રોગ માટે માત્ર આટલોજ ઉપાય છે કે બીને પહેલાં જણાવેલા મિશ્રણમાં બે ત્રણ વખત ઘોઇને વાવવાં જોઇએ.

વળી ત્રીજો રોગ રાતડો નામે કહેવાય છે. તથા તેને ગેરૂ પડવો—ગેરવો પડયો એમ પણ કહે છે. આ રોગમાં દાણા બંધાય, તે વખત ઘઉનું પરાળ લાલ રંગનું થઇ જાય છે, અને લોહીના ફાટના રંગ જેવો છોડનો રંગ થઇ જાય છે; આ રોગ ઘણાં ખેતરોમાં પડે છે, પણ તેથી ઝાઝું નુકશાન થતું નથી; પણ જ્યારે ગરમ અને સહેજ ભીની હવા હોય છે, ત્યારે આ રોગ ઘણું નુકશાન કરે છે. આવી હવા હોય તે વખતે પરાળની અંદર જે વધારે રસ ચઢે છે, તે ગર્મીને બદલે પડે છે, અને છોડની બોલાણોની અંદર લોહીના ફાટ જેવો દેખાવ થઇ રહે છે. કેટલાક વિદ્વાનો એમ જણાવે છે કે એ ફૂગ એ એક જાતનાં જીવાં ઝાડવાં છે, અને તે પોતાનું પોષણ પરાળના રસમાંથી કરે છે. જ્યારે આ રોગ પડે, ત્યારે તેને માટે બીજો કાંઇજ ઉપાય નથી, પણ માત્ર એટલોજ રસ્તો છે કે તે અનાજને જલદી કાપી લઇ લણી લેવું જોઇએ. આમ કરવાથી પરાળનો કાંઇક બચાવ થાય છે; પરંતુ જો ખેતરમાં એમનું એમ રહેવા દેવામાં આવે, તો પરાળ અને દાણાં બંને નુકશાનીમાં આવી પડે છે. આ બધા રોગો અટકાવવાનો અનુભવી માણસોને એટલોજ ઉપાય જડી આવ્યો છે કે દર વરસે અનાજની જાત બદલવા કરવી અથવા તો બીજે ઉંચાણની જમીનમાં વાવવું, કારણ કે ઉંચી જમીન ઉપર હવાની આવજાવ સારી રીતે થઇ શકે છે; તેમજ ભીનું, કોહવા, છાણસમ વગેરે ખાતરવાળા પદાર્થોનું ખાતર નાખવું નહીં. તથા જેમ બને તેમ બીજે વહેલાં વાવવાં, કે જેથી રોગ હુમલો કરે તે અગાઉ છોડ તૈયાર થઇ જાય.

કાપણી—પરાળનો નીચેનો ભાગ પીળો થવા માંડે, એટલે કાપણી કરવી જોઇએ. આ વખત દાણો નરમ સ્થિતિમાં હશે, અને બે આંગળીઓ વચ્ચે દાબીએ, તો દબાઇ જશે. વારંવાર અખતરા કરવાથી એવું સિધ્ધ થયું છે કે આ વખત જ્યારે ઘઉંને કાપવામાં આવે છે, ત્યારે માપમાં ને વજનમાં ઘણો વધારે ઉતરે છે, અને તેનો આટો પણ મીઠો ને ધોળો થાય છે. આ પ્રમાણે જ્યારે જરા વહેલા ઘઉં કાપવામાં આવે છે, ત્યારે તેને સુકવવા માટે વધારે દીવસ મુકી રાખવા પડે છે. આપણા તરફ સુકવવા માટે દાતરડાનો ઉપયોગ કરવામાં આવે

છે, ત્યારે અમેરિકા અને યુરોપના મુલકોમાં મંત્ર વડે વાદવાનું કામ થાય છે. સરાસરી દર કુંબે ઘઉંનો પાક ચાળીસથી પચાસ મણ થાય છે, પરંતુ આપણે ત્યાં દશથી પંદર મણનો ઉતારો આવે છે. વળી પોપટીયા ઘઉં વિષે ચાલીશથી પચાસ મણ સુધી થાય છે, અને તેના મણમાંથી પોણો મણ દાણા પણ નીકળે છે. આ ઘઉં પણ ખાવામાં ઉત્તમ ગણાય છે. સાધારણ રીતે મણ કે દરામાંથી ચોવીશ શેર કાદરી નીકળે છે. વળી મણ ડાંગરમાંથી અઢાવીશ શેર ચોખા નીકળવાનો સામાન્ય અંદાજ છે. સાવલી મહાલમાં ચાળીસ પીસ્તાળીશ વર્ષ પહેલાં દર વિષે વધારેમાં વધારે વીશ મણ ઘઉં થતા હતા. બટાટાનું બી દર વિષે ચોવીસ મણ વપરાતું, અને તેમાંથી બમોથી સવાબમો મણ બટાટા થતા હતા. એજ મહાલમાં પહેલાં બાજરી, કપાસ મઠ, ને ચણા, એ બધું બેવું વાવવામાં આવતું, ત્યારે કપાસનો ઉતાર વિષે પાંચ મણ આવતો હતો, અને આજે ખેડુતોમાં એવી કહેવત પણ ચાલે છે કે "તલમાં ત્રીજું નહીં, ને કપાસમાં બીજું નહીં."

કુંધવું, ઘાસ ને ગોતર–ઘઉંના પૂળાનું કુંધવું કરતી વખત ખાસ સાવચેતી રાખવી જોઇએ કે ઉંબીઓવાળો ભાગ છેક પાસે પાસે આવી ન જાય, કારણ કે પાસે આવી જવાથી ગરમી ઉત્પન્ન થઇ તેમાંના દાણા બગડે છે; માટે પૂળા લીલા ન રાખતાં તેમાંના દાણા સુકાયા પછીજ કુંધવું કરવું એ ખાસ માદ રાખવાની જરૂર છે. કુંધવું કરતી વખતે તે ખાસ રીતે જમીનથી થોડું ઉંચું રાખવામાં આવે છે, તથા તેમાં ગરમી ઉત્પન્ન ન થાય, અને હવાની આવજા થવા નલીઓ મુકવામાં આવે છે; જમીનથી ઉંચું રાખવાથી પુળાને જીવજંતુ વળગતા નથી, તથા કેટલીક વખત તેમાં ઉંદર પણ પેસતા નથી.

ઘઉંનું ઘાસ અને ગોતર નકામાં જવા દેવાં ન જોઇએ; કારણ કે તમામ અનાજના છોડ કરતાં એ ઢોરને વધારે પુષ્ટીકારક છે; અને જ્યારે ઢોરનો બીજો ખોરાક તૈયાર ન હોય, ત્યારે એ ગોતરને કંદમુલમાં બેળવીને ખવરાવવામાં આવે છે. વિલાયતમાં સરઘમ અને ઘઉંનું ગોતર ઘણું ખરું મેદાં અને લગભગ અડધો ન્યાધ ઢોરને ખવરાવવામાં આવે છે, અને એ દેશના હવાપાણીને લીધે એ ખોરાક એટલો બધો માફક આવે છે કે ઢોર વગેરે ઘણાં કૃષ્ટપુષ્ટ બને છે. ઢોરની પથારી કરવાના કામમાં પણ એ ઘાસ ને ગોતર કામમાં આવે છે; અને તેમાં છાણ

ઇસ્ટ એન્ડ વેસ્ટ
ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડ.
[સ્થાપના ૧૯૧૩]
(હેડ ઓફીસઃ–ઇસ્ટ એન્ડ વેસ્ટ બીલ્ડીંગ, ફોર્ટ, મુંબઇ)
લાગવગવાળા અને પ્રમાણીક એજન્ટોને નફાકારક શરતો મળે છે.
જિંદગીના વિમાની
સધ્ધર સ્વદેશી કંપની

મુતરનો ઘણો ભાગ ચૂસાઈ જઈ તે ખાતરના કામે ઘણું ઉપયોગી બને છે. જ્યારે ખેતરમાંજ તેનું ખળું કરવામાં આવે, ત્યારે અને ગોતર વગેરેનો ઢોર માટે ઉપયોગ ન કરવાનો હોય, ત્યારે તે ઘાસ વગેરે ખેતરમાંજ પાથરી પછી ખેડી નાખી જમીનમાં ભેળું દેવું, એટલે તેને બાળી ન નાખતાં જમીનની અંદરજ કહોવરાવવું જોઇએ. ઘઉંના પરાલમાં પાણીનો ભાગ સેંકડે ૧૨–૧૫ ટકા; રેષાનો ભાગ ૫૦ ટકા; મેદો, ગુંદર ને ખાંડનો ભાગ ૩૦ ટકા; ગ્લુટન એટલે લુસાનો ભાગ ૧–૫ ટકા, તેલી ભાગ –૫ અડધો ટકા; ને ખારનો ભાગ ૫ ટકા છે.

ઘઉંની નવી નવી જાતો પેદા કરવી. પરદેશી નવીન જાતનાં બી લાવી દાખલ કર્યા વિના, તથા આપણી પાસે સારાં બી હોય, તેની સંભાળપૂર્વક વાવણી કર્યા તેના પણ ઘઉંમાંથી નવી જાતનાં બી પેદા કરી શકાય છે. ઉંચા પ્રકારના ઘઉંનાં બી સાથે હલકી જાતના ઘઉં ભેગા કરી બી તરિકે વાવવાથી નવીન જાત પેદા થાય છે; એટલે એક જાતના સ્ત્રીકેશર ઉપર બીજી જાતના પુંકેશર બેસવાથી ભેળ મેટલે વર્ણસંકર જાતનાં બી થાય છે, અને તે મુળ જાત કરતાં જુદીજ જાતનાં નિવડે થાય છે, તથા કેટલીક વખત તે બન્નેતોના સાધારણ ગુણો નવીન જાતમાં સરપુરપણે જોવામાં આવે છે; તથા કોઇ કોઇ વખત આવાં બી વાવવાથી નવાં બી થયામાં પણ ઘણાં એટલે પ્રમાણમાં પાક બહુ વધારે થાય છે. આ પ્રમાણે સમાગમ વાથી નવી જાત પેદા થાય છે, એ વાત નક્કીજ છે. મકાઇના એકજ ડોડામાં લાલ, પીળા, કાળા, ધોળા એમ જુદા જુદા રંગના દાણા જોવામાં આવે છે, તે ના આકાર તથા ગુણમાં પણ તફાવત માલમ પડે છે. જો ખેડુનો પોતાના ખેતરમાં આવો બારીકાથી અભ્યાસ કરે છે, તેમને આવો કુદરતી સમાગમ માલમ પડી આવે છે અને કોઇપણ જાતનાં બી આવી રીતે ભેળ કરીને વાવ્યાં હોય, તો તેમાંથી નવીન જાત ઉત્પન્ન થવાની ખાત્રી થાય છે.

વળી બીજી રીતે પણ આવો સમાગમ કરી શકાય છે. કાંગર, ઘઉં, વગેરેનો એક દાણો ઉગ્યા પછી તેના જડમાંથી ઘણાં થડ નીકળી જડમાં બંધાય છે, તે જડમાંમાંથી એક એક સોટી જુદી પાડી તેને વાવવાથી તેનો વિસ્તાર ઘણો થાય છે એક વખત લુનની બીજી તારીખે ઘઉંનો એક દાણો વાવ્યો, પછી આઠમી ઓગસ્ટે તે એક છોડમાંના અરાઢ કણગા છુટા છુટા થયા; વળી પછી પંદરમી સપ્ટેંબરે ને પંદરમી ઓકટોબરે તેમાંના કણગા જુદા પાડી જુદા જુદા રોપ્યા, આ પ્રમાણે એક દાણામાંથી સંભાળપૂર્વક વિભાગ કરી રોપવાથી પાંચસો છોડ થયા હતા, ને તે દરેકમાંથી મઝોટી મઝોટી ઉંબી પણ તૈયાર થઇ હતી, અને તેના ઉપરથી લગભગ ચાર લાખ દાણા નીકળ્યા હતા.

રૂશિયાના ઓરેસાનાં ખેતરોમાં ગ્રેહેમ્સર હાર્ડસેનકામ્પે ઘઉંના અખતરા કરી ઘણી ફતેહ મેળવી છે. તેણે ખાતર અને પાણીના મુળોમથી એકજ ઋતુમાં એકજ જમીન ઉપર ઘઉંના બે પાક ઉતારવામાં ફતેહ મેળવી છે. આ રોપ ભારે અગત્યની છે રૂશિયા એક મહોટો ઘઉં પેદા કરનાર પ્રદેશ છે. ક્રમણાં સુધી એના ઘઉં એની રોજ કરોડની પ્રજા ખાઇ કરતી હતી, પરંતુ હવે પરદેશો માટે મહોટી રકમના ઘઉં તે કાયમ પાડી શકશે. આ નવાં બી

રૂશિયાના ઘઉં પેદા કરનાર કાકેસસ અને ઉકરાઇનનાં ખેતરોમાં વાવવામાં આવ્યાં છે. આ શોધથી જગતની અનાજની પેદાસમાં મહોટી ઉથલપાથલ થશે. પ્રોફેસર લાપ્રેનકોના અખતરા કરવાના બીજ એકરના ખેતરમાં એ બીજથી ભારે સંતોષકારક ઉતારો આવ્યો છે એકજ ઋતુમાં એક એકરે અડધો ટન (અઠાવીશ મણ) ઘઉં પેદા કરવામાં પ્રોફેસર કૃતકાર્ય થયા છે. હિંદુસ્તાનમાં સરાસરી દર એકરે માત્ર આઠ મણ ઘઉં પેદા થાય છે, ત્યારે ઉપરિમામાં સગસરી તેનો બમણો ઉતારો આવે છે. પહેલો પાક પ્રોફેસરે માર્ચની આખરે વાવ્યો હતો અને જુલાઇની પંદરમી તારીખ પછી તેની કાપણી કરી હતી, તથા તાજાં બીમાંથી તરત બીજો પાક વાવવામા આવ્યો હતો. પ્રોફેસર લાપ્રેનકોએ જમીનમા બીયાં વાવ્યા પહેલાજ તેના અંકુરો ઉપજાવવાની નવી શોધથી પ્રખ્યાતિમાં આવ્યા હતા આ અંકુરોમાંથી ઉપન્ન થએલા છોડવા વરસાદની તંગી છતાં ઋતુમાંથી–હવામાંથી બીનાશ મેળવી શકે છે" (શારદા માસિક–ડિસેંબર ૩૬)

બી તૈયાર કરવા વિષે–વડોદરા રાજ્ય ના એક ખેતીના નિષ્ણાત કામદારે તા૦ ૧૮–૧૦–૯૧ ની આજ્ઞા પત્રિકામાં જાહેર કર્યું છે કે–બીના વજન પ્રમાણે તપેલામાં પાણી નાખી તે સારું ઉનું કરવું. અને વીસ મિનિટ સુધી ઉકાળવું. પછી તેમાં બીયાવું નાખી ચુનામાંથી તમામ દેવતા કાઢી નાખવો. ને બીને લાકડી વડે હલાવ હલાવ કરવું. બાદ હાથ વડે કે ઝારા વડે તરી આવેલાં બી કાઢી નાખવાં, એમ પાંચ છ વખત કરી તળીએ બેઠેલાં ભારે બી કાઢી લઇ લુગડા ઉપર પહોળાં કરી ચોડાં સુકાયા પછી તરતજ વાવવાં. પાણીમા બી નાખ્યા પછી પંદર મિનિટ સુધી તે તેમાં રહેવા જોઇએ, બીને સંપૂર્ણ સુકવવાથી તેમાં બત્રાડો થાય છે. આ પ્રમાણે વાવવાથી ૮૧૩ ખરાબ બી નીકળી જાય છે, (૨) વાવેલાં બીનો નવોજ દાણો ઉગી આવે છે, ને (૩) જંતુ. વગેરે રોગનો ભાગ મરી ગએલો હોવાથી રોગ વગેરે રોગ પડતો નથી.

કેટલાક લોકો આમાં પલાળેલાં બીને મતરમાં બીજવી ચુનાની ફાક સાથે મેળવીને વાવે છે વળી કેટલાક લોકો ઘઉંના બીયાવાને મીઠાના પાણીમાં નાખી ભારે બી વાવે છે, ને તેને પણ ચુનાની ફાકમાં મેળવવામાં આવે છે.

પાછલી જીંદગીનુ ઉત્તમ સાધનઃ



શ્રી લાઈફની પોલીસી

લખો :–

શ્રી લાઈફ એસ્યુરન્સ કું. લી.

ફોર્ટ ચેમ્બર, ૬–૧૦ હીન લેઇન

મુંબઇ—૧.

હિન્દી ખેડુતો : એક પત્રમાળા

પ્રાસ્તાવિક

ઉપલા મથાળા નીચે આપણા ખેડુત વર્ગની હાલની અવદશાનાં જુદાં જુદા ચિત્રો જુદા જુદા દૃષ્ટિબિન્દુથી રજુ કરવાની હું ધરચ્છા રાખું છું. આપણો દેશ પ્રધાનતાએ ખેડુતોનોજ દેશ કહેવાય. એની વસતિના ૬૦ ટકા કરતાં વધારે ગણાય છે તે હકીકત આ સત્ય પુરવાર કરે છે. હિન્દી પ્રજાની જુદા જુદા કારણોને લઇને હાલ જે અવદશા આપણને પ્રત્યક્ષ થાય છે તે કરતાં વધારે તીવ્ર અવદશા ખાસ કરીને ખેડુત કહેવાતા આપણા સ્વદેશ બંધુઓની છે. દેશકાળ, સંજોગો, ગરીબાઇ, દેવાદારી, અજ્ઞાન, અભણતા, અસાધનતા અને નીરાધારતા : આ સૌ એકસામટાં અને સાથે સાથે આ ખેડુતવર્ગના અને તેના આશ્રિત સ્ત્રી બાલકોના શરીર અને આત્માને કચરતાં આવ્યાં છે ને હજી કચરી રહ્યાં છે. એ વર્ગ ચિરકાળે પ્રાણ જતાં કયારે આ સર્વભક્ષક ચિંતામાંથી મુક્ત થઇ શકશે એ અત્યારે તો કહી શકાતું નથી. હિન્દમાં જે જાગ્રતિ હાલ જોવામાં આવે છે તેમાં ખેડુતના જીવનની ભયંકર ગરીબાઇ તરફ પણ સમજાવે આકર્ષાઇ કેટલાક જાગ્યા છે–પ્રજાનેતાઓ અને સરકાર બન્ને–પણ આપણા હિન્દી શરીરની કરોડ જેવા ખેડુતની સાચી સ્થિતિનું હજી આપણા કેટલાક બંધુઓને અસરકારક ભાન નથીજ થયું. સૌને એ ભાન જલદી થાય એટલે અંશે એ દુઃખી ભાઇબ્હેનોના દુઃખોમાં એક રાષ્ટ્ર તરીકે આપણે ભાગીદાર થઇ શકીશું. આપણે ધંધે ખેડુત હોઇએ, શહેરોના મોટા મુકી દુઃખી ગામડાંના દુઃખી ખેડુત વર્ગ ભેગા વસ્યા હોઇએ તો ખેડુતવર્ગની સ્થિતિનું આબેહુબ જ્ઞાન હૃદયમાં સોંસરૂં ઉતરી જઇ રાતદિવસ ડંખ્યા કરે છે. એકજ વિચાર આપણને આવ્યા કરે છે : પ્રભુ જો હોય તો તેને કહેવાનું મન થઇ આવે છે કે કયારે ? કયારે ? ? ઓ પ્રભુ ! આ લોકો માટે સુખનાં બ્હાણાં વાશે ! હવે તો આ માટે ધીરજની પણ અવધિ આવી રહી છે.

'કિસાન' માસિકના દેશભકત સંપાદકે મારી પાસે લેખની માગણી કરી. ખેડુત કીટી સાહિત્ય અને શિક્ષણની પ્રવૃત્તિમાં પડેલા મારા જોવાથી પણ મારા ખેડુત જીવનને વિસરાયું નથી, વિસરાતું નથી. એ જીવનનાં હમેશનાં અનેક દુઃખો ભૂલવા માંડું તોયે ભૂલી શકાતાં નથી. એવા દુઃખોથી દલિતવર્ગનાં આવાં દુઃખો તો મહાત્માજી જેવા સ્થિતપ્રજ્ઞને પણ રડાવે છે. ગયા અમદાવાદના ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના પ્રમુખપદેથી સાહિત્યની વાતને વિસરી જઇ એ મહાત્માજીએ ગદ્‌ગદિત વાણીમાં સાહિત્યકારોને પણ કહ્યું હતું : "તમે આપણા ખેડુત વર્ગથી સમજાય તેવું સાદું સાહિત્ય ઉત્પન્ન કરો અને તમે એમ કરી શકશો ત્યારે જ મારા આત્માને શાંતિ મળશે."

ખેડુત જીવનનાં ઘણાંએક કરુણ દૃશ્યો મારી આંખોએ મેં જોયાં છે. એ દુઃખ જોઇ મારૂં હૃદય રડી રહ્યું છે. તે દુઃખોના ચિતાર સાહિત્યમાં ઉતારવા મને ઘણા વર્ષોથી ઉત્કટ ધરચ્છા હતી. જેણે મને વખતે જ્યારે મહાત્માજીની રડતી વાણી મેં સાંભળી ત્યારે મને પ્રેરણા આપી. આથી આ પત્રાવલિની મેં શરૂઆત કરી હતી. હવેથી એકએક પત્ર આ પત્રમાળામાં 'કિસાન'ના વાચકો આગળ મહીને મહીને મુકવામાં આવશે.

: પત્ર પહેલો :

પ્રિય ભાઇ,

તમે ઘણીવાર લખ્યું છે કે આપણા ખેડુતો વિષે તમારે મારું કહેવાનું જાણવું છે. આજે તે હું તમને લખી જણાવું છું. તમે જણાવો છો કે તમને એમાં રસ પડશે. પણ મારા આ લખાણમાં તમને કેટલો રસ પડશે તે હું કહી શકું નહીં. પણ આ વર્ગ માટે મારા હૃદયમાંથી વર્ષોનાં વર્ષ થયાં ઘણુંઘણું બહાર નીકળવાને ઉભરાઇ રહ્યું છે. આજે એ ઉભરા મારી લેખીનીમાં ઉતારવા હું પ્રયત્ન કરું છું.

હું હિન્દમાં દિશાએ દિશાએ ફર્યો છું. ખેડુતોના ઝીલ્લાઓ જેવાં ગામડાં ગુજરાતનાં ને કાઠિયાવાડનાં, મુંબઇ ઇલાકાનાં ને બીજા ઇલાકાનાં બધાએ પ્રાંતોના ને જીલ્લાનાં ગામડાંમાં હું ફર્યો છું. ખેડુતોના જીવન જોવાનો મારી આ યાત્રામાં મને બહુજ રસ પડ્યો છે. પણ એ રસ કરૂણ રસ જ મારામ પડ્યો છે. કયાંયે એ ખેડુતદેવનાં મંદિરો મને તેજસ્વી લાગ્યાં નથી. એમનાં ગામડાંના ઝીલ્લા ખંડિએરો જેવા ભાસ્યા છે એ દેવોના મોં ઉપર કદી નુરનું નામ દેખાયું નથી. શરીર ને આત્માના હાડપિંજરો આ ખેડુતદેવો બની ગયા છે. એમનાં થોડાંક ઠોર પણ એવાં જ દુબળાં, દુઃખી ને બીનતંદુરસ્ત દેખાયાં છે. નાનાં નાનાં ખેતરોને વાડો રક્ષતી નથી ઝાડો કપાઇ જતાં રહેતાં દેખાયાં છે. અજ્ઞાન, અભણતા, દુઃખ અને દરિદ્રતા આ દેવોને તેમનાં દીકરા દીકરી કે વહુઆરોને પીડી રહ્યાં છે. રોગચ્યે માનવોને ને તેમના ઢોરધનને સપાટી નાંખ્યા છે. શાહુકારો ને સત્તા સૌ એમને દબી રહ્યું છે. દુઃખમાં ને દેવામાં દુઃખી, વ્યસની, ખર્ચાળ અને નીરાશ થયેલો એ વર્ગ હવે બહુ વખત ટકી શકશે કે કેમ એ મારાથી આજે કલ્પી શકાયું નથી.

અને ખેડુતોથી વસાયલું પેલું ગામ જુઓ. એમાં શું રહ્યું છે? ગામની ચારે દિશાની ભાગોળો ભાંગી ગઇ છે. ત્યાં વડલાના વિસામા નથી. એનાં તળાવો ને સરોવરોની પાળો ભાંગી ગઇ છે. પાણી બે ચાર માસમાં સુકાઇને સડી ગયું જણાયું છે. ઉકરડાઓ અને ઢોવાડાઓ વ્યવસ્થિત નથી જણાયાં. ગંદવાડોએ જ્યાં ત્યાં ઘર ઘાલ્યાં છે. કોઇ કોઇ સ્થળે તો ઉકરડા, ઘરો અને ઢોરો સાથેજ વસી રહ્યાં છે. ઉત્સાહનું નામ નથી સંભળાયું. આળસે એના ઉકરડાઓ જ્યાં ત્યાં જમાવ્યા છે. આવાં ગામડાંમાં રહેનારા કેવા હોય! એ કેમ જીવી રહ્યા છે એ પણ સમજાતું નથી.

વસતિ ભાગી ભાગી નગરોમાં ભરાવા માંડી છે. રેલ્વે કે મોટરો જ્યાં ત્યાં પહોંચી ગઇ છે. દાણો, ઘી, દુધ ફલફુલ, સુકાં ફલ સૌ ગામમાં હમેશ માટે રહી શકતાં નથી છાશના પણ વાખા પડ્યા છે. અન્નવસ્ત્રની ચિન્તામાં સૌ કોઇ પીડાઇ રહ્યું છે.

આ આપણાં ગામડાં, આ આપણા ખેડુતો. પણ આ પત્ર આજે બંધ કરું છું. બીજામાં આ ચિત્રમાં વધારે રંગ પુરીશ.

શંકરપ્રસાદ રાવળ

ના વદેમાતરમ્.

ગ્રામરક્ષણ-જવાબદારી ચોકીયાત.

આજકાલ ચોરી ચપાટી અને લુંટફાટ થાય છે. તેનું મુળ કારણ. તો બેકારી જ છે. બેકારોને પણ ખાવા તો જોઇએ જ. સીધી રીતે જ્યારે મળવું બંધ થાય એટલે ન છુટકે આડી રીત ગ્રહણ કરવાની ફરજ પડે. પછી આપણે એને ચોરી કે લુંટફાટનું નામ આપીએ. બાકી વાસ્તવિક તો એ એમને મન એક જાતનો ધંધો છે. ગામડાંઓમાં આ દશા ઘણી ઓછી જોવામાં આવે છે. ખાસ કરીને તો દુષ્કાળના સમય દરમ્યાન તેવા લોકો ભૂખે મરતાં ચોરી-લુંટફાટનો ધંધો પકડે છે. પરન્તુ તેનાથી હવે આપણને ગ્રામરક્ષણ કરવાની જરૂરીઆત ઓછી રહેશે. કારણ કે આપણી ગ્રામઉદ્યોગની રચના અને ખેતીની દશા સુધરતી ચાલશે તો ગામડાંઓની બેકારી તો સત્વર નાશ પામશે અને બેકારીના અંત પછી ચોરીનો કે લુંટફાટનો ધંધો કરવા કોઇનું દિલ પ્રેરાશે નહિ. એટલે ગ્રામરક્ષણની જરૂરીઆત જ આપણને બીલકુલ નહિ રહે, છતાં પણ એની જરૂરીઆત છે એમ જ્યારે લાગે, તો હાલની આપણી ગ્રામરક્ષણની પધ્ધતિને બીલકુલ નવું રૂપ જ આપવું પડશે. ગામડાંઓમાં રાજ્ય તરફથી બેકાદ બે પસાયતા અને પોલીસ પટેલ રાખવામાં આવે છે. આવા પસાયતાઓ કે પોલીસ પટેલો ગામડાંનું રક્ષણ કરતાં ભક્ષણ વધારે કરે છે. તેઓ પોતાની સત્તાની રૂએ બીચારા અભણ ખેડુતોને કે ગરીબ માણસોને વિના કારણે પોતાના સ્વાર્થ ખાતર સતાવે છે, અને તેમની નાનીશી ભુલને માટે મોટી મોટી ધમકીઓ આપી પજવે છે; એટલું જ નહિ પણ તેમની પાસેથી જબરજસ્તીથી કંઇક લાગો ટકો મેળવે છે, અને એ રીતે તેમની નાનીશી આવકમાંથી પણ કંઇક મેળવવા તંગ કરે છે. આ પ્રમાણેની ગ્રામરક્ષણની રીત તો શ્રાપરૂપ થઇ પડે છે, એટલે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા છે. કે જેથી ગ્રામ-જનોનું આવા ગ્રામરક્ષકો કે ભક્ષકોથી અને ચોર-લુંટારાઓથી પણ રક્ષણ થઇ રહે.

ગામડાંઓમાં વસતા વર્ગને આપણે ગ્રામરક્ષણના ઉપયોગમાં લઇ શકીએ. વેર-વેરથી એક એક માણસ ગ્રામરક્ષણ કરવા હાજર રહે એવી વ્યવસ્થા કરવી જોઇએ. કે જેથી તેઓ વારાફરતી ત્રણ કે ચાર જણાઓ રોજ ગામડામાં ફરતા, તેમજ શેરીઓમાં રાત્રીના પહેરો ભરતા રહે. અને એ રીતે ગામડાંનું રક્ષણ થાય. આ કાર્ય ગ્રામપંચાયતની સીધી દેખરેખ નીચે થાય એટલે લોકોને સંગઠીત તેમજ નિયમીત રાખી શકાય અને તેમની પાસેથી નિયમીત કામ પણ લઇ શકાય. અનુકુળતા મુજબ વૃધ્ધો પણ ગ્રામરક્ષણમાં કામ લાગી શકે. તેમનો પહેરો આગલી રાત્રીએ રાખ્યો હોય અને પાછલી રાત્રે યુવાન વર્ગને ગોઠવેલ હોય તો પણ અનુકુળ થઇ પડે એટલે ગ્રામપંચાયતની સીધી જવાબદારી નીચે આ રીતની ગ્રામરક્ષણની પધ્ધતિ ગામડાંઓને આશીર્વાદ રૂપ થઇ પડે ખરી. રાજ્યો કદાચ પોતાનાં ગામડાંઓમાં પસાયતા રાખવાનીજ હિમાયત કરે તો તેઓ સીધા ગ્રામપંચાયતનીજ સત્તા નીચે કામ કરે તેવી ગોઠવણ રાજ્યે

—: નાણાં પ્રકરણ :—

ગામડાંઓની પુનર્ઘટનાનું મુખ્ય આવશ્યક અંગ એટલે નાણાં પ્રકરણ. 'નાણાં વિના નર નિમાણા', એ એક જુની કહેવત છે. તે ખરે પ્રસંગે બરાબર બંધબેસતી આવે છે. ગામડાંઓના આધારભુત ખેડુતોની અવદશા નાણાંને અભાવે પણ બદ્ધ છે એમ કહેવુ ખોટું નથી ગામડાંઓમાં જ્યે કે વાણીઆને ત્યાં નાણાંનો અભાવ તો નથી. પરન્તુ વ્યાજના વ્યાજનું વ્યાજ લેનાર, મખીચુસ વેપારીઓ ખેડુતોને નાણા ધીરે છે, તો બહુ લખાવી લઇ ધીરે છે. એટલે ખેડુતોને તો બેરડો મારો પડે છે. વ્યાજ આપે અને નાણાં પણ આપે છતા વ્યાજના, વ્યાજનું વ્યાજ રહી જાય તે પેટે લખી આપેલી જમીન વિગેરે લઇ લ્યે અને ખેડુતો બિચારા કાળાઅક્ષરને કુહાડે માર્યો હોય એટલે હાયધસત્ય મોં વકાસી બેસી રહે આ રીતને' અન્ત લાવવા માટે અમુક પ્રકારનું નાણાં પ્રકરણ ઘડાવું જોઇએ કે જે ખેડુતોને નાણાં પણ ધીરી શકે અને ખેડુતો જ્યારે બરાબર કમાતા હોય ત્યારે તેમાંથી થોડું લઇ તેમની ભવિષ્યની જરૂરીઆત પોષવા કંઇક કમાણીનો બચાવ પણ કરી શકે, હવે બચત કરવાનું તે ભવિષ્યને માટે થયું, કે જ્યાં આગળ પરિસ્થિતિ નાણાંને અભાવે ટકી શકતી નહોય ત્યાં શું બચાવ કરવો તેજ એક સવાલ હોય ? પરન્તુ એટલું તો ચોકસ કે જ્યારે બચાવ કરવાનો પ્રસંગ આવી મળે ત્યારે કેમ બચાવ કરી શકાય, અગર તો બચાવ કરવો જોઇએ તેવો ખ્યાલજ પેદા થયો નહોય ત્યાં, બચાવ કરવાનુ દરેકને ફાળે છે, એવું દરેક ગામજનોને મનજમાં બેસતું જાય, એવી યોજના કરી મુકવી એ તો આવશ્યક છેજ. નાણાંની ગામજનોને જરૂર પડે ત્યારે મળી શકે અને નાણાંની છોળો ઉડતી હોય ત્યારે બચાવવાની ઉભી ઉછળે, તે બન્ને વસ્તુ અપણી સહકારી બેન્કો પુરી પાડી શકે. નાણાં બચત ખાતુ (સેવીંગ ખાતુ) તો દરેક બેન્ક કરે છે, અને કરી શકે પરન્તુ ગામડાંઓ માટેની જે બેન્કો સ્થપાય તેઓએ બચાવ ખાતાના નિયમોની ફેરબદલી કરવી જોઇએ. દાખલા તરીકે ખાતું ખોલવાની પધ્ધતિ રૂ. ૧)થી બદલે તો ઓછામાં ઓછી રકમથી શરૂ થતી હોવી જોઇએ. સહી કરવા બાબત પણ ગામડીઆઓ જાણતા નહોય એટલે એ પધ્ધતિ

કરવી જોઇએ, કે જેથી ગામડાંઓની નિયમીત ખોરાકાત બે મને નહિ થતા એક ચીપી અને સાદી પદ્ધતિથી થઇ શકે, અને હાલના પોલીસ પટેલ કે પંચાયતોના સતત ત્રાસથી પણ બચી શકે.

ગામડાંઓમાં ગ્રામરક્ષણની ખાસ આવશ્યકતા નથી એમ એક વખત કહેવાઇ ગયું છતાં જરૂરનુંજ એ એકાદ અંગ હોય તો આજ નિયમથી કરવામાં આવે એજ આવકારદાયક ગણાય.

("ગામડાં અને તેની પુનરચના")

પણ સુધારો માગે ખરી. સહી ન કરી શકતા હોય તેમની કાયમ શારીરીક નિશાની-ઓથી ઓળખાણ કરી શકાય તેવી કોઈ પધ્ધતિ અખત્યાર કરવી જોઈએ પરન્તુ આતો આપણે પછીની જરૂરીઆતની વસ્તુ ખ્યાલમાં લાવ્યા. નાણાંની ધીરધાર કરવાની આવશ્યકતા ગામડાંઓમાં પ્રથમની જરૂરીઆતની વસ્તુ છે, એટલે તેને વધારે વખત વિચારે મુકતી પાલવશે નહિ.

બેન્કોનો મુખ્ય વ્હેવાર એકની પાસથી બીજાને પહોંચાડવી એવો છે. ઘણાંઓ બેન્કમાં ખાતાં ખોલે છે, તે પ્રથમ તો પૈસા સાચવવા અને પછી પોતાના ધંધાને એમની સેવક દેવકનો સગવડતા રહે એટલા માટે. પરન્તુ એવા થોડાજ મળી આવશે કે જેને બેન્ક ધીરતી હોય. જ્યાં આખળ બેન્ક ધીરધાર કરે છે. ત્યાં બેન્કના નાણાંની પૂરેપુરી સલામતી જોઇને ધીરે છે, એટલે અમુક કિંમતની આમદાનીવાળી સ્થાવર-જંગમ મીલ્કત ઉપર તેની મૂળ કિંમત કરતાં અમુક ટકા ઓછી રકમ ધીરે છે, હવે આવી બેન્કો તો શહેરોમાંજ પોસાય કે જ્યાં આવળ લેવાનું વધારે હોય અને ધીરવાનું ઓછું હોય, અને તે પણ જોઇએ તે કરતાં વધારે કિંમતવાળી મીલ્કત ઉપર. ગામડાંઓમાં તો એથી ઉલ્ટી પરિસ્થિતિ છે, શહેરની બેન્કોને ગામડામાં લાવી મૂકી હોય તો તો ગામડી-આઓની સ્થિતિ, માસ્તર ગારે નહિ અને ભણાવેએ નહિ. એના જેવી થાય ત્યાં આખળ બેન્કો એટલે ધીરધાર કરતી પેઢીઓ. સાધારણ વ્યાજ, સાધારણ પીછાણ ઉપર, જરૂર પૂરતી જમીન-ગીરીથી ધીરી શકે તેવી હોવી જોઇએ. એવી વ્યાજબાઉ નહિ હોવી જોઇએ. અહર તેના કાર્યકરો માત્ર પોતાની ઓળ-ખાણવાળાને ધીરે ને બેસો રહે એવા નહિ હોવા જોઇએ. નાણાંનું એક રીતે જોખમ તો વ્હોરવું જ પડે પરન્તુ એના શહેરની દ્રષ્ટિએ ગામડાનો બેકુત બેન્કના નાણાં જોખમ કરવાની દાનત રાખશે નહિ. છતાં પણ બેકુનો ઉપર સંપૂર્ણ આંકુશ રહી શકે એટલા ખાતર નાણાંની જરૂરી-આતવાળો બેકુત ગામ અન્ય ગામજન ગામપંચાયત ગારન્ટ આપે કરે અને તેની જોખમદારી ગામપંચાયતને શીર રહે એવી કંઈ ગોઠવણ કરી જોઇએ કે જેથી સર્વસત્તાધારી ગામપંચાયતના સીધા દબા-ણથી બેન્કોનાં નાણાં જોખમ કરવાની કોઇ હિંમત કરી શકે નહિ.

આવી બેન્કોમાં કે જ્યાં શરૂમાં તો આવક બીલકુલ નથી અને ખર્ચજ પડે છે, ત્યાં વાર્ષિક કંઈ નાનીસુની આવી શકે નહિ શહેરોની બેન્કોમાં વાર્ષિક શહેરીઓની છે, તેવી આ બેન્કોમાં ગામજનો તો કશી વાર્ષિક મૂકી શકવાના નથી. બરાબર કે દામ તો કશી વાર્ષિક જ નથી એટલે મુકે પણ શું! એટલે આવી બેન્કોનો આધાર પણ શહેરીલાવાઓ અને લાખપતિ કે કરોડપતિઓ ઉપર વધારે રહેશે. કોઇ ગામડિયોત્ર ધંધે જેવી એકાદ સંસ્થા આવી એકાદ મધ્યસ્થ એમીકલચર અગર તો એવી કોઇ કોઓપરેટીવ બેન્ક સ્થાપવા પ્રયત્ન ઉઠાવે તો ભલી થઇ જાય. એવી મધ્યસ્થ બેન્ક પ્રાન્તવાર અને તાલુકાવાર મુખ્ય શાખાઓ ખોલે અને પ્રાન્તવાર તાલુકાવાર એવી અમર્યાદિત ગોઠવણ કરે કે તેવા પ્રાન્ત અને તાલુકાના અર્થસંપન્ન રીતિ પોતાની કરકામત અને સેવક રેવક બીજી બેન્કોમાં કરવા કરતાં આવી બેન્કોમાં કરે અને એવાજ વાર્ષિક મુકનારાઓમાંથીજ અમક અમુકને પસંદ કરી ડાયરેક્ટર અને

ગામડે ગામડે એજન્ટો તરીકે મુકી દેવામાં આવે તો આવી બેન્ક અગર બેન્કો કામ કરી શકે એટલું જ નહિ પરન્તુ બેન્કના મેનેજરો કે એજન્ટો તેમાં થાપણ મુકનારા માણસોજ હોય એટલે બેન્કના માણસોના જે ઉચાપત કરી જવાના દાખલા છાપામાં વાંચીએ છીએ તે પણ બનવા ન પામે. આવી બેન્કોમાં કાર્યકરો તરીકે વયોવૃધ્ધ, અનુભવી અને પેન્સનરોને પસંદ કરેલા હોય તો તેઓ ઘણીજ સરળતાથી અને બુદ્ધિપુર્વક કાર્ય કરી શકે એજન્ટો કે મેનેજરો નીમવામાં એવો એક નિયમ સાચવવો જોઇએ. કે જેથી જે ગામડામાં અમુક રકમથી વધારેની જરૂર ન હોય એની આસપાસની કિંમતની થાપણ, તે એજન્ટ કે મેનેજરની, તાલુકા કે પ્રાન્તની શાખામાં જમે હોય, અને એવી ગામડાંવારની દરેક પેટાશાખાઓનો તે સંપુર્ણ જવાબદાર હોય. કોઇપણ વ્યકિતને અમુક ધીરધાર કરવી કે જેથી ઓછી કરવી કે બીલકુલ ન કરવી તે દરેક ગામડાંની મધ્યસ્થ ગ્રામપંચાયતે તેની જવાબદારીથી અને બેન્ક કે ગ્રામજનની હાલચાલ પ્રમાણે નક્કી કરવાનું રહે. જેથી પેટાશાખાની એટલા પુરતી જવાબદારી ઓછી થાય. તેઓએ વ્યાજનો દર વધારેમાં વધારે ૭ ટકાજ રાખવો જોઇએ. રાજ્ય તરફથી પણ આવી બેન્કોને સહાય મળવી જોઇએ. અને તેવી બેન્કોનાં લેણાં વસુલ થાય ત્યાંસુધી બેકુતો પાસેથી મ્હેસુલ ઉઘરાવવા બાબત તકાદા નહિ કરવા જોઇએ.

આ રીતે નાણાં પરવઠાનો જો ઉકેલ કરવામાં આવે તો હાલની ગામડાંનાં વેપારીઓની ચુસણ નીતીમાંથી ગ્રામજનોનો ઉધ્ધાર થઇ જાય અને સમય જતાં પાંચ પૈસા જોઇ શકવાની પણ આશા રાખી શકાય.

રાજ્યો તરફથી ધીરધાર કરી શકે એવી બેન્કોની વ્યવસ્થા કરી શકાય ખરી, પરન્તુ એવા સંજોગોમાં અમલદાર વર્ગના દમનનો ભોગ બિચારો બેકુત ન થઇ પડે અને ઉલ્લમાંથી નીકળી ચુલમાં પડવા જેવી સ્થિતિ તેની ન થાય તેવી વ્યવસ્થા કરવાની આવશ્યકતા રહે ખરી. અશકય એવું તો કશું જ નથી. પરન્તુ આ કાર્ય વિટંબણા ભર્યું તો ખરું જ. કારણ કે અમલદારો, અમલદારશાહી વાપરતાં અટકી શકશે નહિ. એ ડર રહ્યા કરે. બાકી રાજ્ય તરફની આ ગોઠવણ પણ આવકારદાયક કે આશીર્વાદરૂપ પણ નીવડે ખરી.

ગ્રામપંચાયત અને ન્યાયી લવાદ.

ગ્રામપંચાયત એટલે ગામડાંની, પંચ એટલે પાંચ વ્યક્તિની, બનેલી એક સમિતિ કે પંચાયત. હવે એ સમિતિમાં સામેલ થતી પાંચે વ્યક્તિઓ દરેક ગામજનોના મત લેવાતાં બહુમતિએ ચુંટાએલી હોવી જોઇએ, અને એ પંચાયત જે કરે તે આપા ગામડાંને બંધનકર્તા હોવું જોઇએ આ રીતનો આપણે ગ્રામપંચાયતનો અર્થ આધુનીક સમયમાં કરીએ છીએ મુળ સ્વરૂપમાં આપણે એવી સ્થિતિને પંચ અગર તો મહાજન એટલુંજ સબોધન આપતા. પરન્તુ, ત્યારે તો 'પંચ ત્યાં પરમેશ્વર'નું અત્યારનું શાબ્દીક કથન સત્યરૂપમાં જ હતું અને પંચનો ફેસલો એટલે છેવટનો ફેંસલો અને સર્વને માન્ય ગણાતો, તેના ઉપર કોઇ અપીલ ન કરે કે કરી શકે, અપીલ કરતાં તો આપણે અત્યારે શીખ્યા. વળી મહાજનનો તો એથી પણ વિશાળ અર્થ હતો, અને મહાજનનો ફેસલો તો રાજાઓ અને મહારાજાઓને પણ કબુલ રાખવો પડતો. પંચ અને મહાજનો ધીમેધીમે ભુસાતા ચાલ્યા અને તેના નામનો ઉપયોગ માત્ર નામમાંજ રહયો. મહાજનની તો પપુડી કોઇ સાંભળવાને પણ અત્યારે તૈયાર નથી. કારણ કે આપણી એકસંપીની ખામીએ મહાજન એકમત થઇ શકતું નથી. પંચનો ઉપયોગ હાલ પોલીસ કરે છે. કોઇ ખુન કેસ કે એવી એવી મારપીટની બાબતો પંચ રૂબરૂ જ શરૂઆત પામે છે. એવી રીતે પંચ અને મહાજનના નામો ભુંસાતાં ચાલ્યાં ત્યારે આપણે વળી એક નવું નામ શરૂ કર્યું. અને તે આપણી ગ્રામપંચાયત. નવું નવું પણ તે જુનું થતા આવ્યું, પરન્તુ તેને ખરું સ્વરૂપ હજુ મળવા પામ્યું નથી. હવે એ જુના થઇ ગએલા નવા સ્વરૂપને, નવા વાઘા પહેરાવી નવપ્રણીત કરીએ તો અત્યારની માગ પુનઃરચનાની નવી આલોદ્વામાં એક અમગણ્ય ભાગ ભજવ્યો જણાય ખરું. હવે આપણે તેની રૂપરેખાનું સ્વરૂપ જોઇએ.

આપણી સમિતિઓમાં એક પ્રમુખનું સ્થાન હોય છે, તેમ ગ્રામપંચાયતમાં પ્રમુખ એટલે ગામનો પટેલ હોવો જોઈએ, કારણ કે ગામપટેલ બધાથી ચુંટાએલ એક અમગણ્ય ગ્રામજન અગર તો બેહુતજ હોય છે. કે જે દરેકના લાભાલાભ જોઇ શકે. ગ્રામપટેલ એક પાકટ ઉમરનો વયોવૃદ્ધ અને અનેક અનુભવોરૂપી હથોડાથી ઘડાએલો હોવો જોઇએ. બાકીની ચાર વ્યક્તિ માંહેલી એક વ્યક્તિ બેહુતો તરફથી ચુંટાએલ એક બેહુત હોય, એક વેપારી તરફથી ચુંટાએલ એક વેપારી હોય, અને અન્ય બે વ્યક્તિઓ ગ્રામજનોમાંથી ચુંટાએલ કોઇ શિક્ષિત વર્ગની હોય અગર શિક્ષિત ન મળે તો ગ્રામપંચાયતની જવાબદારી સમજી શકે તેવી વ્યક્તિઓ હોય. આ રીતે આપણે એક ગામડાની ગ્રામપંચાયત ઉભી કરી શકીએ. હવે એ ગ્રામપંચાયત જે ગામડાની હોય તે ગામડાના રાજ્ય તરફથી બક્ષાય રાખવામાં આવતી હોવી જોઇએ. અગર તો તેવી ગ્રામપંચાયત ચુંટાય તેવી રાજ્યને જરૂર તો

કરવીજ જોઇએ કે જેથી કર-વેરા કે વિધોટીરૂપી રાજ્યની આવક બાબત લેવડ-દેવડ કે લખતપત્ર કરી શકે. એવી ગ્રામ-પંચાયત, દર વર્ષે કે ત્રણ વર્ષે જેમ અનુકૂળ પડે તેવી રીતે ચુંટી કાઢવી જોઇએ. ગ્રામપંચાયત ગ્રામઝની સર્વ-સત્તાધિશ મધ્યસ્થ સમિતિ કહી શકાય કારણ કે ગ્રામ સુધરાઇ કે શિક્ષણની, ન્યાય કે નાણાં પ્રકરણની કાચાપાકા માલની ઉત્પત્તિને અંગે આવક-જાવકની જકાતની અને એવી એવી બીજી બાબ-તોનો નિકાલ કરવાની જવાબદારી ગ્રામ-પંચાયતનેજ શીરે હોવી જોઇએ કે જેથી પોતાના ગામડાને સર્વપ્રકારે વ્યવસ્થિત રાખી શકે અગાઉ ગ્રામ ધંધાની વહે-ચણી રીતસર જ્ઞાતિવારજ કરવામા આવતી તેમ અત્યારે પણ આપણે એ પધ્ધતિ અખત્યાર કરવી જોઇશે. બ્રાહ્મણોના હિસ્સે આપણે પ્રાચીનકાળ શિક્ષણ પ્રવૃતિ રાખતો તેમ અત્યારે પણ તેમની માગણ વૃતિને કાયદેસર ઠરાવી દઇ એ ભાગજ એમને સુપ્રત કરી દેવો જોઇએ. ખેડુત સિવાય ખેતીમા કોઇ સમજે નહિ ભામણ ભામનું કામ ખેડ કરવાનું ન હોય લુહાર લુહા-રીજ કરે અને વાસણો સુથારનાજ હાથમાં સોંપે. દરજી, મોચી કે કુંભાર પોતપોતાનો બાપદાદાએ વારસામા આપેલો ધંધોજ જારી રાખે અને હુન્નરમત કરવાનો હક્ક વાણંદજ સુરાંગ કરી લ્યે તો કોઇ કોઠના ધંધામાં હરિફાઇ કરવાનું કોઇને દિલ નહિ થાય, અને રોજની જરૂરીઆત પોષવાનું સર્વ પ્રકારે સહેલું થઇ પડે. આ બધી વ્યવસ્થિત ગોઠવણ જ્યાં ન હોય ત્યાં કરવા, ગ્રામપંચાયતેજ ધ્યાન આપવું જોઇએ.

ગામડામા કેટલી વસ્તી છે, તેમા કેટલા ખેડુત છે, તેને દરેકને ખેતી કરવા કેટલી કેટલી જમીન છે, તેમને ખાતર પાણી બરાબર મળે છે કે કેમ ? તેમનું પશુધન કેટલું છે, પાંજરાપોળના કેટલાં ખોડાં ઢોરનું પોષણ તેમનાથી થઇ શકે તેમ છે, તેઓનું ઘાસનું ઉત્પન્ન કેટલું છે, તેમને કયારે નાણાની જરૂરીઆત પડશે, કેટલે સુધી નાણા ધીરી શકાય, તેઓને શિક્ષણ વ્યવહારિક અને અક્ષરજ્ઞાનનું અપાય છે કે કેમ, તેમનો કાચો માલ કેટલો ઉત્પન્ન થાય છે, તેમાંથી ગ્રામજનોને ગૃહઉદ્યોગોમાં કેટલો માલ આપી શકાય છે, ગ્રામજનોમાં કે કયા કયા ગૃહઉદ્યોગો કરી શકે છે, સાજે માંદે દવાદારૂ મળે છે કે કેમ, વ્યવહારિક અને આર્થીક બાબતના ગ્રામજનોના ઝઘડાઓનો ન્યાય બરાબર તોલાય છે કે કેમ વિગેરે દરેક બાબતોનો પદ્ધતિસર હેવાલ રાખવો જોઇએ, અને જરૂરીઆત પ્રમાણે દરેક બાબતનો નિકાલ પણ વ્હેલાસર લાવવો જોઇએ વિગેરે કાર્યોની સીધી જવાબદારી ગ્રામપંચાયતની જ ગણી શકાય.

ગામડાની રસ્તાઓ મરામત કરવા, દિવાબત્તીની ગોઠવણ કરી સગવડ-જાળવણીની વ્યવસ્થા જાળવવી. ગ્રામરક્ષણની નિયમિતતા કરવી. કોઇપણ વ્યકિત ધીરધાર કરતી બે-કને ઠગી નથી જતી, કોઇ વ્યકિતને ધીર-ધાર કરવી કે નહિ વિગેરે દરેક પ્રકારની તોષ રાખવી એ ગ્રામપંચાયતનાજ શીરે છે. આ દરેક કાર્યમાં સહુથી વધુ અગત્યનું અને સૌથી વધારે જવાબદારીનું કામ ન્યાય આપવાનું છે. કોઇ પણ બે વ્યકિત કે બે પક્ષ વચ્ચે મતભેદ પડયો અગર ઝગડો થયો, કોઇ પણ કુટુંબમાં ભાઇ-ભાઇમાં ગાવ મિલ્કત બાબત ઝઘડો થયો, અગર તો બેહુતો અગર ગ્રામજનો વચ્ચે મધ્યા-દારી રૂપે વાંધો પડયો હોય એવો વાંધા-ઓનો કે ઝઘડા કૃતવાઓનો તટસ્થપણે નિષ્પક્ષપાત ન્યાય આપવો એ ઘણુ મુશ્કેલી ભર્યું છે પરન્તુ એવા કામને સરળ બનાવવા બન્ને વાધાખોર પક્ષને માન્ય હોય એવી એક વ્યકિતને પંચમાથી લવાદ તરીકે નીમી ન્યાય અપાય તો ઘણે ભાગે બન્ને પક્ષોને સંતોષકારક ન્યાય આપી શકાય ખરો આ પ્રમાણેની ગ્રામપંચાયત પધ્ધતિ જ દરેક ગામડે દાખલ કરવામાં આવી જાય. તો ગાંધીહારની આપણી ધારણાઓનો સંપૂર્ણપણે અમલ લાવી શકાએ એ નિઃશંક છે, અને એ પધ્ધતિ કાર્યમાં આવી ગઇ એટલે આપણે સ્વરાજ્યની પાછળ જે ગાંડાઘેલા થઇ જઇએ છીએ તેની જરાએ આવશ્યકતા નહિ રહે.

("ગામડા અને તેની પુનઃરચના")

લવાજમ : રૂા. ૨–૮–૦ પરદેશ ૧૦ શિલીંગ
જાહેર-સંસ્થા રૂા. ૨–૦–૦ છૂટક ચાર આના



કૃષિજ્ઞાન

પુસ્તક પહેલું એપ્રીલ
અંક દસમો ૧૯૩૭.

ગૃહઉદ્યોગમાં અનેક ખેડુતોના પેટ ભરવાનો પ્રશ્ન ઉકેલવાની, ને તેમાંના ઘણાખરાનું જીવન કંઈક વધારે સુખી બનાવવાની શક્તિ રહેલી છે. પુરસદના લાંબા ગાળામાં ખેડુતો શરીર શક્તિને કંઈક ઉત્પાદક કાર્યમાં રોકે એવી કંઈપણ વસ્તુથી દેશને આર્થિક રીતે પણ ઘણોજ લાભ થાય. આ પ્રશ્નના સામાજીક અને તેનીક અંગો પણ રાષ્ટ્રની પ્રગતિની દૃષ્ટિએ કંઈપણ ઓછા મહત્વના નથી. દરરોજના નવરાસના વખતમાં પોતાની જરૂરીયાતની ચીજો ઉત્પન્ન કરવા માટે પણ !

(હરિજનબંધુ)



નીલી ધરતી

આજે આવ્યા ને કાલ જાવું જરૂર છે
સરજને ડુબવાનું છે રે નક્કી
ચડિયા તરંગને ઓટ કરી આપદા
કવનરને જંપવાનું જમને મણા
(ત્યાં) મારું મુરખ કહે શાનો ધણી?

×

તારા મારા જેવા ધરણીના ધોરી
આવ્યા ગયા એનો આરો નહિ
આપણે મરશું ઘડી રહેશે એ તો વસંતી
જાણુશે ખેતરની જીવાત બધી
નવલ ખેડું વળ ફરશે ફરી.

×

આ પડયું ખેતરું ખાને તુંયે ખેડી બાપ
સુરજની સાખે કહું મારું નથી—
ખેડે એની ધરતી ભાઇ ધણી એનો કોઇ નહિ
તુંયે લાગી જા દવે કમર કસી
ધરતને બળો જેવો ધણી ધોરી!

×

રૂપાંતા રોટલા ખાધા પટેલે વસી
સાંભળે ન વાત પેલા સાવઝાની નથી
કાપું પકવીશ ના આપું નકામનું
ધરણીનું કોઇ ધણી ધોરી નથી.
મહેનતનો રોટલો આપે હરિ.

(પુલબાત્ર)

એક પ્રશ્ન?

શ્રી. મગનલાલ દેસાઈ.

આપણે ત્યાં દેશી કપ પરેલ "એડવર્ડ રોઝ"ની એકજ ડાંખળી ઉપર ૬૫ પાંખેડ ફુલની કળીયો અમોએ જાતે ગણી છે. તમામ કળીયો એક સાથે ઉઘડે. અને તેમાંની કેટલીક કળીયો ખીલ્યા સિવાય મુકાઈ જાય છે તેમાં સુધારો થાય. એવી કાંઇ તરકીબ અમો શીખવા માગીએ છીએ. અમારા પ્રયત્નો આ દિશા તરફ ચાલુ છેજ. છતાં જે કાંઇ મદદ અગર સુચના મળે તે ઉપકાર સ્વીકારવામાં આવશે આસ પોસક આપી "વીપીંગ રેન-ડાઉ" તૈયાર કરવા માટે આ ડાળીને પસંદ કરવામાં આવતાં ઉપર મુજબ ફુલનો ઉપહાર કુદરતે આપેલ છે.

ખ—ખ—ર

આપલેં-કમાં એક ખેડુતને ત્યાં ગાડા પાંચ રતલનો મટારો થયો છે, તે બાવામાં વધારે સ્વાદિષ્ટ હતો.

× × ×

રા. અંબેરભાઇ નાથાભાઈ અમીન ભરૂચ મુકામે સ્વર્ગવાસી થયાં. મરહુમ ખેતીવાડીમાં ખુબજ રસ લેતા હતા અને એમનો પુરાવો પોતાના બગીચાઓ છે. લીંબડી રાજ્યના માજી દિવાન હતાં.

× × ×

ગુજરાતના જાણીતા લેખક અને વડોદરાના કપાસનિષ્ણાતને વિદાયનું માન વડોદરા ફોર્મપર આપવામાં આવ્યું હતું.

× × ×

ખેતમ જનેપપુરમાં મંગરૂળી એસોસીએશન તરફથી રૂા. ૬૦૦ આપવામાં આવ્યા અને બીજા વધારાના રૂપીઆ ચારસો મકાન માટે આપવાનું નકકી કર્યું છે.

× × ×

સુરત પ્રદર્શનમાં કપાસની જુદી જુદી જાતો અને ટોરનું ખાસ આકર્ષણ હતું. "રેયો વાપરો"ના ગુજરાતનો ઉપયોગ થાય તો !

× × ×

મીરજ નરેસના સુવર્ણ પ્રસંગે ત્યાંના ખેતીવાડી ખાતાને રૂપીઆ વીસ હજાર આપવાનું ઠરાવ કર્યું છે.

× × ×

દાહોદ બાજોઠમાં કુપાળને લઇને પાણીના મુલે દોરો વેચાય છે.

ગદવાલાના પાટવી કુંવર મીના લગ્ન પ્રસંગને લઇને ૩,૪૫ હજારનું રેવું માફ કર્યું છે.

× × ×

અમરેલીમાં નવી ગાડ માકેટ ખુલી મુકાઇ છે.

× × ×

કાઠીઆવાડમાં ઘઉં તથા મરચાના ભાવોમાં તેજી આવી છે.

× × ×

સિધમાં નવી ખેતીવાડી કોલેજ ચાલુ પવા માટે કાળા કંડની તઇયારી થઇ રહિ છે.

× × ×

મુંબઇ પ્રાંતની મંડળીઓની ઉપજી રજીસ્ટરની નવી જગ્યા સરકારે ઉપાડી છે. એ જગ્યા પર સુરત જીલ્લાના આસિંટ કલેકટર નિમાયા છે.

× × ×

ઇગ્લેંડ આ વરસે રાજ્યારોહણ પ્રસંગે કરી મોકલી આપવાની ગોવધ કરી છે. જેની પાસે ચારી કરીઓ છે તેણે આનો લાભ લેવો. દર આઠવાડીએ એ કરીઓ મુંબઇથી લંડન જશે.

× × ×

અમરાવતીના વી. વાય. રેલવેકોએ દરેક વિઘા જમીન માટે ઉપકાર માટે આપી છે. જે આમ સુધારણાનું કાર્ય પડતું મુકાય તો એ જમીન એના અસલ માલીકને પાછી મળે.

× × ×

ઇગ્લાંડમાં, ફેબ્રુઆરી માસમાં ૧૦

ઇંચ પાણી પડ્યું હતું જે દર વરસ કરતાં વધારે હતું.

× × ×

કાઠીઆવાડમાં અને જ્યાં ધઉંનો પાક થાય છે ત્યાં ગેરૂનો રોગ થવાથી પુસા નંબર ૪ વાપરવાની ભલામણ છે.

× × ×

હિંદમાં વરસાદનું માવઠું થવાથી ચાલુ પાકોને નુકશાન થયું છે

× × ×

રત્નાગીરી જીલ્લામાં અને ગુજરાતમાં મધીઆને લીધે આ વરસે કરીનો પાક ઓછો છે.

× × ×

આખા હિંદુસ્થાનમાં ગ્રાહપણ સંસ્થા હોય, પણ વીસ રૂપીઆ ઉપરની રસીદ અગર પગાર પર એક આનાની રેવન્યુ સ્ટેંપ પર સહિ કરવી પડે છે. સ્ટેંપ વગર માવતી ખોટી ઠરે છે.

× × ×

જાપાનના મુખ્ય શહેર ટોકીઓમાં સભાસદોને તેને ઘેરે સારો અને ચોખ્ખો ખોરાક પુરો પાડવા માટે એક સહાયકારી મંડળીની સ્થાપના થઇ છે. દરેક સભ્ય પાસે પચીસ એન થાપણ તરીકે લેવામાં આવે છે. દરેક સભ્ય આવતું (ભાણું) પોતાને ત્યાં મંગાવે તો લગભગ ૭ રૂપીઆ દર માસે આવે છે. આટલો સોંઘો ખોરાક છતાં પણ તે સારો ચોખ્ખો પુરો પાડવામાં આવે છે. પાંચ હજાર સભ્ય કુંક મુદતમાં થઇ જશેજ.

× × ×

ફળ ખરાબ છે, આમ સારા છે તે તપાસવા માટે એક યંત્ર તૈયાર થયું છે. એક કલાકમાં ૨૨૦૦૦ ફળની તપાસ કરી શકાય છે.

× × ×

ઝાંસી જીલ્લામાં કરાનો વરસાદ પડવાથી ભયંકર નુકશાન થયું છે.

× × ×

રેડીયોથી ગ્રામ્ય પ્રવૃત્તિને વેગ મળે એટલા માટે બે રેડીઓની માંડીઓ મુંબઇ પ્રાંતમાં કરશે.

× × ×

વરસ દરમ્યાન જે ગામડું આદર્શ ગામડું તરીકે ગણી શકાય તેને દર વરસે શિલ્ડ આપવામા આવે છે અને તેની વરમાળ આ વરસે ચિખલી તાલુકાનું બંધન પહેરી ગયું છે.

પાછલી જીંદગીનું ઉ-તમ સાધનઃ



શ્રી લાઈફની ચોલીસી

લખો :-

શ્રી લાઈફ એસ્યુરન્સ કું. લી.

ફોર્ટ ચેમ્બર, ૬-૧૦ હીન લેઇન

મુંબઇ—૧.

જામનગર રાજ્યમાં ખેડુત સહકારની એક યોજના વિચારાઈ રહી છે.

× × ×

જુનાગઢના ગાર્ડનમાં કેળ વાવવાનો અખતરો સફળ થયો છે અને તેનો લાભ ખેડુતોને મળે તો ! સોંઘી રીતે.

× × ×

જાવનગરમાં છેલ્લા પાંચ વરસમાં ૮૫૦૦ આખલાને ખસ્સી કરી બિચારાને બાંગદ બનાવવામાં આવ્યા છે.

× × ×

જાપાનમાં સોયાબીનના છોડવામાંથી નકલી રેશમ બનાવવાનો અખતરો વિજ્ઞાનથી કલીભૂત થયો છે.

× × ×

કનેડામાં ખરું એક વરસ વાવ્યા પેઠી લાગલગાટ પાંચ વરસ સુધી તેનો પાક લેવાયા કરે તેવી જાતના ઘઉંની શોધ કરવામાં પ્રવૃત્ત થયા છે.

× × ×

ત્રાવણકોરમાં ૬ અને ઉનની જરૂરત પૂરી-માટે ઈંગ્લેન્ડનું મોટા પ્રમાણ પર વાવેતર કર્યું છે.

* * *

વિન્ધ્યપ્રદેશ જંગલ સીસમ માટે અનુકૂળ છે કે નહિ તે નકકી કર્યું છે.

× × ×

અમેરિકી તમાકુમાં અનેનાસ કરતાં વધારે સારા કલો, ઓરેા અને મોરીશીયસ બાદ તેણે જગત દાખલ કરી છે.

× × ×

માર્કસાર સ્ટેટમાં તમાકુના વાવેતર માટે જમીન દર વરસે વધતીજ જાય છે કારણ કે તમાકુનો શોખ પણ વધતોજ જાય છે.

નોઆખારી પ્રાંતમાં કપાસ નંબર ૧૦૨૭ નો પાક તદ્દન ઓછો આવે છે તેથી તે પ્રાંતના લોકોને પૈસા પણ ઓછા આવે છે. એકંદરે આ કપાસ ખેડુતને આર્થિક નુકશાનકર્તા છે.

× × ×

સહકારી મંડળીએ મીલકતની કિંમત કરતાં ત્રીજા ભાગના પૈસાથી વધારે પૈસા ધીરવા નહિ એ નકકી કર્યું છે.

× × ×

આગામી ગુજરાત વિધાનની પરિષદ એપ્રિલમાં ભરાય મળી હતી તેમાં ૨૫ ટકા કાયમ અને ૨૫ ટકાનો વિમો ઉતરાવાનો (ઈન્સ્યોર-પાક અને ઢોર) ઠરાવ નકકી કર્યું છે. વ્યાજ ઓછું કરવું અને સેન્ડબોરગેજ બેંક અને સહકારી મંડળીઓની મુશ્કેલીઓની વિચારણા.

× × ×

પી એમ્બે ગ્રા-એપરેટીવ તરફથી લેવામાં આવતી પરિક્ષા મે ૨૭મી ૧૯૪૭ એ છે.

× × ×

આપ સાને વરસાદ કમી પડવાથી વાસ્તવારાની તંગી અનુભવીજ પડવા માંડી છે અને ભાવો તેજ થવા માંડયા છે.

જે લોકોએ મારા પર દોષ
તેમણે
સવાજમ મોકલી આપવું.
અને
ન થવું દોષ તેમણે પર
લખી તેમ જણાવવું છે જેથી
વી. પી. ખર્ચ અમોને માથે ન પડે.

સ્વી.....કા..... ૨

ગુલાબનું પુસ્તક—લેખક રમણ રોશની. કિં. ૦-૪-૦.

દેશા મેરી રાજકોટ.

સાયન્સની નવી નવી શોધખોળને લક્ષને ૬૨ વરસે સુધારા વધારા થયા કરે છે. ગુલાબનું પુસ્તક જનતને અને ખાસ કરી ફુલના બગીચાવાળાને ઉપયોગી છે. દરેક બાતની નાની છતાં માહિતીથી ભરપુર ઉપયોગતા અંદરથી મળી રહે છે. બધામાં આગળ વધ્યા છીએ ત્યારે ૬૭ એની છપાઇ એની એ છે. આવા પુસ્તકમાં એક પણ ચીત્ર નથી. લેખકો હવે સચીત્ર પુસ્તક બ્હાર પાડે તો સારું ? ૧૯૩૭ નું વરસ ગુલાબથી શરૂ થાય. બધે ફોરમ પાયજે.

સંસ્કાર—માસીક. ગુ. બંબાત.

વિવિધતાથી ભરપૂર જુદી જુદી બાતનું, વાંચન આપતુ માસીક. વાંચન માટે કોઇ પણ વિષય નક્કી નહિ. પહેલું વરસ પુરું કરી બીજામાં પ્રવેશે છે.

પ્રજાપતિ—પ્રકાશ માસીક.

દુર્ગાદિવી રોડ, મુબઇ ૪.

દરેક બાતિના માસીક નીકળે છે તેમ આ પણ બાતિનું માસીક છે. એમાં કાઠીઆવાડ પ્રજાપતિને લગતા દરેક પ્રશ્નની છણવટ કરવામાં આવી છે. બધાની કાળજી સાથે સાથ પુરીએ છીએ.

ઉન્નતિ માસીક—

દ્વારકાદાસ મેન્શન મેન્હરબૅ રોડ, મુંબઇ, ૪.

આ બાતિનું માસીક છે. એમાં એને લગતા વિચારો ઉપયોગીતા સાથે રજુ કરવામાં આવ્યા છે. દર વખતે જુદા જુદા કોટાઓ એની ખાસ મહતા છે, કોઇપણ બાતિના માસીકમાં જે નથી. ત્રીમાસીકમાંથી માસીક થયેલ છે અને વધારે ઉન્નત થાય એજ ઇચ્છા. ભાષા જરા સુધારી હોય તો સારું.

"સિરોહી સન્દેશ" : પાક્ષિક:

નં. ૫૬ કેથેડ્રલ સ્ટ્રીટ, ગુલેશ્વર મુંબઇ ૨.

ધર્મો પ્રકરણે સીરોહીને જગતસીંહે ચલાવ્યું અને તે પછી દરેક રથલે બને છે એમ આ રાજયના સુખદુ:ખની વાતો કરવા મંડળો રચાયા ને કઇક પ્રવૃત્તિઓ થઇ. આ પાક્ષિકના બે અંક જોતાં એ બધું સમજાય છે અને આ પત્રનો જન્મ પણ મુંબઇના સીરોહી પ્રજામંડળના આશ્રયને આભારી છે. આમાં બીજા કેટલી રાજયોની થોડી વાતો આવે છે. મોટો ભાગ સીરોહી રોકે છે અને એ તો તેના ક્ષેત્રની વાત છે. તેનું વાર્ષિક લવાજમ ૩ ૨) છે.

"ક્રીસ્તાન"

બેકુતોનું ખાસ માસિક છે.

આજેજ માહક બનો.

આખલા ન હતા. ? નંદળના વખતના વખણાતા આખલાની ઓલાદ પણ આપણે ત્યાં આજે મોજુદ હશે કે કેમ તે કહેવું અશકય છે.

ભાંગરોળવાળા સદગત પીર મોટાભીઓ સાહેબ ઘેર ઘેર ગાયો પાળવાની હાકલ નાખતા હતા. એથી પણ હિન્દના ગોધનમાં વધારો થયો નથી, એ કહેતાં શરમાવું પડે છે. હિન્દના પશુધનમાં એક વેતરે ૫૦૦ રતલના દુધનો જો વધારો થાય તો આર્થિક દ્રષ્ટિએ હિન્દના રાષ્ટ્ર ધનમાં ૧૮૫ કરોડ રૂપીઆનો વધારો થઇ શકે.

Survival of the fittest જીવનના સંગ્રામમાં નબળાં હણાય છે અને લાયકજ બચે છે. અર્ધી સદી પહેલાં હિન્દમાં ૨૭ કરોડ માયની ઓલાદ હતી. તેમાંથી આજે ૯ કરોડ થઇ ગઇ. હવે તમે આને વધારો કહેશો ? વળી આપણાં ભાવિક બંધુઓ આર્થિક દ્રષ્ટિએ ન બચી શકે એવીઓને પાંજરાપોળોમાં ભરે, પણ અમારું કહેવું છે કે હવે પાંજરાપોળો કેવળ ઓડા ઢોર માટે નજ નીભી શકે. પાંજરાપોળોએ પણ ખુટ આંખલા નીભાવી સારી આદર્શ ગાયો પોષવી જોઇએ. અને વધુ પડતી સંખ્યા અમુક સરતે પાછી પાળવા આપવી જોઇએ. ઢોરને તો તેનું આર્થિક મહત્વ વધારીનેજ બચાવી શકાય. માટે પાંજરાપોળોએ પણ ઉત્પાદક દાન મેળવીને એનું આર્થિક મહત્વ વધારવું જોઇએ.

Heed, Teed, Breed, Weed, માવજત, ચારો, ઉછેર, અને ટાળણીની ચતુઃસુત્રી જાણનાર કિસાન કે જેઓ પૃથ્વિવિજ્ઞાનના સ્નાતકોનો પણ અભાવ પડી વધારો કયાંથી થાય ? જો આટલું લક્ષમાં લેવાય તો પાંજરાપોળો પણ આદર્શ બને.

માત્ર એક દાયકામાં પશુસૃષ્ટિ પાછળ સાદા પુરવથી જો વરસ દહાડે બે અબજ રૂપિયા સુધીની રાષ્ટ્ર સંપત્તિ ગઉધનમાંથી વધારી શકાય. તો હિન્દે શા માટે પાછા પડવું જોઇએ ? આખલા પ્રવૃત્તિ ઉપરાંત ગાયોની ઉછેર તરફ વધુ લક્ષ અપાવાથી આ બધું થશે.

આટલું છતાં આપણું પશુધન વધારે છે કે ઓછું તે પ્રશ્નનો નિકાલ તો નજ આવ્યો. આખલાપ્રવૃત્તિ ચાલુ રહે, સારી ઓલાદ થાય, ગૌઉછેરની પધ્ધતિ સુધેરલી રીતે થતાં કાંઇક વધારો ભાવિમાં થશે એમ કહી શકાય.

આજે તો બે કરોડ કરતાં કાંઇક ઓછાં ઘોડાઓ હિન્દમાં છે. છતાં પણ લશ્કરના ઉપયોગ માટે પરદેશી ઘોડાની આયાત વધુ ને વધુ થતી જાય છે. અને ખાસ કરીને આ ઘોડા ઓસ્ટ્રેલીઆથી આવે છે જ્યારે પરશીઅન ગલ્ફના દેશોમાં કરાંચી અને મુંબઇ આવે છે અને દેશી તેજણ, માણકી, કાઠી અને કચ્છી ઘોડીઓનો ભાવ પણ પુછાતો નથી. એક કલ્ગે હિલ્લાની રાંગ ઓળંગનાર અથવા પૂરપાટ નદી ઓળંગનાર તેજણ અને માણકીના દહાડા શું વહી ગયા ? અગર ફકત દાદીમાની વાતોમાંજ સાંભળીને વધારો ઘટાડો ગણીશું ?

એમ તો હિન્દમાં ઘેટાં પણ ૨૨૦૦૦૦૦ જેટલાં છે. અને તેની કતલ પણ રોજની થાય છે પણ તેના ચામડા અને ઉનનો વેપાર બ્રીકનો ચાલે છે, તેથી એ સંખ્યા તરફ કોઇ જોતું નથી કે હિન્દના પશુધનમાં વધારો થયો કે ઘટાડો ?

એક આંકડાશાસ્ત્રીએ હિન્દમાં ૨૮૦૦૦૦૦ બોકરાં છે એમ પ્રસિદ્ધ કર્યું છે. તેથી કાંઇ હિન્દના પશુધનમાં વધારો છે એમ માની લેવાને કારણ નથી

આપણે ઇચ્છીશું કે એથી પણ વધુ અને સમૃદ્ધ પશુધન આપણે આંગણે હશે, કુરો અને ચરો અને દેશનો વેપાર પણ વધો.

નહેરો ના ફાયદા

લેખક:–શ્રી. મુલજી કાનજી ચાવડા.

માણસની મુખ્ય જરૂરીઆત મણ છે. જીવન ટકાવી રાખવા અને શરીરનું પોષણ કરવા માટે ખોરાક; ટાઢ અને તડકાથી શરીરનું રક્ષણ કરવા અને અંગને ઢાંકવા માટે કપડાં; તે સુખેથી રહેવા માટે મકાન. નહેરો માણસની આ ત્રણે જરૂર પુરી પાડે છે. નહેરોના પાણીથી ખોરાક માટે અનાજ, ફળફુલ અને શાકભાજી પાકે છે. કપડાં માટે કપાસ, કેતકી અને શણ થાય છે. મકાનનો બાંધકામ માટે સંગ અને રીસમના વનો ઉછેરી શકાય છે.

ભારતવર્ષમાં ઉંચી પર્વતમાળાઓ પુષ્કળ છે. આ પર્વતમાળાઓની ખીણોમાંથી ઝરણો અને નદીઓ વહે છે. આ મીઠા પાણી વહેણોનો બહુજ થોડો ઉપયોગ નહેરો દ્વારા ખેતી માટે થાય છે. બાકીનો મોટો ભાગ કાંઈ પણ ઉપયોગ વગર ખારા સમુદ્રમા જઇ મળે છે. પર્વતોની બે ખીણોમાં થઇને આવા મીઠા પાણીના ઝરણો અને વહેણો વહી રહ્યા છે તે ખીણો આડે મોટા પત્થરોના પાકા બંધથી પાણીના વહેણોને રોકીને વિશાળ જળાશયો બનાવવા જોઇએ. આમ જળાશયોમાં પાણીનો મોટો સંગ્રહ થાય છે અને તે પાણી નહેરો વાટે ખેતીના પાકને પાવામાં બહુ લાભ છે.

જળાશયોના ફાયદા ઘણા છે. પહેલો ફાયદો પાણીનો છે. પાણીનો ઉપયોગ ખેતીના વાવેતરોને જ્યારે વરસાદ તાણી જાય અને પાણીની જરૂર જણાય ત્યારે પાણી આપી શકાય છે. અને સારો પાક ઉતરે છે. જનાવરોને પીવા માટે ચોકખું મીઠું પાણી મળે છે. બીજો ફાયદો શીંગોડાં, કમળકાકડી અને છતેલાં વિગેરા માણસના ખોરાકને ઉપયોગી ફળાનો થાય છે. તેમજ માણસને ખોરાક માટે માછલાં અને વાવેતરોના ખાતર માટે મચ્છલીઓનો થાય છે. ત્રીજો ફાયદો મોટા વૃક્ષોના પાળ ઉપર અને સરોવરની ચોતરફ થતા ઝુંડોથી થાય છે. વાતાવરણને શીતળ રાખી વરસાદનું આકર્ષણ કરવાની વૃક્ષોમાં અજબ શક્તિ છે, વૃક્ષોના ઝુંડોની વૃધ્ધિથી દેશમાં વરસાદ નિયમિત અને સારો થાય છે. અનાજ, ફળફુલ અને ઘાસચારો ખુબ પાકવાથી દેશમાં સુકાળ થાય છે, રોંઘારતથી લોકોને દુકાળના ભયથી, મોંઘવારી અને ભુખમરાથી પીડાવું પડતું નથી. તે સિવાય ઝાડોના ફળફુલ લોકો, જનાવરો અને પક્ષીઓને ખાવા બહુ લાગે છે ને લાકડાં ખેતીવાડીના ઓજાર બનાવવામાં, રસોઇ પકાવવા માટે બાળવાના અને રહેઠાણ માટે મકાનોના બાંધકામમાં ઉપયોગી થઇ પડે છે. ચોથો ફાયદો એ છે કે ચોમાસામાં નાળાંઓ અને નદીઓમાં પુર આવે છે ત્યારે પાણીના પ્રવાહ સાથે કાંપ કે જે ઘણું કિંમતી ખાતર છે તે ખારા સમુદ્રમાં નકામું ચાલ્યું

એશીઅન વીમાની પોલીસી ભવીષ્યની વ્યવસ્થાનું ઉત્તમ સાધન છે.

કુટુંબ માટે બેગવાઇ, નિવૃત્તિ-વેતન, લગ્ન, કેળવણી, બેકતની કરજ-મુક્તિ વગેરે માટે ઘણી આકર્ષક યોજનાઓ છે.

વીગત માટે મળો યા લખો:-

ધી એશીઅન એશ્યુરન્સ કું૦ લી૦.

એશીઅન બીલ્ડીંગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઇ.

જોડયા વગર ખેતીના પાકને પાય છે તેનો એક ટુંકા દાખલો અત્રે આપું છું.

એક જમીનદારની જમીનમાં ચોખાના ખેતરોમાં થઇને માંથી નીચી જમીનમાં વોંકળાનું વહેણ થોડા વરસ અગાઉ હતું ચોમાસામાં તે વોંકળામાં પાણી સતત વહ્યા કરતું હતું. જ્યારે વરસાદ તાણી જતો અને ચોખાના પાકને ખેતરોમાં પાણી દેવું પડતું ત્યારે વોંકળામાં બાંધો બાંધી મજુરો રાખી વાંસના સુપડાં વડે ખેતરોમાં પાણી પાતો. આવી રીતે તેને ઘણા માણસો પાણી પાવા માટે મજુરીએ રાખવા પડતા. એક વખત તેને નહેર વાટે આ વોંકળાના પાણીના વહેણને કૃત્રિમ વોંકળો બનાવવાનો વિચાર સુઝયો. તેણે ખેતરની જમીનની સપાટીથી વોંકળાની તળની સપાટી સહેજ ઉંચી રાખી બનાવ્યો. આ વોંકળાને કૃત્રિમ બનાવતી વખતે ભરે વરસાદ થાય અને મોટું પુર આવે તો ખેતરોને નુકશાન ન થાય તે માટે જુના વોંકળાથી તેની પહોળાઇ બમણી રાખી કેમકે જે કૃત્રિમ વોંકળો પાણીના વહેણ માટે બનાવ્યો છે તેની સપાટી ખેતરોની સપાટીથી ઉંચી છે અને ઉંચી જમીનમાં ખાબ્બો ખોદીને અને નીચી જમીનમાં માટીના બાંધ બાંધીને બનાવેલ છે. તે કૃત્રિમ વોંકળામાં પાણીનું વહેણ વાળ્યા પછી જ્યારે જ્યારે વરસાદ તાણી જાય છે ત્યારે ત્યારે તે ચોખાના ખેતરોને ખુબ પાણી પાય છે. તેથી પાક અગાઉ કરતાં ઘણો ઉતરે છે. અગાઉ જોઇતા પ્રમાણમાં માણસો મજુરીએ મળતા નહી તેમજ પાણી પાવામાં ઘણી વખત બહુજ ખરચ થતું તેથી પાણી જોઇએ તેટલું ખેતરોને આપી શકાતું નહીં તેને લઇને ઘણી વખત પાક બગડી જતો કે ઘણી વખત જોઇએ તેટલો પાક ઉતરતો નહીં. હવે જ્યારે પાણીની જરૂર પડે છે ત્યારે એકાદ બે માણસ આ વોંકળાના બાંધને તોડી પાણીના વહેણ આડે બાંધ બાંધી પાણીને ખેતરોમાં વાળે છે. પાણી પાવામાં વધુ માણસોની જરૂર પડતી ન હોવાથી અને ઘણો ખરચ થતો ન હોવાથી ખેતરોમાં પણ ખુબ ભરી શકાય છે અને તેથી પાક ઘણો સારો ઉતરે છે. જો કે પ્રથમ તેને પાણીનું વહેણ આ કૃત્રિમ વોંકળો બનાવીને લાવવા માટે સારૂં ખરચ થયું છે પણ તે ખરચનો બદલો સારો પાક ખેતરોમાં થતો હોવાથી કયારનોએ નીકળી આવ્યો છે.

આપણે આવી રીતે જ્યાં જ્યાં સંભવિત હોય ત્યાં ત્યાં વોંકળાઓના મીઠા પાણીના વહેણોને ઉંચી જગાએ કૃત્રિમ વોંકળાઓ દ્વારા લાવીને ખેતરોના પાકને પાય શકાય. આપણા દેશને કુદરત અને આબોહવા અનુકુળ હોવા છતાં આપણે અજ્ઞાનતા અને આળસને વશ થઇ જોઇએ તેવો લાભ લેતા નથી તે નશીબને દોષ દઇએ છીએ.

"કીસાન"ના ગ્રાહકોને
પ્રસિદ્ધ થનારો વાર્ષિક
ખાસ અંક
મફત
મળશે.

પશુ-ધન અને પાંજરાપોળ.

દરેક દેશના મુખ્ય ધન તરીકે પશુ ધન ગણવી કરવામાં આવે છે. આપણે યુરોપીય દેશોમાં નિગાહ કરીશું તો ચોકખું જણાઇ આવશે કે સ્વીટઝર્લેન્ડ-હોલેન્ડ-ડેન્માર્ક જેવા દેશોનો મુખ્ય આધાર દુધાળાં જનાવરો ઉપરજ રહેલો છે. તેઓએ એ યોજના ધંધાની રૂએ કેળવેલી છે અને એ યોજનાના પરિણામે અઢળક મીલકતના સ્વામી તેઓ થઇ શકયા છે. ત્યાં આગલ ઓક, ઓક, વેપારીને ત્યાં હજારોની સંખ્યામા દુધાળાં જનાવરો પલવામાં આવે છે, અને એ રીતે દુધ-ઘી માખણ તેમજ ઢોરોનો પણ વેપાર બહોળા પ્રમાણમાં ધમધોકાર ચલાવી રહયા છે. જ્યારે આપણો દેશ કે જે પશુઓથી ભરપુર ગણાય છે, છતાં પણ ત્યા આગલ એવાં દુધાળાં જનવરોની માજવત કરવાનું મણું ખર્ચાળ થઇ પડે છે, અને ત્યાં આગળ જે બાબુમુત્ર ગામડામાં ખાતર તરીકે કામ લાગે તે તદન નકામુ બની છે, અને શહેરની ગુમરાહને અટકાવનારા થઇ મંદવી રૂપ બનાય છે. ખરી રીતે શહેરના જે ધંધાદારીઓ ગામડાઓમાં પોતાના બધુ કે તબેલા ઉભા કરે તો તેઓને ઓછા ખર્ચે બહોળો વેપાર કરવામા સાધનભુત થાય અને ગામજનોની મુંઝાય મેલી પશુધનની ભાવના સજીવન કરી શકાય. ઓટપુંજ નહિ પરંતુ તેમનાં પશુ મુત્ર કે જે શહેરમાં નિરર્થક ફેંકાતી રેવામા આવતા હોય તે ગામવાળી જમીનોને અમુલ્ય ખાતર ગારે પણ ચાલી શકાય. અને એ રીતે એક જાતના એ ધંધમાં પ્રગતિ કરવા સાથે બેતીવાડીના સાધનભુત

મેળવવાની જરૂરીઆત પોષવા બીજાઓ ઉપર અવલંબવું ન પડે

જ્યાં બાજરીનું વાવેતર કરનાર ખેડુતોને પોતાનાં ઢોર ઢાંખર માટે કડબ પુષ્કલ મળી શકે છે, પરન્તુ માત્ર કડબ ખાવાથી ઢોરને સંતોષ મળી શકતો નથી કારણ કે એ ઘણો જ્યારે ખોરાક તેમને માટે તો કઠોવાય અને તે ખાતાં, ખાતાં પણ તેમને મોઢામાં ફોલ વખતે છાલાં પણ પડે, એટલે બીજો ઘાસની ઉત્પત્તી ખેડુતને ખેતરમાંથીજ થઈ શકે તેવી વ્યવસ્થા થાય તે વધારે ઇચ્છવા યોગ્ય છે. (આ રીતની ઘાસની વ્યવસ્થા કેમ કરવી તે "ઘાસ અને ઘાસનું ઉત્પન્ન વધારવા બાબત" એ શીર્ષક નીચે લખવામાં આવેલ છે) અને એ રીતે ખેતરમાં જ બધા ઢોરોને ઘાસ મળતું હોવાથી આખો દિવસ ખેતરમાં રહે અને તેમનું છાણ મુત્ર ખેતરમાંજ એક ખાતરની ગરજ સારે. ઢોરોને પણ પૌષ્ટીક ખોરાક આપવાની આવશ્યકતા છે. પરન્તુ તે તો ખેડુત પોતાની ખેતી સુધારી શકે એટલે તેઓજ એ વ્યવસ્થા કરી શકે. કપાસ થાય તેને ખોળાવી કપાસીઆ કઢાવી ઢોરને ખવરાવી શકે અને તલ થાય તે પીલાવી તેલ કઢાવી ખોળ પણ ઉત્પન્ન કરાવી શકાય અને ઢોરોના પૌષ્ટીક ખોરાકમાં કપાસીઆ અને ખોળની જરૂરીઆત મેળેજ પોષાય જાય. દુધાળાં જનવરોને પૌષ્ટીક ખોરાક આપવાથી એક તો તન્દુરસ્ત અને મજબુત થાય અને ઘી—દુધ સારાં અને વધારે ઉતરી શકે. ખુંટીઆઓને એ ખોરાક કામ કરવાને સશક્ત બનાવી શકે અને તેમના પછીની ઓલાદ પણ તેમની તંદુરસ્તી અને મજબુતાઇને અંગે તંદુરસ્ત અને મજબુત બની શકે.

પશુધન કેળવવું એટલે આપણે આપણું મનુષ્યત્વ કેળવવું એમજ કહી શકીએ. કારણ કે અત્યારનાં પશુધનદ્વિષયાં આપણા સમાજનાં બાળકો જોઇશું તો ઘી-દુધનાં સાસાં પડતાં હોઇને ખ.ખલાં અને માંસ-કાંગલાંજ નજરે પડશે—સ્વાવલિન અને નિસ્તેજ જણાશે. હવે એજ બાળકોને પુષ્ટીકારક ઘી દુધ, નિયમિત મળતું હોય તો તેને શક્તિ અને સ્ફુર્તિવાળાં થતાં બહુ વખત નહિ લાગે, એટલુંજ નહિ પણ તંદુરસ્તી મેળવ્યા પછી દિવ્ય કાન્તિવાળાં અને બુદ્ધિશાળી પણ થઇ જશે. પશુધનવિહોણા બની આપણે એક કુદરતિ બક્ષા ગુમાવવાનું પસંદ નહિ કરતાં પશુધન કેળવી, પશુધન રૂપી આશીર્વાદ મેળવવાનું વધારે ઇચ્છનીય છે. આ તો આપણે સામાન્ય વાત કરી પરન્તુ આપણું જીવન મુળ ગામડાંઓથી શરૂ થાય એટલે ગામડાવાસી ખેડુતો અને અન્ય વર્ગોનિજ મુખ્ય પશુધન કેળવવાની જરૂરીયાત છે. કારણ કે ગામજનો જો સર્વ પ્રકારે તન્દુરસ્ત અને શક્તિશાળી હશે, તોજ શહેરીને તેમનો લાભ મળી શકશે. આપણે કહીએ છીએ કે 'કુવામાં હશે તો અવેડામાં આવશે.' દિનહાજરને માટે ગામડાંઓ એ કુવાઓ છે. અને એ કુવાઓ સુકાઇ ગયા હોય ત્યારે પશુધનરૂપી ઓજારો વાપરી ગાળવાની પ્રથમ જરૂરીઆત છે. શહેરી અવેડાઓને પણ એ જલસીંચી સારાએ દેશની તૃષા તૃપ્ત કરી શકાય.


આપણે ઠેર ઠેર પાંજરાપોળો અને

ગોચાળાઓ ઉભી કરીએ છીએ. અને એને નામે હજારો લાખો રૂપીઆ જનસમુહ પાસેથી એકઠા કરીએ છીએ, એના કરતાં એ ઢોર ખેડુતો અને ગરીબ લોકોને તદ્ન મામુલી કિમતથી અગર વિના મુલ્યે, વેચી ન શકે, તેવી શરતોથી, આપવામાં આવતાં હોય તો જનસમુહના એ નાણાંને અન્ય ગતિએ વાળી બચાવી શકીએ, અને ખેડુતોની તથા ગરીબજનોની પશુધનશક્તિ વધારી શકીએ. પાંજરાપોળમાં રખાતાં અપંગ અને બોડાં ઢોર પણ વ્યવસ્થિત રીતે ખેડુતોને વહેંચી આપવામાં આવે તો ખેડુતોને ત્યા બીજા પાંચ દશની સાથે આ એક બે ઢોરો નભે જાય. તેમને ખર્ચ તો બીલકુલ આવે નહિ કારણ કે ખેડુતોને તો ઘાસ ખેતરમાંજ ઉત્પન્ન થતું હોય. બલ્કે તેમનાં ખાતરમાં વધારો થાય એટલે એ રીતે તેમને એ ઢોરો ફાયદામાંજ ગણાય. ગરીબ લોકોને તો એ ઢોર આશીર્વાદ રૂપજ થઇ પડે, કારણ કે એ ઢોરો દ્વારા તેઓના છોકરાં એક તો ઘી દુધ ખાતાં થઇ જાય અને બીજુ તેમની જરૂરીઆતો પૂરતું-ઘી-દુધમાંથીજ મળી રહે એ તો એક નિર્વિવાદ વાત થઇ.

શહેરોની પાંજરાપોળોની વ્યવસ્થા એક બીજી રીતે પણ થઇ શકે. ત્યાંની બધી પાંજરાપોળોને ઉઠાવી ગામડે, ગામડે, તેને વ્યવસ્થિત ગામડાંની સ્થિતિ પ્રમાણે પરિભ્રાજ્ય કરી લઇ જવી જોઇએ. તે માટેની એક પાંજરાપોળ મધ્યસ્થ સંસ્થાજ ઉભી કરવી રહે. કે જે સંસ્થા આવી ગામડે ગામડે રખાએલી પાંજરાપોળોની વ્યવસ્થા કરી શકે. તેવી પાંજરાપોળોમાં ખર્ચ તો બહુજ મામુલી આવે પ૦-૧૦૦ ઢોર જે ગામડાંને ભાગે આવ્યાં હોય તેના રક્ષક માટે એક ગોવાળ રાખવો જોઇએ અને એ ગોવાળ દરેક ખેડુતના વણખેડ્યા ખેતરમાં એ ઢોરોને ચારવા માટે લેઇ જાય અને વારાપ્રમાણે બે ચાર દિવસે ખેતરે ખેતરે ફરતા રહે, એથી એ ઢોરને ખવરાવવાનો મોટો ખર્ચ બચી જશે અને ખેડુતોને વારાફરતી પોતાનાં ખેતરોમાં ખાતર પણ છાણ મુત્રનું વિના પરિશ્રમે મળી રહે. તેઓને રાખવા માટે ગામડે ગામડે જોઇએ તેવડા મોટા વાડાઓ ઉભા કરી વરસાદમાંથી બચવા છાપરાં બાંધવા પડે. પરન્તુ એ શહેરોમાં રખાતાં મોટાં મોટાં મકાનોથી ઘણુંજ સસ્તાં થઇ પડે. એટલે એ દિશાએ પણ આપણાં એ પાંજરાપોળનાં નાણાંનો દુર્વ્યય થતો બચાવી શકીશું. ઘણાં કસાઇઓ ગામડાંઓ કે શહેરોમાંથી ઢોરો લઇ કસાઇખાને લઇ જાય છે, તે પણ આ જાતની વ્યવસ્થાથી ઘણે ભાગે બચી શકે બધાં. કારણ કે આવા વ.ગ્રાઓમાં આપણે અમુક ઢોરોનું પોષણ કરી શકીશું એટલે એવા કસાઇઓના હાથમાં જતાં ઘણાં ઢોરો બચી શકશે અને આ રીતે પણ આપણું પશુ ધન આપણે બચાવી શકીશું.

હિન્દનો મુખ્ય આધાર ખેડુત ઉપર છે, ખેડુતનો આધાર ખેતી ઉપર છે; અને ખેતીનો આધાર પશુધન ઉપર છે. એટલે આપણાં દરેક હિન્દવાસીઓના મુળભુત આધાર પશુધનની જાળવણી અને ખીલવણી એજ આપણું લક્ષ્ય હોય તો પશુધનની આબાદી સાથે સમસ્ત દેશનું પણ કલ્યાણ થઇ શકશે. પાંજરાપોળના નાણાંથી ઘાસ વધુ ઉત્પન્ન કરવાની યોજના કરી જે ખેડુત પાંજરાપોળના પશુઓ સંભાળે તેને પાંજરાપોળે ઘાસ પૂરું પાડી. ખેડુતની જમીનને ખાતર મળે અને આવક વધે તેમ ખેડુતને સમજાવી પશુ પાલન વધે તેવો પ્રયાસ કરવો જોઇએ.

(ગામડાં અને તેની પુનઃરચના)



—આંબો:—

દિવસમાં ૬૦ ગ્રામ ખાતર બાજુમાં ચોડા કરે છે. આપ્યા વરસ દરમ્યાન પણ આગે ચોડાને ફરીવ્ય આવાની હોય છે. બીજા ફળો તો દેવના નૈવેદ્ય તરીકેજ વપરાય છે. આ વરસે કેરીની ઘણીજ અછત છે તેમાં પણ સારી કેરીઓ ઈગ્લાંડ દરબાર ભરાવાનો હોવાથી ત્યાં ધકેલી આપવામાં આવે છે. ફક્ત ગુજરાતમાં આંબાવાળાને રૂા. ત્રણ લાખથી વધારે નુકશાન આ વરસે થયું છે.

આંબાનું ઝાડ એવું છે કે દરેક માણસ ઓળખે છે, એનાથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. કેરી ગુજરાતમા ૧૯૫૬ ના દુકાળ પહેલાં એક રૂપીઆની બેથી ત્રણ મણ સુધી મળતી હતી, જ્યારે આજકાલ એક મણના ત્રણથી ચાર રૂપીઆ આપવા પડે છે. આનું કારણ ૧૯૫૬ ના દુકાળમાં ઢોરોને આંબાના પાંદડાં અને ખુટતી કુપરો ચુંટી લઇ ઢોરોને ખવડાવવામાં આવી અને ઘણા આંબાનો નાશ થયો નવા આંબા જોઇતા પ્રમાણમાં વવાયા નથી.

કોઇપણ ફળાવ ઝાડ કરતાં આંબાનું ઝાડ ઉત્તમ છે. કેરીનો સ્વાદ અમૃત સમાન છે બીજા કોઇ ફળો તો માણસને બેસ-મમાજ આવા મળે છે પણ કેરી તો એવી અનોખીક વસ્તુ છે કે વર્ષના ત્રણસેં પાસઠ દિવસ, ભરવા, કેરી, રસ, છુંદો અથાણા, મુરબ્બો વિ જુદા જુદા સ્વરૂપે બધા બારેમાસ ખાઇ શકે છે

આંબો પોતાની જ્યાતીમા માણીકને સારા ફળ આપે છે એટલુંજ નહિ પણ એ જ્યારે સુકાઇ જાય છે અને એના પાંદડા વપરાશમા અને લાકડા બીજા પ્રકારની કામમા આવે છે.

કોઇ પણ ઝાડ ઉછેરવું એના ઉપકાર તો રહેવાજ છે આપણા વડીલો ઝાડ ઉછેરવામા પારવધા હતા મનુષ્ય માટે જાહેર સગ્યા પૈસાદાર લોકો ચલાવે છે પણ પશુ પક્ષિ માટે અને માણસ માટે છાયડા સારૂં કોઇ પણ માણસ ઝાડ ઉગાડી શકે છે. આંબાના ઝાડને લોકોએ હિંદમા કલ્પ વૃક્ષની ઉપમા આપી છે

આંબાના ઝાડ એની કિંમતના પ્રમાણમાં હિંદમાં ઉછેરવા બહુ સહેલા છે. છતા લોકોનું ધ્યાન એના તરફ ખેંચાયું નથી

આંબા ઉછેરવામા દેશી રીત પ્રમાણે પાચ અને કલમ પ્રમાણે ત્રણ વરસ. પહેલા એક બે વરસ ખાસ ધ્યાન આપવાનું હોય છે છતાં તેની તકેદારી તો તેટલીજ રાખવી પડે છે. ફળ આવ્યા પછી પણ બે ત્રણ વરસ પછી સારા અને સુંદર ફળો વધારે પ્રમાણમા આવે છે.

બીજુ ઘરગમ, કે જમફળ વિ કરતા આંબાની ઉછેર વધારે કિમતી છે અને સારૂં ઉત્પન્ન આપનાર છે.

એક વિઘામા દેશી આંબા ૧૫ અને કલમ ૨૮ બેસવી શક્યાય છે. દરેક આંબાની કિંમત સરેરાશ પંદર રૂપીઆ ઉત્પન્ન આપે તો પણ બીજા જરાયતના પાકો કરતા વધારે છે વળી આંબાનું ઝાડ વધારે વધારે વખત ફળતાં હોવાથી એની આવક દર સા। બેવાય છે.

આંબો એવું ઝાડ છે કે દરેક ખેડૂત પોતાની જમીનમા ગમ્ત પ્રમાણે ઉછેરે તો સરકારી ધારો એ ઓછાજ પુરા કરી આપે છે; અને ખેડૂતને દેવામા કંઇ રાહત મળે.

ખેતરની આલુઆલુમા આંબા ઉછેરવા માટે અને ખેતરમા પાક લેવામા સાધારણ અગવડ આવે છે. બીજા ઝાડો જાવળ બીજડા અને એવા ઝાડો કુદરતી રીતેજ ઉગેલા હોય છે અને તેના પડછાયાથી પાકને વધારે અસર થાય છે

એક પીતા પોતાના પુત્ર માટે બે વિઘા જમીન ઉત્પન્ન કરે અને તે ચાલુ ફળાવ અવ્યા સાથે હોય તો કદેરના ચલુ ઘર ભરાવી માફક તેની અવદ દર વરસે ચાલુજ રહે છે

પંદર વિઘે કે એથી જાજા પ્રકારની જુદી જુદી નોકરી કરતા ખેડૂત જીવન જેટલીજ

મહેનતથી ખેતી અને બગીચામાંથી વધારે લાભ લઇ શકે છે પણ બન્નેય ધંધામાં પારકાની તાબેદારી તો છેજ. દુનિયાની પૈસાની તંગીને લઇને કરજ વધતું જાય છે. અત્યારે હિંદમાં ભયંકર ગરિબી ચાલી રહી છે. કોઇ પણ ધંધા આપણા હાથમાં ન હોવાથી મુડી તથા નફો અને મહેનત તદ્દન નકામી જાય છે. દેવું તો દિવસે દિવસે વધતુંજ જાય છે. બધાજ એની ચિંતામાં પડયા છે.

આંબાનું રથળ.

આંબો એટલે આમ વૃક્ષ: એનાથી કોઇ પણ અજાણ હોવજ નહિ. ગરમ પ્રદેશનું મુખ્ય ફળ છે આંબાનું રહેઠાણ કયાં હશે એની જુદી જુદી અટકળો કરવામાં આવે છે; છતાં તેનો નિવેડો હજી પણ આવ્યો જ નથી. દરીયાની સપાટીથી ૩૦૦૦ ફુટની ઉંચાઇએ પણ આંબાના કુદરતી ઝાડો માલમ પડેલ છે, અને દરીયાની સપાટી સમોસમ પણ કુદરતી ઉગેલા દેખાય છે. આંબાનો મોટામાં મોટો શત્રુ હિમ અને મધીઓ. હિમ અને મધીઓ જ્યારે આંબાને મોર અને મંજરી આવે છે ત્યારેજ તેની અસર સિધ્ધી થાય છે. સખ્ત ઠંડીવાળા પ્રદેશમાં આંબા કરવા જોખમકારક છે. ગુજરાતના દેશી ઝાડો આંબો-ચારોલી-કાજુ સાથે નો કુટનો સંબંધ ધરાવે છે. ચારોલી અને કાજુ માટે ગુજરાતમાં ખાસ ખેતી કરવામાં નથી આવતી. આંબાને દરીયાની હવા બ્યારે માફક આવે છે અને મીઠાનું ખાતર વધારે ગુણ કરે છે. ઘણા લાંબા વખત સુધી કાચી કેરીને મીઠાના પાણીમાં રાખી મુકવાથી એ સડતી નથી પણ એતું સુંદર અને સ્વાદિષ્ટ અથાણું આચાર થાય છે.

જ્યાં કાયમ પાણી ભરાઇ રહેતું હોય તેવી જગ્યા આંબાને માફક નથી પણ ગોરાડું જમીન આંબાના વાવેતર માટે ઉત્તમ છે. તદ્દન રેતાળ જમીન કે જેમાં બીલકુલ પાણી રહેતુંજ નથી એવી જમીન પણ આંબા માટે માફક નથીજ. જેની હવામાં પણ ભિનાશ બીલકુલ રહેતી નથી તેવી જમીનમાં પણ આંબા સારા થઇ શકતા નથી. એને માટે તો ગોરાડું બેસર જમીન ઉત્તમ છે. દક્ષિણ ગુજરાતની જમીન ગોરાડું તથા મધ્યમ કાળી છે. જેમાંથી સહેલાઇથી પાણી જઇ શકે છે. તાપી નદીના ઉત્તર ભાગમાં આંબાની સંખ્યા વધારે છે. ઉત્તર ગુજરાત-વડો દરા રાજયની સરહદ, પાલણપુર સંસ્થાન અને જ્યાં જ્યાં ગોરાડુ બેસર જમીન છે ત્યાં ત્યાં હવામાં કાયમનો ભેજ હોય ત્યાં પણ ગુજરાતમાં આંબાની બધી જાતો હવે થવા માંડી છે પણ તે તો મુખ્ય બગીચાનો ધંધો કરતો હોય તેને માટેજ છે. ખેડુત કે ખરેખરી ખેતી કરે છે તેને ત્યાં તો ફકત દેશી આંબાના ઝાડો કે જે કુદરતી ઉગી જગવાનને ભરોસે જે કંઇ ફળ આવે તેના પર ભરોસો રાખી ફળ આપ્યા કરે છે. આંબાને અને ઝાડો કે બીયાને બળી માવજતથી કુદરત ઉછેરે-ફળ આપે-વગર મહેનતે પાકે ત્યારે આપ અને મરી ગયા પછી તેના લાકડાં બાળવા માટે ગરિબ અને તદ્દન કંગાલ કાપી લઇ જાય. મધ્ય રેતાળ અગર તદ્દન રેતાળ જમીનમાં આંબા ઉછેર તો શકય છે પણ ત્યાં ઉધેઇનું જોર વધારે પ્રમાણમાં હોવાથી ઉગતાં પહેલાંજ મરી જાય છે. ખેડેલી ભરચક કાળી જમીન જ્યાંથી પાણી બીલકુલ નિકળી શકતું નથી ત્યાં આંબા કોઇને મરી જાય છે. જમીનમાં ખોડા કરી પ્રથમ તળાવની કાંપવાળી કાળી

માટીથી તે ભરી દેવા. જે જમીન ફાટી જાય છે તેમાં પણ આંબા સારા પ્રમાણમાં થતા નથી. કેટલીક જગ્યાએ આંબા બે ત્રણ ફુટ અંદર ગયા પછી સુકાઇ જાય છે તેની આપણને ખરેખરી ખબર પડતી નથી. નીચે જમીનમાં આંબાના મુળીઆને પત્થર લાગવાથી તે વધી શકતો નથી અને જોઇતું પોષણ ન મળવાને કારણે ઝાડ મરી જાય છે. આવી જમીનમાં પહેલાં પત્થરની તપાસ કરી તેને તોડી તેનો નિકાલ કરી પછીજ આંબાના વાવેતર માટે જોગવાઇ કરવી. આંબાનો સારો વધારો થયા પછી પણ જમીનમાં સખ્ત કાંકરાનું પડ આવે છે અને તેથી પણ મુળ ઉંડા જઇ શકતા નથી. જમીનમાં અંદર પણી વખત બાર હોવાથી પણ આંબા વધતાંજ મરી જાય છે. આંબાનું મોત આણવા આ પણ ઉપેક્ષ અગર ડોળ તેનો જલ્દી નિકાલ લાવવાના કામમાં લાગી જાય છે. આ ઝાડ ઉપર પ્રથમથી બારીક તપાસ કરી વાવેતર કરે અને એને જોઇતી માવજત આપે તો બરોબર ફાયદાકારક છે.

આંબાને ટટાર ઉભા રહી પોતાનું પોષણ મેળવવા સારૂં બારથી છ ફુટ અબર તેનાથી વધારે ઉંડા ખાડા ખોદવા. ત્યારબાદ આંબો પોતાનું જોઇતું પોષણ મેળવી લેય છે. કાળી ઓરડા કે બેચર જમીન હોય ત્યાં ૪-૪-૪ ફુટના ખાડા ખોદી તેને બાતરથી ભરી તૈયાર રાખવા. ખાડા ખોદવાનું કામ શિયાળામાં થવું જોઇએ, અને રોપણી લગભગ ચોમાસામાં થાય એટલે એને ૭ માસ તપવાનો વખત મળે અને જમીનનાં જાંતાં તત્વો ત્યાં બેળા થાય.

૧ પ્રથમ ખાડા માટે ખણી અલેલાં ઢાકડાં ૧૫ મણ

૨ સુકા યુવેરની ડાંખરી ૧ મણ

૩ આંકડાના સુકા અને લીલા પાન ૧૫ મણ

૪ એરંડાનો ખોર ૫ મણ.

૫ તલાવની કાપવાળા માટી બાજાની નીકળેલી માટી અને તેટલુંજ સોકું છાણનું બાતર. આ બાડામાં ગોટલાં રોપવા હોય તો તેમ નહિ તો કલમ ચોમાસામાં એક વરસાદ થવા પછી રોપી દેવા.

આંબાના ઝાડને નીચેની બાબત જોવામાં આવે છે.

૧ ઝાડને ફુલ આવે છે છતાં ફળ બેસતાં નથી.

૨ ઘણા વરસના ઝાડ થયા છતાં ફળ આવતાં નથી.

૩ એક વરસ બાદી જાય બીજા વરસે ફળ આવે છે.

૪ ફળ આવ્યા પછી પણ તે જીવતાં નથી.

પહેલી બાબતનો વિચાર કરતાં એમ થવાનું કારણ હવા અને ઋતુપર મુખ્ય બાધાર છે. ફુલ આવવાની વખતે વરસાદ-ધુમસ-હિમ અને મધીઓ આ કારણોથી ફુલમાંથી ફળ બેસતાં નથી. પુષ્કસરના રજકણો પોવાઇ ગયા પછી ગરમ પવન અને ઠંડીથી ફુલ સંકોચાઇ જાય છે. ફુલ આવતી વખતે વાદળ થવાથી ફળ બેસતાં નથી એ સામાન્ય માન્યતા છે. કેટલીક વખતે ઝાડ પણ માણસની માફક વાંઝિઆ હોય છે, છતાં પણ એને ઉપાય સારા બળા અનુભવી પાસે કરાવે તો ફળ આવે અને કંમ પણ ઉપાય ન હોય તો ઉબરે તે ઝાડને કાપી નાખવું.

આંબો એક પાક સારો અને બીજે વરસે બીલકુલ પણ સાધારણ ફળનો લાભ બેસે છે. પોષણ વગર આમ . બનવાનું મુખ્ય કારણ હોય છે.

ઝાડમાં તાકાદ ઘટી જવાથી પણ આ પ્રમાણે થાય છે. લાંબા વખત સુધી કેરી ઝાડ પર રહેવાથી સામાન્ય રીતે ઝાડની તાકાદ ઘટી જાય છે અને તે પૂરી કરવા માટે એને વારંવાર માવજત માટે ખાતર આપવું પડે છે.

૧	છાણનું સડેલું ખાતર	૩ મણ
૨	રાખ	૧૫ મણ
૩	હાડકાનો ભુકો	૧૫ રતલ
૪	એરંડાનો ખોળ	૧ મણ
૫	મીઠું	૧ મણ

ઝાડના ઘેરાવાની બરાબર ચોડી જગ્યા છોડી જમીન ઉધાડી કરી તેમાં આ ખાતર ભેળવી દેવું અને ત્યાં સુધી મુળીઆ ન ફાય તેની કાળજી રાખવી.

આંબાને નુકશાન કરતાં જીવજંતુઓ, અને તેનો નાશ કરવાના ઉપાય થાય તો વધારે સારું.

૧ ઉધઈ. ગુજરાતમાં ખાસ કરીને ઉધઈનું જોર પોણાણવાળા ભાગમાં વધારે હોય છે. એ ખોરાક માટે માટલના માટલ સુધી રખડે છે અને જે આવ્યું તેને નીચેથી સફાચટ કરી નાખે છે. ઉધઈના માટે બચવા માટે એની વારે વારે તપાસ કરવી. તપાસ કરવા માટે ગોડ આપવો. ગોડ કરી અને પાણી આપવું અને નવાં ઉધઈના રાફડા હોય ત્યાંથી ફાપી તેનો નાશ કરવો.

૧ ૫ા રતલ દિવેલનો ખોળ.

૨ ૧ અધોળ દીકામાળ.

૩ ૧ અધોળ હિંગ.

૪ સોનાગેરૂને પાણી સાથે મેળવી જમીનથી લગભગ બે વેંત ઉંચ સુધી એક સરખું લગાડવું.

મેદ આની ઉત્પતિ છાણ કચરામાંથી થાય છે. મેદ આંબાના થડને બાઝને પોલું કરી મુકે છે અને ઘણી વખત આંબા ઝાડને સુખરી નાખે છે. જે ઝાડના થડની આગલ નીચે લાકડાંની વહેરનો કુચો પડયો હોય તે ઝાડમાં તપાસ કરતાં વહેર કાણાંથી નીકળે છે તે માલમ પડી આવશે. મેદ ઉપર છાલમાંજ હોય તો છરી અગર દાતરડાથી છાલ ફાપી તેમાંથી શોધી કહાડી તેનો નાશ કરવો. અંદર ઉડો ઉતરી ગયો હોય તો પાતરો સળીઓ ગોંચી મારી નાખવો; અથવા તો પેટ્રોલ અગર કાર્બન બાઇ સ્લફાઇડમાં રૂનું પુમડું બોળી કાણામાં બેસી દેવું. તેની વાસ લાગતાં કીડો મરી જશે. બાકું બ્લારથી ભીણથી પુરી દેવાથી કીડો ગુંગળાઇ અંદર મરી જશે. બાકું બરાબર સખ્ત રીતે પુરી દેવું.

આંબાને મોર આવતી વખતે પુલવાળી ડાલી ઉપર નાના ચપળ પાંખવાળા જીવડાં ચોંટ્યાજોવામાં આવે છે. આ જંતુઓ ફુલ અને પુલમાંથી રસ ચુસી લેય છે. આ જંતુ મોટા પ્રમાણમાં હોય ત્યારે એક પણ ફુલ આંબાના ઝાડ ઉપર રહેતું નથી. આ જીવડાં સાથે સાથે મધ જેવો રસ બહાર પાડે છે; અને પાંદડાં ઉપર તે ટપકતો દેખાય છે. એ રસમાંથી એક વનસ્પતિ ઉગે છે તેથી પાંદડાંની આજુબાજુ કાળી દેખાય છે. આ રોગથી ઝાડ ફલવા બરાબર લઇ શકતું નથી અને તેથી એમાં નુકશાન થાય છે. આ જીવડાં જલદીથી વધી જાય છે અને એનો વધારો ચોમાસામાં થાય છે. આનો નાશ કરવા માટે જ્યારે એ જીવડાં દેખાય ત્યારે ચરણીવાળો સાબુ લઇ પાણીમાં ઝોગાણી માછલીના તેલ સાથે મેળવી ઝાડ પર છાંટવું તેનાથી ફાયદો થાય છે. મંધનો ભુકો છાંટવો અગર તો તેનો ધુમાડો કરવાથી મધીઓ તદન નાશ પામે છે.

લાલ કીડીઓ આંબાના ઝાડ પર વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. તેઓ પોતાનો કીડો આંબાના પાતરાનો બનાવી તેનું ઘર

કરી તેમા રહે છે. એનાથી વધારે નુકશાન તો કરે છે. એના કોહાને બાળી નાખવા અગર તો એના ઉપર રાખ છાટવી. કટોથથી પણ એનો નાશ થાય છે.

વાદાં. આ એક જાતની વનસ્પતિનો છે. એ પોતાનું પોષણ બીજા ઝાડ પર કરે છે. બીજા ઝાડનો રસ ચુસી તેને મળતું પોષન બંધ કરી પોતે વધારે બળવાન બને છે. કોઇ પણ પક્ષી તેના ફળ ખાઇ પોતાની ચાચ ઝાડ સાથે ઘસે છે અને તેનાથી આ રેાગનો ફેલાવો થાય છે. તેને ઝાડનો ડાળી માથે કાઢી નાખી બાળી નાખવો. જ્યાં પણ તેનો દેખાવ થાય કે તરતજ તેને કાપી નાસ કરવો.

શાહુડી એ આંબાનો મોટામાં મોટો દુશ્મન છે. એને આંબા ની ગોટલી બહુ બહુ ભાવે છે અને તેના ગોટવા માટે નાના રોપાનો સદંતર નાશ કરે છે માલીકે તેને બોળી આવા કુટુંબનો નાશ કરવો.

આંબાની ઘણી જાતો છે દેસી અને કલમી.

પાયરી	કાવસજી પટેલ દાડમીઓ	
આપુસ	રાજાપુરી	બંદામીઓ
કલપુરીઓ	ટોટાપુરી	લંગડો
	જમાદાર	ગોપટો (નાસારી)
બાટલી	વેલીઆ (બારમાસી)	દુધીઓ કોપરીઓ,
રૂસ	માલગોબા	(આમસ)
ગોપટો	ગધેમાર	સરદાર

આંબાના બગીચા સાથે બીજા પણ પાકો તૈયાર કરે તો એકદમ બગવાની આદા રહે એકજ જાતની ખેતી કરવાથી બજાર ભાવે ઓછા આવે છે અને જ્યારે પાક સદંતર નાશ પામે છે ત્યારે માલીકને પુષ્કળ ખોટ આવે છે જુદા જુદા બગીચાથી પોતાને એકસામટી ખોટ જતી નથી પણ એ બગીચા વધારે અર્થાળ હોવાથી સાવધાનપણાથી એની સંભાળ લઇને પછીજ શરૂઆત કરવી દરેક સાધનની એમાં જરૂર તો પડેજ છે



જનવરોનાં રોગો

લેખક : શ્રી. ચ. ગૌ. દેશી

જનવરનાં રોગો અને સુખદુઃખ અને રોગ જાણવા માટે સતત યત્ન અને બહોળા અનુભવની ખાસ જરૂર છે. પશુ એ આપણું મોટામાં મોટું ધન છે. તેની રીતસરની આળાદીમાંજ આપણી આબાદી છે. દરેક કુટુંબને સામાન્ય જ્ઞાન મેળવી અવાચક પ્રાણીઓના દુઃખ દુર કરવાની શક્તિ આવે એ ખાસ જરૂરનું છે. જનવરની આરોગ્યતાના નિયમો તોડવાથી અને રોગ સંબંધી સામાન્ય જ્ઞાન પણ ન હોવાથી ઉગતાં ચેપી રોગ આપણાં પશુધનોને ઝોથી તો ભક્ષ કરી જાય છે. તેનાં લાંબા આયુષ્ય માટે સ્વચ્છ સ્થળ, ચોકખો ખોરાક, તાજી હવા અને નિર્મળ પાણી ઉપર પુરતું લક્ષ આપવાની જરૂર છે.

જનવરને આપવામાં આવતો ખોરાક સારો, ચોખ્ખો, પૌષ્ટિક અને સહેલાઇથી ખાઇ તથા પચાવી શકે તેવો હોવો જોઇએ. તંગીને સમયે ઝાડની છાલ, પાંદડાં વેલ તથા કોહોવાયેલા ખોરાક ખવરાવવામાં આવે છે તે અજીર્ણના રોગો ઉત્પન્ન કરે છે. ચોમાસાની શરૂઆતમાં નદી કીનારે તળાવના તટે વિવિધ પ્રકારના ઝાડ પાન ઉગી નીકળે છે તે પુષ્કળ ખાવામાં આવે તો પેટમાં ચુક, વાયુનો ગોળો અને અતિસાર રોગ આવે છે. સુકી હવામાં ચોડો અને ચોમાસામાં જરૂર કરતાં વધારે ખોરાક આપવાથી પણ રોગો જન્મે છે. આપણા દેશમાં મરડાનો રોગ તો સાધારણ છે, અને તેનું મુળ ઉત્પત્તિ સ્થાન ચોમાસામાં સડેલો ચારો તથા બેદરકાર કરકસર ગરીબ લોકોની ગફલત છે. ઉનાળામાં જનવરને છુટાં ચરવા મુકો, અતિ ભુખના કપરા દુઃખની વેદનાથી જે તે વનસ્પતિ ખાવાની જરૂર પડવાથી એ બીચારાં મુંગા પ્રાણીઓને આપણે રોગના ભયંકર પંજામાં ધકેલીએ છીએ. આવા સમયમાં તેને છાંયડો પણ ન મલતાં સખત પાપ કે લુના સપાટામાં ત્યાં ત્યાં જેવી તેવી છાયામાં નિસાસો નાખતાં અર્ધ ઉંઘતા અને અર્ધ જાગતાં પડી રહે છે. તે ઘણુંજ અયોગ્ય છે. પુરતી સાચવણી કે પોષણ કરવાની જેનામાં પુરેપુરી શક્તિ ન હોય તેવા મનુષ્યોએ જનવરને ઉપર લખ્યા મુજબ રીબાવી રીબાવીને મારવા કરતાં તેના ઉપરથી પોતાની માલીકીનો હક્ક ઉઠાવી લઇ બીજા શક્તિવાળાને સોંપી દેવાની તેની પહેલી ફરજ છે.

અનુભવથી જણાયું છે કે પેટ પૂરતું ચોખ્ખુ પાણી મળવાથી જનવર મજબુત અને પુષ્ટ થાય છે, ગંદું પાણી મલવાથી તે અજીર્ણના દર્દથી પીડાય છે. માણસને અને જનવરને ઘણી વખત કુદરતી એક સરખાજ રોગો લાગુ પડે છે. તલાવનું અડધું કાદવવાળુ પાણી તથા ચોમાસામાં ઝાડના મુલમાંથી ઝરતાં ઝરણાનું પાણી વિશેષ પ્રમાણમાં પિવાથી હોજરી મોટી

ચર ગોળો ચરે છે. કડવું પાણી પીવાથી શરીરમાં ચૂક આવે છે. ચુનાના ખાર મિશ્રિત પાણી પીવાથી આંતરડામાં પથરીનો રોગ થેડા થાય છે.

જનવરોને રાખવાની જગ્યાની સ્વચ્છતા માટે ત્યાં કોઇ પણ પ્રકારની ગંદકી હોવી ન જોઇએ. હવા ખુલ્લી રીતે આવજા કરતી હોય કે જેનાથી શ્વાસોચ્છવાસમાં નિકળેલી ઝેરી હવા દુર દુર ધકેલાય જાય. છાણ-મુત્ર, કાદવ-કીચડ, અને ઉકરડાના બીજા સડેલા પદાર્થો દ્વારા ચેપી રોગની ઉત્પત્તિ થાય છે માટે તેને દુર લઇ જઇ તેનો યોગ્ય નિકાલ કરી નાખવો.

રોગી જનવરો એક બીજા સાથે ભળી અને તેનાથી તેઓ એક બીજા સાથે સ્પર્શ કરે તથા તેના ખાવા પીવાના સંબંધમાં વપરાતી વસ્તુઓનો ઉપયોગ સાજા જનવરો કરે તો તે તે રોગ તેને પણ લાગુ પડે છે. ચિંચોળ, પગ, ગીધ, કાગડા, માખી, કુતરા વિ. ચેપી રોગથી મરી ગયેલા જનવરના પદાર્થો એક સ્થળેથી બીજે સ્થળે લઇ જાય તેનાથી પણ રોગનો ફેલાવો થાય છે. કેટલાક સ્વાર્થી માણસો કે જેઓ ગામડા વેગી પોતાનું ગુજરાન કરે છે તેઓ રોગવાળા જનવરના મળ-મુત્ર વિ ગઉયરના તગા-વગાં નાખી બચવે છે, ને તેના સમાગમમાં આવવાથી નિર્દોષ જનવરો રોગનો ભોગ થઇ પડે છે. રોગથી પીડાતા જનાવરોની સારવાર કરનાર માણસનાં કપડાં મારફત પણ એ ચેપ અને જંતુનો ફેલાવો થાય છે. જનવરનો ખોરાક કુદરતી રીતેજ નબળો હોય છે અને તેમાં સખત ઠંડી ગરમી વરસાદ કે ભુમસનાં તેને પડવા રહેવું પડયું હોય તો તેને રોગ જલ્દી લાગુ પડે છે. રોગ કરતા જનવરને બાંધવાના કબ્જામાં રોગી જનવરો આવી જાય તો તેનો ચેપ બીજા સાજા જનવરને પણ લાગે છે. જત્રામાં કે બીજા મેળામાં આવતા દુર દુરના જનવરો પોતાની સાથે પોતાના પ્રદેશમાં ચાલતા રોગો પણ લેતા આવે છે. રેલ્વેના ડોર લઇ જવાના કબ્જાઓ પણ આવા જંતુઓનો ફેલાવામાં સાધન ભુત થાય છે. સંસર્ગમાં આવ્યા સિવાય હવાની મોજા મારફતે પણ રોગનાં જંતુઓ બ્હોળો ફેલાવો પામે છે.

જનવરોની સાધારણ તંદુરસ્તી માટે ગરજતી અને ભેદરકારી રાખવા કરતાં તેમની બરાબર સંભાળ લેવામાં થોડો વધારે ખર્ચ થાય છે પણ તે ખર્ચ-નો બદલો આપણને વ્યાજ સાથે અનેક રીતે વાળી આપે છે. પ્રારંભ દુર કરો એટલે પરિણામ આપો આપ જણાશે' રોગ દુર થવાનાં કારણો અટકાવો અને રોગ ઉત્પન્ન થયા પછી તેનો નાશ કરવો તેના કરતાં પહેલો પ્રકાર અતિ ઉત્તમ છે. ઘણા રોગો મટી જાય એવા હોય છે છતાં પણ કોઇ કોઇ રોગો જીવન-મરણના પ્રસંગો વચ્ચે ઝોલાં ખવડાવે તેવા હોય છે, કોઇ કોઇ જીવલેણ પણ હોય છે. કાળીઆ તાપ તથા ગેસનાં આજારી બેકાબેક મરણ પામે છે. ગિતડાના આજારીની સ્થિતિ સંકારપદ હોય છે. ત્યારે ભરવાસ અને ભોગાસથી જનવર મરતા નથી, પણ પુરેપુરો ખોરાક ન ખવાયો નિર્બળ તો જરૂર થાય છે. એવા રોગમાં તેની પુરેપુરી સંભાલ, જગ્યાની સ્વચ્છતા, હવા અને પ્રકાશની છુટ, સ્વ ચ્છ પાણી અને રાજ વિ. રચનો ખોરાક વિગેરે તે આરામ મેળવી શકે છે

રોગ વિનાના જનવરો ભાવથી ખોરાક ખાય છે, શાંત ચિત્તે વાગોળે છે: નિરોગી અને વાસસહિત છાણ કરે છે. પુષ્કળ મુત્ર કરે છે. તે મુત્રનો રંગ પીળો અગર લાલ હોતો નથી. ચામડી પોચી અને સુંવાળી હોય છે. વાળ લીસા અને ચકચકીત હોય છે. આંખો ચપલ અને પારદર્શક હોય છે, તેનાં આંસુ બીલકુલ હોતાં નથી. નાક બહુ સુકું કે ભીનું હોતું નથી, તેના ઉપર ઓસ વળેલ હોય છે. તેમાંથી લાળ કે પ્રવાહી બીલકુલ ટપકતું નથી વાસ મારતું નાક નથી હોતું. કાન વગર અટચણે હાલ્યા કરે છે. જનવર ચોકાક રહીને આસપાસ બનતી પ્રવૃત્તિમાં ધ્યાન આપે છે બીજા જનવર સાથે હળે મળે છે. પગ અને શરીર એ અંદર સપાટ તથા માયું, શીંગડાં, કાન, એકદમ ગરમ, એકદમ સુકાં કે ઠંડાં હોતાં નથી.

રોગવાળા જનવરને ખોરાક પ્રિતિ ન થાય; પાણી ઘણું ઓછું પીએ; બીજા જનવરને પ્રેમથી ન ચાલે, વાગોળે નહિ, તેનું છાણ વાસ મારે મુત્ર ઘેરું અને કાળું નિકળે, ચામડી તંગ અને ખરબચડી દેખાય, વાળ ઉભા થાય. જનવર વારંવાર મુંઝે, ઉંડા બેસે, મોં, નાક અને ચામડી સુકા અને ગરમ થાય, આંખો સુરત અને લાલ દેખાય, કાન લટકતા રહે શ્વાસ જલ્દી ચાલે, જનવરમાં બેચેની અને નમકહાઇ જણાય. આ ચિન્હ માલમ પડે ત્યારે જાણવું કે જનવર રોગી છે અગર રોગની શરૂઆત છે.

માંદા જનવરને વિટિરિનરી થર્મોમીટરથી જોવું કે પશુને તાપ છે કે નહિ અને જો હોય તો કેટલો. તંદુરસ્ત ગાય બળદ ભેંસના શ્વાન નાડી અને ઉષ્ણતા સ્થિતી. ઢોરોના જાણકારો નક્કી કરી છે તે નીચે પ્રમાણે છે—

૬૨ મીનીટે નાડી ૪૪ થી ૫૫. ઢોરની નાડી પૂછડાનાં મુળમાં અને કાનના મૂલેમાં હોય છે. એક મીનીટમાં ૧૫ થી ૨૦ વખત શ્વાસ લેય છે. તે ઉપરાંત ચાલે તો તે જરૂર રોગી છે એમ જાણવું. નીરોગી ઢોરોની ટેમ્પરેચર ૧૦૧.૪ સુધી હોય છે.

અનેક અનુભવથી જાણ્યું છે કે જનવરોમાં શત્રુમીત્રની લાગણીના ગુણો હોય છે. તેથીજ રોગગ્રસ્ત જનવર બીજા જનવરને જોઇ ઉદાસ થઇજાય છે. ખાવું પીવું તજી દેય છે. માટે રોગી જનવરને સારા જનવરથી દુર રાખવા.

શરીરમાંથી નીકળતો પરસીનો બહાર આવવા માટે માણસની પેઠે જનવરોની ચામડીમાં અતિ સુક્ષ્મ છિદ્રો હોય છે. તેની ઉપર મેલનું પડ ચડી જવાથી છીદરો બંધ થઇ જાય છે અને તેથી ઝેરી પરસેવો બહાર ન નીકળવાથી જનવર રોગી બને છે. તે છીદરો બરાબર ઉઘાડા રહે એ માટે ઢોરોને વારંવાર કાથાના કે વાળના હાથલાથી ઘોઇ સાફ રાખવા.

રોગવાળા જનવરને ગામ બહાર પવનની દિશે ઓછામાં ઓછા ૫૦૦ ફુટ દુર બાંધવા. તેમને ગોચરમાં મોકલવાં નહિ. તેની સારવારમાં રહેનાર માણસે બીજે જતાં પહેલાં પોતાના કપડાં બદલી પછી જવું. કપડાં ખુબ ઉકળેલા પાણીમાં બોળી રોગી ઢોરના છાણ મૂત્ર વિ. સાફ કરી નાખવું. છાણ

મહીઆ (એક ચીનાઈ ઘાસ)

લેખકઃ—શ્રી પ્રેમાનંદ ડી. પટેલ.

આ છોડ ચીન અને આસામમાં કુદરતી રીતે ઉગે છે. આપણા ભાતમાં ખરમીનો ભાગ વધારે હોવાથી તેના છોડ સારા થતા નથી. એ છોડના પુંકેસર અને સ્ત્રીકેસર જુદા જુદા છોડ ઉપર થતા હોવાથી એકે બી થતાં નથી, તેટલા માટે દાતણ રોપી એની ખેતી કરવામાં આવે છે. આપણા મુલકમાં એની વાવણી કરવી હોય, તો સુર્યનો તાપ ન લાગે એવી સાવચેતી રાખવી પડે છે. ચાર પાંચ વરસના જુના છોડ થાય, ત્યારેજ તેનાં દાતણ કરી વાવવાના કામમાં લે છે. આ કરતાં નાની ઉમ્મરના છોડનાં દાતણ બી તરીકે ઉપયોગમાં લેવામાં આવે, તો તેને ઝટ પાંખડાં સારાં થાય છે. પણ રેષા સારા નીકળતા નથી. રોજ રોજ પીટને છેટે એનાં દાતણ વાવીને તરતજ પાણી છીપવું પડે છે. એના છોડ એક ફુટ જેટલા ઉંચા થાય, એટલે તેને એકઠા કરીને તેમાંથી રેષા કાઢવામાં આવે છે. દસમે મહિને છોડની આસપાસ મોટી વાણી ટમટી કરવામાં આવે છે, ચીનમાં એના રેષા કાઢતી વખતે તેને ઝરી વતી ગોરી નાખે છે, અને અંદરની પોળી ભાલ ઉપરની છાલને, જુદી, કરી, નાખે, છે, ત્યારે પછી, તેને ગરમ પાણીમાં ઉકાળી નરમ કરી તેમાંના રેષા કાઢી લેવામાં આવે છે. બાહરનો ભાગ બરબચડો ને કઠણ હોય છે. અને અંદરનો ભાગ વધારે બારીક રેષાવાળો હોય છે, ને છેક તળેનો ભાગ સૌથી ઉત્તમ હોય છે. મુળીઆંથી છ ઈંચ ઉંચાઈ સુધીનું થડ ભુરા રંગનું થાય, એટલે તે પાકું થઈ કાપવા જેવું થયું, એમ કહેવાય છે. એનાં પાદડાં હાથ વડે સોરી નાખવાથી પડી જાય છે, અને તે પછી છરીથી રેષા કાઢી લેવામાં આવે છે. કેટલીક વખત આખને કાપ્યા પછી સોરી લેવામાં આવે છે; અને પછી તેની ગુડી બાંધી ગોડા વખત સુધી સ્વચ્છ પાણીમાં મૂકવામાં આવે છે. રેષાને સાફ કરતી વખત એવું કરે છે કે એક લાકડી ઉપર પેની ગુડી બાંધે છે, અને કામ કરનારાઓ દરેક થડ હાથમાં ધરી ઉપરથી રેષે સુધી અંગુઠાવડે મોરે છે, અને ચાકુથી મોરે છે, અને તે પછી તેને ધુવે છે; તથા ઝાડણ ખવરાવે છે, એટલે તેનો રંગ બદલાવા દે છે. બીજા તમામ પ્રકારના રેષાઓની સાથે સરખામણી કરતાં બજારમાં ફ્રીમાના રેષા ઘણા સારા માલમ પડ્યા છે. હવામાં એ રેષા ખુલ્લા રહેવાથી એની મજબુતાઈમાં ઘણો ફરકતાફાત આવતો

બચ્ચા કુચ્ચાની જંજાળમાંથી



મેળવવા લખો :—

ડો. એસ. એચ. ખાન

તાપીયા મેનસન, નલબજાર, મુંબઈ.

૧૬, પારસી બજાર, ફોર્ટ, મુંબઈ ૧.

જરાયત ને બાગાયતના પુસ્તકો

ગુજરાતી

૧	પૃથક્કરણનું પુસ્તક	૦–૪–૦	
૨	ખેતીવાડી પાઠમાળા ભાગ ૧ લો	૧–૪–૦	
૩	,, ભાગ ૨ જો	૦ ૧૨ ૦	
૪	રેતન્યુ ને ખેતીવાડીની આબાદી	૧–૦–૦	
૫	ખેતીના ધંધામાંથી પૈસા કમાવવાની કુંચી	૧–૮–૦	
૬	ગાય–બૈંસ ઘો ૧ ઉછેરવાની રીત	૧–૮–૦	
૭	હિન્દની જરાયત ખેતી	૨–૦–૦	
૮	બગીચાનું પુસ્તક	૨–૮–૦	
૯	બાગીનો ભોમીઓ	૨–૦–૦	
૧૦	ખાતર	૧–૦–૦	
૧૧	,, ૨ ભાગ	૧–૪–૦	
૧૨	ફળઝાડની બીનઆબી	૦ ૧૨ ૦	
૧૩	ગ્રાસવર્ધન	૨–૦–૦	
૧૪	ઢોરાનો વૈદ	૧–૦–૦	
૧૫	દક્ષાનું માસેતર	૦ ૧૦ ૦	
૧૬	વનસ્પતિની વાતો	૦–૬–૦	
૧૭	ગુજરાતનો કુલબાગ	૦–૮–૦	
૧૮	ગુજરાતનો ફળબાગ	૧–૮–૦	

હિન્દી

૧	કૃષિ–મુદ્રી	૧–૪–૦
૨	ભારતીય કૃષિવિકાસ	૨–૪–૦
૩	ખાદ	૧–૪–૦
૪	ખાદનો ઉપયોગ	૦ ૧૫ ૦
૫	ઘરના બાગવાન	૦–૮–૦
૬	કીસાનની રામધિું	૦–૬–૦
૭	કૃષિ–મિત્ર	૦–૫–૦

મરાઠી

૧	આમચી જેતી	૩–૦–૦
૨	જેતી સબંધી ઉપયોગી મહિતી	૩–૦–૦
૩	કૃષિ–શાસ્ત્ર	૦ ૧૦ ૦
૪	કાપીની લાગવડ	૦–૬–૦
૫	કાજી કાઢનવરની લાગવડ	૦–૬–૦
૬	પામેગની લાગવડ	૦–૮–૦
૭	શાકભાજીના બેગા	૧–૦–૦

આર. રૉય એન્ડ કું૦

પબ્લિશર્સ

અને

કમીશન એજન્ટ્સ

૨૦૮–૧૦, ખેતવાડી મેઇનરોડ, મુંબઇ; ૪.

આ માસિક રણછોડજી જેમ દેશાઇએ તીરદાજ પ્રીન્ટીંગ પ્રેસ (ખેતવાડી બેક રોડ, મુંબઇ ન. ૪)માં છાપી આર. રૉય એન્ડ કુંપની માટે ૨૦૮–૨૧૦, ખેતવાડી મેઇન રોડ, મુંબઇ નં. ૪ એ ઠેકાણેથી પ્રગટ કર્યું છે.